વીણી

અથવા

રસપુરુષ

રચનારી

મૂલ્ય

પ્રકાશક

તારા

કિંવા

જોધપુરનું

રમણી રત્ન.

૧૯૦૫

ભારત જીવન પ્રેસ.

મુંબઇ.

મૂલ્ય.
રૂ. ૧—૦—૦

લખનાર
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

હમણાંજ છપાઇ બહાર પડયું છે. તાકીદે ગ્રાહક થનારનેજ મળી શકશે.
લગભગ ૩૦ સુંદર ચિત્રો સહિત. રાજ્યભક્ત પ્રજા માટેઅમૂલ્ય ગ્રંથ.

દિલ્હી દરબાર.

આપણા પ્રતાપી શેહેનશાહ એડવર્ડ ધી સેવન્થના રાજ્યાભિષેકની ક્રિયા દિલ્લીમાં કરવામાં આવી હતી. તે સમયની ભવ્ય રચના, દેશી રાજાઓ તથા જુદા જુદા દેશના રાજાઓ નવાબો તથા યુરોપિયનોના તંબુઓની રચના, દરબારને માટે ખાસ બનાવલી રેલ્વેઓ, દરબાર મંડપની રચના, સ્વારીની ધામધુમ, અનુક્રમ ગોઠવણ, લશ્કર, હાથી, ઘોડા, ઉંટ, તથા દેશી રાજાઓ સહિતના સરઘસનું વર્ણન, પ્રદર્શનની રચના, સ્થળ અને વસ્તુઓનું વર્ણન, કદી નહીં જોયલી વસ્તુઓના આકાર, ખુબી, કીંમત અને કારીગીરીનું વર્ણન એમ્ફીથીએટરનું ખાસ વર્ણન, તેમાં બિરાજેલા રાજા મહારાજાની બેઠકો, દરબારનો મેલાવડો, ત્યાં થયલી દરેક પ્રકારની ક્રિયાઓનું રસીલું વર્ણન, શેહેનશાહનો ઢંઢેરો, લૉર્ડ કર્ઝનનું ભાષણ, દેશી રાજાઓ જોડે મુલાકાત રાજ્ય ભોજન, તેની ખુબી, ગાર્ડન પાર્ટિ, વિલાયતથી ખાસ મંગાવેલી આતસબાજીનું બરોબર વર્ણન, રોશનીની અલૌકિક ખુબી, જુદા જુદા જલસા કવાયદ, બનાવટી લઢાઇ, ફૂટ બૉલ દેશી સૈન્યની પરિક્ષા, દરબાર સમયે ઇનામ, ચાંદ, ખેતાબ, દરબારનો ખર્ચ, દિલ્લીનું પ્રાચિન વર્ણન, પ્રથમ ભરાયલા દરબારો, હાલની દિલ્લીનુ વર્ણન, વિગેરે હેવાલો ખાસ વાંચવા જેવા છે.

જેઓ દિલ્લી દરબાર નજરે જોઇ શકયા નથી તેમને માટે ઘણો ખર્ચ કરી, દિલ્લી દરબારની મુસાફરી કરી, ખાસ આ પુસ્તક બનાવવામાં આવ્યુ છે. દિલ્લી દરબારના સ્મર્ણ ખાતર, રાજ્યભક્ત પ્રજાએ એક એક કૉપી અવસ્ય રાખવી જાઇએ.

છબીઓ- આ પુસ્તકમાં નામ. શેહેનશાહ, શેહેનશાહબાનુ, ડયુક અને ડચેસ ઓફ કૉનાટ, લૉર્ડ કીચનર, નામ. નીઝામ, વડોદરા, ભાવનગર, કચ્છ, જયપુર, કોલ્હાપુર, ગ્વાલિયેર ઇંદોર, જુનાગઢ કાસ્મીર, કપરથલા, ત્રાવણકોર, પોરબંદર લીમડી, ગોંડલ વગેરે દેશી રાજ્યના માનવંતા રાજ્ય કર્તાઓ તથા નામદાર આગાખાન સાહેબ અને જસ્ટીસ બદ્રુદીન તૈયબજી, જુમામસજીદ, તથા કુતુબમીનાર વિગેરે મળી ૩૦ છબીઓ છે.

ગ્લેઝડ કાગળો ઉપર સ્વચ્છતાથી છાપવામાં આવ્યુંછે, સોનેરી નામસાથે સુંદર પાકુ પુઠું કીમત રૂ. ૧—૦—૦. પોષ્ટેજ જુદું ભારત જીવનનાં ગ્રાહકોને પોસ્ટેજ માફ.

આ પુસ્તકની ઘણી માંગણી થયલી હોવાથી ગ્રાહક થનાર ગ્રહસ્થોએ તાકીદ કરવી.

મેનેજર ભારત જીવન—કાલબાદેવી રોડ આંગ્રેની વાડ—મુંબઇ.

પ્રસ્તાવના.

ઐતિહાસિક પ્રસંગ અને કલ્પનાનું મિશ્રણ, એ બે મળવાથી નવલકથાનું ચિત્ર આલેખાય છે. મૂળ ઐતિહાસિક પ્રસંગ ઘણો થોડો હોવાછતાં પણ તેમાંથી અપૂર્વ જ્ઞાન મળી શકે એવું હોય છે પરંતુ તેટલુંજ વાંચવાથી વાંચનારને જોઇયે તેવું જ્ઞાન થતું નથી. તેમજ તે વાંચી, જોઇયે તેવો બોધ ગ્રહણ કરી શકાતો નથી. તેથીજ પ્રાચિન અર્વાચિન લેખકો અને કવિયોએ મૂળ પ્રસંગ ઉપર કલ્પનાનું રાજ્ય ચલાવી કાદમ્બરીઓ, નવલ કથાઓ કિંવા કથાનક કહાણીઓ રચી પ્રસિદ્ધિમાં મૂકી છે. એવી રીતે પ્રકટ થયલી કથાઓ, જનસમાજમાં રસથી વંચાયછે, સ્થળે સ્થળે લેખકે અલંકારીક ભાષામાં લખેલા પ્રસંગથી બોધ અને જ્ઞાન ગ્રહણ કરે છે. અને પોતાના હૃદયની યન્ત્રણા ફેરવી શકે છે. લેખકોએ જેવી અસરકારક ભાષામાં પાત્રોના હૃદય આલેખ્યાં હોય, જેવો માર્ગ પાડયો હોય તે પ્રમાણે તેની છાપ પડી શકે છે અને તે માર્ગે દોરાય છે. અત્યાર પહેલાં કહો કે ૨૦૦૦ વર્ષ પહેલાં કાલિદાસ, ભવભૂતિ અને માઘ, ઇત્યાદિ કવિઓએ રચેલી કાદંબરીઓમાં જે સંકલના ગુંથી છે તેવું હમણાં નથી થતું એ સર્વાંશે સિદ્ધ છે. તોપણ આધુનિક લેખકો અને કવિયોએ જે ગ્રંથો બહાર પાડયા છે તેમાંથી પણ કેટલેક અંસે પ્રસંગે પ્રસંગે બોધ–જ્ઞાન–પ્રાપ્ત થયા વિના રહેતું નથી. બાળકોને માટે તદ્દન સરળ જ્ઞાનની જરૂર છે અને તે પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા મળે છે. ઉછરતા યુવાનો માટે પણ એ શાળાઓ તૈયારછે તોપણ વ્યવહારિક, ધાર્મિક અને પારમાર્થિક જ્ઞાન મેળવવાને માટે એવી શાળાઓનું શિક્ષણ ઉપયોગી નથી. તેમને માટે તે, શાળાઓ એક શિક્ષણ આપે છે ત્યારે નવલ કથાઓ, કાદંબરીઓ, બીજુંજ શિક્ષણ જ્ઞાન આપે છે. કે જે જ્ઞાન તદ્દન ઉપયોગીછે. નવલ કથામાંથી તેઓ સાંસારિક, વ્યવહારિક, ધાર્મિક અને પારમાર્થિક જ્ઞાન મેળવી વ્યવહાર કુશળ બને છે. નવલ કથાનું વાંચન કુદરતી રીતેજ તેમાં એ જ્ઞાન શિખવે છે, અને તેથી નવલ કથાઓને કુદરતી જ્ઞાન મેળવવાની શાળા કહીયે તો તેમાં અસત્ય કશું નથી.

કુદરતી જ્ઞાન મેળવવાની શાળામાંથી ઉછરતા યુવાનોને જે જ્ઞાન મળે છે તે અપૂર્વ છે. પરંતુ હવે તેમાંથી શું ગ્રહણ કરવું અને શું ત્યાગ કરવું એ તેમના હાથમાં છે, તોપણ આકર્ષણ શક્તિનો એવો નિયમ છે કે વધારે પરમાણુઓ ઓછા પરમાણુઓને ખેંચે છે. તે પ્રમાણે જે ગ્રંથમાં જે રસ વધારે હોય છે તે તરફ વાચક વર્ગનું હૃદય આકર્ષાય છે. અને તેજ રસ વાચકના હૃદયમાં રમ્યા કરે છે અર્થાત્ વાચકની વૃત્તિઓ તેજ રસ તરફ દોરાય છે. તેથી પરિણામ એ આવે છે કે જે રસ વધારે વંચાય છે તેજ રસથી ભરેલી વસ્તુઓ તરફ વાંચકનુ ધ્યાન ખેંચાઇ તેની વર્તણુક પણ તેવીજ થાય છે. ગુજરાતી ભાષામાં પ્રકટ થયલાં ગ્રંથોમાં મ્હોટો ભાગ નવલ કથાઓનો છે. વળી ઉછરતી પ્રજાને શોખ પણ તેજ પુસ્તકો વાંચવાનો છે–જોકે તેથી લખનારાઓએ તો સાહિત્યમાં વૃદ્ધિ કરવા સાથે ગુજરાતી પ્રજા ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે પરંતુ તે પુસ્તકોમાં સ્રંગાર રસના વહેતા ઝરાએ આપણી સમાજ ઉપર જે નઠારી છાપ પાડી છે તેમાટે આપણને મહા શોક થાય છે! પ્રશ્ન થશે કે વાચકને એવાં પુસ્તકોમાંથી બીજા રસ અને બીજું જ્ઞાન પણ મળી શકત અને તેથી અનર્થ ન થાત

પરંતુ ઉત્તર માત્ર એટલોજ કે આકર્ષણ શક્તિના નિયમપ્રમાણે વિશેષ પ્રમાણમાં ભરાયલો સૃંગાર રસ તેમના હૃદયમાં ભરાઇ ગયો છે એટલે થોડી શક્તિવાળા રસો તો બિચારા પુસ્તકોમાં એમને એમજ પડી રહ્યા છે. આવો અનર્થ થવાથી આપણે દોષ કોનો કાઢવો ? માત્ર લેખકોનોજ કે જેમણે પ્રત્યેક રસ સરખા પ્રમાણમાં નહીં ભરતાં આદિથી અંત સુધી સૃંગાર રસનોજ પ્રવાહ વહેવરાવ્યો છે. એટલે નિર્દોષ વાંચકને તે પ્રવાહમાં સ્નાન કરી પાવન થયા વિના છૂટકો નહીં !!! અસ્તુ .

મનુષ્ય માત્રને જેમ શાળામાંથી સાંસારિક જ્ઞાન મેળવવાની અગત્ય છે તેમજ નવલ-કથાઓદ્વારા પારમાર્થિક અને ઐહિક જ્ઞાન મેળવવાની પણ અગત્ય છે. કલ્પિત લખાયલી સાંસારિક નવલ કથાઓ વાંચકના મન ઉપર જોઇયે તેટલી અસર નથી કરતી. તે કરતાં વિશેષ તો ઐતિહાસિક નવલકથાઓ અસર કરી શકે છે કારણ કે ચાલતા જમાનામાં ઘણા વીર પુરૂષો, મહાત્માઓ, સદ્‌ગુરૂઓ, સાધ્વી અને વીર નારીઓએ પોતાનાં એવાં એવાં ગુણગ્રાહી ચરિત્રો આપણા અવલોકન માટે મુકયાં છે કે જે નવલ કથાના રૂપમાં વાંચવાથી પ્રત્યેક જ્ઞાન મેળવી શકાય. પ્રસિદ્ધ લેખક બૉલિંગ બ્રોક પોતાના On the study and use of History, Letter II. Vol III. Page 323 માં લખે છે કે, I think that History is philosophy teaching by examples. અર્થાત્—હું કહી શકું છું કે ઇતિહાસ એ એક દ્રષ્ટાંત રૂપે ફીલોસોફી—તત્વજ્ઞાન—શિખવનાર છે. વળી પ્રસિદ્ધ લેખક ગીબ્બૉન્ પોતાના Decline and Fall. ch. III માં કહે છે કે-History, which is, indeed, little more than the register of the crimes, follies, and misfortunes of mankind. અર્થાત્—ઇતિહાસ તે મનુષ્ય જાતિનાં પાપો, પ્રમાદો અને દુર્દૈવોનો એક સ્મરણ લેખછે. અર્થાત્ ગત-કાળના મનુષ્યોની ઉન્નતિ અવનતિનાં કારણોનું એથી જ્ઞાન થઇ શકેછે અને તેથી આપણે પોતાનું વર્ત્તન અમુક અંશે સુધારી શકીએછિએ.

ઐતિહાસિક બનાવો પણ ખરેખર મનુષ્યના મન ઉપર સમ્પૂર્ણ રીતે તત્વ આદિ સદ્-જ્ઞાનની અસર કરી શકે છે. તેમાંથી પ્રત્યેક જ્ઞાન મળી શકે છે. મૂળ વસ્તુ સત્ય લઈ કલ્પનાનું મિશ્રણ કરી પ્રત્યેક રસથી ભરવામાં આવે તો તે એક શિક્ષાપ્રદ સાધન થઇ પડે છે. આવા સાધનોની અછતને લીધેજ ગુજરાતી પ્રજાનો મ્હોટો ભાગ આડે રસ્તે દોરવાઇ ગયો છે તે એટલે સુધી કે બ્રહ્મચર્યથી લઇને પોતાના સન્યસ્તાશ્રમ સુધી ભ્રષ્ટ થયા છે અને ઔદ્યોગિક સ્થિતિ પણ છેક નબલી થઈ ગઇછે. પરંતુ અત્યારે તો આ સઘળું અરણ્યરોદન સમાન છે. થયું તે ન થયું થવાનું નથી. બનતે યત્ને હવેથી જે જે કાંઇ થાય તે માટેજ સઘળા વિચારો, સઘળી સુધારણાઓ કરવાની છે. પણ તે સઘળો આધાર પ્રત્યેક લેખકો ઉપર છે. લેખકો જો પોતાના ગ્રંથોમાં સઘળા રસો, સઘળી શિક્ષાઓ સરખા પ્રમાણમાં લખે તો તેથી વાંચકના હૃદયમાં સઘળા રસોની સરખી છાપ પડે અને તેથીજ વાંચકનું હૃદય પ્રત્યેક રસવાળું થાય . જેટલો સૃંગાર તેટલોજ વીર, તેટલોજ કરૂણા, આદિ, તેટલીજ બલ્કે તેથી વિશેષ ભક્તિ અને વિશેષ અધ્યાત્મક જ્ઞાન રસ યુક્ત ગ્રંથ રચવામાં આવવાથી વાંચક વર્ગ ઉપર ગુજરાતી પ્રજા ઉપર ગ્રંથકારોનો ઉપકાર થશે.

મ્હેં પણ ઐતિહાસિક સત્ય વસ્તુ સાથે કલ્પનાનું મિશ્રણ કરી "ઇલિ સુંદરી" નૉવેલ પ્રકટ કરી ગુજરાતી પ્રજાની સેવા બજાવી તે વખતે મ્હારા મૂળ આશયો એ હતા કે તે પુસ્તકમાંથી વાંચક વર્ગને વીર, સંગાર અને કરૂણારસ મળે. સ્વદેશ પ્રત્યે ભક્તિ ભાવ ઉત્પન્ન થાય અને માતૃભૂમિની રક્ષામાટે યત્ન કરી શકે. એ ઉપરાંત સ્ત્રીઓ પતિભક્તિ અને પાતિવ્રત્યનું રક્ષણ કરતાં શીખે. મોગલ બાદશાહોના સમયમાં કેટલાક ક્ષત્રિ-રજપૂત-રાજાઓએ પોતાનો ધર્મ કલંકિત કર્યો હતો. પોતાની પ્રાણથી વહાલી, સ્વધર્મ પરાયણ પૂત્રીઓને બાદશાહોની બેગમો બનાવી પોતાના દેશની રક્ષા કરી હતી એ ઇતિહાસ પ્રસિદ્ધ છે. પરંતુ કેટલાક વીર રાજપૂતોએ સ્વદેશની રક્ષામાટે તેવું કલંક નહીં લેતાં રણભૂમીમાં ધનઘોર સંગ્રામ મચવી, મોગલ બાદશાહોને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી સ્વદેશની રક્ષા કરી હતી તેમજ કેટલાકોએ તો કુટુંબના વીરપ્રસુતો સહિત પ્રાણ ત્યાગ કર્યા હતા. વળી કેટલાકોએ સ્વદેશની રક્ષામાટે શત્રુ-સામે કેસરીયાં કરી, પોતાનાં સ્ત્રી બાળકોને અગ્નિમાં બાળી મુકયાં હતાં. (૧૨૪૫માં અલ્લાઉદ્દીન બાદશાહના લશ્કરે જેસલમીરના કિલ્લાને ઘેરો ઘાલ્યો તે વખતે રાજા મૂળરાજ બહાદુરીથી લડયો છતાં જાણ્યું કે જીત થશે નહીં તેથી કિલ્લામાંના રાજપૂતોએ ચિતા ખડકી ૪૦૦૦ રાજપૂતાણીઓને બાલી મુકી પરંતુ મુસલમાનોને હાથ જવા દીધી નહીં. એનું નામ ધર્મ રક્ષા ! અને એનું નામ સ્વદેશ પ્રેમ ! એજ પ્રમાણે કેટલાક રાજપૂતોએ સ્વદેશની રક્ષા કરવામાટે સ્ત્રી, પુત્રીઓને પોતાને હાથે ચિતામાં ભસ્મ કરી આત્મહત્યા કરી હતી. એવાં એવાં હજારો પ્રમાણો પાછલા ઇતિહાસોમાંથી મળી આવે છે. કેટલીક વીર ક્ષત્રાણીઓએ અસ્ત્ર શસ્ત્ર ધારણ કરી રણભૂમિમાં ધુમી મોગલ બાદશાહોને ત્રાસ પમાડયો છે. (ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનું ચરિત્ર જુવો.) કેટલીક ક્ષત્રાણીઓએ યુક્તિ કરી બાદશાહોના પ્રાણ લીધા છે. ઇ. સ. ૧૩૦૩માં અલ્લાઉદ્દીને ચીતોડ ઉપર હુમલો કર્યો. ત વખતે રાણા લખમસીના કાકા ભીમસિંહની પત્ની અતિ સુંદર હોવાથી અલાઉદ્દીને કહાવ્યું કે જો તે યુવતી મ્હારે સ્વાધીન કરો તોજ હુમલો પાછો લઇ જાઉં. આ સાંભળી રાજપૂતો વિચારમાં પડયા. પરંતુ તે યુવતિ ઘણી બાહોશ હતી. તેણે યુકિત શોધી કહાડી. હિમ્મત રાખી તેણે અલ્લાઉદ્દીન પાસે જવાનું કહાવ્યું. તેણે ૭૦૦ મ્યાના તૈયાર કરાવી તેમાં એક એક વીર રાજપૂતને શસ્ત્ર સહિત બેસાડયા. અને દરેક મ્યાનાને છ છ ઉંચકનાર મળી લગભગ ૫૦૦૦ વીર યોદ્ધાઓને ગુપ્ત હથિયાર સાથે લઇ બાદશાહને મળવા ગઇ. મ્યાના બંધ હોવાથી બાદશાહે જાણ્યું કે તેમાં સ્ત્રીઓ હશે પરંતુ નજીક આવતાં સઘળા બહાદુરો હથિયાર સહિત કુદી પડયા. અને લશ્કરને કાપી નાંખ્યું તથા અલ્લાઉદ્દીન જીવ લઇને દિલ્લી ન્હાશી ગયો ! એક અબળા જાતિનુ કેટલું ધૈર્ય, કેટલી વીરતા, અને કેટલી પતિ ભકિત !) આવાં આવાં હજારો ઉદાહરણો મળી આવે છે. અને તે સઘળાં પ્રત્યેક સ્ત્રી પુરૂષોને માટે શીક્ષાપ્રદ છે.

ગુજરાતી પ્રજાની સ્થીતિ ચાલતા જમાનામાં દરેક રીતે બગડી ગઇ છે. પુરૂષો મ્હોટી મ્હોટી ડીગ્રીઓ મેળવવા છતાં પરતંત્રતા-અર્થના દાસ અથવા તો નોકરીરૂપ ગુલામગીરી કરવા ઇચ્છે છે, સ્વધર્મ શું છે ? જીવન કર્તવ્ય શું છે? સ્વદેશ અને સ્વજ્ઞાતિ પ્રત્યે પોતાનો ખરો ધર્મ શું છે ! તે જાણવાની કે તે પ્રમાણે વર્તવાની ફરજ જોતા, વિચારતા નથી!

પોતાના દેશની ચઢતી શી રીતે થાય ? કયા ઉપાયોથી મૃતઃપ્રાય થઇ પડેલી કારીગરીની ઉન્નતિ થાય, કયા કયા ઉપાયોથી બાળકો પોતાનું કર્તવ્ય કર્મ શીખે, શરીરે બળવાન થાય અને સ્ત્રીઓ પતિ ભક્તિ શીખે ? વળી સ્ત્રીઓ પણ ઘરના કામકાજમાં એક મજુરણની પેઠે આખો દિવસ વિતાડવામાં કામકાજમાં મચીરહે છે. પરંતુ તેમને પણ પોતાનો ખરો ધર્મ-પતિવ્રતપણું-તે જાણવાની લેશ પણ દરકાર થતી નથી ! હેવા સમયમાં સ્વધર્મરક્ષા અને પતિ ભક્તિની ખરી છાપ પાડેએવાં પુસ્તકો તેમને ઘણાં ઉપયોગી થઇ પડે એ કહેવું અયોગ્ય નથી.

આ મ્હારૂં બીજું ઐતિહાસિક નવલકથા છે. એનું મૂળ વસ્તુ સત્ય હોવા સાથે કલ્પનાનું મિશ્રણ છે. ઇ. સ. ૧૬૩૪માં (સંવત ૧૬૯૦માં) રાજા ગજસિંહે પોતાના પુત્રને દેશનિકાલ કર્યો. ત્યાંથી તે મારવાડની સરહદ છોડી પોતાની સ્ત્રી, પુત્રીને લઇ દિલ્લીના બાદશાહ શાહજહાં પાસે ગયો. ત્યાં તેનો સત્કાર થયો. અને એક વખત બાદશાહની ઇતરાજી થતાં બાદશાહને તલવારનો ઘા માર્યો. તે ઘા દરબારગૃહના એક સ્તંભમાં વાગ્યો. જે હજુપણ હયાત છે. ત્યાર પછી ઘણા સિપાઇઓને મારી પોતે મરણ પામ્યો. અમરસિંહ ત્યાં મરાયો હતો ત્યાં "અમરસિંહનો દરવાજો" થયો. ત્યાંથી એક સાપ નીકળી આવનાર જનારને કરડતો હતો તથા ઇ. સ. ૧૮૦૯માં અંગ્રેજોએ તે દરવાજો ઉઘાડયો. તેમના બે મિત્રોએ પણ સાથેજ કેસરીયાં કર્યાં અને તેની રાણી તેની પાછળ સતી થઇ. આવી કેટલીક-ઘણી-બાબતો મળી આવવાથી તેમજ **તારા** આ નામનું એક હિંદી પુસ્તક મ્હારા વાંચવામાં આવ્યાથી ગુજરાતી પ્રજાને અનુકુળ થઈ પડે એવી સંકલનાથી આ પુસ્તક રચવામાં આવ્યું. હિંદી લેખકોમાં બનારસ નિવાસી શ્રીયુત્ શ્રી કિશોરીલાલ ગોસ્વામી પ્રસિદ્ધિ પામેલા એક લેખક છે. પરંતુ તેમણે પોતાના એ પુસ્તકમાં એવી તિલસ્માતિ સંકલના અને વર્ણન રહિત રચના કરીછે કે જે ગુજરાતી વાંચનારને રૂચીકર થઇ પડે નહીં. વળી કેટલાક વિષયો આપણને તદન નિરૂપયોગી સાથે નિરસ લાગે એવા પણ લખ્યાછે. પરંતુ આ પુસ્તકમાં તેવા વિષયો કિંવા તેવા પ્રકરણો નહીં લખતાં વાંચનારને રૂચિકર થઈ પડે તેવી ગોઠવણ કરીછે. આ નવલકથા લખવાનો હેતુ એછે કે એકતો સ્ત્રીઓ પ્રાણન્ત સુધી પોતાનો ધર્મ સાચવે, પતિવ્રતપણું જાળવે, પુરૂષો લક્ષ્મી અને વિભવ, એબે કરતાં સ્વધર્મને પ્રાણ સમાન ગણી પોતાની સ્ત્રી-પત્નિની રક્ષા કરે તથા જેમ પાછલા કેટલાક રાજપુત રાજા કલંકિત થયાછે તેમ કલંકિત ન થતાં ઇતિહાસમાં પોતાનું સાહસ, પરાક્રમ, ધૈર્ય, ધર્મ અને રક્ષા એ સઘળું સુવર્ણને અક્ષરે અંકિત કરાવી શકે.

મ્હેં મ્હારી લખવાની ફરજ બજાવી છે. જે જે વિષયનાં ચિત્ર આલેખવાં ઉચિત્ લાગ્યાં તે આલેખ્યાં છે. વાંચનાર શ્રીયુત ભાઇઓ, અમરસિંહ અને રાજસિંહપેઠે સ્વદેશ અને સ્વધર્મ રક્ષા કરતાં તથા બહાદુરી કરતાં શિખશે, વાંચનાર શ્રીમતિ બ્હેનો, સુશિલા જેવું સાહસ, ધૈર્ય અને તારા જેવું પતિવ્રતપણું શીખશે, તો મ્હારા યત્નને સુફલ થયલો માનીશ. લખવું એ મારો ધર્મ અને મ્હારી સત્તા છે, તેમાંથી સાર ગ્રહણ કરવો-શીક્ષા ગ્રહણ કરવી એ વાંચનારનો ધર્મ અને વાંચનારની સત્તા છે. બગિચામાં હજારો જાતિનાં પુષ્પો ઉગે છે. પરંતુ કયા પુષ્પની સૌગંધ લેવી એ સત્તા-ભ્રમર-ગ્રાહકના હાથમાં છે. બગિચામાં શું નથી હોતું? તેમાં બધીજ જાતિની-સારી નઠારી-સૌગંધ આપનાર ફુલો હોય છે. ફૂલને તોડી લેવું અને તેને સુંઘવું એ, તોડનારના હાથમાં છે. ઉપરની સુંદરતાથી લોભાઇ ભલે તમે કૌવચને તોડીલ્યો, પછી જુવો!

તેનાથી શું ફળ આવે છે ? ભલે તમે, સુંદર દેખાતાં બાવળનાં ફુલ તોડો ! અને જુવો કે તેમાંથી કેવી સૌગંધ આવ છે ? અને પછી તમે ન્હાના સરખાં મોગરો, ગુલાબ કે ગુલદાવદીનાં ફુલ તોડી જુવો. ત્યારેજ જણાશે કે તેમાં કેવી મીઠી, મધુરી સુગંધ છે. પ્રત્યેક વસ્તુમાં રહેલા ગુણ દોષ અંત સુધી જોવા એ તમારી ફરજ છે તેજ પ્રમાણે તેમાંથી તમારા જીવનને માટે શું યોગ્ય છે. તે ગ્રહણ કરવાની પણ તમારીજ ફરજ છે પ્રત્યેક મનુષ્યો સુખને ચ્હાય છે. એ સુખ મેળવવાને માટે માત્ર સત્યવર્તન અને સ્વધર્મ રક્ષા એ બેજ શસ્ત્રો ઉપયોગનાં છે. જગદ્‌વિખ્યાત અંગ્રેજ કવિ કાઉપરે પોતાના Retirement નામના ગ્રંથમાં Line 492માં લખ્યું છે કે:-

Religion does not censure or exclude
Unnumbered pleasures, harmlessly pursued.

અર્થાત્—જો બીજા કોઇને પણ બાધ ન થાય તેવીરીતે (આનંદ ઉપભોગ) ભોગવવામાં આવતા હોય, તો ધર્મ કાંઇ આનંદ ઉપભોગોથી મનુષ્ય ને વંચિત રાખતો નથી કે તેવા સુખોમાટે શિક્ષાની આજ્ઞા પણ નથી કરતો.

આ નવલ કથા અમારા વાર્તા વિનોદ માસિક પત્રમાં દર મહિને પ્રગટ થતી હતી. જે વાંચવાથી વાંચક વર્ગને રસપૂર્ણ, શીક્ષાપ્રદ અને સંગ્રહ કરવા લાયક જણાયાથી તેને પુસ્તક રૂપે બહાર પડવાની અગત્ય જણાઇ. તેથી એને બહાર પાડવામાં આવે છે.

આ પુસ્તક જુદું બહાર પડવાનું કારણ વાર્તા વિનોદના વાંચક વર્ગની અભિલાષા હોવાથી છે અને તેથી વાંચનારાઓનો આભાર માનવાની તક લઉછું. પ્રુફ સુધારતાં તેમજ દ્રષ્ટી દોષથી કાંઇક ભૂલો રહી ગઇ હોય તો તે માટે ગુણજ્ઞ વાંચક વર્ગ ક્ષમા કરશે એવી આશા છે કારણકે निर्दोषा एकोदेवा: સિવાય સઘળા મનુષ્યો દોષથી ભરેલાછે.

દાદર
વિજયા એકાદશી.
૧૯૬૨.

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

સુધારો—આ નવલ કથાને પ્રષ્ઠ ૧૫મે પ્રકરણ ૫મા નીચે "જહાંનારા અને તારા" વાંચવું. તથા પાંચમું પ્રકરણ દ્રષ્ટી દોષથી બે વખત છપાયું છે તેથી તે પછીના પ્રકરણોમાં એક એક સંખ્યા ઉમેરવી.

અનુક્રમણિકા.

એક અપ્રસિદ્ધ, ઐતિહાસિક નવલ કથા.

તારા કિંવા જોધપુરનું રમણીરત્ન.

(લખનાર—ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા–ભરૂચ નિવાસી.)

પ્રકરણ ૧લું.

સાવકી માતાનો કોપ.

નિશાનાથ શશિરાજ, પૃથ્વીપરનાં પ્રાણિ, જીવજંતુ માત્ર ઉપર ઉપકાર કરવા પોતાનાં શીતળ કિરણો નાંખે છે. નિશાચરો કાર્ય સાધનમાં પ્રકાશથી વિક્ષેપ પડેલો જોઈ ગુપ્ત સ્થાનોમાં સંતાઇ રહ્યાં છે. વૃક્ષ પલ્લવો આનંદથી પ્રફુલ્લ થઇ રહ્યાં છે. ન્હાની ન્હાની કલિકાઓ મનુષ્ય દર્શનથી શરમાતી ચંદ્રદર્શનથી અત્યારે વિકસી રહી છે, અને તે જાણે મુગ્ધાસ્ત્રીઓ સાસરે ગયા પછી પતિથી શરમાતી રાત્રિએ પતિની લજ્જા ત્યાગી આનંદથી વિકસતી હોય એવું લાગતું હતું. મંદમંદ સમીરની લહેરોથી કલિકાઓનાં જુથને જુથ એક બીજાઉપર પડી રમી રહ્યાં છે! જીવજંતુ નાનાપ્રકારની સ્વર યુક્ત વીણા વગાડી રાત્રિની પ્રતિભા અપ્રતિમ કરી રહ્યાં છે. લીલા કમળો દિનકર પતિ વિરહે નિરાશ થઇ જળમાં શાંત થઇ પડયાં છે. કમળિની પતિદર્શનથી આનંદ માની આમ તેમ ડોલી રહી છે, નાચી રહી છે અને મદોન્મત્ત બની રહી છે. વિરહિણી નાયકાઓ પતિ દર્શનની વાટ જોતી બારીમાં ડોકીઆં કરતી અશ્રુના સાગરમાં નાહી રહી છે! અભિસારિકા સ્ત્રીઓ માર્ગમાં સમડી પેઠે ત્વરિતગતિએ આમતેમ ચાલી રહી છે! પ્રકૃતિનો અલૌકિક સૃંગાર શાંત થયો છે! સરિતાના જળ વૃદ્ધ સ્ત્રીઓ પેઠે ધીમે ધીમે વહી રહ્યાં છે! નિશાદેવી, કાળા વસ્ત્ર પરિધાન કરી, પ્રત્યેક મનુષ્યનાં નેત્રો ઉપર પોતાનું આધિપત્ય ચલાવી રહી છે! નિદ્રાવશ થયેલા મનુષ્યો સુષુપ્તી અવસ્થામાં અનેક સ્વપ્ન લીલા જોઇ રહ્યાં છે! અને વસંતરાજ, વૃક્ષપલ્લવ, લતિકાઓ, પુષ્પો અને કલિકાઓ સાથે રાસક્રીડા રમવા ડોકિયાં કરી રહ્યો છે!

મધ્યરાત્રિએ, ગગનમંડળ સાથે વાતો કરતું જોધપુરનું રાજ્યમહાલય ચંદ્રના પ્રકાશથી જાણે દૈવી પહાડ ગોઠવ્યો હોય, તેમ ઉંચું શોભી રહ્યું છે. ભવ્ય રાજમહેલમાં કોઇક કોઇક સ્થળે દીવા બળી રહ્યા છે. રાજા ગજસિંહનું શયનાગાર દીપક જ્યોતિથી પ્રકાશમાન થઇ રહ્યું છે. નૃપતિ ગજસિંહ વૃદ્ધ હોવાથી દિવસના પરીશ્રમથી થાકી પલંગ ઉપર આમતેમ આળોટે છે. પોતાની દ્વિતીય ભાર્યા* રીશાયલી હોવાથી શિરોકેશ વિખેરી, પૃથ્વી ઉપર

*મારવાડ અંતર્ગત જોધપુરના રાજા ગજસિંહ પોતાની પહેલીવાર પરણેલી સ્ત્રી, બે પુત્ર મુકી મરણ પામેલી હોવાથી બીજીવાર પરણ્યા હતા.

બંને હાથ પહોળા કરી, ... ઉચ્છ્વાસ નિઃશ્વાસ નાંખતી પડેલી છે. ગુપ્ત પ્રતિહાર દ્વાર આગળ ...... છે. મહારાજ ગજસિંહ પલંગ ઉપર આળોટતાં થોડી થોડીવારે ...... આંગળીના વેઢાં ગણે છે. અને કપાળ ઉપર હાથ મારતા જાય છે.

મહારાજાના શયનાગારમાં ...... આજે આ સ્થિતીમાં કેમ? રાજપત્ની, રાજ્યની અધીશ્વરી ...... પુષ્પની શય્યાને બદલે પૃથ્વી ઉપર ધુલમાં આળોટે શામાટે! શિરોકેશ તોડે શામાટે? અને નેત્રમાં અશ્રુધારા કેમ? રાજ્યની અધીશ્વરી, રાજ્યની ધર્મપત્ની, ઇચ્છાનુસાર વિભવ ભોગવનાર, તેને દુઃખ શું? વયોવૃદ્ધ થવાં છતાં હજુ પણ રાજા રાણીને શાંતીને બદલે કલેશ શામાટે? સુખને બદલે ...... પ્રેમને બદલે વિષાદ શામાટે? એ ત્રણ મુદ્દ ...... વાંચનાર! આ પ્રકરણ એની મેળેજ એ પ્રશ્નનો ઉત્તર આપી શકશે અમે તે કહી શકીશું નહીં.

રાજા ગજસિંહની પ્રથમ પત્નિ, સ્વપુત્ર અમરસિંહને મુકી સંસારનો ત્યાગ કરી ગઇ હતી. તેથી રાજાએ બીજી વખત લગ્ન કર્યું હતું. તે રાણી માનકુંવરના ...... અને અચળસિંહ બે પુત્ર છે. માનકુંવર અમરસિંહની સાવકી માતા થતી હોવાથી ...... ભાવથી તેણે હમણાં પોતાનું રૂપ પ્રકાશવા માંડ્યું છે! સાવકી માતાનો ...... કોણ અજાણ્યું છે? સાવકી માતાએ સાવકા પુત્રોના પ્રાણ હરવાને ક્યારે ...... છે? સાવકી માતાઓએ સાવકા પુત્રોને શત્રુના ...... સમજવામાં ક્યારે ભુલ કરી છે? સાવકી માતાઓએ સાવકા પુત્રના સુખ માર્ગમાં ક્યારે કાંટો વાવ્યા નથી? કૈકેયી જેવી ક્રૂર સાવકી માતાના દુઃખને લીધેજ રામચંદ્રજીને વનનિવાસી થવું પડ્યું હતું. સાવકી માતા અને પિતા વૃદ્ધ! એટલે પછી બીજું શું જોઇએ? વૃદ્ધ પતિની તરૂણ સ્ત્રીઓ, પતિને ઇચ્છાનુસાર વર્તન કરાવે છે એમાં સંદેહ શું? વાલ્મિક ઋષીએ દશરથ કૈકેયીનું જે ચિત્ર રામાયણમાં દર્શાવ્યું છે તે સાવકી માતાની રાક્ષસી ક્રૂર સ્વાર્થ પરાયણતાનું યથોચિત દ્રષ્ટાંત છે.

આજે જોધપુરના રાજ્ય મહાલયમાં પણ તેવીજ લીલા થઇ રહી છે. રાજા ગજસિંહને પણ દશરથ રાજાની પેઠે કૈકેયી જેવી ક્રૂર ભાર્યા માનકુંવરના પંજામાં સપડાવું પડ્યું છે. અમરસિંહ વયે મુક્ત થવા આવ્યો છે, શસ્ત્ર કળા, અસ્ત્ર કળા, યુદ્ધ કળા અને રાજ્યકાર્યમાં સંપૂર્ણ થયો છે. પોતાના બંને પુત્રો લાડમાં ઉછરતા હોવાથી કોઇ પણ કાર્યમાં નિપુણ નથી! રાજા ગજસિંહ કદાચ થોડાજ સમયમાં અમરસિંહને રાજ્ય કાર્યભાર સોંપી દઇ, વાનપ્રસ્થ થાય તો પોતાને તથા પોતાના પુત્રોને ઓશીયાળાં થવું પડે. એમ સમજી તેણે યુક્તિ રચી છે! હઠ લીધી છે. તે ગજસિંહને કહી રહી છે કે "અમરસિંહ રાજદ્રોહી છે. તેણે થોડા લશકરને પોતાના હાથમાં લીધું છે, અને પ્રધાન કર્મચારીઓ જોડે લડાઇ ટંટા કરવા માંડ્યા છે. પ્રજામાં ...... છે. કદાચ આ સમાચાર યવનરાજાને મળશે તો આપણા રાજ્ય ઉપર ચઢી આવી રાજ્ય લઇ લેશે તો મારા પુત્રો રખડી મરશે અને યવનોના દાસ બનવું પડશે. માટે મ્હારા હઠીલા પુત્રને રાજ્યભ્રષ્ટ કરાવી અમરસિંહને રાજ્ય

બહાર કાઢી મુકો. નહી તો મારા પ્રાણ આપીશ. એવા એવા અનેક કઠોર શબ્દો કહી રાજાના કાન ભંભેર્યાં. પરંતુ રાજા ગજસિંહ તે વચનનો સ્વીકાર કરતા નહોતા.

અમરસિંહની યુવાવસ્થા હતી. વય લગભગ ત્રીસ વર્ષનું હતું. યુવાવસ્થાનો પ્રમાદ, ભયાનક ઉન્મત્ત ચિત્ત, દુરાગ્રહ, ઉગ્ર સ્વભાવ, ક્રોધમય પ્રકૃતિ, નિર્ભય વર્તાવ અને સર્વ રાજ્ય-કર્મચારિયોના કાર્યમાંથી ભુલો કાઢવાની રીતિથી સર્વ રાજ્ય કર્મચારિયો તેનાથી કંટાળી ગયા, તેમજ ધીમે ધીમે વૈરીરૂપ થઈ પડયા. રાજા ગજસિંહને કાને એ વાત જતાં તેમને પણ કાંઈક માઠું લાગ્યું હતું.

આજે માનકુંવરે પોતાની સાવકા પુત્રને દેશનિકાલી કરવાની હઠ લીધી છે. તેણે પોતાના રાજ્યકર્મચારિયોને બોલાવી અમરસિંહનો ત્રાસ સિદ્ધ કરી આપ્યો છે. છતાં પોતાના એક યુવાન પુત્રને દેશનિકાલ કરવા તેઓ તઇયાર નથી. મોતો વિહિન પુત્રને નેત્ર આગળથી વેગળો કરવા કયા પિતાનું હૃદય હા કહે !

માનકુંવરે સાયંકાળથી હઠ લીધી હતી. રાજા વૃધ્ધ હોવાથી રાણીના હાથમાં સપડાયલા રહેતા. માનકુંવરે ભોજન કર્યું નહોતું. રાજા ગજસિંહની પણ એજ દશા હતી. બન્નેના હૃદય કલેશમય કિચડમાં રગદોલાયલાં હતાં.

રાત્રિના બે વાગ્યા. માનકુંવર પૃથ્વીપરથી આળોટતી એકદમ ઉઠી વિકાળ મુખમુદ્રાએ રાજાને કહેવા લાગી, "કેમ ! શું જવાબ આપો છો ? કાંતો અમરસિંહ નહીં કે કાંતો હું નહીં ! હવે તમારે મ્હારૂં શું કામ છે? તમને અમરસિંહ છે એટલે તમને બધું યે મળેલુંજ છે! મ્હારા પુત્રોનું ગમે તેમ થશે! રાજપુત્ર થઇ દાસી પુત્રોપેઠે તે બન્ને અમરસિંહના ગુલામ બનશે! તેના ચરણતલ ધોશે અને યવનોના દાસ થશે ! તેમાં તમને શું ? ઉત્તર આપો ! નહીં તો મારે માટે કુવો તઇયાર છે ! તેમાં પડી મ્હારા જીવનને અવશેષ કરીશ."

એટલું બોલી તે થોડો વખત રડતી રડતી ત્યાંજ ઉભી. રાજાના સ્હામું જોવા લાગી. રાજા ગજસિંહે ઉત્તર આપ્યો.

"વ્હાલી, મ્હારા અમરને——"

"નહીં, નહીં, તમારા અમરને તમારા નેત્રનું રત્ન કરી રાખો બધું સમજું છું. હું જળ-શયન કરીશ. "તે વચમાંજ બોલી ઉઠી અને કુવામાં પડવા મહાલય બહાર નીકળી."

રાજા ગજસિંહ પલંગ ઉપરથી નીચે ઉતરી તેને બાથમાં પકડી શયનાગારમાં લાવ્યા. માનકુંવરે બળપૂર્વક શરીર છોડાવવાનો પ્રયત્ન કર્યો. રડતી, ક્રોધ ભરી મુખમુદ્રાએ તેણે મોટેથી રડવા માંડયું. અંતે રાજા પરાસ્ત થયો. વૃધ્ધ પતિની તરૂણ સ્ત્રીની જીત થઇ. રાજા ગજસિંહે કહ્યું.

"આટલું કલ્પાંત શા માટે ? જ્યારે ત્હારી એવીજ ઇચ્છા છે તો અમરસીંહને દેશનિકાલ કરી શકીશ. બસ!"

માનકુંવરને હવે થંડક વળી. તેણે ધીમે ધીમે રડવાનું બંધ કરી રાજાપાસે વચન લીધું કે, પ્રાતઃકાળ થતાં અમરસિંહને દેશનિકાલ કરવો. રાજાએ પણ તેમજ કરવાનો નિશ્ચય કર્યો.

પ્રકરણ ૨ જું.

દેશનિકાલ.

આજે સંવત ૧૬૯૦ વૈશાખ માસનો દિવસ છે. પ્રાતઃકાળમાં રાજા ગજસિંહના મહાલય આગળ મનુષ્યોની ગીરદી થઇ રહી છે. જોધપૂરની સમસ્ત પ્રજા ઉદાસ ચ્હેરે મહાલય બ્હાર ઊભી છે. નીચ ઊંચ સર્વ મનુષ્ય મહાલયના વિશાળ ઓટલા ઊપર પૃથ્વી સમીપ જોઈ રહેલા, નેત્રમાંથી આંસુ પાડતાં, ચિન્તામાં નિમગ્ન થયલાં, લીલાં વસ્ત્ર ધારણ કરેલા, લીલા રંગના અશ્વની લગામ ઝાલી ઉભેલા, રાજપુત્ર અમરસીંહ સ્હામું સર્વ પ્રજા શોકાતુર થઇ જોઇ રહી છે. કોઇ રાજપુત્ર અમરસિંહને જોઈ નિઃશ્વાસ નાંખે છે! કોઇ તેની ૭ વર્ષની સૌંદર્યપૂર્ણ બાળકી તારા સ્હામુ જોઇ દયા લાવે છે! કોઇ અમરસિંહની લાવણ્યમયી પત્ની અને બુંદી નરેશની પુત્રી ચંદ્રાવતીની શોકમયી મૂર્તી તરફ નીહાળી તેમના આકસ્મિક દુઃખતરફ અફસોસ કરે છે! કોઇ રાજ બાળકોના વિયોગથી દીલગીર થાય છે! મહારાજા ગજસિંહ ક્રૂર પત્ની તરફ તિરસ્કારથી જુવે છે! તોપણ મ્હોડેથી અમરસિંહને ઠપકો આપી દેશ ત્યાગ કરવા આજ્ઞા ફરમાવે છે! પાપીણી ક્રુર, અને રાક્ષસી માનકુંવર માતા, હૃદયમાં પ્રસન્ન થાય છે. પ્રજાને દેખાડવા નેત્રમાંથી જરા જરા જળ ટપકાવે છે! સાવકા ભાઇઓ યશવન્ત અને અચલસિંહ પોતાના વડીલ બંધુનો વિયોગ થવાથી અંતઃકરણપૂર્વક અશ્રુપાત કરે છે! માતા પિતાને ધિક્કાર આપે છે!

"પુત્ર! અતિશય ખેદિત છું કે, ત્હારી યુવાવસ્થામાં તું હવે મદાંધ થયો છે! રાજ્યના ન્હાના મોટા કર્મચારીયો ત્હારા જુલમને માટે બહુ ફરીયાદ કરે છે! મ્હારા જાણવામાં આવ્યું છે કે, તું મ્હને પદભ્રષ્ટ કરી રાજ્યપતિ થવા ઇચ્છે છે! ત્હારી સર્વ કળા મારા જાણવામાં આવી છે! માટેજ તને પત્ની સહ દેશનિકાલ કરૂં છું!" રાજા ગજસિંહે ધ્રુજતે અવાજે અમરસિંહને કહ્યું.

"પિતાજી!" બે હાથ જોડી, નીચું માથું કરી, કરૂણ સ્વરે અમરસીંહ બોલવા લાગ્યો, "મ્હારા ઊપર શા માટે જુઠું કલંક ચઢાવો છો? રાજ્યના નોકરો લાંચ લે, પ્રજાઊપર ત્રાસ વર્તાવે અને મરજી પ્રમાણે નોકરી કરે. તેને હું ઠપકો દઊં, સક્ત નોકરી લઊં ત્યારે હું મદાંધ! ત્યારેજ મ્હારે માટે ફરીયાદ! ભલે! આપ પિતા છો! આપનું વચન માથે ચઢાવું છું! પરંતુ મ્હારી આ શિક્ષાનું કારણ કાંઇ ગુપ્ત છે! કહો કે ન કહો! તેની મને પરવા નથી! મ્હારા હાથમાં બળ હશે તો હું મ્હારા નસીબ પ્રમાણે મેળવી શકીશ! પિતાજી! હું જાઉં છું! ત્હમે અને મ્હારા માતાજી હવે સુખી થજો!" એમ કહેતાં કહેતાં તેના નેત્રમાંથી બે ટીપાં આંસુનાં નીકળ્યાં. તેની પત્ની પણ અશ્રુપાત કરવા લાગી. ઉપસ્થિત સર્વ મંડળ પણ અશ્રુપાત કરવા લાગ્યું. બાળકી તારા તે સર્વનાં રડતાં નેત્ર જોઇ મ્લાન મુખે નીચું જોઇ રહી.

રાજપુત્ર અમરસિંહને પિતાની આજ્ઞા મળતાં તુરતજ તે લીલા રંગના અશ્વ ઉપર સ્વાર

થયો. બાળક પુત્રી તારાને અશ્વ ઉપરજ બેસાડી દીધી. ચન્દ્રાવતી પણ તેની પાછળ અશ્વ-ઉપર સવાર થઇ.

આ સમયે સૂર્યનારાયણ શોકાંકીત થઇ વાદલામાં સંતાઈ ગયા. નગરનાં પક્ષીઓ રાજ-કુમારનો વિરહ થવાથી શોકમય શબ્દોમાં કલકલાટ કરવા મંડયા. રાજપુત્રોને છેલ્લા પ્રણામ કરતા હોય તેમ નગરના વૃક્ષ મંડળે વાર વાર નમી શોક જનક પ્રણામ કર્યા. આકાશ કાળુ થઇ ગયું. નદીના પ્રવાહ શોકમય લીલા થઇ ધીમા પડયા. પ્રચંડ વાયુ પણ વીરહ દગ્ધ થવાથી મંદ ગતીથઇ ગયો. પૃથ્વીપરની ધુળઉડી દિશાઓનેશોકમય બનાવા લાગી. પ્રજાનાનેત્રમાંથી અશ્રુજળનો પ્રવાહ વહેવા માંડયો. પ્રજાના કલ્પાંત વચ્ચેથી અમરસીંહ પોતાનો દેશ ત્યાજ્ય કરી દીલ્લીશ્વર મોગલબાદશાહ શાહજહાંને જઇ મલ્યો. સાવકી માતાએ પોતાનુ વૈર બરોબર લીધું, પરંતુ અમરસિંહ એક બહાદુર વીર રાજકુમાર હતો. રાજ્ય ત્યાગ કરવાથી તેના હૃદયને કાંઇ પણ દુઃખ થયું નથી. રાજ્ય કાર્ય દક્ષ અને યુદ્ધ કૌશલ્ય પૂર્ણ હોવાથી શાહા-જહાંએ તેને એક મ્હોટું મકાન આપી, ત્રણ હજાર ઘોડેસ્વારનો ઉપરી બનાવ્યો. પોતાના રાજ્યકર્મચારી ઉમરાવોમાં દાખલ કર્યો. રાવની પદવી આપી અને નાગોડ પરગણાની જાગીર બક્ષીસ આપી અમરસીંહ પોતાના દીવસો ત્યાંજ નિરગમન કરવા લાગ્યા.

પ્રકરણ ૩ જું.

દ્રષ્ટીપાત !

અમરસિંહના મહાલય પાછળ એક સુવાસિત પુષ્પોદ્યાન છે. નાનાં પ્રકારનાં વૃક્ષો ઉપર પૂષ્પોના ગુચ્છ શોભિ રહ્યા છે. તેમાંથી નિકળતી મીઠી સૂગંધ લેવા ભ્રમરો ગુંજારવ કરી રહ્યા છે. કોઇક તેના ઉપર બેસી, કોઇક જરા જરા વારે આવી અને કોઇક તો મસ્ત બની ખીલેલાં ફુલમાં ખૂબ ડંખ મારતા આલોટે છે. આસોપાલવ અને અમરવેલની વેલીઓ વૃદ્ધ સ્ત્રીઓ પેઠે પુષ્પોદ્યાનની શોભા વધારી રહી છે. લીંબુ, નારંગી, અનાનાસ અને રામફળ અર્ધપકવ થઇ વૃક્ષની બગલમાં બાળકો પેઠે શોભિ રહ્યા છે. પવનની મંદ મંદ લહેર તેને આમ તેમ હિંચકા ખવડાવી રહી છે. વાટિકાની ચારે તરફ વૃક્ષો શિવાય કાંઇ જણાતું નથી. વચમાં એક ફુવારો ફુટે છે. તે ફુવારા ઉપર એક કળવાળી પુતળી ગોઠવી છે. તે પૂતળીનું મુખ ઊંચૂં છે. એમાંથી જળની કેટલીક ઝીણી ઝીણી ધારાઓ ઊડે છે. ફુવારાનું જળ પુતળીના પગ નીચેની થાળીમાં પડે છે. મેના, કબુતર, પોપટ અને એવાંજ બીજા આનંદી, સ્વચ્છંદી પક્ષી તેમાં ન્હાય છે. એ ફુવારાની પાસે કોઇએક યુવતી હાથમાં કેટલાંક ફુલોનો ગુચ્છ લઇ ઊભી છે અને ફુવારાની થાલીમાંનું જળ લઇ પક્ષીઓ તરફ ફેંકે છે.

યુવતી ત્યાંથી આગળ ચાલી, ન્હાની ન્હાની નારંગીઓનાં પાંદડાં, કઠણ ફળો હાથમાં લઈ તેને દાબી જુવે છે, તેમના ઉપર હાથ ફેરવે છે, ગાલ ઉપર આંગળી ટેકવી જમણો હાથ ડાબી બગલમાં ઘાલી તેના સ્હામું જુવે છે, કાંઈક વિચાર કરતી ઉભી રહે છે. વળી પોતાના શરિર સ્હામું જુવે છે. નારંગીનાં ફળો શરિરના કોઈ અવયવ સાથે સરખાવે છે. નિશ્વાસ નાંખી આગળ ચાલી, ચમ્પાના ઝાડપાસે આવી ઉભી. ચમ્પાની ખીલેલાં બે ત્રણ ફુલ ચુંટી શરિરની ચામડીના રંગસાથે સરખાવે છે. થોડીવારે ત્યાંથી આગળ ચાલી. ગુલાબના ઝાડપાસે આવી ઉભી. બે ત્રણ ફુલ હાથમાં લીધાં. તેનાં પાંદડાં ચુંટી છુટાં પાડ્યાં. થોડીવાર તેના સ્હામું જોઇ રહી. એક મોટો નિઃશ્વાસ નાંખી સઘળાં ફુલોને મસળી નાંખ્યાં. ફુલોને ઉપર ફેંકી દીધાં. ત્યાંથી આગળ ચાલી. નદીમાંજ બેસી જઈ રેતીમાં મુઠીઓ ભરવા લાગી.

આ યુવતિ કોણ છે? શું તેને તમે ઓળખી શક્યા? નહી, અમે પણ ઓળખી શક્યા નથી. તે આ પ્રમાણે રેતીમાં શામાટે રમે છે? તે ફુલ ફળો સાથે શામાટે આવી ચેષ્ટા કરે છે? તે યુવતી છે. તેના શરીરે અવયવો યુવાવસ્થામાં પદાર્પણ કરી ચુક્યા છે. તેનું મુખ ખીલેલાં કમળ પેઠે પ્રકાશી રહ્યું છે. તેના નેત્ર કટાક્ષમાં પ્રેમનો સંચાર થયો છે. જુવો, જુવો, તેના હૃદયમાં લજ્જાના અંકુરો પણ ફુટ્યો છે, માથા ઉપરની ઓઢણી ખસી જઈ ખભાથી નીચે પડી જાય છે, તે તેને લઇ પાછી માથા ઉપર મુકે છે. જુવો, હજુ પણ તે રેતીમાં બેઠી બેઠી આંગળીવડે કેટલીક રેખાઓ કાઢે છે અને ભાંગો નાંખે છે.

એકાએક એક બીજી યુવતીએ આવી કહ્યું, "પૃથ્વી ઉપર કયા રાજકુંવરના નામ લખે છે?"

પેહેલી—રાજકુંવરનાં નામ કેવાં વળી!

બીજી—હૃદયમાં જે ભરાયાં હોય તેનાંસ્તો.

પેહેલી—છટ્ છટ્!

બીજી—"તારે?" એમ કહી તે પણ તેની સ્હામુંજ બેઠી. પેહેલી યુવતીએ તેના ખોળામાં માથું મુકી રેતીમાંજ આલોટ માંડ્યું! બીજી યુવતીએ તેના કપાળ ઉપરના વાળ હાથમાં લઇ રમત કરવા માંડી. પેહેલી યુવતીએ તેના હાથમાં હાથ ભેરવી હાથ ઉપર ચુંબન કરવા માંડ્યું. જરાક દાંત બેસાડવા માંડ્યાં. બીજી યુવતીએ કહ્યું. "હવે વધારે વિલંબ નથી! સમય પાસે આવે છે,"

પેહેલી—એ શું લવારી કરે છે?

બીજી—શું લવારી? એ લવારી આ બાગમાં એક કમળ ખીલ્યું છે તેના ભ્રમરની શોધ ચાલે છે. તેની છે.

પેહેલી બાળક યુવતિ હજુ કાંઇ સમજી નહી. તેણે ઉઠી તેના ગળામાં હાથ ભેરવ્યા અને કહેવા લાગી; "તે પિતાજી અને મામા વચ્ચે શું વાત થતી હતી?"

બીજી—તેમજ તારે માટે કોઇક રાજકુંવર શોધવો.

"વારૂં તુંજ રાજકુંવર થઈ જાય તો? મારે પારકાની તાબેદારી કરવી તેના કરતાં આપણે બન્ને હળીમળીને રહીયે તો કેવું સારૂં?" તે અજ્ઞાન બાલિકાએ પ્રેમ કટાક્ષ અને

હાસ્ય કરતાં કહ્યુ.

એકલીમાં કોઈ આવી નથી. સ્ત્રીઓ સિવાય પુરૂષ ચકલું [illegible]

“હા, કેમ નહીં, જો તું જાણે રાજકુમાર અને હું જાણે રાજકુમારી આપણે એમ એક બીજા ઉપર પ્રેમ કરીએ તો.”

તે [illegible] સુંદર બાળા [illegible] વિચારમાં [illegible] . [illegible] પ્રેમને કઈ રીતે જાણું? તે મશ્કરી કરતાં બોલી, “પણ મ્હારા સાજનો જો થાય તો હું [illegible] કરું ?”

“ના, એમ નહીં, માશુકના [illegible] કરીશ તો મ્હારી [illegible] બાંધું અને હું [illegible] શિક્ષા કરે એમ થાય ?

“વારું, ત્યારે તું મ્હારી પ્રેમ મને આપશે ?”

“હા, શા માટે નહીં, તું મ્હારા ઉપર પ્રેમ રાખશે તો હું શા માટે ત્હને નહીં આપું ?”

“લે, ત્યારે આપ જોઈએ ?” એમ કહી તેણે હાથ લંબાવ્યો.

તે બિચારી ગુંચવાઇ, તે ધબ્બ દઈને તેના ખોળામાં પડી બોલી. “લે, આ સર્વસ્વ જ હારૂં છે. જોઈયે તે લઈ લે !” ખોળામાં પડતાં નાગની ફેણ જેવો ચોટલો છુટી ગયો. વાળ વિખરાઇ ગયા. માથામાં ગુંથેલાં ફુલો પણ પડી ગયાં. શરીર ઉપરનું લુગડું અવ્યવસ્થિત થઇ પડ્યું. વાળના ઢગલામાં પડેલું મોઢું બીજી સ્ત્રી સ્હામું જોઇ રહ્યું. જાણે કાળા વાદળામાં વીજળી ચમકતી હોય તેમ જણાવા લાગ્યું. જાણે સરોવરના જળમાં કમળનું ફુલ ખીલી રહ્યું હોય તેમ શોભી રહ્યુ. બંને એક બીજાના સ્હામું જોતાં હતાં. મ્હોટી સ્ત્રી પેલી બાલિકાનુ માથુ ઝાલી પોતાના મોઢા તરફ ખેંચતી હતી અને હસતી હસતી તેના શરીરને દાબતી હતી.

આ બાલ્યચેષ્ટા ચાલતી હતી. એવામાં એકાએક મોટી સ્ત્રી ઊઠી ઉભી થઇ. વસ્ત્ર બરોબર કર્યું. ન્હાની સ્ત્રી સ્હામુ ગુસ્સા ભરેલી આંખો કહાડી તેનો ચોટલો બરોબર કરી વસ્ત્ર ઠીક કર્યું. તેણે તેના કાનમાં કાંઇક કહ્યુ, હજુ તે કાંઇ સમજી નહીં. તે પણ ઉભી થઇ ગઇ અને આમ તેમ જોવા લાગી. થોડીવાર બંને સ્તબ્ધ ઉભાં રહ્યાં. પણ કોઈ જણાયું નહીં. તેમનાં હૃદય ધડકવા લાગ્યાં. ડાબી બાજુના ઝાડની પાછળ કોઇકના આવવા જવાનો અવાજ સંભળાય છે, તેણે કહ્યુ, “ચાલ ઝપાટાબંધ ચાલ, નહીં તો હાની થશે.” એમ કહી દાબલે પગે બંને જણ મહાલયનાં પગથિયાં ચઢી ગયાં અને મહાલયની બારીએ જઇ ઉભાં.

પુષ્પોદ્યાનમાં કાંઇક બે જણ વૃક્ષોના અગ્રભાગમાં સંતાઇ ઉભા હતા. તેઓ બંને યુવતીઓની બાલ્યચેષ્ટા જોતા હતા. એ બંને પુરૂષો કોણ હતા? એક બાદશાહ શાહજહાંનો મોટો પુત્ર સુલતાન દારા શિકોહ અને બીજો તેનો નોકર અબદુલાખાં.

શાહજહાંના આશ્રયમાં આવ્યાને આજે આઠ વર્ષ થયાં હતાં. તોપણ અમરસિંહની પુત્રી કદી પણ ઘર બહાર નીકળતી નહોતી. મુસલમાન રાજાઓએ હિંદુ સ્ત્રીઓનાં સતિત્વ નષ્ટ કર્યાં છે, તેમની સાથે બળાત્કારે લગ્ન કર્યાં છે અને તેમની પ્રેમભિક્ષાને બહાને લગ્ન કરી અનેક યુવતિઓને અનાથ કરી છે. અમરસિંહની સ્ત્રી વારંવાર આવી વાર્તાઓ જાણતી હોવાથી પોતાની પુત્રી, મુસલમાનોની નજરે ન પડે તે યુક્તિ કરતી હતી. પરંતુ આજે

દૈવયોગે અચાનક દારા શિકોહે આકાશના પ્રફુલ્લિત ચંદ્રનાં દર્શન કરી લીધાં. અને ત્યારથીજ તેના હૃદયમાં તારાના સૌંદર્યનો એક સખત ઘા વાગ્યો.

દારાએ જ્યારથી તારા અને તેની બ્હેનપણી રંભાને જોયાં ત્યારથી તેનાં હૃદયમાં એક જાતનો વ્યાધિ પેઠો. જાણે એકાએક કોઇએ પેટમાં કટાર ખોશી દીધી હોય તેમ તે પીડાવા લાગ્યો. બંને સ્ત્રીઓના ન્હાસી જવા પછી નિરાશ થઇ થોડીવાર તેમની પાછળ જોઇ રહ્યો. લગભગ એક કલાક થયો પરંતુ કોઇનાં દર્શન થયાં નહીં. તેણે પોતાના નોકરને કહ્યું. "અબ્દુલ્લા! ખરૂં સૌંદર્ય હિંદુ રમણીઓમાંજ રહ્યું છે! હું જ્યાં સુધી એને મ્હારા હૃદયની અધિશ્વરી નહીં કરૂં ત્યાં સુધી ભુખ અને નિદ્રા આવશે નહી. કોઇ પણ પ્રયત્ને તેને મ્હારે સ્વાધીન કર! ઉફ! આ... પરવર દિગાર! શું તેનું સૌંદર્ય! શું લાવણ્યાતા? શી મનોહરતા! કેવાં ચંચળ નેત્ર! કેવી ચાલવાની છટા! અબ્દુલ! હું મરૂં છું! મને બચાવ!

એમ કહી તેણે છાતી ઊપર હાથ માર્યો. અબ્દુલ્લાએ તેને ધૈર્ય આપી કહ્યું! સુલતાન સાહેબ! ધૈર્ય રાખો! એજ તમને મલશે! અફસોસ શામાટે કરો છો? પણ હવે અહીંથી ઝટ ચાલો."

દારા અને અબ્દુલ્લાખાં ત્યાંથી ધીમે ધીમે ચાલ્યા. દારા રાજમેહેલના પગથીયાંપર ચઢ્યો અને અબ્દુલ્લાખાં પેહેરેગીર સિપાઇઓ સાથે વાતોમાં વલગ્યો.

પ્રકરણ ૪ થું.

એ ભગિની કે ગૃહિણી?

દારા મહેલને પ્રથમ પગથિયેજ અટક્યો. ઉભો ઉભો વિચાર કરવા લાગ્યો. તેને પેલા બગિચામાં રમત કરતી રાજપુત રમણીનો મોહ લાગ્યો હતો. પરંતુ તે આશા આકાશ કુસુમવત્ થઈ ગઇ. ભ્રમર કમળ તરફ દોડ્યો. કમળે જળમાં ડુબકી મારી. ભ્રમર અથડાવા લાગ્યો. દારાએ પોતાની મ્હોટી બેન જહાંનારાના મહેલમાં જવા વિચાર કર્યો. પણ તે પહેલાં પોતાના મહેલમાં જઇ આરામ લેવાનુ ધાર્યું. પોતાના મેહેલમાં જઈ થોડી વારે જહાંનારાના મેહેલમાં ગયો. અબ્દુલ્લાખાં તરતજ ત્યાંથી નિકળી બહાર ઉભો તેને જોઇ મનમાં કાંઇક શંકા થઇ, તેને કાંઇ પણ પૂછ્યા વગરજ તે મેહેલમાં ચાલ્યો ગયો.

જહાંનારા, બાદશાહની બેગમ, ગાદી તકીયા ઊપર સુતેલી હતી. ઊંચા મખમલની સુંવાળી ચાદર બીછાવી હતી. તેના હાથમાં બે ન્હાની ન્હાની છબીઓ હતી. તેને લઇ તે ધ્યાનપૂર્વક જોતી, વિચાર કરતી હતી. કોઈના આવવાનો અવાજ સાંભળી તેણે બંને છબીઓ તકિયા-પાછળ સંતાડી દીધી. એટલામાં બારણું ઉઘડ્યું અને તે આવનાર બોલ્યો.

તારા અથવા જોધપુરનું રમણી રત્ન

"વ્હાલી ! તું આજે આટલી બધી દિલગીર કેમ જણાય છે."

આ સાંભળી જહાંનારા સત્વર ઉભી થઇ, જરા, જરા હસતી, દારાનો હાથ પકડી બોલી, "વાહ ! પ્રશ્ન તો ઘણો સારો કર્યો ? મ્હોટો આરસો મ્હામું રાખી તમારીજ છબી તેમાં જોતી હતી. અને તમારીજ તસ્વીરની પુજતી હતી. પરંતુ તે કાંઇ તમારી નિગાહમાં છે ? તમે તો ઉલટો મારો મજાજ ઉડાવી દીધો ! ખેર ! પણ કહો, તો ખરા કે ઘણે દહાડે તમારાં પગલાં ક્યાંથી ? !"

દારા અને જહાંનારા એક બીજાનો હાથ પકડી મખમલની ગાદી ઉપર સાથે સાથે બેઠાં. દારાએ પેલી સંતાડેલી છબીઓ સારૂ સેજા તરફ નજર કરી, તકીઆ પાછળ જોતો જરા હસતો બોલ્યો, "વ્હાલી જહાંનારા ! મ્હારી દિલગીરી, મ્હારો અફસોસ, એ કાંઇ ત્હારાથી અજાણ્યો છે ? બને તેવો માણસ હોય તો પણ તેના હૃદયનો પ્રેમ છુપો રહેતો નથી. પ્રેમીને પ્રેમમાં કેવું દુઃખ થાય છે તે પણ છુપું રહેતું નથી, વારૂ પણ કહો તો ખરાં કે પેલા કામમાં બાદશાહની આજ્ઞા મળી કે નહીં ?"

જહાંનારા તેના સ્હામું પ્રેમ ભરેલા નેત્રો નચાવતી, તેના ઉપર કટાક્ષ ફેંકતી બોલી, "સમય ન મળવાથી મેં તે વાત હજુ પિતાજીને પુછી નથી ! શાહજાદા ! શા માટે આટલા બધા ગભરાઓ છો ? કહેવત યાદ કરો કે "ઉતાવળે આંબા પાકતા નથી, ધિરજનાં ફળ મીઠાં હોય છે ! ઉતાવળની શું જરૂર છે."

એ સાંભળી દારાના નેત્રમાં જળ ભરાઇ આવ્યાં. તે ગદ્ ગદ્ કંઠે બોલ્યો, "વ્હાલી શાહજાદી ! અફસોસ ! હું જે પ્રેમમાટે બળી બળીને ખાખ થાઉં છું તે પ્રેમની તમને જરા સુગંધ પણ આવતી નથી ! ખરી વાત છે ! હૃદયના દુઃખથી અજાણ્યા રહો છો ! જેણે પ્રેમદિક્ષા લીધી નથી, જે પ્રેમને જાણતા નથી તે પ્રેમનું સુખ, પ્રેમનું દુઃખ, શી રીતે જાણે ?"

જહાંનારા ! એ સાંભળી નિઃશ્વાસ નાંખવા લાગી. તેણે પોતાના હોઠને દાંત તળે દાબી જરાક કચરવા માંડયો. તેના હૃદયમાં કાંઇક ક્રોધાગ્નિ સળગવા માંડયો. તો પણ તેને દબાવતી, જરાક હસતી બોલી; "શાહજાદા ! ખરી વાત છે ! હજુ કાંઇ કહેવું છે ? હું બુદ્ધિહીણ, અજ્ઞાન, વિરહનું દુઃખ શી રીતે જાણું ! પ્રેમની મઝા અને પ્રેમનો આનંદ શી રીતે ઓળખી શકું ? દીલગીર છું ઇશ્વરે શાહજાદીઓને પ્રેમના આનંદથી, પ્રેમની મઝાથી તદ્દન વેગળીજ રાખી છે !

દારા મનમાં મનમાંજ બોલવા લાગ્યો. "જી, હા ! સાચી વાત છે ! બેગમ સાહેબને પ્રિયતમ વગર એક પળ પણ ચેન પડતું નથી અને વળી પાછી સતિ થાય છે કે "હું પ્રેમની મઝાજ જાણતી નથી !" તેણે જહાંનારાને કહ્યું, "વ્હાલી જહાંનારા ! તમે સાચુંજ કહો છો ! પરમેશ્વરે જ્યારે શાહજાદીઓના નશીબમાં લગ્ન કરવાનુંજ લખ્યું નથી તો પછી તમારા જેવી કમભાગી સુંદરીઓને પ્રેમના આનંદની શી આશા ? બસ ! હવે માફ કરો ! એ વાતો જવા

---

*પ્રાચિન ઇતિહાસો ઉપરથી જણાય છે કે મોગલ બાદશાહો પોતાની બેહેન અને પુત્રીઓ ઉપર ગુપ્ત રીતે પ્યાર રાખતા હતા અને તેમનો વિવાહ કરતા જ નહોતા.

ઓ ! વ્હાલી બેહેન ! તમારા સિવાય મ્હારા આ તકદીરના દુઃખની ઓષધી પરમેશ્વરના હાથમાં પણ નથી."

"શાહજાદા ! કાંઇક વિચાર તો કરો ! તમારાં એ દુઃખનો ભાર કેટલી કમનસીબીઓ ઉપર તુટી પડશે ? વળી તમારી પ્રાણથી વ્હાલી મેવેદા બેહેર ઉપ નિસા તરફ જરા વિચાર કરો ! તેને પ્રેમજાળમાં ફસાવી લાવ્યા ને થોડાજ વખત થયો છે ! જુમાશાના શાહે તમારે માટેજ ખાસ નમુનો મોકલ્યો છે ! વળી પેલી હિરંગણો તરફ પણ જરા નેત્ર ફેંકો ! તે બિચારીઓને મ્હોટા ભરોંસો, દિલાસો, આપી તમારા ગળાની મોહિનીમાળા બનાવી લાવ્યા છો. વાહ ! એ તો ઠીક પણ—"એમ કહી જહાંનારાએ જરા આંખો ચઢાવી જરા ક્રોધમય મુખે કહ્યું—પણ દારા ! એ બધું તો ઠીક ! પેલી ઇદને દિવસે સાંજના આપણે જે વાત થઇ હતી અને તમે કુરાને શરિફ હાથમાં લઇને તે દિવસે મારા સ્હામું જે પ્રતિજ્ઞા લીધી હતી તે શું યાદ છે ? રે ! કેમ ભુલે છે ! મ્હારી સાથે શું શરત કરી હતી ? મને તારાની કુટણી બનાવવા આટલી ચાલાકી અને હોંશીઆરી શું તમારી બેવફાઇ અને ઇન્સાફ રહિતપણું શાબીત નથી કરતું ? અફસોસ ! મેં ત્હમારી પ્રતિજ્ઞા ઉપર વિશ્વાસ રાખી નાહક મ્હારૂં હૃદય તમને સોંપ્યું ! જાઓ ! હવે શું કરૂં ! લાચાર !!" જહાંનારાના નેત્રમાંથી તે હસવું જતું રહ્યું. તે પ્રેમ પણ જતો રહ્યો અને ઉલટી ગુસ્સે થઇ તેને ઠપકો દેવા લાગી.

દારા તેના આ શબ્દો સાંભળી એકદમ નરમ થઇ ગયો. તારાનું નામ સાંભળીને તેનાં હૃદયનો ઘા પાછો દુઃખ કરવા લાગ્યો. શુરાઓને રણમાં તલવારના ઘા પડે છે તે રૂઝાતાં વિલંબ થતો નથી. પણ પ્રેમના ઘા રૂઝાઇ શકતા નથી. દારાને પ્રેમનો ઘા હતો પણ તે પ્રેમ પોતાના હૃદયનો હતો. તારા તેને નજરે જોવા ફિવાં તેનું નામ સાંભળવાને પણ રાજી નહતી. તેણે નમી જઇને કહ્યું—ક્ષમા કરો ! દયા કરો ! પ્યારી બ્હેન ! ક્ષમા તમને મ્હોં બતાવવા લાયક નથી, મ્હારો પ્રાણ વ્હાલો હોય તો ક્ષમા કરો ! જહાંનારાં ! બ્હેન ! તમારી શિખામણપર વિચાર કરવા યોગ્ય પણ નથી ! પરંતુ હા, એક વાતની પ્રતિજ્ઞા લઉં છું કે તારા સાથે મેલાપ થઇ ગયા પછી પણ આપણો બંનેનો સંબંધ—" એટલું બોલી તે અટકયો.

"બસ, બસ, તમારી જીભ બંધ કરો" હવે તે ગુસ્સાથી ઘણીજ તપી ગઇ. તેણે વિકાળ સ્વરૂપ ધારણ કરી કહ્યું—"તમે કાફિર છો તમે ખ્રિસ્તિ છો ! તમે મુસલમાની ધર્મને લાયક નથી. તમારા કહેવા પર જરા પણ વિશ્વાસ નહીં કરી શકીશ ! જાઓ, મ્હારી સાથે કાંઇ પણ સંબંધ રાખવો નહીં. અને હું પણ પ્રતિજ્ઞા લઉં છું કે—" જહાંનારા આગળ બોલવા જતી હતી એટલામાં દારા તેના પગ ઉપર પડી આલોટવા લાગ્યો. તેના કાલાવાલા કરવા લાગ્યો. તેની આંખમાં પાણી ભરાઇ આવ્યાં, તે બોલ્યો—"અફસોસ ! અફસોસ ! શાહજાદી ! તમને મ્હારી જરા પણ દયા નથી !"

"શું તમને તો મ્હારી બરોબર દયા છે ?"

"બેશક ! હજાર વખત ! સાંભળો ! જો તમે મને ખ્રિસ્તિ ધારતાં હો તો હું મેરીના

પુત્ર ઇસા મસિહની મહિમાથી કહું છું કે મને તમારા ઉપર જેટલો પ્રેમ છે એટલો આ દુનિયામાં બીજા કોઈના ઉપર નથી."

"તો પછી તારા સંબંધી મને કાંઇ પણ કહેવું યોગ્ય નહોતું."

"યા ઇલ્લાહી! એથી તમારૂં શું બગડી ગયું?"

"જી, કાંઇ પણ નહીં! ખેર! તો મ્હારી સાથે હવે એક શરત!"

"તે શું? ફરમાવો જોઈયે?"

"આજથી મારી સાથે કાંઇ સંબંધ રાખવો નહીં. જો ખરા અંતઃકરણથી એવી પ્રતિજ્ઞા કરો તો તારાને માટે યત્ન કરી તમને મેળવી આપું."

"આ તો તમારો જુલમ કહેવાય?"

"અને તમે મ્હારા ગળા ઉપર ખંજર મુકતા નથી શું? અફસોસ! હું જ છેતરાઈ! પહેલાં આવું જાણ્યું નહીં! હવે!"

"હું તમને તો કદી છોડીશ નહીં. તમને શા માટે ડુબાવું?"

"ત્યારે પછી તારાનું નામજ ભુલી જાઓ."

"એ પણ કેમ બને?"

જહાંનારા જરાક હસી અને ગુસ્સાને બાજુએ મુકી બોલી, "તો મારાથી કાંઇ બનશે નહીં! તમને મેં બે રસ્તા બતાવ્યા. તમારી મરજીમાં આવે તેમ કરો."

દારા ફરી પાછો કાલાવાલા કરવા લાગ્યો. તારાને મળવા માટે તેનો જીવ તલ પાપડ થઇ રહ્યો હતો. તે તેના બે હાથ ઝાલી તેના મ્હો પાસે મ્હો લઇ જઇ જાણે કાંઇ કહેવા જતો હોય તેમ તેના ગળે બાઝી, પોતાના ગળા ઉપર એક હાથ મુકી બોલ્યો—"શું તમને મ્હારા ગળાના કસમ વ્હાલા નથી? શું એના વિના હું મરી જાઉં તે તમને વ્હાલું લાગશે? ખુદાને યાદ કરો! પ્યારાં બ્હેન! ખુદાને ખાતર દયા કરો!"

"હા, તમારા જીવની દરકાર છે. પણ મારી મરજી મુજબ પ્રતિજ્ઞા કરો તો!" જહાંનારાએ ઉત્તર દીધો.

"એજ પંચાયત છે તો! દારાએ કહ્યું.

"તારાના તેજમાં ડુબવાને અને તારાના પ્રેમનું પાન કરવાને બેમાંથી એક રસ્તો પકડવોજ પડશે." જહાંનારાએ જવાબ આપ્યો.

"લાચાર છું! હું પ્રતિજ્ઞા કરૂં છું કે અગર તારાને જોવાની——"

જહાંનારાએ તેને ખેંચીને જોરથી આલિંગન દીધું. તે બોલી—"પ્યારા શાહજાદા! બસ! થઇ ચુક્યું, તમે હજાર કસમ લ્યો અને હું લાખ કસમ લઉં તો પણ આપણો તમારો પ્રેમ કદી તુટશે નહીં.

"પ્યારી! હિમાલયના જહાંનારા! તમે મ્હને ખરા હૃદયથી ચ્હાઓ છો તો તમે સાચું માનજો કે મ્હારા હૃદયમાં જો કોઇએ પણ પહેલું સ્થાન મેળવ્યું હોય તો તે તમેજ છો. હું દિન ઇમાનથી કહું છું." જહાંનારાનો હાથ પકડી વારંવાર ચુંબન કરવા લાગ્યો. તે બોલ્યો, —પણ કહો તો ખરાં કે આજે આટલી બધી મશ્કરી કરવાનું કારણ?"

"પ્યારા! હું મ્હારૂં પ્રેમ આ રીતે ચુકવું છું? શું તમને હજુ મ્હારા પ્રેમનો ભરોસો નથી? અફસોસ! આટલી બધી બાબત હું કોને માટે કરૂં છું? કોને માટે મેં બાદશાહને મુઠીમાં લીધા છે? જ્યારે તમને મુલતાન અને કાબુલના સુલતાન બનાવી મોકલ્યા ત્યારે તમને કોની યુક્તિથી અહીં પાછા બોલાવ્યા? અને હમણાં પણ અહીં કોને લીધે ટક્યા છો? અને કહો તે ખરૂં કે તમારા સુખને માટે, કોની યુક્તિથી ઔરંગજેબને દક્ષિણ, મુરાદને ગુજરાત અને સુજાને બંગાલાના સુબેદાર બનાવી આટલે દુર કાઢી નાખ્યા દીધા છે?"

"વ્હાલી શાહજાદી! એ સર્વ તમારોજ પ્રતાપ છે. તમારા ઉપકારના ભાર તળે હું એટલો બધો દબાયલો છું કે મારૂં માથું સુદ્ધાં ઊંચું થઈ શકતું નથી. અગર ખુદાની મરજીથી કે સારો દિવસ આવ્યો અને હું તખ્તનશીન થયો તો પ્રિય જહાંનારા! યાદ રાખજો કે પછી તમારા શિવાય મ્હારે બીજું કોણ? દારાએ તેના ગળા ઉપર એક હાથ નાંખી, તેનો એક હાથ પકડી ઉત્તર આપ્યો.

જહાંનારા રોષમાંજ બોલી—અને હમણાં પણ આખા રાજ્યમાં મ્હારા શિવાય કોણ છે?

"વ્હાલી! ચાહે તો શહાંજહાંને બધાં ભલે રાજા સમજે પણ મ્હારૂં અંતઃકરણ તો સુલતાના જહાંનારાનેજ દિલ્હિનો શેહેનશાહ માને છે." દારાએ જરાંક ચઢાવીને વાત કરી.

"લાહોલવલાકુવત! હઝરત! એટલું બધું ડહાપણ ન કરો તો ન ચાલે!" જહાંનારા તેની મશ્કરી સમજી ગઈ.

"ભલે તમે જે સમજો તે" એમ કહી દારાએ જે જગ્યાએ છબીઓ સંતાડી હતી તે જગ્યા તરફ જોયું અને બોલ્યો—આ છબીઓ કેવી છે?

"તેની તમને શું જરૂર?"

"શું હું વે, નહીં જોઇ શકીશ?"

"કદી નહીં."

"શા માટે?"

"જોવા લાયક હોત તો શા માટે સંતાડી દેત?"

"એ છબીઓ છે કોની?"

"મ્હારા દિલોજાનની! મ્હારા પ્રિયતમની!" જરા હસતાં હસતાં જહાંનારાએ જવાબ આપ્યો.

દારા હવે ચુપ રહ્યો. મનમાંજ બબડવા લાગ્યો. હા, હા, કમબખ્ત, ત્હારી લુચ્ચાઈ મનેજ નહીં પણ બાદશાહને સુદ્ધાં જણાઈ ગઈ છે. પરંતુ નાલાયક! ત્હેં એવી પ્રપંચ જાળ ફેલાવી બધાને બંધીવાન કર્યા છે કે જાણવા છતાં કોઈ ત્હને કાંઈ કરી શકતું નથી." તે કાંઈ પણ બોલ્યો નહીં.

"શું વિચાર કરો છો?"

"તમારા દિલોજાન સંબંધી."

"શું તેને ગરદન મારવાનો વિચાર છે? તે દિવસે મ્હારા ઉપર શંકા લાવી, બાદશાહે પેલા બિચારા નવજુવાન માવૈયા મુશ્કીનને કતલ કરાવી નાંખ્યો અને એક દીવસ બીજા [illegible]

[illegible]

[illegible]

ગવૈયા નઝીરખાને પાનમાં વીષ આપી મારી નાખ્યો. શું એવોજ કાંઇ વીચાર તમે પણ કરો છો ?" જહાંનારાએ હસતાં હસતાં મ્હોડું હલાવીને કહ્યું.

[illegible] થયા. તેણે જહાંનારાને કહ્યું "મશ્કરી કરવાનું બાજુ પર મુકો, ને કહો, એ કોની છબીઓ છે ?" [illegible] જહાંનારાએ હાથ લાંબો કરી પુછ્યું.

"આ[illegible]."

"મ્હારા જેવી [illegible]" એમ કહી જહાંનારાએ તકિયા નીચેથી, હાથીદાંત ઉપર બનાવેલી બે છબીઓ બતાવી. દારાના હાથમાં [illegible] થવા માંડ્યું. જહાંનારાએ કહ્યું, "કહો, આ છબીઓ કોની છે ?"

એકાએક જહાંનારાના હાથે જોરથી ચુંબન કરી દારા બોલ્યો, "વ્હાલી શાહજાદી ! તમે આજે [illegible] દિલથી [illegible] ! શું કહું ? આ નકલે તો અસલને પણ ભુલાવી દીધી. શું કારિગરી ? કેવો હુન્નર ?"

"હા, પણ આ છબીઓ છે કોની ?" જહાંનારાએ ફરી પુછ્યું !

"તેજ પરિ જમાલની ! જેના નેત્ર કટાક્ષથી મ્હારા [illegible] ટુકડા થાય છે ! જેના વિરહ દુઃખે હું લાંબો સમય થયાં પિડાઉં છું !" દારા ધીમે અવાજે બોલ્યો.

"કહો શાહજાદા ! હું પુછું છું તેનો જવાબ સાચો આપશો ?"

"હા. શા માટે નહીં ? બેશક પુછો."

"તમારી નજરમાં વધારે ખુબસુરત કોણ ? હું કે તારા ?"

દારા જરા જરા હસવા લાગ્યો, જોકે તે ખરી રીતે તારાને ચ્હાતો હતો તોપણ તે ભાવ છુપાવીને બોલ્યો—મ્હારી નજરમાં તો તમેજ ઘણાં ખુબસુરત જણાઓ છો.

"બસ, મિથ્યા ખુસામદ અને ચતુરાઇ કરવા મંડયા કે ?" શાહજાદી વધારે ભાવ ખાવા લાગી.

"નહીં, નહીં, શાહજાદી સત્ય કહું છું. તમે કયાં ને તે કયાં ?" દારાએ ફરીથી તેનુંજ મન સાચવ્યું.

"જ્યારે એમ છે તો તે હિંદવાણીને માટે આટલા બધા દુઃખી શા માટે થાઓ છો !" શાહજાદીએ બરોબર નસ પકડી.

"શાહજાદી, એનો જવાબ હું શું આપું ? તે તો મ્હારા હૃદયને પુછો. વારૂ, પણ આ છબિ કોણે બનાવી ?" દારાએ વાત ઉડાવી.

"મેં પોતે." શાહજાદીએ જવાબ આપ્યો.

"બસ, તમારા હાથે ઘણાં ચુંબન કરવાં જોઇયે. કેવો મઝાનો હુન્નર ! આહાહા !" એટલું બોલી મનમાં તે પાછો કહેવા લાગ્યો—હરામજાદી ! દેખતી આંખે ધુળ નાખે છે ! એમ કહે કે મ્હારા દિલોજાન અસરફખાંની કારીગરી છે." દારા બંને છબિઓ તરફ જોઇ રહ્યો.

[illegible], ઘણીજ હોશિયાર હતી. તે બોલવામાં ચાલાક હતી. આ [illegible] છબિઓ તારાની હતી અને તે તેના દિલોજાન અસરફખાંની ચિતરેલી હતી. જહાંનારાએજ તેને આજ્ઞા કરી ચિતરાવી હતી. છતાં જહાંનારા આજે જુઠું બોલતી હતી. પણ દારા, પક્કો [illegible] હોશિયાર હતો. તે જહાંનારાની યુક્તિ સમજી ગયો હતો. અને થોડા વખતને માટે તે [illegible] સ્વિકારી લીધું. જહાંનારાએ ફરી પુછ્યું, "કેમ, છબિઓ કેવી છે ?"

"બસ, વાતજ ન પુછો. જાણે આબેહુબ તારાનેજ એમાં ઉતારી દીધી છે. એકાદ હું [illegible] અર્પીશ."

"[illegible] શાંત કરવા તો મેં એ બતાવી છે. ભલે એક લ્યો. બીજી હું તારાને આપીશ. તે ઘણી ખુશી થશે."

"તેને આપવાની છબિ ઉપર હું એક શેર લખી આપું તો કેમ ?"

"[illegible] પહેલાં તે મને સંભળાવો."

"[illegible] સુરત મુઝે ભાઇ, મેરા જી જાનતા હે,"

"તસ્વિર જીસને બનાઇ, મેરા જી જાનતા હે." — દારાએ સંભળાવ્યું.

આ સાંભળતાંજ શાહજાદી ચમકી અને વિચારવા લાગી, "શું આ હરામખોર અસરફખાંની કલમ ઓળખી તો ગયો નથી ?" તેણે કહ્યું—હા લખો.

દારાએ તારાની છબિ નીચે એ શેર લખી. એટલામાં બહારથી કોઇએ સીસોટી વગાડી. જહાંનારાએ કહ્યું– કોણ ?

"લોંડી, કમતરીન ઝોહરા" બહારથીજ જવાબ મળ્યો.

બારણું ઉઘડયું અને તરતજ એક ખુબસુરત યુવાન લોંડી આવી બોલી–"કુંવરી તારાબાઇ બહાર ઉભાં છે."

"જોડેના દિવાનખાનામાં તેને બેસાડ. હું ત્યાં આવું છું." શાહજાદીએ કહ્યું.

ઝોહરા ત્યાંથી જતી હતી એટલામાં એક કાગળના કટકા ઉપર કાંઇ લખ્યું અને દારાથી ગુપ્ત રીતે આપ્યું. તે લઇ ચાલી ગઇ.

દારાએ છબિપર શેર લખી અને બોલ્યો–"હું ભાગ્યવાન છું."

"તમે ગુપ્ત રીતે તારાનાં દર્શન કરી શકશો. ઇચ્છા હોય તો. પણ કાંઇ ગરબડ થશે નહીં." શાહજાદી જરાક હસતાં હસતાં બોલી.

"[illegible] કબુલ છે."

"[illegible] થોડીવાર અહીંજ રહો. તારાને જોઇ ઝટ ચાલ્યા જજો. વધારે વખત રહેશો નહીં. [illegible] પરિણામ નહીં આવશે." જહાંનારાએ જરા દમ દીધો. અને જમના નદિના કિનારા ઉપર આવેલા એક હવાવાળા દિવાનખાનામાં ચાલી ગઇ.

પ્રકરણ ૫ મું.

નદિનું શાન્ત જળ વહી રહ્યું છે. ઉત્તર દિશાનો મધુર, મલય પવન મગજને શાન્ત કરી રહ્યો છે. બાદશાહના મેહેલના એક દિવાનખાનામાં, એક તેજસ્વિ યુવાન સુંદરી મખમલથી જડેલા સોફા કોચ ઉપર બેઠી છે. તે આસપાસની છબીઓ, ગોઠવેલી વિધવિધ વસ્તુઓ જોઇ રહી છે. દાસી ઝોહરા એક બાજુ ઉભી છે. એટલામાં ત્યાં જહાંનારા—શાહજાદી—આવી પહોંચી. તેણે તારાના હાથમાંહાથ ભેરવી છાતી સાથે દબાવી. બન્ને જણ તેજસોફા ઉપર સ્હામસ્હામાં બેઠા. જહાંનારા હસતાં હસતાં બોલી—બ્હેન ! ઘણે દિવસે આ ભૂવનને પવિત્ર કર્યું."

"શાહજાદી ! એવું બોલી મને અપ્રાધમાં શા માટે નાંખો છો ? તમે કોણ ? અમે કોણ ! અમે રંક નોકર, તમે રાજ્યનાં માલિક ! " તારાએ ધીમે શબ્દે જવાબ આપ્યો.

" તારા ! બ્હેન ! ઓછું લાવવાની કંઇ જરૂર નથી. હું તો તમને મ્હારી બ્હેન પ્રમાણે ગણું છું. આ સ્થળે દરજ્જો વિચારવો નહીં. કાંઇ પણ રીતે સંકોચાવું નહીં. અહીં તો જાણે તમારૂં ઘરજ હોય તેમ બોલવું. મારા આનંદને માટેજ તમારી સાથે સખિત્વપણું રાખ્યું છે. તમેજ વિચારો કે બે બેહેનોમાં કાંઇપણ જુદાઇ હોય ? " જહાંનારાએ તેને હાથમાં લેવાની જાળ પાથરવા માંડી.

" ઇશ્વરનો ઉપકાર માનું છું ! તે પરમાત્માએ મારા ઉપર કૃપા કરી તમને બ્હેન તરીકે જોડી આપ્યાં તારાએ પણ ધીમેથીજ કહ્યું.

" ઠીક, કહો, હમણાં શું અભ્યાસ ચાલે છે." ?

" હમણાં મહા કવિ કાળિદાસનું " રઘુવંશ " અને કવિવર ભારવીનું " કિરાતાર્જુન " કાવ્ય શિખું છું. " તારાએ જવાબ આપ્યો.

"સંસ્કૃત શિખવાને હું પણ ચ્હાઉં છું પણ શિખવે કોણ ? ફારસી ભાષા જોતાં તો એમજ જણાય છે કે દુનિયામાં એથી સારી કોઇ ભાષા છેજ નહીં. તોપણ મેં સંસ્કૃતની ઘણી તારીફ સાંભળી છે." શાહજાદીએ ઇચ્છા બતાવી.

" ખરે ખર ! શાહજાદી ! જો તમે એક વખત સંસ્કૃત ભણી તેનો રસ ચાખશો તો ફારસી ભણવાનુંજ છોડી દેશો. અને તમે પોતે પણ કબુલ કરશો કે દુનિઆમાં સંસ્કૃત જેવી મિષ્ટ, મધુર, ભાષાજ નથી. ! તારાએ વધારે વખાણ કરવા માંડયા.

" હમણાં તો હું તમારા હિંદુઓનું રામાયણ, ફારસીમાં લખાયલું વાંચું છું. અહા ! વિદ્વાન વાલ્મિક રૂષીની કેવી ખુબી ! ખરેખરો કવિ, ખરેખરો વિદ્વાન, અને શાયર તો એજ છે. રામાયણમાં શિખામણ ઊપરાંત નિતિ, ધર્મનો ઊત્તમ ચિતાર છે. ધન્ય છે વાલ્મિકને. " જહાંનારા વખાણ કરતાં બોલી.

" બેશક, એ એવુંજ ઉતમ પુસ્તક છે. જ્યારે મ્હારાં માતાજી એ પુસ્તક વાંચવા બેસે છે ત્યારે હું અને મ્હારી સખિ બન્ને કામ ધંધો છોડીને સાંભળવાજ બેસીયે છીએ." તારાએ કહ્યું.

“ તમારા સંગીતનો શોખ કેમ ચાલે છે ?

“ કોઇ કોઇ વખત બીન વગાડી ગાઉં છું પણ તેમાં મન લાગતું નથી. ”

“ આપણાં બન્ને છબીઓ ચિતરવાનો, એ ... તમે મારે લીધે શિખ્યાં. ”

... છબીઓ ચિતરવામાં મારું મન બરોબર લાગે છે.

“ હમણાં કોઇની છબી બનાવી છે ?

હા. જુઓ, આ છબી કોની છે ?

શાહજાદી છબી જોઇ ઘણી ખુશી થઇ ગઇ. શું આ તમેજ બનાવી ? ”

“ ત્યારે કોણે ? ” તારાએ જરા નીચું જોઇ જવાબ આપ્યો.

“ આ તો બસ ચિતારાને ટક્કર મારે તેવી છબી થઇ ગઇ છે. લ્યો ત્યારે, એક છબીના બદલામાં હું પણ તમને બીજી છબિ આપું છું. ” એમ કહી શાહજાદીએ પોતાની ચોળીમાં સંતાડેલી પેલી છબી આપી. હજુ સુધી દારાએ સખેશી શેર જોઇ નહોતી. તારા બોલી “ શાબાશ છે શાહજાદી, મારે લીધે તમે તમારા નાજુક હાથને ઘણી તસ્દી આપી છે. આવી સ્વચ્છતા તો મ્હારે હાથે પણ આવતી નથી.

આ વાતચિત થતી હતી એટલામાં ઝોહરાએ આવી એક ચિઠ્ઠી જહાંનારાના હાથમાં આપી. તે વાંચી તરતજ ફાડી નાંખી. જહાંનારાએ પુછ્યું—“ એ તો બધું ઠીક, પણ કહો તો ખરાં કે હજુ સુધી કોઇની પ્રેમજાળમાં ફસાયાં કે નહીં ? કોઇને તમારા હૃદયના અધિશ્વર કર્યો કે નહીં. ? ”

આ સાંભળી તારા શરમાઇ ગઇ. તેણે એકદમ નીચું જોયું. તે કાંઇ પણ બોલી નહીં.

જહાંનારાએ તેની દાઢી પકડી હલાવતાં કહ્યું—મ્હારી સાથે શરમ કેવી ? કહો ન કહો પણ તમારૂં રૂપ રંગ તો સ્પષ્ટ કહી આપે છે કે તમે કોઇના પ્રેમમાં ફસાયાં છો. પરંતુ તે કોણ ભાગ્યશાળી છે જરા તો કહો ! ”

“ આજે તો આપે મશ્કરી કરવામાં કાંઇ બાકી રાખ્યુંજ નથી. ” તારાએ હજુ નીચું જોઇ જવાબ આપ્યો.

... પ્રેમ અને મશ્કરી એ બેમાંનું જાણે કાંઇ જાણતીજ નથી એટલી ...

“ બ્હેન ! આજે તમારૂં ચિત્ત કયાં ભટકે છે ? ”

... સાંભળવામાં, ... વિરહ વેદના ... કહેવડાવવામાં. જહાંનારાએ તેનો હાથ પકડી ચુંબન કરતાં કહ્યું.

તારા ચુપ થઇ ગઇ. શરમને લીધે તેનું મ્હો ઝાંખુ પડી ગયું પ્રથમ તે જેવા હાસ્ય વદનથી બોલતી હતી, જે છટાથી વાત કરતી હતી તે સઘળું બંધ પડી ગયું ફક્ત નીચું જોઇ રહી.

(અપૂર્ણ)

તારાએ ઉત્તર આપ્યો નહીં તેથી જહાંનારાએ જાણી લીધું કે તે શરમાય છે. તોપણ તે સરલ હૃદયા, રાજપૂત બાળાના, પવિત્ર મનોભાવ સમજી નહીં. તેણે વિચાર્યું કે જેટલું કહેવાનું છે તે હમણાંજ કહી દેવું ઠીક છે, એમ જાણી તેણે તેનો હાથ ફરીથી હલાવી બે ચાર ચુંબન કર્યાં, અને પુછ્યું: કેમ બ્હેન ! થંડાં કેમ પડયાં ? શું મ્હારી પણ શરમ ? તમારાથી ન કહેવાતું હોય તો તમારા હૃદયનો ભાવ હું કહું ? જુવો ! તમે સુલતાન દારા શિકોહને ચ્હાઓ છો, તમે તેના પ્રેમમાં દિવાના—"

આ શબ્દો તેના મ્હોડેથી પૂરા બોલાઇ રહ્યા નહોતા એટલામાં તો તારા એકાએક સહજ ક્રોધ ભરી મૂખમૂદ્રાએ, જરા ફાટેલાં નેત્રે જહાંનારા તરફ જોઇ રહી. તેના હૃદયમાં અનેક વિચારો તરી આવ્યા. તેનામાં રાજપૂતનું ખરૂં લોહી તપી આવ્યું. તે વયમાં ન્હાની હતી પણ તેનું કાળજું, તેની હિમ્મત ન્હાની નહોતી. તેના મનમાં વિચાર તો થયો કે: ગુપ્ત રીતે કમ્મરમાં સંતાડેલી તિક્ષણ કટાર, જહાંનારાની છાતીમાં ખોશી, તેની જીભ કાપી લઉં, એક આર્ય બાલિકાને, અપવિત્ર મોગલ જોડે પ્રેમમાં ફસાવવાની યુક્તિ કરનાર, શાહજાદી નહીં પણ હરામજાદીનો પ્રાણ લઉં પણ વળી વિચાર્યું; મારા પિતા બાદશાહના આશ્રિત છે, સમય પ્રમાણે વર્તવું, આપણું ધાર્યું કરવું. તે અર્ધો કલાક ચુપ રહી. કાંઇ પણ બોલી નહીં. તેના હૃદયમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો તોપણ જ્વાળાને હૃદયમાંજ સમાવતી બોલી: બ્હેન ! ગજબ કરો છો ! તહમારી જીભે આવા શબ્દ !

"ત્હારાં ખાનગી કર્મ શું અમે નથી જાણતાં ?" શહાજાદી મનાવવાને બોલી.

"એક હજાર વખત જુઠું ! દારા શિકોહ મ્હારા ભાઈ બરોબર છે ! તે મ્હારા સાચા ભાઇ છે !" બિચારી તારા જરા બ્હીલે મ્હોડે કહેવા લાગી.

"પણ મેં તો સાંભળ્યું છે કે દારા તમારા ઉપર પ્રાણ અર્પણ કરી રહ્યો છે. તમારા પ્રેમને માટે તો તે કદાચ પ્રાણ ત્યાગ પણ કરે ?" જહાંનારાએ તેને ફસાવવાનો વધારે પ્રયત્ન કર્યો.

"બ્હેન ! જહાંનારા ! એક બ્હેન પોતાના ભાઇને માટે દિલગીર થાય તેમ હું તેમને માટે બહુ દીલગીર છું." તારાએ થંડે પેટે જવાબ તો આપ્યો પણ મનમાં બોલી ! મ્હારે માટે પ્રાણ આપવા ચ્હાતો હોય તો ભલે ને આપઘાત કાં કરતો નથી ?"

"અમારામાં તો ભાઇ બ્હેનનાં લગ્ન થઇ શકે ." જહાંનારાએ વળી પોઇન્ટ કાઢયો.

તારાનો મિજાજ હવે ગયો. હવે તેનાથી વધારે સહન થઇ શકયું નહીં. હવે તેના શરિરનું લોહી તપી ઉઠયું. હવે તેણે પોતાનું સિંહ સ્વરૂપ પ્રકાશવા માંડયુ તેણે કહ્યું: શહાજાદી ! તમારા લોકો તો બહુ બેવકૂફ છે ! પિતાની ગેરહાજરીમાં શામાટે માતા સાથે દિકરાનાં લગ્ન થતાં નથી ! એમાં શું ? લગ્ન કરવાં એજ કે બીજું ? મ્હારાં લગ્ન તો મેવાડના સિસોદિયા રાજકુમાર સાથે નકી થયાં છે. અગર જો આ વાત મ્હારા પિતા

જાણશે તો હજારો માણસોનાં લોહીની નદી વેહેશે. તારાએ ગુસ્સાને શાંત કરી જવાબ આપ્યો.

"પ્યારી બ્હેન ! તું જાણે છે કે જેના ઉપર બાદશાહોની નજર પડે છે તેને બેગમ બનાવ્યા વગર ક્યારે છોડે છે ?"

તેનાં નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. યવનોના રાજ્યાશ્રયમાં અણચિંતવી વિટંબણા આવેલી જોઈ તે મનમાંજ પ્રભુની પ્રાર્થના કરવા લાગી. તેને ભય લાગ્યો કે હવે શું થશે? શી રીતે લજ્જા રહેશે ? શી રીતે પાતિવ્રત્ય જળવાશે ? શી રીતે કુલયશ રહેશે ? બંને ગાલ ઉપરથી આંસુની ધારાઓ પહેરેલા વસ્ત્રને પલાળવા લાગી. તેણે ઉત્તર આપ્યો: શાહજાદી ! મેં સાંભળ્યું છે કે બાદશાહો પોતાની ઇચ્છાનુસાર રાજા મહારાજાઓની પૂત્રીઓ જોડે લગ્ન કરે છે પણ હાય ! બ્હેન જહાંનારાં જૂલમ ! જૂલમ ! હું તેમના એક ખરા મદદગાર, બહાદૂર સેનાધિપતીની પુત્રી ઉપર પણ આવો જૂલમ થશે ! ત્યારે તો પછી એમજ સમજવું કે મ્હોટી ઉથલ પાથલ થઇ જશે. જો આ ખબર મેવાડના મહા પ્રતાપી રાણાને પહોંચશે તો પાંડવ કૌરવ જેવું મ્હોટું યુદ્ધ થશે. અંતે હું આત્મહત્યા કરી પ્રાણ ત્યાગ કરીશ."

જહાંનારા સમજી ગઇ. તેણે તારાના હૃદયનો ભેદ જાણી લીધો. તે નરમ થઇ ગઇ; પોતાના રેશમી વસ્ત્રવડે તેનાં આંસુ લુછતાં કહ્યું: બ્હેન, ગભરા નહી, જો બાદશાહ આવું જાણશે તો બળાત્કારે લગ્ન કરશે નહીં. અને મ્હારાથી બનશે ત્યાં સુધી હું દારાને પણ રોકીશ. કુરાન શરીફની પ્રતિજ્ઞા લઉંછું. હવે બસ."

"જગદીશ્વર આપને સદ્બુદ્ધિ આપે ! અને હું આ પિંડામાંથી છુટું. પરંતુ શાહજાદી સંભાળજો. સંભાળજો. તમે મ્હારા બ્હેન છો." તારાએ એક મદદગારને હાથમાં લીધી.

જહાંનારા તો દારા ઉપર ગુસ્સે ભરાઇજ હતી. બહારના બીજા ઓરડામાંથી દારા ચાલ્યો ગયો હોવાથી તેણે નિર્ભયતાથી કહ્યું—તમારે કાંઇ પણ ચિન્તા કરવી નહીં. જુવો ! અમે મુસલમાન લોકો, અમારા ધર્મથી વિરૂધ્ધ ચાલનારને કાફિર કહીયે છીયે અને તેમના ઉપર વિશ્વાસ રાખતા નથી. દારા પણ કાફિર છે. તેણે ઘણાં વેદ, શાસ્ત્ર, ઉપનિષદોનો ફારસીમાં તરજુમો કરાવ્યો છે. પરંતુ બ્હેન ! તે સઘળું ભોળા હિંદુઓને ઠગવાને માટે છે ! અને હિંદુસ્તાનના ખુશામદખોરા હિંદુઓની આંખમાં ધુળ નાંખવા માટે છે* દારા વિશ્વાસઘાતી છે, હવે તેનો ખાનગી ધર્મ ક્રિશ્નોનો છે. તે પૂરો ખ્રિસ્તી બની ગયો છે. વિચારો કે તે ધર્મહિણ ભાઇની તરફેણ કોણ કરે ?"

"બાદશાહ દિર્ઘાયુ થાઓ પરંતુ બાદશાહની પાછળ તેજ ગાદીપતિ થશે." તારાએ રડવાનું બંધ કરી ધીમે ધીમે જવાબ આપ્યો.

"એ તો ઇશ્વરની મરજી, પણ બ્હેન જેમ બને તેમ તમારૂં લગ્ન સત્વર કરી દેવું."

---

*દારા હિંદુ ધર્મને ચ્હાતો હોવાથી તે સમયની પ્રજા કહેતી હતી કે જો દારા ગાદીઉપર બેસશે તો પ્રજા અકબરને પણ ભુલી જશે.

"પિતાજીને હું કહીશ. જો આજ્ઞા હોય તો હવે હું રજા લઉં. આ તમારી છબિ પણ લઈ જાઉં છું." તારાએ વાત ટુંકી કરી નાંખી.

"હા, પણ કહો તો ખરાં કે તમારા હૃદય મંદિરમાં કોણે અધિપત્ય કર્યું છે?" જહાંનારાએ ફરી પુછ્યું.

"મેવાડના જે પ્રતાપી મહારાણાની મદદથી તમારા પિતાએ દિલ્લીની રાજગાદી મેળવી તેના પૂત્ર——" તારાએ શરમાઇ જરા મલકતે મ્હોડે નીચું જોયું.

"શું રાણા જગતૂસિંહના બહાદુર પૂત્ર રાજસિંહજી સાથે?"

"હા," તારાએ શરમાઇને મ્હોડું આડું ફેરવી દીધું.

"શાબાશ! હું ઘણી ખુશી થઇ. તારા, તું ભાગ્યશાળી છે. વારૂં પણ રાજસિંહની તમે રાણી થાઓ ત્યારે એટલું જરૂર ધ્યાનમાં રાખજો કે જગતૂસિંહ જેમ હમણાં સારો સંબંધ રાખે છે તેમ રાજસિંહ પણ રાખે." જહાંનારાએ તેને ધીમે ધીમે મેળવી લીધા.

"બેશક, શાહજાદી, શામાટે નહી! હું જરૂર કોશીશ કરીશ." તારા અને જહાંનારા બંને એક બીજાના હાથમાં હાથ ભેરવી, થોડીવાર સુધી હસતે ચ્હેરે વાર્તા કરતી ઉભી, અને પૂનઃ ત્યાંજ મળવાનું નકી કરી બંને વિખુટાં પડયાં.

પ્રકરણ ૫મું.

પર સ્ત્રી ઝેરની છુરી.

આકાશમાં તારામંડળ ઝાંખુ દેખાય છે. વર્ષાદ થોડોક આવી રહી ગયો હતો. પૃથ્વી ઉપર જળ પડવાથી સહેજ ભીનું થઇ રહ્યું હતું. રાત્રિ એક પ્રહર ગઇ હતી. જમનાનાં શિતળ જળ ઉપર ન્હાનાં ન્હાનાં તરંગો ઉત્પન્ન થઇ જળમાંજ સમાઇ જતાં હતાં. રાત્રિએ જીવજંતુની પ્રવૃતિ જરા શાંત પડી હતી. જમના કિનારે એક બગિચામાં શહાજાદા દારાશિકોહ એક મ્હોટા સંગે મરમરના સોફા ઉપર બેસી હાથમાં તારાની છબી લઇ એકી નજરે તેને જોઇ રહ્યો હતો. જમણા હાથ તરફ મીણબત્તી બળતી હતી. તારાની મનોહર છબી પગથી માથા સુધી તે નિહાળી હૃદયમાં બળી જતો હતો. તેનું વિશાળ સ્વચ્છ કપાળ, મિનાકાર હૃદય ગ્રાહ્ય, ભ્રકુટી, અણીઆળા નેત્ર, હાથની નાજુક આંગળીઓ, [illegible] ગ્રીવા પ્રદેશ, ઉંચી પાતળી ડોક, ઘાટિલું શુશોભિત શરિર, સુંડોલમય ચઢઉતર [illegible]ના હાથ, પગ, થોડો થોડો ઉપસેલો છાતીનો આસપાસનો પ્રદેશ, ગૌરપિત્ત શરિર રંગ, હાથમાં શોભી રહેલી સૂવર્ણ મુદ્રિકા વિગેરે વારંવાર નિહાળી નિઃશ્વાસ, ઉચ્છ્વાસ નાંખવા લાગ્યો. વારંવાર બદલાતી મુખાકૃતિ તેના હૃદયના ભાવ જણાવતી હતી. તેની પાસેજ બેઠેલો ગવૈયો નુરલહક આ સઘળું જોતો હતો.

પેહેરેગીરો વગળે પોકાર કરતા હતા. ચારે તરફ શાંત હતું. ધીમે ધીમે શાંતિ વધારે છવાતિ હતી.

શાહજાદો તારાની સુંદર છબી જોઇ ઉંડો નિઃશ્વાસ નાંખી બોલ્યોઃ આહ ! ઊફ !:તારા ! ત્હારૂં મધુરૂં રૂપ જોઇ છાતીમાં અગ્નિના ભડકા ઊઠે છે ! હાય !

"જહાંપના ! આપનેજ તેમ થાય છે એમ નહીં પણ વિરહની અગ્નિ તો બંને હૃદયોને સળગાવી મુકે છે." ગવૈયા નુરૂલહકે ધીમેથી કહ્યું.

"તેં શી રીતે જાણ્યું !" શહાજાદાએ ગવૈયાને પુછ્યું.

"હુઝુર ! ઇશ્ક છુપો રહે છે શું !"

"આહ ! તે પરી શી રીતે હાથમાં આવે !"

"જહાંપના ! એમાં શું ! આપની આજ્ઞા થતાં વિલંબ ! હિંદુસ્તાન તો શું પણ આખું પરિસ્તાન આપની રૂબરૂ હાજર કરૂં." મિયાં સાહેબે છાંટવા માંડયું.

"નહીં, જોર જુલમથી નહીં. જ્યાંસુધી યુકિતથી કામ થાય ત્યાંસુધી તેમ કરવું નહીં. હમણાં બાદશાહની નજરમાં હું હલકો ગણાયો છું, દુશ્મનોએ મારી ચાડી કરીને મારા તરફનો પ્રેમ ખસેડી મુકયો છે, મારા ભાઇઓ પણ મારી સાથે રૂઠયા છે, આસપાસ અગ્નિ સળગી ઊઠી છે એવા વખતમાં તો ઘણી સાવચેતીથી કામ લેવું જોઇએ." શાહજાદાએ જરા ડહાપણથી જણાવ્યું.

શું બાદશાહ તમારા કામથી નારાજ થશે ! તેમની રજા નથી !" નુરૂલહકે ફરી સવાલ પુછ્યો.

"તું જાણે છે કે બાદશાહને પોતાના શાહજાદા કરતાં પોતાના રાજ્યનો વધારે વચાર છે. તે એમ જાણે છે કે હિંદુઓની મદદવડેજ હિંદુસ્તાન તેમના હાથમાં રહ્યું છે, જ્યાંસુધી હિંદુઓ રૂઠયા નથી, ત્યાં સુધીજ સઘળું ઠીક છે પણ જો હિંદુઓને એવો કોઇ અન્યાય થયો, જો કોઈ અત્યાચાર થયો અને જો તેમણે એક સંપ કરી રાજા સ્હામું ધસારો કર્યો તો આખી બાદશાહી કમ્પી ઉઠશે, બાદશાહીને જડમૂળથી ઊખાડી નાંખશે, અને મુસલમાની રાજ્યનું નામ નિશાન પણ રહેવા દેશે નહીં. નુરૂલહક ! બાદશાહ એક દિવસ કહેતા હતા કે બેટા ! એજ હિંદુઓમાં પરશુરામ, એક એવો વિર ક્ષત્રિ થઈ ગયો છે કે જેણે એકવીશ વખત પ્રથિવ નક્ષત્રિ કરી હતી. એક વિર યોધ્ધાની આંખ ફાટતાં હજારો મનુષ્યોનો પ્રાણ નિકળી ગયો હતો. એજ હિંદુઓમાં અરજુન જેવા બાણાવળી, ભિષ્મ અને કર્ણ જેવા યુધ્ધ કુશળ મહાવિરો થઇ ગયા છે. તેમણે ભૂમંડળને કમ્પાવી મુકયું હતું. તેનાજ એ હિંદુ પૂત્રો છે ! તેનાજ લોહીના એ હિંદુઓ છે ! તેજ વિરભુમિનાં ફળરૂપ હિંદુઓ છે ! તેજ સંગ્રામ કુશળ, હિંદુઓને અન્યાય કરવા જતાં રાજ્ય ખોઈ બેસવાનો સમય આવે. જોકે હિંદુઓ શાંત પ્રકૃત છે, બનતાં સુધી સાત્વિક પ્રકૃતિ ત્યાગ કરે એવા નથી. પરંતુ જ્યારે તેમના ઉપર અન્યાયનો વર્ષાદ વરસશે ત્યારે એકદમ તેઓ રાજાને જડમુળથી ઊખેડી નાંખશે,

હજારોના પ્રાણ લેશે. હજારો પ્રાણબલિ દેશે, લોહીની નદીઓ વ્હેવડાવશે અને તે વખતે આપણને ન્હાસવું ભારે પડી જશે.

નુરૂલહક: બાદશાહનું આ કહેવું વ્યાજબી છે.

તારાનો પિતા કેવો મિજાજી છે તે તું જાણતો નથી. બાદશાહ પોતાના હિંદુ સરદારોને ખુશી રાખવા હમેશાં તત્પર રહે છે. વાહ વાહ ! હિંદુઓ તમારી બહાદુરીથીજ અમારૂં રાજ્ય ટકી રહ્યું છે. શાહજાદો તેને સમજાવી કહેવા લાગ્યો.

"જનાબ ! બાદશાહ જો એકાદ રજપુત સ્ત્રીને પોતાની બેગમ બનાવવા ચાહે તો શું નહીં કરી શકે ?" જ્યાં સુધી હીંદુસ્તાનમાં સઘળે મુસલમાન ધર્મ પ્રચલિત નહીં થાય ત્યાંસુધી આપણું રાજ્ય નિર્ભય નથી." નુરૂલહકે જરા મીજાજ ખોઇ અભિપ્રાય આપ્યો.

"હા, પણ જે મુર્ખ રાજા તારા વિચાર પ્રમાણે આખા હિંદુસ્તાનનો ધર્મ વટલાવી દેશે તેજ વખત તેના રાજ્યનો અંત સમજી લેવો. ઠીક એ વાત જવા દે, પણ હવે મ્હારા ગુપ્ત દરદની કંઇ દવા ?" શાહજાદાએ પોતાની વાત ઉપર આવતાં પુછ્યું.

"હા. એક દવા છે. જો ધ્યાનમાં આવે તો !"

"બોલ, ઝટ કહે."

"જહાંપના ! કોઇપણ રીતે એક વખત તે દિલરૂબા, પરિ ચેહેરને એકાંત મળો દરરોજ કાંઇ કાંઇ નવા નમુનાની વસ્તુઓ તેને ભેટ મોકલો અને એક પ્રપંચી કુટણી એને માટે મુકરર કરો. તે કુટણી દાસી બનીને કુંવરી પાસે જાય અને ધીમે ધીમે તેની મરજી જોઈ તેને તમારા તરફ પ્રેમ ઉપજાવે." ગવૈયાએ યુક્તિ બતાવી.

એ યુક્તિ સાંભળી દારા ખુશી થયો. અને બોલ્યો: અહા ! ખુબ યુકિત બતાવી ! પણ હજી એમાં શંકા છે કે જો આપણો એવો પ્રપંચ તારા તેના પિતાને કહે તો આપણા શા હાલ ? અમરસિંહ એક રાજપૂત સિંહ છે ! અને તેના તોફાનથી બાદશાહ મનેજ કાંઇ ભારે શિક્ષા કરે તો ?" દારાએ વળી પાછું દીલગીર ચહેરે પુછ્યું.

"હુઝુર ! આપ તો કેવળ હિમ્મત વગરના છો ! જુવો ! બાદશાહ અકબરે, ઇરાની અમીર અયાસબેગની ખુબસુરત છોકરી નુરજહાંને, જહાંગીર સાથે નહીં પરણાવતાં અમીર શેરઅફઘાનખાં સાથે પરણાવી બંગાલ બિહારમાં મોકલી દીધી હતી. પણ બાદશાહના મરણ પછી શેર અફઘાનને મારી નંખાવી જહાંગીરે તેની સાથે લગ્ન કર્યું હતું.

"બેવકૂફ ! કયાં નુરજહાં, અને કયાં તારાબાઇ ! નુરજહાં જહાંગીર ઉપર પ્યાર રાખતી હતી, તારાબાઇ તો મ્હારા સ્હામું પણ જોતી નથી. વળી નુરજહાં તો તેની રાજસતામાં હતી. તારાબાઇ તો મેવાડના જવાંમર્દ બહાદુર પરાક્રમી રાજાના કુંવર રાજસિંહ સાથે લગ્ન કરવા ચાહે છે. જે પરાક્રમી બાદશાહ હજુસુધી કોઇ પણ મુસલમાન રાજાને નમ્યો નથી. તે એવો વિર લડવૈયો છે કે મુશલમાની રાજ્યનો પાયોજ ઉખાડી નાંખવા ચાહે છે. એવા સિંહના

મ્હોંમાંથી તારાને છીનવી લેવાનો વિચાર કરવો એ પણ શેખચલ્લીના જેવું છે. ફરીથી વાત કરતો નહીં, નહીં તો અમરસિંહ જાણશે તો એકને બદલે દશવીશ કટકા થઇ જશે.” દારાએ હૃદયનો ખરો ભેદ જણાવ્યો.

નુરૂલહક પણ દંગ થઇ ગયો. હવે તે વધારે બોલ્યો નહીં. તેણે પુછ્યું: બંદેનવાજ ! તારાબાઇનાં લગ્ન ક્યાં થશે ?

“જેની મદદથી મ્હારા પિતાએ વગર અડચણે દિલ્લીનું રાજ્ય મેળવ્યું, જેણે સૌથી પેહેલાં, મારા પિતાનું નામ “શાહજહાં” પાડયું, જેના આભારના ભારથી મારા પિતા કબ્રમાં પણ માથું ઉંચું કરવા શક્તિવાન નથી તેજ, મેવાડના બહાદુર અને મુસલમાનોના કટ્ટા દુશ્મન રાણા જગતસિંહના કુંવર રાજસિંહ સાથે.” દારાએ બધી હકીકત કહી.

“ગજબ ! ગજબ ! શાહજાદા ! એપરથી તો એમ જણાય છે કે બાદશાહ એવા વિર બહાદુર, મદદગાર, રાણા જગતસિંહને નારાજ નહીં કરશે !” નુરૂલહકે ફરી પુછ્યું.

દારાઃ એમાં સંદેહ શો !”

નુરૂલહકે વળી આગળ ચલાવ્યું. પોતાની ચતુરાઈ બતાવવા માંડી. તે બોલ્યોઃ જહાંપના ! હજુ પણ એક બાજી આપણે હાથ આવશે. જગતસિંહ અહીં આવે અથવા અમરસિંહ તારાને લઇ મેવાડ જાય તો રસ્તામાંજ અધવચ આપણું કામ થશે. જો જગતસિંહ અહીં આવે તો રસ્તામાંજ તેને ઊડાવી દઇયે અને જો અમરસિંહ ઉદેપુર તરફ જાય તો રસ્તામાંજ તેને લુંટી તારાને લઈ આપણે પહાડોમાં ન્હાસી જઇયે. કેમ વારૂં ?

“તારા જેવો અક્કલનો દુશ્મન, મુર્ખનો સરદાર બીજો કોણ ? તને ખબર નથી કે રાણા જગતસિંહ અહીં લગ્ન કરવા આવે તો કેટલું લશ્કર લઇને, કેટલી સાવચેતીથી આવે ! શું તેને બાદશાહ અને મુસલમાનોનો ભય નથી ! તે તો બહુ હોંશિયાર રાજપૂત રાજા છે. રાજપૂતોના ઝપાટા હજુ તેં જોયા નથી ! તેના ઉપર જીત મેળવવી અને સ્વપ્નામાં ભીખારિયે રાજ્ય કરવું બરાબર છે. હા, પણ જો અમરસિંહ તારાને લઇ ઊદેપુર જાય તો તારી યુક્તિ કાંઇક કામ આવે.” દારાએ ઊત્તર દીધો.

“પણ હુઝુર ! બીજી કાંઇ ખબર !”

“જલદી કહે !”

“સલાબતખાં પણ તારા ઉપર મોહિત છે. અને તે પણ તેને મેળવવા મેહેનત કરે છે.

તકીયેથી એકદમ બેઠાં થઇ, ગુસ્સો કરી દારા બોલ્યોઃ જો એ સત્ય હોય તો સમજ કે સલાબતનું મોત નજીક આવ્યું !

“હુઝુર ! ઉતાવળ કરવી નહીં. અજાણ્યા થઇને જોયાં કરવું.” નુરૂલહકે સલાહ આપી.

એટલામાંજ દારાનો માનીતો ગુલામ અબ્બારખાં આવ્યો. તે જોઇ નુરૂલહક સલામ કરી ચાલ્યો ગયો. અબ્બારખાંએ કહ્યું: જહાંપના, નુરૂદીનને ચાલાકીથી બરોબર ઠેકાણે કરી દીધો. તેને જમીનઉપર એવી રીતે નાંખ્યો છે કે સાપે કરડયો હોય તેમ !

એ સાંભળતાંજ દારાએ તેને સોનાની થોડીક મોહોરો બક્ષીસ આપી અને હુકમ કર્યો: ઠીક, જાઓ, સલાબતખાંને કહો કે મને આવી મળી જાય.

દારા બાગના એક વિશાળ ચોક ઉપર બેઠા અને સલાબતખાંની રાહ જોવા લાગ્યો.

પ્રકરણ ૬ઠું.

અદેખાઈનું રાજ્ય !

દારાના હૃદયમાં અનેક વિચારો ઉત્પન્ન થતા અને પાછા બેસી જતા હતા. છતાં પણ તે તારાની છબિ ભુલી શકતો નહોતો. પ્રત્યેક પળે તેની નજર આગળ તારાની માધુરી મૂર્તિ તરી આવતી હતી. અને તેથી તે ઉંડા નિઃશ્વાસ નાંખતો હતો.

તે બાગના ચોક ઉપર બેઠો હતો એટલામાંજ સલાબતખાંએ આવી સલામ કરી બેઠો. દારા ચૂપ રહ્યો હતો. થોડીવાર આમતેમ આળસ મરડી પછીથી એક સિપાઇને બોલાવી આજ્ઞા કરી કે મારી પરવાનગી શિવાય કોઇ અહીં આવે નહીં. તેણે સલાબતખાંને કહ્યું: મેં તમને શામાટે બોલાવ્યા છે તે તો જાણતા હશો ?"

"હુઝુર ? આજ્ઞા !"

"તમને કોઇક કામમાં મુબારકબાદી આપવા બોલાવ્યા છે !"

"તાબેદારને આજ્ઞા ફરમાવો."

"મેં સાંભળ્યું છે કે રાવ અમરસિંહની સુંદર સ્વરૂપા પૂત્રી તારાબાઇ ઉપર તમે આશક છો." હૃદયમાં સળગતો અગ્નિ બહાર કાઢતાં દારાએ પુછ્યું.

"તોબા ! તોબા ! હઝરત ! એ ખબર—" બે કાને હાથ ધરતાં સલાબતે આશ્ચર્ય દેખાડ્યું.

"શું એ તદ્દન ખોટું છે !" દારાએ જરાક ગુસ્સાથી પુછ્યું.

"સાહેબ, મેં સ્વપ્નામાં પણ એવી ઇચ્છા કરી નથી. ખુદાના કસમ ! પણ——"

"પણ એટલે."

"એજ કે વે નાજનીને હાથમાં લેવાની મહેનત કરૂં છું." સલાબતે યુકિતથી

પોતાની વાત જણાવવા માંડી.

" એનું કારણુ ! "

" કારણુ એજ કે જો તે પરિ, હુર, હાથ આવે તો આપ નામદારની ખિદમતમાં હાજર કરી શકું "

" હું તેને લઇ શું કરૂં ! "

" અપરાધ ક્ષમા હોય તો—"

" હા, ખુલાસો કર. "

" મેં સાંભળ્યું છે કે, આપનું હૃદય પણુ તે સુંદરી ઉપર ફિદા થયું છે. આપ તેને લીધેજ દુઃખી થાઓ છો. "

"તેં શી રીતે જાણ્યું ! " દારાએ પણુ ચકિત થઇ પુછ્યું.

" હજરતને તે સાંભળવા કરતાં કામ કાઢી લેવું ઠીક પડશે. "

" વારૂ, પણુ તે માટે હજુ સુધી કાંઇ કર્યું કેમ નહીં !

સલાબતખાંએ જોયું કે હવે જનાબ ઠેકાણે આવ્યા. ગુસ્સો નરમ પડ્યો. અને કપટભાવ છોડી વાતો કરે છે. પરંતુ ખરૂં જોતાં તેમ નહોતું. જો કે સલાબત પણુ જુનો નોકર હતો, પ્રપંચ કપટ અને યુક્તિનો દરિયો હતો. તેણે ધીમે રહીને દારાને પોતાની પ્રપંચ જાળમાં લેવા માંડ્યો. તે બોલ્યોઃ હજરત આપને નહીં કહેવાનું કારણુ એજ કે કદાચ એ કામમાં ફતેહ ન થાય તો ! "

" તમે તારાને હાથ કરવા માટે શું બંદોબસ્ત કર્યો છે ! "

" હજુ તો ગોઠવણુ કરૂં છું "

" ખબરદાર ! તમારે મારી આજ્ઞા વિના કાંઇ પણુ ગોઠવણુ કરવી નહી, અગર જો કાંઇ પણુ સાંભળીશ તો તમને સકત શિક્ષા થશે, યાદ રાખવું કે હું કોણુ છું ! મ્હારો ગુસ્સો કેવો છે ? સલાબત કંપવા લાગ્યો અને નીચે નમી સલામ કરી ચાલવા લાગ્યો. જતાં જતાં દારા તરફ ગુસ્સા ભરેલો દ્રષ્ટીપાત કરતો ગયો અને મનમાં કાંઇકિ બબડતો ગયો.

પ્રકરણ ૭ મું.

બે મિત્રો.

શાહજાદા દારા શિકોહ પાસેથી સલાબતખાં ઉઠી ચાલતો થયો તેજ વખતથી તેના પેટમાં ગુસ્સાના ગુંછળાં વળતાં હતાં. તારાના સંબંધની વાત જાણી આટલો બધો દમ આપ્યો તેથી તેના ગુસ્સામાં વધારો થયો ગુસ્સામાંને ગુસ્સામાંજ ઘેર આવી પોતાના દિવાનખાનામાં બેઠો. નુરૂલહક અગાઉથીજ ત્યાં આવી બેઠો હતો તે જોવામાં આવ્યો. નુરૂલહકે તેને સલામ કરી પણ સલાબત હજાણું ગુસ્સાને લીધે ચિન્ત ભ્રમિત હતો. થોડીવારે ચિન્ત ઠેકાણે આવતાં નુરૂલહકને સાથે લઇ એક સોફા ઉપર વાતો કરવા લાગ્યા.

" હુઝુર ! ત્યાં શું થયું ! " નુરૂલહકે પુછવાની શરૂઆત કરી.

" નુર ! આજે મ્હારો પિન્તો ઉછળી જાય છે ! " તે પગ અફાલી બોલ્યો: આજની એની મગરૂરીનો બદલો લઉં નહી તો મ્હારૂં નામ સલાબત નહીં. "

" અન્તે થયું શું તે તો કહો ! "

" તમે પહેલાં કહો કે તમારે શું વાત ચિત થઇ ! "

નુરૂલહકે બધું વૃતાંત કહી સંભળાવ્યું. પણ " તારા ઉપર સલાબતખાં આશક છે તે વાત પણ પોતેજ કહી હતી " તેટલું કહ્યું નહી.

સલાબતે પણ થયલી બધી વાતચીત કહી સંભળાવી. તે ગુસ્સાથી લાલ પીળો થઇ, રાતાં ક્રોધ ભરેલા નેત્રે બોલ્યો.

" નુરૂલહક ! હું જાણું છું કે દિલ્લીની બાદશાહીનો તે વારસ છે, દારાં બુધ્ધિમાન, હોંશીઆર, અને ચાલાક, કુશળ છે પરંતુ હઠીલો અને વિશ્વાસઘાતી, શરમ વગરનો છે. જો એ ગાદીપર બેઠો તો રઇયત અકબરને પણ ભુલી જશે. પરંતુ આજે તેણે મારી સાથે વૈર દીધું છે તો હું કદી તેને ગાદી ઉપર બેસવા દઇશ નહીં. અત્યાર સુધી હું તેના ઉપર ગુસ્સે નહોતો પણ તારાના સંબંધમાં હવે એની સાથે દુશ્મનાઇ થઇ. ઠીક છે ! હું જાણું છું કે સુજા બહાદુર છે તોપણ તેના ચિન્તનું ઠેકાણું નથી. મુરાદ દ્રઢ નિશ્ચયી અને રાજ્ય કરવા લાયક નથી. ઠીક ! હવે તો ફકત રાજ્ય કરવા લાયક માત્ર ઔરંગજેબજ છે ! અગર જો મારી બુધ્ધિ મને દગો દેતી ન હોય તો એનો ઔરંગજેબજ રાજ્યપતિ થશે. હમણાં જે ગુપ્ત મંત્રણાથી તે કામ કરે છે તે ઉપરથી તો એમજ જણાય છે કે બધા ભાઇઓને નાલાયક ઠરાવી પોતેજ ગાદી ઉપર બેસશે. ખેર ! આજથી હું ઔરંગજેબનો મદદગાર થઇ ચુકયો.

અને જેમ તેમ યુક્તિ કરી અહીંથી તારાને લઇ ન્હાસી જઇ—ઔરંગજેબની નોકરીમાં જોડાઇશ. અગર જો તે પણ મને કેદ કરી મને અથવા તારાને સલાબત પાસે મોકલશે તો મારે હાથે હું તારાને મારી નાંખી હું પણ મરી જઇશ. એજ નિશ્ચય કર્યો છે.

ભાઇ નુરલહક ! તમને હું મારો દિલોજાન મિત્ર સમજું છુ. હું તારાને લઈ ન્હાસી જાઉં તો તમે મને પુરી મદદ કરો કે નહીં !

નુરલહક ઔરંગજેબ તરફનો છુપો જાસુસ હતો. ઔરંગજેબ આખા રાજ્યમાં કેટલાક ગુપ્ત અનુચરો રાખી બાતમી મેળવતો હતો. નુરલહક પણ તેમાંનોજ એક હતો. આ વખતે સલાબતનું બોલવું સાંભળી ખુશી થયો. તેણે જવાબ આપ્યો: જનાબ, અગર જો તમે શાહજાદા ઔરંગજેબ પાસે જશો તો તે તમને આશ્રય આપશે અને તારાને પણ હરકત આવશે નહી.

સલાબત પણ એ સાંભળી હવામાં કિલ્લા બાંધવા લાગ્યો. તારાને ન્હસાડી લઈ જવી, પછી વિલાસ ભોગવવો, પછી તેને બીબી સાહેબ બનાવવાં, વગેરે વિચારો કરવા લાગ્યો પણ તે જાણતો નહોતો કે દુષ્ટ મનુષ્યના અન્યાયી, જુલમી અને અનિતીમાન વિચારો કેટલા ફળીભુત થાય છે !

નુરલહકને પોતાનો સાચો મિત્ર જાણી સલાબતે બધી વાત પ્રકાશ કરી હતી. ક્રોધમાં મનુષ્યને સારા નઠારાનું ભાન રહેતું નથી. નુરલહકને મ્હોડેથી ઔરંગજેબના પક્ષની વાત સાંભળી ત્યારે તેણે પુછ્યું.

"નુર ! તમને ઔરંગજેબપર શી રીતે ભરોસો આવ્યો ?"

" કુરાન શરિફની પ્રતિજ્ઞા લઇ કહો કે જીવન પર્યંત શાહજાદા ઔરંગજેબ સાથે દગો કરીશ નહીં." નુરલહકે આતુરતા બતાવી.

" કુરાને શરિફની પ્રતિજ્ઞા, બસ સલાબતે કુરાન હાથમાં લઇ સોગન ખાધા. નુરલહકે ઔરંગજેબ અને રોશનઆરાના ગુપ્ત પ્રપંચ યંત્રની બધી હકીકત કહી. પોતે પણ ઔરંગજેબનો ગુપ્ત જાસુસ છે અને બીજા પણ ઘણા જાસુસો રાજ્યમાં છે તથા બધા ગુપ્ત જાસુસોનો પ્રમુખ રોશનઆરા છે, તથા જે જાસુસ દગો કરે છે તેના તત્કાળ પ્રાણ નાશ થાય છે એ બધું કહી દીધું.

સલાબતખાં તે સાંભળી દંગ થયો. રાત્રિના બાર વાગ્યા હતા. બીજે દિવસે મળવાનો સંકેત કરી બન્ને જણ વિખુટા પડયા.

પ્રકરણ ૮ મું

પ્રપંચનો ભોગ. !

મોગલ બાદશાહોના સમયમાં કેવા પ્રપંચ થતા હતા અને તેમાંથી કેવાં કેવાં પરિણામ ચાલતાં હતાં તેનું કાંઇક દર્શન અમારા વાંચકોને અત્રે કરાવીયે.

સલાબતખાં પાસેથી છુટો થઇ નુરૂલહક પોતાને ઘેર ગયો. પલંગઉપર આલોટતો હતો. એટલામાં શાહજાદી જહાંનારાંની દાસી ઝોહરાએ આવી બારણું ખખડાવ્યું. તરતજ નુરૂહલકે ઉઘાડી જોયું તો ઝોહરા !

તેણે બારણામાં પેસતાંજ કહ્યું: બળી જાઓ તમારો પ્રેમ! છેવટે દગો ! હાય હાય ! ખેર ! એ ઇન્સાફ ઇશ્વર કરશે ! પ્રેમ બતાવી, હૃદયને જીતી લઇ પછી દગો કરે છે તેનું કદીપણ ભલું થતું નથી !

એટલું કહેતાં કહેતાં તેનાં નેત્રમાં આંસુ આવી ગયાં તે રડતાં રડતાં બોલી ! વ્હાલા ! બસ હવે ! આજે તમારાં છેલ્લાં દર્શન કરવા આવી છું ! ”

“કેમ, કેમ, વ્હાલી ! શામાટે ? ”

“છટ્ છટ્ ! કૃતિમ પ્રેમ બતાવવાની શું જરૂર ! શું હું તમારા બનાવટી પ્રેમને ઓળખતી નથી ? ”

“ વ્હાલી ઝોહરા ! કાંઇ ખુલાસો કરશે કે નાહક માથું પકવી નાંખશે. છે શું તે તો કહે ? ત્હારે માટે હું રાત દિવસ ઝંખના કરૂં છું અને તું તો આવતાંજ ખાવા ધાય છે ? ” નુરૂલહકે ધીમે રહીને પણ આંખ ફેરવીને કહ્યું.

“ બસ, હવે હું જાઉં છું. તમને મા ી કાંઇ પરવા નથી. તમે મને વચન આપી, ફજેત કરી ફસાવી. ” ઝોહરાએ હજુ આંસુનો વરસાદ કહાડતાંજ કહ્યું.

“ ઝોહરા, તું એક બચ્ચાંની પેઠે રડે છે તે શું યોગ્ય છે ! ખુલાસો કર ! ”

“ શું ખુલાસો કરૂં ! ચાર મહિના થયા !—”

આટલું બોલતાંજ તે ચુપ થઇ ગઇ. તેણે થોડીવારે બોલવું શરૂ કર્યું. “ હવે ઝટ કાંઇ દવા આપો કે જેથી મારો છુટકો થાય ! નહીં તો શાહજાદી કે કોઇ અમીર ઉમરાવ જાણશે તો મારી ફજેતી થશે. તમે તો વેગળા રહેશો. હું મરી જઇશ. તમે તો બાદશાહ જાદીઓમાં ગાન કરી ગુલતાન રહો છો.

નુરૂલહક ત્યાંથી ઉઠયો અને કબાટમાંથી એક શીશી કાઢી કાંઇક દવા આ[illegible] તે લઇ ચાલતી થઇ.

ઝોહરા ગઇ તો ખરી પણ નુરૂલહકના અંતઃકરણમાં કાંઇક જુદોજ અગ્નિ સળગાવતી ગઇ. દરરોજ તે આવતી અને મીઠી મીઠી વાતો કરતી પણ આજે તો તેણે ગુસ્સાથી, મિજાજથી કાંઇક જૂદાજ તોરમાં વાત કરી, નુરૂલહક કાંઇ મર્મ સમજી શક્યો નહીં. તે મનમાં મુઝાતો આમતેમ ફરવા લાગ્યો એટલામાં દરવાજામાં એક ચીઠી પડેલી જોઇ તેમાં લખ્યું હતું: કમબખ્ત, નાલાયક, પહેલાં તું મ્હારા ઉપર પ્યાર કરવા લાગ્યો. મેં તને જનાનખાનામાં ઘુસાડી આપ્યો. ત્યારે તું ત્યાં રોશિનઆરાના હૃદયમાં પેઠો. મારો ત્યાગ કર્યો, કમબખ્ત! હું બધું જાણું છું. ત્હારૂં મોત મ્હારા હાથમાં છે. તારી છબી રોશિનઆરાની ઝવાહિરની પેટીમાં મેં દીઠીછે! સુરંગમાં થઇને નિત્ય ગુપ્ત રીતે બાદશાહજાદીના મેહેલમાં જાય છે! પણ હવે સંભાળજે! તે દીવસો ગયા!

આ ચિઠી વાંચતાંજ નુરૂલહકના હોંશ ગગડી ગયા. ઝોહરા આ ચિઠી આપવાજ આવી હતી પણ કોણ જાણે શા વિચારથી પાછી ચાલી ગઇ હશે? તે બિચારાને આખી રાત નિંદ્રા આવી નહીં!

* * * * * * *

વિશાળ કુટુંબમાં કે રાજ્યનાં જનાનખાના વિગેરે આપ્તજનોમાં નોકર વર્ગ એવા રાખવો જોઇયે કે જેઓ સારી બુધ્ધિ, સારો વિચાર, અને સારી કેળવણી ધરાવતાં હોય, હલકી જાતનાં, હલકાં કુટુંબનાં, અભણ, દ્વેશી કે પ્રપંચી નોકરોથી પ્રસંગે આખા કુટુંબનું અથવા તો આખા રાજ્યનું અતિષ્ટ થાય છે. અનિતી થાય છે અને તેને લીધે જગતને દાંતે મોઢે ચઢવાનો વખત આવે છે.

ઝોહરા નુરૂલહક પાસેથી ચાલી ગયા પછી તેણે જહાંનારાને સર્વ વાત કહી. તેણે બાદશાહના કાન ભંભેર્યા; બાદશાહ ઘણા ગુસ્સે થયા. અને એક દિવસ નુરૂલહકને સુરંગમાં પેઠા પછી બંદુકથી મારી નંખાવ્યો. રોશનઆરા ઘણી ગુસ્સે થઇ પણ તેને જહાંનારાપરજ શક ગયો. તે તેની સાથે વૈર રાખવા લાગી.

આ બનાવથી રોશિનઆરા, જહાંનારા અને શાહજહાંની દુશ્મન બની. પણ તેથી રોશિનઆરાએ વધારે કમ્મરકસી ઔરંગજેબના તરફેણમાં વિશેષ પ્રપંચ, યુકિતઓ કામે લગાડી.

નુરૂલહકના મૃત્યુ સમાચારથી શાહજાદા દારાને ઘણું દુઃખ થયું. તેણે પણ જહાંનારાનુંજ કૃત્ય માની લીધું. જહાંનારા જોકે કાવતરૂં જાણતી નહોતી. અને નુરૂલહકના મૃત્યુંની ખબર પણ તેને આજેજ થઇ છે. તેણે તેના મૃત્યુનું કારણ પેલી છબી અને દારાનેજ જાણ્યું હતું. પરંતુ આ સઘળું કાવતરૂં કરનાર દાસી ઝોહરાનું નામ કોઇ પણ સ્થળે જણાયું નહીં. તેમ તેમ તે ખુશી થવા લાગી. અધિક દુઃખી તો સલાબતખાં થયો કારણકે તેનો નવોજ મદદગાર ચાલ્યો ગયો.

જૂવો ઝોહરાના પ્રેમને! કાં સ્ત્રી યા પુરૂષ! જ્યારે તે પોતાના પ્રેમથી અથવા પ્રેમપાત્ર તરફથી તદ્દન નિરાશ થાય છે ત્યારે તે જે ન કરે તે ઓછું છે! તુચ્છ તૃષ્ણાથી ભરેલા ચલિત પ્રેમમાં વિઘ્ન આવવાથી તે પ્રેમી અથવા પ્રેમ પાત્રની આવીજ અવદશા થાય છે, છીઃ પ્રેમ! ત્હારી દુષ્ટતા, કૃતઘ્નતાની હદ કયાં સુધી?!

પ્રકરણ ૯મું.

ત્રૈલોક્ય મોહિની.

દારા અને સલાબતખાં બન્ને જણુ તારાને માટે બે તરફથી ઉદ્યોગ કરવા લાગ્યા. તારા જેવું સુંદર રત્ન હાથ લેવા માટે બન્ને જણે એક સ્ત્રી નક્કી કરી તેને પુષ્કળ દ્રવ્ય–લાલચ–આપી. તે સ્ત્રી રોજ રોજ તારા પાસે જતી અને ઘડીકમાં શાહજાદા દારા શિકોહની બહાદુરી, તેની ધન ગૌરવતા અને તેની જાહોજલાલીનાં વર્ણનો કરતી. ઘડીકમાં સલાબતખાંનાં પરાક્રમ કહી સંભળાવતી. પરંતુ તારા તે લક્ષમાં લેતી નહીં. એમ ઘણા દિવસ ચાલ્યું.

મેવાડનો રાવ અમરસિંહ એક બાહાદૂર રાજપુત હતો. તેણે પોતાના ક્ષત્રી નામ ઉપર કલંક લગાડ્યા વગરજ શાહજહાં બાદશાહના દરબારમાં માર્ગ કર્યો હતો. તે વિરસેનાપતિ હતો. ગુણગ્રાહી બાદશાહે તેની સત્યવિરતા અને રાજભકિત ઉપર પ્રસન્ન થઇ, તેનું માન રાખવા અને ઉત્સાહ વધારવા ત્રણ હજાર ઘોડેસ્વારોનો ઉપરી અને નાગોડ પરગણું જાગીરમાં આપ્યું હતું. કેટલીક લડાઇઓમાં અમરસિંહે પોતાના લશ્કર સાથે એવી વિરતા બતાવી હતી કે જેથી બાદશાહની કૃપા અધિક થઇ. આગ્રા તથા દિલ્લીમાં અમરસિંહને રહેવા માટે પવિત્ર યમુના નદીને કિનારે એક વિશાળ મકાન અને તેની સાથે બગિચો બનાવી આપ્યો. તે મકાન જાણે એક રાજપુત રાજાનો મેહેલજ હોય એવું શોભિતું હતું.

અમરસિંહ ઉપર બાદશાહની મેહેરબાની પ્રતિદીન વધતી હોવાથી કેટલાક કર્મચારીઓ અને મ્હોટા અમિરો પણ બળવા લાગ્યા, અને અમરસિંહ ઉપર ગુપ્ત દ્વેષ રાખવા લાગ્યા.

અમરસિંહ ઉપર ગુપ્ત દ્વેષ રાખનાર મંડળીનો પ્રધાન નાયક સલાબતખાં હતો. પરંતુ તે કાંઇ પ્રકાશમાં કહી શકતો નહીં. તેના દ્વેષનું એક ગુપ્ત કારણ “ તારા ” હતું. સલાબતખાં મ્હોડેથી મીઠું બોલતો પણ બાદશાહ આગળ તેનું ભુંડું બોલતો. પરંતુ અમરસિંહનું કોઇ અનિષ્ટ કરી શકતું નહીં. જયાં ઇશ્વરની કૃપા હોય છે ત્યાં કોઇ ક્ષુદ્ર પ્રાણી શું કરી શકે છે? જયાં મનની પવિત્રતા હોય છે ત્યાં ઇશ્વરની કૃપા કેમ ન હોય?

આજે ત્રૈલોક્ય મોહિની તારા તે તારા નથી. પરંતુ તે હવે તારાબાઇ કહેવાય છે. તેના મુખ ઉપર હવે પહેલાંનો બાલ્યભાવ, બાલ્યહાસ્ય, બાલ્યછટા અને બાલકના જેવી સરળતા નથી. હવે તેને યુવા કહેવામાં આવે છે. હવે તે યુવાવસ્થાના ભાવથી બોલે છે, શરમ રાખી હસે છે, યુવાન મુગ્ધાઓ પેઠે ગંભિરતાથી બોલે છે, હવે તેના અંગ, પ્રત્યંગમાં કૃષતા નથી. પણ રકત માંસનો સઘળે ભરાવો છે. વિશાળ કપાળ, ગુલાબી ભરાવાદાર ગાલ, છાતીનો થોડો ઉપલો વિભાગ, શરિરની ગૌર ચામડી, હાથ પગ સુડોલમય ઘાટીલા, ગાલમાં જરાક જરાક હસવું, સુંદર વસ્તુ ઉપર પ્રેમ યુકત નજરે બારીકાઇથી જોવું, ન્હાના બાળકને બાથમાં ઘાલી, છાતી સાથે દાબી, તેના કુમળા ગાલ ઉપર અસંખ્ય ચુંબન કરવાં. માથાની કાળી ભ્રમર જેવી વેણીની લટો ખભા ઉપર છુટી મુકવી, ફુલની માલાઓ ધારણ કરી સુગંધ લેવી, શરિરે “ ** તાપ વિદારક લેપ ” લગાડી હૃદયના અગ્નિને શાંત કરવો. કોઇપણ યુવાન પુરૂષો જોઇ શરમાઇ

જવું. આવા આવા અનેક ભાવોએ તેના મનમાં નિવાસ કર્યો. હવે તે યુવા નથી, જૂવો! જૂવો! તેના નેત્ર હરિણીની પેઠે ચંચળ થઇ રહ્યાં છે. તે કોઇથી બ્હીએ છે ! મનુષ્ય સંચાર થતાં, પવનથી દ્વાર ખખડતાં અને કોઇના બોલવાથી એકદમ સજ્જ થઇ, આમ તેમ જુવે છે. તેનું વય પંદર વર્ષનું છે. તેના પ્રત્યંગમાં યુવાનીના તરંગો ઉછળી રહ્યાં છે. તેની આ અલૌકિક સુંદરતા જોઇ મનુષ્ય મોહિત થાય એમાં નવાઇ નહોતી. કારણ તે સ્વર્ગિય વૃક્ષનું અનુપમ સુંદર પુષ્પ હોય તેવી શોભા આપતી હતી. સંસારમાં સુંદર સ્ત્રીઓ બનાવતાં જે સુંદરતા વધી હતી તે સઘળી વિધાતાએ તારાબાઇના શરિરમાં ભરી હતી. એટલે શું ખામી હોય!

તેની અલૌકિક સુંદરતાથી મોહિત થઈ શાહજાદો દારા અને બાદશાહનો ખજાનચી સલાબતખાં બન્ને ઘણી મહેનત કરી રહ્યા હતા. પરંતુ તે પવિત્ર સંસ્કારવાળી રાજપુત બાળિકા પોતાના ધર્મને તજી શકી નહીં.

પોતાના પિતા અમરસીંહ બાદશાહના આશ્રિત છે અને તેથી આ રાજ્યનો ત્યાગ કરવો એ વ્યાજબી નહોતું. તારા વિચારવંત હતી. જો દારા અને સલાબતખાંના અત્યાચારની વાત અમરસિંહને કાને જાય તો હજારો લોકોના ધડ માથાં જુદાં થાય. એ વિચારથી તારાએ પિતાને કાંઇપણવાત ન કહેતાં સઘળી વાત પોતાની સહચારિણીસખી સુશિલાને કહી હતી. સુશિલા પણ નજીકની સગી રાજપુત રમણી હતી. તારા કરતાં તેનું વય મ્હોટું હતું, તો પણ તે કુમારી હતી. ઇચ્છિત વર મેળવવાની લાલસા હતી. તે વર મળવાને હવે વિલંબ નહોતો.

આજે તારા અને સુશિલા બન્ને બેઠાં બેઠાં કાંઇક વાર્તા કરે છે. એટલામાં એક નોકરે આવી એક મ્હોટું પાકીટ તેના હાથમાં આપ્યું. આ જાડા કાગળનું પાકિટ વજનદાર હતું. ઉઘાડી જોતાં તેમાંથી એક દારાની અને એક સલાબતખાંની એમ બે છબીઓ મળી. તે છબીઓ સાથે બે ગઝલો લખી તેમાં તારાબાઇને ઘણા કાલાવાલા કર્યા હતા.

છબીઓ અને પત્ર જોતાંજ તારા અને સુસિલા બન્ને આશ્ચર્ય ચકિત થયાં. તારાએ દુઃખદ અવાજે કહ્યું: બ્હેન સુશિલા, દુઃખદ વાદળું ચોતરફ ઘેરાઇ રહ્યું છે. અગ્નિ ચારે તરફ બળી રહ્યો છે. એમાંથી બચવું મુશ્કેલ છે! બ્હેન! હવે શું કરવું? જે બાદશાહના રાજ્યમાં વ્યભિચારીઓનું જોર તે રાજ્યમાં કેમ રહેવાય! બીજા મનુષ્યો તો શું પણ ખુદ રાજ કાર્યભાગીઓ અને શાહજાદો સુદ્ધાં વ્યભિચારી! ધિઃક્કારછે તેવા રાજપૂતને! હા, પણ હું ભૂલી! જે બાદશાહ જાતેજ પ્યારનો ગુલામ હોય, શ્રંગાર વિલાસનો ભોગી હોય તો તેને બીજું શું સુઝે? જેઓ ખુબસુરતીના દાસ છે, જેઓ વિલાસના શોખી છે; તેઓ સ્વાર્થ શિવાય કાંઇ જાણતા નથી. કેટલાક મુસલમાન* બાદશાહોએ વ્યભિચારને આધિન થઇ પવિત્ર હિંદુઓ અને

*અમને એક ગુપ્ત ગ્રહસ્થે પ્રશ્ન કર્યો છે તેના ઉત્તરમાં જણાવવું જોઇયે કે જહાનારાંના લગ્ન કોની સાથે થયાં તે હિંદુસ્તાનના ઇતિહાસ, ટોડ રાજસ્થાન, હિંદ રાજસ્થાન, વિગેરે ઇતિહાસમાંથી મળી શકતું નથી વળી. એ સંબંધી વિશેષ ખુલાસો આ નવલ કથાની પ્રસ્તાવનામાં કરવામાં આવનાર છે તે જોવું. કોઇપણ ધર્મ વા વ્યક્તિઉપર આક્ષેપ કરવો એ અમારી ઇચ્છાજ નથી પરંતુ ઇતિહાસોમાંથી જે પ્રમાણ મળી આવે તેઉપર વિચારો દર્શાવી ટીકા કરવાનો દરેક લખનારને સંપૂર્ણ હક્ક છે. સર્વ ધર્મો પ્રત્યે અમે અંતઃકરણ પૂર્વક માનની લાગણી ધરાવીયે છીએ. જો અમને આ સંબંધે ઇતિહાસીક પ્રમાણો સાથે ખુલાસો કરવામાં આવશે તો અમે આભાર સહિત સુધારો કરીશું. "લખનાર".

પવિત્ર સતીકૂળ ભૂષણ સ્ત્રી રત્નોને કલંકના કાળા રંગથી રંગી દીધી છે! હિંદુ રાજાઓની સતિ પૂત્રીઓને બળાત્કારે જનાનાની બેગમો બનાવી છે અને તેમને સદાને માટે ધર્મભ્રષ્ટ કરી છે. બ્હેન શુશિલા! જો, આ બે છબીઓ! જો આ ગઝલો? હવે શું કરવું? હવે પિતાને કહ્યા વિના છુટકો નથી. જો તેમ કરીએ અને જાદવાસ્થળી થાય તો તે પણ ખોટું. બ્હેન, આ કરતાં તો જો મૃત્યુ થાય તો હું ઘણી ખુશી છું.

સુશિલા વિચારવાન અને શાણી યુવતી હતી. તેણે તેના નેત્રમાંથી આંસુ લુછતાં ધીરજ આપી: બ્હેન! તું શાણી છે, શાણી સ્ત્રીઓનો ધર્મ છે કે ધૈર્ય રાખવું. ધૈર્ય છોડવું એ કાયરનું કામ છે. રામ રાખે છે તેને કોણ સંહારે છે? એ શું તું જાણતી નથી? જે ઇશ્વરે ગર્ભમાં ચિન્તા રાખી છે તેને શું હમણાં ત્હારી ચિન્તા નથી? તે પરમાત્માને દરેક મનુષ્યની ચિન્તા છે. હવે તો હું જેમ કહું તેમ કરવું. લે, હું પ્રતિજ્ઞા કરૂં છું કે ત્હને હરકત વગર રાજકુંવર રાજસિંહના હૃદયનું અનુપમ રત્ન કરી આપીશ. એમ કહી સુશિલાએ વચન આપ્યું.

તારાને હવે હિમ્મત આવી. નેત્રો લુછ્યાં અને સુશિલાના હાથમાં હાથ મુકી પુછ્યું. બ્હેન શું સત્ય કહે છે? જોજે, જે દિવસે મ્હને યવનનો સ્પર્શ થશે તેજ દિવસે મ્હારૂં મૃત્યુ થશે!

"તું કાંઈ પણ ચિન્તા કર નહીં. ત્હને તો હું જલદીથી રાજસિંહનો હસ્ત મેળાપ કરાવી દઇશ." સુશિલા તેનાં નેત્રનાં આંસુ લુછતાં બોલી: પણ આજે વખત થઇ ગયો છે. આ વિષયમાં શું કરવું તેનો વિચાર કાલે કરીશું. પણ જોજે, હું આજથીજ જુદા જુદા ઢોંગ કરીશ. તું સાવધ રહેજે. કોઇ સ્થળે એકલી ચાલી જતી નહીં. જહાંનારા કે કોઇ બીજી દાસી સાથે જતી નહીં. એમ કહી તારાને આશ્વાસન આપી સુશિલા ચાલી ગઇ, તારા પણ વિષાદ પૂર્ણ ચ્હેરે પલંગપર નિદ્રાવશ થઇ ગઇ.

પ્રકરણ ૧૦ મું.

એકાંત વિચાર.

સુશિલા ઘેર તો ગઈ પરંતુ તેના હૃદયમાં તારાના દુ:ખથી વિષાદ સમુદ્ર ઉભરાઇ આવ્યો. પવિત્ર સ્નેહની એજ રીતિ નીતિ છે કે એકના દુ:ખે બીજાએ દુ:ખી થવું, અને એકના સુખે બીજાએ સુખી થવું. કલિકાળમાં એ નીતિને બદલે ઘણે સ્થળે ઉલટુંજ જોવામાં આવે છે. ઘણા મિત્રો, સ્નેહીઓ અને દેશના હિતેચ્છુઓ પોતાનોજ સ્વાર્થ સાધવામાં સુખ માને છે. પોતાનાજ લાભનાં કૃત્યો કરે છે અને પોતાનુંજ ઇષ્ટ કરવા પ્રયત્ન કરે છે પણ જો ઘણા મનુષ્યો પોતાનું, પોતાની જાતિનું અથવા પોતાના દેશનું ભલું કરવા તન, મન અને ધનની આહુતિ

આપતા હોય, સ્વાર્થ છોડી પરમાર્થ કરતા હોય તો સર્વેનું કલ્યાણ થાય અને અધોગતિએ પહોંચતા દેશની ઉન્નતિ થાય.

સુશિલા સ્વાર્થી નહોતી પણ તે પરમાર્થી હતી. તે તારાના દુઃખે દુઃખી થઈ. જોકે તે યુવાન હતી તોપણ તે ઘડાયલી હતી. પાકી હતી, અને પ્રપંચ કરવામાં પુરી હતી. તે વિચારવા લાગી:

“અહા! તારા! તું રાજસિંહ જેવા ચંદ્રની પાસેજ શોભે! તારા, તારા, તુ ખરા ધર્મ સંકટમાં આવી છે. બ્હેન, ત્હારૂં દુઃખ સત્વર નાશ થશે. ભલે પ્રાણનો નાશ થાય પણ ધર્મનું રક્ષણ કરવું, દેશનું રક્ષણ કરવું, અને જાતિનું રક્ષણ કરવું! હા, પણ હવે મ્હારે શું કરવું? જહાંનરા બાદશાહને આંગળીને ટેરવે નચાવે છે, દારા શિકોહને નેત્રોથીજ ઘાયલ કરે છે, સલાબત સાથે પ્રેમ ગ્રંથીમાં ગુંથાઇ છે. શાહજાદો દારા, સલાબતની વાત જાણે છે. તે તેના કાટલાંમાં છે. શાહજાદાએ ગવૈયાનો ઘાટ ઘડયો ત્યારે પેલી રોશિનઆરાએ જહાંનારાના આશક ગવૈયાનો ઘાટ ઘડયો. ઓરંગજેબ અને રોશિનઆરા ગુપ્ત અનુચરોદ્વારા રાજ્યની બધી ખબરો મંગાવી લાગ આવતાં ગાદીપતિ થવા ચાહે છે. દારા શિકોહ સિવાય બીજા એમાંથી એક ગાદીપતિ થાય એવા નથી. જહાંનારા પોતે ઘણી ખુબસુરત છે. પણ તારા તેના કરતાં વિશેષ સુંદર છે. બાદશાહ સુંદર સ્ત્રીઓના હાથમાં રહે છે. હમણાં જહાંનારાના હાથમાં છે. જહાંનારાં પોતાના કરતાં વિશેષ સુંદર સ્ત્રીને મેહેલમાં દાખલ થવા દેશે નહીં. અને તેથી દારા સાથે તારાનું લગ્ન થાય એ બનેજ નહીં. સલાબતખાં એક નોકર છે. તે દારા ઉપર ગુસ્સે છે અને તેનું કારણ પણ તારાજ છે. તે બન્ને તારાના ઉમેદવાર છે. પણ હું એ બન્નેને એવી ઠોકર ખવાડું કે તેમના હાથ પગ ભાંગી જાય, અને મ્હોં પણ છુંદાઈ જાય.

એટલું બોલી હોઠ પીસતી સુશિલા સોફા ઉપરથી ઉઠી આમ તેમ ફરવા લાગી. તે પગ અફાળી બોલી! પાપી યવનો! હિંદુ પતિવ્રતા રમણીઓનાં સતિત્વ નષ્ટ કરવાની તમારી ક્રુર વાંચ્છનાજ તમને પ્રાણક્ષત્ કરશે, ત્હમને રાજ્ય ભ્રષ્ટ કરશે. યાદ રાખો! દારા! શું તું હિંદુ સ્ત્રીઓને નથી જાણતો? તેઓ હર્ષ સમયે કેવી ગુણવાન હોય છે પણ ક્રોધ સમયે વિષધર નાગણ સમાન હોય છે! દારા! સલાબત! સાવધ થાઓ! તમને ડંસ કરવા કાળી નાગણ આવે છે! જુવો! જુવો! ચેતો! તમારૂં પાપ તમનેજ ડંસે છે!

તે વારંવાર હોઠ પીસવાથી ચંડિકા સ્વરૂપ જણાવા લાગી તેણે કહ્યું: ઠીક છે. જોઉં છું. એમ કહી ઘર કાર્યમાં પ્રવત્ત થઇ.

પ્રકરણ ૧૧ મું.

બાલ યોગિની.

રાત્રિના બરોબર બાર વાગી ગયા છે! જગત્‌માં સર્વત્ર શાંતિદેવીનું રાજ્ય પથરાઇ રહ્યું છે. નિશાચરો પોત પોતાના કામમાં પ્રવૃત્ત થયા છે. યમુના નદીનું શિતળ જળ કલુંકલ્ શબ્દનાદ કરતું વહે છે. ગ્રીષ્મરૂતુ હોવાથી દિવસના તાપને કાપવા રાત્રિએ મધુર, મલય પવન સમસમ્ કરતો વાય છે. આટલી રાત્રે નદીનો કિનારો નિર્જન હોય એ ધારવું મુશ્કેલ નથી.

સર્વ પાપ તાપ હારિણી, કલેશ, દ્વેષ, વિનાશિની, પુન્ય પવિત્ર કારિણી, યમુના નદીને કિનારે, કોઇ એક યોગિની બેઠી છે, તેના હાથમાં, કપાળ ઉપર અને શરિરે વિભુતી ચોળેલી છે. શરિર ઉપર સફેદ વસ્ત્ર પહેર્યાં છે, ગળામાં રુદ્રાક્ષની માળા અને ખભે ઝોલી ભેરવી છે. હાથમાં એક સિતાર છે, તે કિનારાપર બેઠી બેઠી સિતારના તાર ઉપર આંગળીઓ ફેરવી સુર મેળવે છે, ષડ્જ, મધ્યમ્ અને પંચમના સુરો એક કર્યા, મનમાંજ આ–આ–આ–કરી ધીમે અવાજે ગણગણવા લાગી. મનમાંજ કાંઇ ગાવા લાગી. વળી પાછી અટકી, સિતારના તાર મેળવવા લાગી. થોડીવારમાંજ તે મળી ગયા. અને સિતાર ઉપર ઝડપથી વગાડવા લાગી. થોડીવારે એક લાંબી તાન મારી મ્હોટે અવાજે ગાવા લાગી.

(ગઝલ) "બળું છું પ્રેમ અગ્નિમાં મને કોઇ બચાવોરે,
"કોઇ બચાવોરે એ એ એ, મ્હને કોઇ બચાવોરે એ એ એ,
"બળું—છું—પ્રે—મ, આ—ગમાં, મ્હને કો—ઇ બ—
ચા—વોરે——બળું છું પ્રેમ.

* * * *

"જપું છું જાપ પ્રાણનાથ—કાં સતાવોરે,
"કાં સતાવો રે એ એ એ, મને કાં સતાવોરે—જપું છું.
"પ્રેમ ભરી દ્રષ્ટિ થકી, પ્રિતમ -હૃદય ચિરાય,
"તરછોડી ચાલ્યા ગયા, વિરહે શું રહેવાય?
"ભૂલી પડી છું ભવ વને, મને, માર્ગ બતાવોરે—જપું છું.
"સાથી જો હોયે નહીં, ભટકે તે વનમાંય,
"પ્રેમી પંથિ માહરા, ઝાલ પ્રેમથી બ્હાંય.
"બહાંય ઝાલી નાથ, તનના તાપ સમાવોરે—જપું છું.
"પ્રેમ પિંજરામાં પડી, જડી બેડી મમ હાથ,
"કો છોડાવે તમ વિના, પ્રેમી સ્વામિનાથ,
"નાથ હાથ જગમાં ઝાલ્યો, કાં રિસાવોરે—જપું છું.

ગાતાં ગાતાં સિતાર સાથે એવી ગુલતાન બની ગઇ કે પછી ફક્ત સિતારજ વગાડવા માંડી, ગાવાનું બંધ કર્યું. રાત્રિ કેટલી ગઇ તેનું પણ ભાન રહ્યું નહીં. વળી પાછી ગાવા લાગીઃ

"મ્હાંય ઝાલી નાથ, તનના તાપ શમાવોરે—જપું છું.
" વ્યાઘ્રના પંજા મહીં પડવું સદા તે શ્રેષ્ટ છે,
" પણ પ્રેમમાં પડી રડી મરવું સર્વદા તે નેષ્ટ છે—જપુંછું.

* * * *

"જપું છું જાપ પ્રાણનાથ—કાં સતાવોરે,
કાં સતાવોરે—મને કાં સતાવોરે—જપું છું.

* * * *

" ભલે ખંજર ગળે ભોકી. પછી દિલદાર ચાલ્યો જા,
" ઘડી જુદાઇ નહીં સાંખું, યૌવનામૃત્ત પિતો જા—જપુંછું.

* * * *

" પ્રિતમ બસે પહાડ મેં, હમ્ યમુના કે તિર,
" જ્યું જ્યું પ્રિતમ સાંભરે, સૂકત જાત શરિર—જપુંછું.

* * * *

" પ્રિતમ શેં રિસાયા મુજથી, કહોને રશિયા ?
" ઘેલા કામણગારા, શેં રિશાયા મુજથી ?
" હું છેટી નથી ઘડી તુજથી—પ્રિતમ શેં રિશાયા ?

* * * *

" આજ અનંગ અતિ અંગ મહીં ઊછળાવે વિરહતણી જ્વાળા,
" કોમળ શરિર મ્હારૂં બળે એ તાપે, ના'વે દયા જરી વ્હાલા, રશિયા.

* * * *

ગાતાં ગાતાં તે ચુપ થઈ ગઇ. સિતાર વાગતો હવો. થોડીવારે પાછી ગાવા લાગી.

* * * *

"જો-ગન બની હું મેં તો, શ્યામ કે લિયે, શ્યામ કે લિયે—
"મેરે પ્રાન કે લિયે—જો-ગન બની——હું——મેં—૧.

* * * *

"દગો દઇ આવ્યા ગયા, તરછોડી શેં નાથ !
"હૃદય બળે છે વિરહથી, કરગરૂં જોડી હાથ !—જપુંછું.

* * * *

યોગિનીનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલી છાતીને પલાળવા લાગી. ગળામાંથી અવાજ નિકળતો બંધ થયો તોપણ હાથની આંગળીઓ સિતાર ઉપર ચાલતી બંધ થઇ નહીં. ગળાનો વેગ બંધ થયો પણ આંગળીઓનો વેગ બંધ થયો નહીં. તે મસ્ત બની ગઇ હતી તેથી માથું હાલતું હતું. હજુ પણ તે સિતાર વગાડતીજ હતી. લગભગ દોઢ કલાક આ કરૂણ રસવાહિત સંગિત, કોમળ સ્વરે ગવાયું. એક તો તે સ્ત્રી પછી તેના ગળાની મિઠાશનું પુછવું શું ? તેના મધુર સંગિતથી નદીનું જળ શાંત થઇ ગયું. પવનની ગતિ મંદ પડી ગઇ. વૃક્ષોનાં હાલતાં પત્રો એક કાને થઇ સાંભળવા લાગ્યાં. અહા ! યોગિની માતા ! શું મધુરૂં સંગિત ! માતા ! તમે રાજયોગી કે હઠયોગી નથી પણ તમે તો પ્રેમ યોગી જણાઓ છો !

યોગિની ગાતી હતી તે વખતે તેની પાછળ કોઈ પુરૂષ ગુપચુપ ઊભો રહી સાંભળતો હતો. તેની દાઢીપરથી આ પુરૂષ કોઇ મુસલમાન હોય એમ માલમ પડતું હતું. યોગિનીનું સંગિત હવે બંધ પડયું. સિતાર વેગળો મુકયો. આકાશમાં ચમકતા નક્ષત્રમંડળ સ્હામું જોવા લાગી. પેલો પુરૂષ તેની સ્હામું આવી બોલ્યો: યોગિની ! મધ્ય રાત્રિએ આવા નિર્જન સ્થાનમાં સુંદર સ્ત્રીઓએ શામાટે ફરવું જોઇએ ? અહીં રક્ષણ કોનું ?

“અહા ! બાદશાહજાદા ! અમારે જોગીઓને બધાં સ્થાન નિર્જન જેવાંજ છે. અમારૂં રક્ષણ કરનાર અમારો ધર્મ છે.

યોગિનીના મુખમાંથી “બાદશાહ જાદા” શબ્દ સાંભળી તે અજાયબ થયો ! તેણે પુછ્યું.

“યોગિની ! તમે મ્હારૂં નામ શી રીતે જાણ્યું ?” શાહજાદા દારાએ પુછ્યું.

“સમયે બધું જણાશે.”

શાહજાદો મનમાંજ વિચારવા લાગ્યો: આપણા ઓલિયા, નુજુમીયો અને હિંદુના યોગિઓ, જોષીઓ બરોબર છે. વળી પણ એક વાત યાદ આવી. કદાચ તે જાદૂગરણી તો નહીં હોય ! જે હોય તે, પણ તેનું સંગિત સાંભળવું જોઇયે.

શાહજાદાએ કહ્યું: યોગિની ! જો તમને હરકત ન હોય તો સ્હામેના મ્હારા મેહેલમાં ચાલો. ત્યાં તમારી હકીકત જાણીશું અને સંગિત પણ સાંભળીશું.

“હા, ચાલો.” કહી ને બંને ચાલતાં થયાં. શાહજાદા દારાના મેહેલમાં જઇ એક દિવાન-ખાનામાં બેઠાં.



પ્રકરણ ૧૨મું.

દારાનુ ભવિષ્ય. યોગિનીનો જાદુ.

રાત્રિના બે વાગી ગયા હતા. આગળ શાહજાદો દારાં, પાછળ યોગિની, એમ બન્ને જણ ચાલતાં ચાલતાં દારાના મેહેલમાં આવી પહોચ્યાં. મહેલના બગિચામાં થઇ દિવાનખાનામાં જઇ બેઠા. સિપાઇઓએ બત્તિઓને વધારે પ્રકાશમાન કરી. બારી પાસે એક આરામચેર ઉપર શાહજાદો દારા શિકોહ બેઠો. તેની બાજુમાં યોગિની બેઠી. દારાએ કહ્યું: યોગિની માતા ! તમે કોણ છો અને કયાંના રહીશ છો ? આટલી રાત્રે અહીં કયાંથી ? આટલી ન્હાની ઉમ્મરમાં યોગ કેવો ? તમારી હકીકત કહો.

યોગિનીએ કહ્યું: બાદશાહ જાદા ! હું કાશમીરની રહેવાસી છું. મ્હારો પતિ રાજાનો જ્યોતિષી હતો. તે વિદ્વાન હતો. પુષ્કળ દ્રવ્ય હતું. છતાં તે પરસ્ત્રીના પ્રેમમાં ફસાયો. તે ફંદમાં તેણે પૈસા ટકાની ખ્વારી કરી દીધી. પરમેશ્વરની કૃપાથી ફરીથી ઘણું દ્રવ્ય મળ્યું. મેં તેમને એક દિવસ ઠપકો આપ્યો અને કહ્યું: પરસ્ત્રીના પ્રેમમાં પડવાથી દ્રવ્યની ખુવારી અને આબરૂની હાની. એ શિવાય બીજું કાંઇ સુખ નથી. શિખામણના શબ્દો કહ્યા ત્યારે તેમને ગુસ્સો લાગ્યો. તેજ વખતે સઘળું ત્યાગ કરી કયાં ચાલ્યા ગયા, તેનો પત્તો નથી. થોડા દિવસ મેં તેમની રાહ જોઇ. જ્યારે તે ઘેર આવ્યા નહીં ત્યારે મેં પણ ઘર, શ્રંગાર, વિલાસ સર્વ ત્યાગ કરી યોગ લીધો. જો મ્હારા પ્રાણાધાર મળશે તો ઠીક નહીં તો જીવન પર્યંત આ સ્થિતીમાંજ રહી પ્રભુ નામ સ્મરણ કરીશ. સંગિત વિદ્યા, જ્યોતિષ વિદ્યા તેમણે મને શિખવી છે એટલે હું મ્હારૂં પોષણ પણ કરીશ.

"અહા ! યોગિની માતા ! તમે સંગિત વિદ્યા તો ઘણીજ સારી જાણો છો એમાં શક નથી. વારૂં પણ તમે જ્યોતિષ વિદ્યા જાણો છો ત્યારે મ્હારો એક પ્રશ્ન છે. કહો જોઇએ." દારાં બોલતોજ હતો એટલામાં તેને અટકાવી યોગિનીએ કહ્યું: શાહજાદા, બસ કરો, એકપણ શબ્દ બોલશો નહીં. તમારૂં બધું વૃતાંત અને ભવિષ્યમાં શું થશે તે પણ હું હમણાં કહું છું.

એમ કહી યોગિની બોલતી બંધ થઇ. નેત્રો બંધ કરી, જમણો હાથ મ્હોં આગળ રાખી કાંઈક ગણગણવા મંડી. હોઠ ફફડતા હતા. દારા અને સઘળા સિપાઇઓ શાંત થઇ ઊભા હતા.

યોગિનીએ નેત્રો ઉઘાડી કહ્યું: શાહજાદા ! તમારા હૃદયમાં હું ફરી વળી છું. તમે એક હિંદુ રમણી ઉપર પ્રેમ રાખો છો.

"અહા ! હિંદુઓની જ્યોતિષ વિદ્યાથી તો તોબાહ !" મનમાંજ દારાં બોલ્યો.

"તે સ્ત્રી રાજપૂત જાતિ છે, તેના નામનો પહેલો અક્ષર "ત" ઉપર છે કે ? સાચું હોય તો હા કહેજો. યોગિનીએ પુછ્યું.

યોગિની માતા ! તમે તો સાક્ષાત્ દેવીજ છો. જાણે મ્હારૂં હૃદય તમે મુઠ્ઠીમાં કેમ ન રાખ્યું ! અહાહા ! ધન્ય છે તમારી વિદ્યા ! શબ્દે શબ્દ ખરો છે. આગળ ચલાવો. " દારાએ અતિ આતુરતાથી ઉત્તર આપ્યો.

યોગિની—" તે સ્ત્રી અને તેના માતા પિતા આ શેહેરમાંજ છે. " દારાએ ડોકું ધુણાવ્યું.

યોગિની—તે સ્ત્રીનો પિતા કોઈ રાજપૂત સાથે વિવાહ કરવા ચ્હાય છે.

દારા મનમાંજ અજાયબ થવા લાગ્યો. તે યોગિનીએ આગળ ચલાવ્યું. શાહજાદા, તમે ખરા હૃદયથી તેને ચ્હાઓ છો. વળી તમારી એક બ્હેન પણ તે કામમાં તમને મદદ કરે છે પણ તમારોજ એક કમબખ્ત નોકર પણ તેને ચ્હાય છે.

દારાએ કહ્યું: શાબાશ, યોગિની માતા, આફ્રિન તમારી વિદ્યા ઉપર. અહા, ખરેખરો ઇલ્મ છે. પછી આગળ ચલાવો. યોગિની: " શાહજાદા, તે હિંદુ સ્ત્રી તમારી સાથે લગન કરવા રાજી નથી. તે હિંદુસ્તાનના એક પ્રખ્યાત રાજપુતના પુત્ર જોડે લગન કરવા રાજી છે."

દારા દાંત તળે જીભ કરડી મનમાંજ બોલ્યો: નખ્ખોદ જાયરે જોગન ! આ શું કહ્યું ! શું તે બીજા જોડે પરણશે ! તેણે યોગિનીને જાતે કહ્યું.

" યોગિની, તે સ્ત્રી જેની સાથે લગ્ન કરવા ચ્હાય છે તેનું નામ શું છે !

" તેનું નામ " ર " ઉપર છે. પણ જો તમે પ્રયત્ન કરશો તો ફળીભુત થશે. " યોગિનીએ લાલચ આપી.

"તેનું નામ બરોબર છે. હું શું પ્રયત્ન કરૂં તે તમેજ કરો, હમણાં તો મેં ઘણા પ્રયત્ન કર્યો છે. " દારાએ કહ્યું.

" તમે પ્રયત્ન કર્યો, કુટણીને પણ મોકલી, પરંતુ તેમાં કાંઇ વળ્યું નહીં. " યોગિનીએ વધારે પડદો ઉઘાડયો.

" હા, પણ હવે શું યત્ન કરવો ! "

" હું કહું તે. "

" કહો ત્યારે હું તેમ કરવા રાજી છું "

" મ્હારી પાસે એક ઇલિમ છે અને તેના બળને લીધે હું તે સ્ત્રીં તમારે તાબે કરી આપીશ. " યોગિનીએ વધારે લાલચ આપી.

" ત્યારે તો તમેજ મ્હારા ઇશ્વર !" તે ઇલમ—દારાએ નમ્રતાથી કહ્યું.

" પણ હજુ બે મહિનાની વારછે. હમણાં તો હું જાઉં છું. મહિનામાં એક દિવસ તમને આ નદી કિનારેજ મળીશ." યોગિનીએ જવાબ આપ્યો.

" આહ ! તમે એ શું કહો છો ! જવાની વાત કેવી ! મારા ઉપર મેહેરબાની કરી અહીંજ રહો અને મારૂં કામ પાર પાડો." દારાએ ખુરશી ઉપરથી ઉભા થઈ બે હાથ જોડી કહ્યું.

" નહીં, નહીં, હું ધર્મશાળામાં ઉતરીશ. અને ગામમાં ફરી મ્હારૂં પેટ ભરીશ. ઘર ત્યાગ કરતી વખતે મેં જે પ્રતિજ્ઞા કરી છે તે પુરેપુરી પાળીશ. મ્હારા પતિ વિના હું એશઆરામ-નાં સ્થાનકોમાં રહીશ નહીં." યોગિનીએ ખુલાસો કીધો.

" વારૂં, પણ આ સોના મોહોરથી ભરેલા કોથળા તમને હું બક્ષિસ કરૂં છું." દારાએ એક કોથળી આપતાં જણાવ્યું !

"નહીં, નહીં, શાહજાદા એ દુર્ગંધીથી ભરેલા કોથળા મ્હને નિરૂપયોગી છે. કોઇ ગરીબોને અન્ન વસ્ત્ર અપાવી દેજો. એ માયા મને નહીં જોઇએ." યોગિનીએ નિસ્પૃહીપણે તિરસ્કાર કર્યો.

" યોગિની દેવી ! એ દુર્ગંધી કેમ ? મ્હને તો એની દુર્ગંધ આવતી નથી." દારાએ પ્રશ્ન કર્યો.

" જુવો શાહજાદા ! મચ્છીમાર લોકોના ઘરમાં અસંખ્ય મૃત મત્સ્ય પડેલાં હોય છે, બીજા માણસોને ત્યાં જતાં દુર્ગંધ આવે છે પણ માછી લોકોને દુર્ગંધ આવતી નથી. કારણ તે દુર્ગંધમાંજ હમેશાં રહે છે." યોગિનીએ ઉદાહરણ આપ્યું !

" દારા તે સાંભળી સંતોષ પામ્યો." યોગિનીનાં વખાણ કરવા લાગ્યો. યોગિનીને કહ્યું:

"દેવી ! જરૂર મળજો. અને મ્હારૂં કામ સિધ્ધ કરી આપજો. હું જીવન પર્યંત તમારો દાસ થઇ રહીશ."

"ઠીક છે." કહી યોગિની પોતાનો સિતાર લઈ ચાલી ગઇ. શાહજાદો તેની સાથે થોડે લગણ વળાવવા ગયો. યોગિનીની સાથેજ જાણે દારાનો પ્રાણ પણ ચાલવા લાગ્યો. યોગિની અંધારામાં ક્યાં ગઈ તે દારાને જણાયું નહીં. તે કિનારે કિનારે રાવ અમરસિંહના મેહેલમાં ગુપ્ત માર્ગદ્વારા તારાના શય્યાગૃહમાં ગઇ. તારા નિંદ્રામાંથી જાગ્રત થઇ. બંને જણ ખુશી થતાં થતાં વાતો કરવા લાગ્યાં. શુશિલાએ આજે દારાને ઠગ્યો હતો. ગુપ્ત વેશે દારાને છેતર્યો હતો તેથી તેઓ ઘણો આનંદ માનતાં હતાં. બંને જણ નિંદ્રાવશ થયાં.

પ્રકરણ ૧૩મું.

મિત્રતા કે નિચતા?

Envy, eldest born of hell, embru'd
Her hands in blood, and taught the sons of men,
To make a death which nature never made,
And God abhorr'd. *Dr. Portas.*

તારાના રૂપમાધુર્યને જોઈ શાહજાદો દારાશિકોહ અને સલાબતખાં, કેવા મોહાંધ બન્યા હતા તે આપણે જોઈ ગયા. દારાની ઉછળતી જીજ્ઞાસા કેવાં કેવાં કૃત્યો કરાવે છે તે પણ આપણે જોઇ ગયા. હવે સલાબતખાંના અંતર્વિચાર જોઇયે. સલાબતખાં રાજ્યમાં ત્રેઝરર હતો. ત્રીજોરીની કુંચીઓ બાદશાહે એને સોંપેલી હોવાથી મગજમાં ખુંવારી ભરાઇ હતી. હલકા માણસો જ્યારે ઉંચા પદ ઉપર ચઢે છે ત્યારે તેમના મગજમાં મોટાઇની એક જાતની ધુન ભરાઈ જાય છે. અને તે ધુન એવા પ્રકારે ભરાય છે કે જેથી તે પોતાની અસલ કંગાલ સ્થિતી અથવા નીચ કૂળનું ભાન ભૂલી જાય છે. એવાં હલકાં મનુષ્યો ઉચ્ચ પદારૂઢ થવાથી અહંકારી બની જાય છે અને તે અહંકારરૂપી પિશાચ તેવાં માણસોને છેવટે નીચમાં નીચ ગતિએ લાવી મુકે છે. ત્યારેજ તેમને પોતાની પાશ્ચાત્ બુદ્ધિના કાંટા વાગે છે!

સલાબતખાંના મગજમાં પણ એવીજ ખુંમારી ભરાઇ ગઇ હતી. અને તેથી તેણે અલભ્ય, અપ્રાપ્ય વસ્તુ તરફ નજર દોડાવી હતી. જે ક્ષત્રિ કુળદિપક, વિરચુડામણી, નેકી, ટેકી, બહાદૂર અમરસિંહ પિતાના એક શબ્દને ખાતર તેનો દેશ, વિલાસ, વિભવ ત્યાગ કરી દીધાં તેજ અમરસિંહ બહાદુરની પરમ સુશિલ બાલિકા તારા ઉપર, ક્ષુદ્ર બુધ્ધિ સલાબતે નજર દોડાવી હતી. આકાશમાંથી ચંદ્ર, અથવા સાગરનાં ગર્ભનાં રત્ન પ્રાપ્ત કરવા જેમ એક કંગાલ ભિક્ષુક વિચાર કરે તેમ સલાબતે પણ તારા સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો હતો.

સલાબતખાં રાજ્યકાર્યમાં, યુધ્ધ વિગ્રહમાં કુશળ હતો તેથીજ તે પ્રપંચી અને ઉગ્ર સ્વભાવનો હતો.

આજે રાવ અમરસિંહે સલાબતને દક્ષિણના યુધ્ધમાં સાથે લઇ જવા માટે બોલાવ્યો. પહેલાં જે સલાબત લડાઇનું નામ સાંભળી બહાદુરી બતાવતો હતો તે આજે લડાઇનું નામ સાંભળી પાછો ન્હાસવા લાગ્યો. રાવ અમરસિંહ મેહેલના ઉદ્યાનમાં બેઠા બેઠા હુકકો ગગડાવતા

હતા. સલાબત એક સિપાઇ સાથે આવી પહોંચ્યો. પૃથ્વી સુધી નીચે નમી સલામ કરી સલાબત બોલ્યોઃ કેમ સાહેબ! શી આજ્ઞા છે!

"આજ્ઞા શું લડાઇમાં આવવાનો વિચાર છે કે નહીં?"

"અમરસિંહ બહાદુર! હું તમને મ્હારા સ્નેહી મિત્ર સમજું છું! બાદશાહ તો લોભી છે! રાજ્ય લોભ અને ધન લોભ કયો બાદશાહ ત્યાગ કરી શકે છે! "રાજા" થયા ત્યારથીજ સમજવું કે લોભ તેમનો વ્હાલો પૂત્ર, પક્ષપાત તેમનો વ્હાલો ભાઇ અને અન્યાય તેમનો વ્હાલો મિત્ર! અમરસિંહ! રાજાઓનાં કૃત્યોથી શું આપણે અજાણ્યા છીયે! એવી લડાઇ-ઓમાં આપણે નાહક શામાટે પ્રાણુ ગુમાવવા જોઇયે!" સલાબતે ઉત્તર આપ્યો.

અમરસિંહે કહ્યું: શું રાજાનો લોભ તે આપણો લોભ નહીં! રાજાની ઇચ્છા અને સંતોષ તે શું આપણો નહીં! રાજા કોણુ! પ્રજાનું એક અંગ! પ્રજા કોણુ! રાજાનું અંગ! ત્યારે પરસ્પર અંગના શોક અને હર્ષ અંગપ્રત્યંગ ને નહીં લાગે! સલાબતખાં! તમે આવા શબ્દો શામાટે બોલો છો! જેનું નિમક આપણા પેટમાં જાય છે તેનું હરામ કરવું!

"રાવ! તમે મુળ રજપૂત ભાઇ! એટલે હઠીલા પહેલાં નંબરના! અફીણનાં ટેટાં! જો આમની લેહેર આવી તો આમ નહીં તો પેલી તરફ!

"સલાબતખાં! હું અફીણનું ટેંટુ નથી! હું તે રાજપુત નથી! હું ખરો ક્ષત્રિ બચ્ચો છું! જોવું હોય તો પડી જાઓ મેદાનમાં! "એટલું બોલી અમરસિંહે આંખો કાઢી બાજુમાં પડેલી તલવાર મ્યાનમાંથી અડધી બહાર કાઢી. સાપની જીભ જેવી ચળકતી તલવાર જોઈ સલાબતખાં સજડ થઈ ગયો. તેણે નમી જઈ ઉત્તર આપ્યો.

"મિત્ર! મ્હારૂં કહેવું જુદું હતું તમે શમજ્યા નહીં ખેર! પણુ હવે તારા મ્હોટી થઇ, તેનાં લગ્ન કયાં કરવાનો વિચાર કર્યો! "સલાબતે વાત ફેરવી પુછ્યું.

"તારાનાં લગ્ન, મેવાડના પ્રસિદ્ધ મહારાણા જગતસિંહના પુત્ર રાજસિંહ સાથે નકી થયાં છે. મુહુર્ત જોવડાવવાનીજ વાર છે."

આ સાંભળતાંજ સલાબતનો જીવ ઉડી ગયો. તેને પગથી માથા સુધી જ્વાળા ઉઠી! તે વગર અગ્નિએ બળ્યો બળ્યો થઇ રહ્યો! બ્હેબાકળા જેવો થઇ એકદમ બોલી ઉઠ્યો. રાવ! તહમે એ શું બોલો છો! અમારા જીવમાં જીવ છે ત્યાં સુધી કદીપણુ એમ બનશે

નહીં. તમે બાદશાહના આશ્રિત થઇ રાજપુતને તમારી કન્યા પરણાવો એ શું ! શું હમે મ્હારી સાથે લગ્ન નહીં કરી શકો ! જુવો ! ક્ષત્રિઓએ મુસલમાનોને ઘણી કન્યાઓ આપી છે ! લગાર વિચારો !

દુષ્ટ સલાબતખાંના મ્હોંમાંથી આ શબ્દો પુરા નીકળ્યા નહોતા. એટલામાંજ અમરસિંહે તેના સ્હામું જોઇ દાંત પીસ્યા અને કંઇક બોલવાની ઇચ્છા કરી. પરંતુ થોડીવાર વિચાર કરવા લાગ્યો.

અહા ! પાપી અને દુષ્કર્મ કરનારા મનુષ્યો ગમે તેમ કહેતાં અચકાય છે ! પાપી સલાબતખાં કહેતાં જરાપણુ અચકાયો નહીં. એક પવિત્ર ક્ષત્રિ બાલિકા સાથે વિવાહ કરવાને, આ દુરાચારી, યૌવનમત્ત યવન તયાર થયો ! પરંતુ તેને લેશ પણુ વિચાર થયો નહીં કે ધર્મ પ્રતિપાળક હિંદુઓ પોતાના ધર્મ નિશ્ચયથી કદીપણુ ડગતા નથી, હિંદુ બાલિકાઓ ધર્મક્ષત કદીપણુ થતી નથી તે શું એક દુરાચારી યવન સાથે લગ્ન કરશે ! તેના મુખમાંથી આ શબ્દો નીકળેલા સાંભળી, જો તેના પોતાનાજ માથાના વાળને વાચા હોત તો તે અનેક મુખે તેને ધિક્કાર આપત ! અમરસિંહ વિચારવંત હતો. અનેક વિચારો કરી તે શાંત થયો. તેણે કહ્યું: સલાબતખાં ! મારી પૂત્રી તે તમારી પુત્રી જેવી છે ! તમે જે શબ્દો કહો છો તેથી શું જીભે કાંટા વાગતા નથી ! તમે મિત્ર ! મ્હારી કન્યા ઉપર કૂદ્રષ્ટિ ! ધિ:ક્કાર છે તમારી મિત્રતાને ! તમે જાણુતા નથી કે હિંદુઓ ધર્મ ચુસ્ત છે ! તે કદીપણુ તમારા જેવા પાપી યવનોને રાજી ખુશીથી પોતાની કન્યા આપે નહીં ! ત્રાશ અને ભય, અત્યાચાર અને મિથ્યા પિઠાને લીધે કદાચ આપી હોય તો ભલે ! બીચારા ક્ષત્રિઓને ભય આપી તેમની કન્યાઓ લીધી તો તેમાં શું બહાદુરી ! યવનો ક્યારે એવા દુરાચાર કરતાં બીધા છે ! પારકાનું દ્રવ્ય, પારકાની કન્યાઓ અને પારકાની લજ્જા લેવી એ તો દુરાચારીઓનાંજ કામ છે. ! યાદ રાખજો કે આજ પછી એવા શબ્દ કાઢશો તો આ તલવારથી તમારી જીભ કાપી નાંખીશ.”

સલાબતખાં આ સાંભળી ઉભો થઇ બોલ્યો: રાવ ! યાદ રાખજો કે તમારા શબ્દો તમારાજ મ્હોમાં ઘાલીશ અને એ શબ્દોનો બદલો વાળીશ ત્યારે મ્હારૂં નામ મીરબક્ષી સલાબતખાં ! એટલું બોલી ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલ્યો ગયો.

અમરસિંહ એકલો બેઠો બેઠો વીચાર કરતો હતો તેના હૃદયમાં અગ્નિ પ્રચંડરૂપે બળવા લાગ્યો. એટલામાં તેની પત્નિ ચંદ્રાવતી આવી પહોંચી તેણે કહ્યું નાથ ! દિલગીર જણાઓ છો ! શું થયું !

"શું કહું ! ભાગ્યનું ચક્ર અવળું ફરે તેમાં કોનો દોષ !"

"સ્પષ્ટ કહો નાથ !"

"પાપી સલાબતખાં આવ્યો હતો. તેની સાથે વાત થતાં તારાના લગ્નની વાત નીકળી. રાણા રાજસિંહ સાથે લગ્ન કરવાનું સાંભળી તેણે પોતાની——"

રાવથી વધારે બોલાયું નહીં. ચંદ્રાવતીએ કહ્યું નાથ ! હું સમજી ગઈ. તે પાપી તમારી સાથે મિત્રાચારી રાખી નીત્ય આવતો જતો હતો તેજ વખતે એક દિવસ તેણે તારાની મશ્કરી કરી હતી. તે બિચારી છોકરી તમારી બ્હીકથી તમને ન કહેતાં મ્હને કહ્યું હતું. પ્રાણનાથ ! કોઇ પણ પ્રયત્ને હવે તારાનું લગ્ન કરી દેવું જોઇએ ! જુવો ! હજારો યવનોએ હિંદુ બાળિકાઓનાં સતિત્વ નષ્ટ કર્યાં છે ! બળાત્કારે લગ્ન કર્યાં છે. અને બીચારી હિંદુ કન્યાઓનાં નેત્રમાંથી અશ્રુધારાની નદીઓ વહેવડાવી છે ! મ્હારી વ્હાલી છોકરી !

એટલું બોલતાં બોલતાં તેના નેત્રમાં આંસુ આવી ગયાં. અમરસિંહે તેના નેત્ર લુછતાં કહ્યું:

"પ્રિયે ! શા માટે શોક કરો છો ! હું ક્ષત્રિ બચ્ચો છું ! શુદ્ધ હિંદુ છું ! હું એ પાપી યવનને તેજ વખતે કટકે કટકા કરી નાંખત ! પણ ઘણો વિચાર કરી હું શાંત પડયો. હજુ પણ મ્હારા જીવમાં જીવ છે અને જ્યાં સુધી હિંદુઓના શરિરમાં લોહીનું એક પણ ટીપું છે ત્યાં સુધી કદી પણ તે મુસલમાનોના આવા અત્યાચાર સહન કરશે નહીં ! ભલે મ્હારે હાથે તારાનું ગળું કાપી નાખી તેની ધર્મ રક્ષા કરીશ. પરંતુ મરતાં સુધી તેને કલંકિત થવા દઇશ નહીં. અમરસિંહે ચંદ્રાવતીને શાંત્વના આપી અને તેનું વેર જુદે રસ્તે લેવાનો વિચાર કરી દરબાર તરફ જવાનો વિચાર કરી ચાલ્યા ગયા.



પ્રકરણ ૧૪ મું.

સલાબતનાં પ્રપંચ કાવત્રાં.

સલાબતખાં અમરસિંહ પાસેથી ઉઠીને ચાલ્યો ગયો. પરંતુ તેના હૃદયમાં ગુસ્સો ઉછાળા મારી રહ્યો હતો. તે ગુસ્સાએ એવા ઉછાળા માર્યા કે તેની જાતિ રીતિના સત્વને હૃદયમાંથી તદ્દન હાંકી કાઢ્યું. અને માત્ર વિષ, વૈર, દ્વેષ, ભરી દીધું. અને અમરસિંહને ખરાબ કરી અનેક પ્રયત્ને, તારાને હાથમાં લેવાનો ઠરાવ કર્યો.

સલાબતખાં રાજ્યમાં ટ્રેઝરર હતો. ઘણા વર્ષથી બાદશાહનો નોકર હોવાથી તેના ઉપર બાદશાહનો ઘણો વિશ્વાસ હતો. એવા એક ઉચ્ચ કર્મચારી સાથે દુશ્મનાઇ કરી, દરબારમાં રહેવું કોઇને માટે પણ ભારે પડી જતું હતું. જેના ઉપર સલાબતની આંખ ઉંચી થતી તેને તે જડમુળથી ઊખાડી નાંખતો. તેને ખરાબ કરતો. અનેક કાર્યમાં વિંધી નાંખી તેને બાદશાહનો અપ્રિતીપાત્ર કરતો. અને અનેક પ્રયત્ને તેને હેરાન કરતો હતો. રાવ અમરસિંહના સંબંધમાં પણ તેમજ બન્યું.

અમરસિંહ જ્યારે પિતાની પાસેથી નીકળી બાદશાહ પાસે આવ્યો ત્યારે તેને રાવની પદ્વી આપી, ત્રણ હજાર સ્વારોનો ઉપરી બનાવી, એક ઉમરાવ બનાવ્યો હતો. દિલ્હી આગ્રામાં યમુના નદિને કિનારે એક વિશાળ રાજભુવન તેને માટે બનાવી આપ્યું હતું. અને તેના ઉપર બાદશાહની સંપૂર્ણ કૃપા હતી. તેમજ દરબારમાં પણ સારૂં સન્માન મળતું હતું.

સલાબતખાંએ અમરસિંહના વિરૂદ્ધમાં પ્રપંચ રચવા માંડયા. જેને જેમ કહેવાતું તેમ આડું અવળું ભેરવવા લાગ્યો. અમરસિંહને જે જાગીર (નાગોડ પરગણું) બાદશાહ તરફથી મળ્યું હતું. તે સ્થળ બીકાનેરની સરહદની સાથેજ હતું. અમરસિંહ હમેશાં દિલ્હી અથવા આગ્રામાં બાદશાહ પાસે રહેતા હતા. કોઇક વખતેજ પોતાના ગામ તરફ જતા હતા. આ એક લાગ જોઇ સલાબતખાંએ બીકાનેરના રાવ કર્ણસિંહને ખોટો લોભ, ક્ષણિક આશા અને ક્ષુલ્લક સ્વાર્થ બતાવી પોતાના પક્ષમાં મેળવી લીધો. અને અમરસિંહની જાગીરવાળી સરહદ ઉપર લડાઈ ટંટો કરાવવા માંડયો. અમરસિંહ અને કરણસિંહના માણસો, ઘણીવાર માંહોમાંહે કપાઇ મુવાં. આ ખબર સાંભળી, તપાસ કરતાં અમરસિંહને જણાયું કે કરણસિંહનોજ વાંકછે. ત્યારે પોતાના માણસોને આજ્ઞા આપી કે ખુબ લડો ! અને વેરીઓના પગલાં નાબુદ કરો. પછી તો ઘણીજ લડાઈ થઈ. બન્ને તરફના ઘણા સરદારો માર્યા ગયા. ઘોર ઘમસાણ યુદ્ધ ચાલ્યું છેવટે સલાબતે બાદશાહને મ્હોડે વાત કરી. અને લડાઇનું મુળ કારણ અમરસિંહ બતાવ્યું. અને સઘળો દ્વેષ અનુપસિંહ ઉપર નાંખ્યો. વળી અમરસિંહને દ્રોહી, કાફર ઇત્યાદિ કહી બાદશાહના કાન ભંભેરવા માંડયા. પરંતુ વિચારવંત બાદશાહે અમરસિંહ અને કરણસિંહને લડતા રોકી દીધા. લડાઈ બતાવી દીધી.

છપાઇ બહાર પડયું છે; પાછળથી મલશે નહી!

પ્રેમકથા અથવા દેવી સરસ્વતી.

એક બંગાલી બાલિકાના પ્રેમનો આબેહુબ નમુનો. વિરેન્દ્રના અદ્ભુત પ્રેમનું મનોહારક ચિત્રો ખરેખરો બનેલો બનાવ, અખંડ પ્રેમરસથી ભરેલું છે. ચીકણા કાગળ, ૧૭૫ પ્રષ્ટ, પાકુ સોનેરી અક્ષર સાથનું શુશોભિત પુઠું. મુલ્ય ફકત ૦-૧૨-૦ પોષ્ટેજ જુદું.

રતિશાસ્ત્ર યાને કોકવિદ્યા.

હમણાંજ છપાઈ બહાર પડયું છે. પાછળથી મળશે નહિ.

પ્રત્યેક ગુજરાતી જાણનાર ગ્રહસ્થે અવસ્ય એક એકપુસ્તક રાખવું જરૂરનું છે સેંકડો વર્ષે થયાં ગુજરાતી પ્રજા જે પુસ્તક માટે શોધ કરી રહી હતી તેજ પૂસ્તક ઘણી મહેનતે બહાર પાડયું છે. મુલ્ય આ માસિકના ગ્રાહકોને રૂા. ૩-૪-૦. પોષ્ટેજ સાથે.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા. મેનેજર ભારત જીવન મુંબઈ.

વાલ્મીકિ રામાયણ.

ફકત દોઢ રૂપિઆમાં.

વાલ્મીકિ રામાયણની કીર્તિ કોનાથી અજાણી છે તેમાં શ્રી રામચંદ્રનું એવું ચિત્તાકર્ષક વર્ણન છે કે તેની મધુર કથામાં લોકો આનંદિત થઇને ખાવા પીવાનું છોડીને શ્રવણ કરે છે. તેમજ વાંચે છે. એ રામાયણનો બધો ભાવ બંગાલના પ્રખ્યાત સિવિલ સરવન્ટ બાબુ રમેશચન્દ્રદત્ત કે જેને જીવનપ્રભાત જીવનસંધ્યા પુસ્તકો કાઢયા છે અને જે લંડનની યુનિવર્સિટીમાં ભારતનો ઇતિહાસ શીખાવનારનું હાલમાં કામ કરે છે, તેની તરફથી બંગાલીમાં પ્રગટ થયલું રામાયણનું ગુજરાતીમાં ભાષાંતર કરી છપાવ્યું છે. કીંમત ફકત દોઢ રૂપિયો તથા વી. પી. ના ત્રણ આના વધારે.

અઢાર પુરાણો.

ફકત દોઢ રૂપિયામાં.

આપણા છ શાસ્ત્રમાં પુરાણો ઘણા પ્રખ્યાત છે મૂળ અઢાર પુરાણ તરીકે પ્રસિદ્ધ છે તેમાંની કથા ઘણીજ ઉત્તમ છે તે કહેવું પડે એમ નથી કારણ કે ધાર્મિકો તેનું શ્રવણ મનન હમેશાં કરે છે. તે સંસ્કૃતમાં હોવાથી કેટલાકો વાંચી શકતા નથી. તેથી બંગાલના વિદ્વાન રમેશચન્દ્ર દત્ત તેના દેશહિતેચ્છુ પંડીતોની પાસેથી ભાષાન્તર કરાવીને બંગાલીમાં પ્રગટ કર્યો છે તેનું ગુજરાતીમાં ભાષાન્તર કરીને છપાવ્યા છે. તેમાં ઘણીજ ઉત્તમ કથા ભાગ ધર્મ, નીતિ, રુગ્રધર્મ, રાજધર્મ, ગ્રહસ્થધર્મ, વગેરે અઢાર પુરાણમાંથી ચુંટીને એક પુસ્તકમાં સમાવેશ કર્યો છે. તેમાં ઘણુ શીખવાનું છે. કિંમત ફકત રૂપિયો દોઢ રાખી છે અને ટપાલ તથા વી. પી. ના ત્રણ આના વધારે.

નારાયણ હેમચંદ્ર.

કાવસજી પટેલ તળાવ રસ્તો મુંબઈ.

બાદશાહે લડાઇ પતાવી અને તેની સાથેજ સુબેદાર ત્યાં નિમ્યો. એથી લડાઈ શાંત થઇ તોપણ સલાબતે અમરસિંહનો પીછો છોડ્યો નહીં. અને પાછો પ્રપંચ કરવા લાગ્યો. કરણસિંહને પાછો ચડાવ્યો અને લડાઇ, ટંટો થવા લાગ્યા. એક સરહદપર આવેલો નવો સુબેદાર અબ્દુલ લતિફ ઘણો વિચારવંત, થંડા સ્વભાવનો પણ યુક્તિકુશળ હતો. એટલે તે સલાબતના પ્રપંચ ચક્રમાં ફસાયો નહીં. અને તેથી લડાઇનો પાયો રોપાયો નહીં. સલાબતે ઘણાં ફાંફાં માર્યાં પણ પ્રમાણિક સુબેદાર આગળ તેનું શું ચાલી શકે તેમ હતું ? તે બન્ને પ્રપંચીઓનું કાંઇ ચાલ્યું નહીં. અબ્દુલ લતિફ આ સઘળું ધીમે ધીમે જાણી ગયો. તોપણ એકદમ કાંઇ પ્રકાશ કર્યું નહીં. વખત આવે સૌ એની મેળે જણાશે એમ ધારી તેણે મૌન ધારણ કર્યું.

"અબ્દુલ લતિફ ન ફસાયો ! હા ! એને શું કરવું ! હજુ તે અમારૂં કાવત્રૂં જાણી શકયો નથી ! હજુ પણ ફસાવવાનો યત્ન કરૂં ! કદાચ જાણે તો ! નોકરી જશે એજ કે બીજું ! આવા વિચાર કરતો સલાબતખાં રસ્તામાં ચાલ્યો જાય છે. "હવે શું કરવું ! હા, એક પ્રયત્ન હજુ રહી જાય છે. અમરસિંહના સાળા અનુપસિંહને ફસાવવો બાકી છે. તે પ્રપંચમાં આવે તેવો છે. તેને લોભ બતાવીશું એટલે તે લલચાશે."

રસ્તામાંજ અનુપસિંહ મળ્યો. બન્નેએ અરસપરસ સલામ કરી. હાથ મેળવ્યો. બન્ને જણ એક બીજાની સુખાકારીના સમાચાર પુછવા લાગ્યા. ચાલતાં ચાલતાં એક વૃક્ષ ઘટાની શિતળ છાયા નીચે બેઠા.

લીલા ઘાસની પથારી ઉપર બંને જણ બેસી આસપાસની વાતો કરવા લાગ્યા સલાબતે ધીમે રહીને કહ્યું: અનુપસિંહ, તમે જાણો છો કે શાહજાદી જહાંનારા મારા હાથમાં છે. બાદશાહ તો નામનાજ છે. શાહજાદો દારાશિકોહ મારા હાથનું રમકડું છે. હું ધારીશ ત્યારે બાદશાહ થઇ શકીશ. હમણાં પણ દિલ્લીનો બાદશાહ હું જછું. તમને કહું તે સાંભળો. જે વેળા હું બાદશાહ તે વેળા તમેજ મારા વજીર. લ્યો આ વચન, પણ સરત માત્ર એક ! તમારી ભાણેજ તારાનું લગ્ન.

આટલું કહેતાંમાં તો અનુપસિંહે કમ્મરેથી તલવાર ખેંચી. સલાબત ચુપ થઇ ગયો. અનુપસિંહે તલવાર હાથમાં લઇ કહ્યું. શેતાન ! ત્હારૂં લોહી પીઇશ ! શું તું અમને બાયલા સમજે છે? અમે ક્ષત્રિ છીએ ! અમારી પતિવ્રતા સ્ત્રી પુત્રીઓનું નામ દીધું તો જીભ કાપી નાંખીશ.

સલાબત ઘાસમાંજ અડધો આડો પડી ગયો. તેને ખાત્રી થઈ કે અનુપસિંહ તલવાર ખેંચી દેશે. તે ડરી ગયો તેણે કહ્યું ! નહીં, નહીં, અનુપસિંહ હું તો અમથો કહેતો હતો.

"ચુપ રહે, હરામખોર ! તમે યવનો, બ્હેન સાથે પણ લગ્ન કરો તેને શરમ કેવી ! તેને વિચાર કેવો ? જેને એક વખત બ્હેન કહો, તેનીજ સાથે લગ્ન કરો તેવા ખેવકુફો અમથું નહીં પણ સાચુંજ કહે ! યાદ રાખજે ! હવે પછી કાંઈ શબ્દ કાઢયો તો !

અનુપસિંહ તલવાર મ્યાન કરી અમરસિંહ તરફ ગયો. સલાબત ત્યાંથી ઘેર ચાલ્યો ગયો. અને અમરસિંહ સાથે અનુપના પણ ઘાટ ઘડવા લાગ્યો.

પ્રકરણુ ૧૫ મુ.

પાપનો ઘડો ફુટ્યો—પુર્વ કથા.

પાપનો ઘડો ફુટયા વિના ક્યારે રહે છે ! પાપીઓ ભલે પૃથ્વીના ગર્ભમાં પેશી પાપ કરે, તોપણુ તેમનાં પાપ કર્મ એક દિવસ બોલી ઉઠે છે ! એક, બે, ચાર મનુષ્યો જાણે તેમ તે બોલતું નથી પણુ આખું જગત્ જાણે તેમ બોલે છે.

સલાબતખાં કેવા પ્રપંચમાં ફરતો હતો તે તેણે જહાનારાને કહ્યું હતું. શાહજાદી જહાંનારા એ સાંભળી ગુસ્સે થઈ હતી. પણ તે વાત તેણે બહાર કાઢી નહોતી.

મધ્યાન્હનો સમય છે. પક્ષીઓ જળની શોધમાં આમ તેમ ઉડી રહ્યાં છે. રાજમાર્ગો ઉપર મનુષ્યો જણાતાં નથી. પૃથ્વી નીચે જાણે પ્રચંડ અગ્નિ સળગતો હોય તેમ ઉપરથી તપી ગઈ છે. લોકો બારી બારણાં બંધ કરી, થંડકમાં પડયા છે.

શાહજાદી જહાંનારા પોતાના મેંહેલમાં બેઠી છે. તેની આસપાસ દાસીઓ વાર્તા કરી રહી છે. એટલે બાદશાહ શાહજહાં તેના મહેલમાં આવી પહોંચ્યા. બાદશાહ પુત્રી ઉપર ઘણો પ્યાર રાખતા હતા. અને તેના કહેવા પ્રમાણેજ વર્તતા હતા. બાદશાહે આવી કહ્યું. કેમ, બેટી ! તબીયેત કેમ છે !

" પિતાજી ! તબીયેત ખુશીમાં છે."

" બેટી ! રાજયદ્વારી બાબતો પુછવા માટે કેટલાક દિવસથી વિચાર થયો હતો. આજેજ અવકાશ મળ્યો."

" મ્હારાં ધન ભાગ્ય !"

" બેટી ! શું કહું ? રાજ્યમાં હમણાં ઘણી ખટપટ ચાલે છે, રાવકરણુસિંહ અને રાવઅમરસિંહનાં માણુસો વચ્ચે હમણાં મોટી લડાઇ થઇ હતી. એ બન્ને મારા ડાબા જમણા હાથ પેઠે મદદગાર છે. કોઇ ઉપર ગુસ્સે થવાની મારી ઇચ્છા નથી. પરંતુ કોઇ પણ પ્રયત્ને તેઓ બન્નેમાં સલાહ રહે એવીજ મારી ઇચ્છા છે. પણ બેટા, એ રાજપુત લોકો માનતા નથી.

" પિતાજી ! આપના વિચાર સર્વોત્તમ છે. નાગોડની સરહદપર એક બાહોશ સરદાર નીમી આપો, અને તેની પાસે કેટલાક સિપાઇયો પણ આપો કે જેથી ફરી લડાઇ થાય નહીં. અને જે પહેલાં લડાઇનું બહાનું કરે તેનેજ ઠપકો આપવો. " જહાંનારાએ સલાહ આપી.

" હા !" બાદશાહે એક સોફા ઉપર પગ લંબાવતા જવાબ આપ્યો. તારી સલાહ વાજબી છે. મેં તેવોજ બંદોબસ્ત કર્યો છે.

" તે તો ઠીક પણ એક ભલામણ છે. જે સરદાર સરહદ ઉપર નીમો તે એવો હોવો જોઇએ કે બક્ષી સલાબતખાં સાથે કાંઇ ખાનગી સંબંધ ધરાવતો હોય નહીં. "જહાંનારાએ

ધીમેથી ચીણગારી સળગાવી.

એ સાંભળી બાદશાહ જરાક આશ્ચર્ય પામ્યો. તેણે પુછ્યું: એમ કેમ!

"પિતાજી, આ સઘળી લડાઈનું મૂળ એજ છે.

"હેં! શું સાચું!" બાદશાહે વધારે અજાયબ થઈ પુછ્યું."

"પિતાજી, સલાબત બહારથી અમરસિંહ સાથે મિત્રતા ગમે તેટલી રાખે છે પણ તેના અંતઃકરણમાં ઝેરી છુરી છે. અમરસિંહની પાછળ વેનું સર્વ નાશ કરવાની તેની ધારણા છે." જહાંનારાએ ભેદ ઉઘાડયો.

"અહા! બેટી! તું બડી ચાલાક છે, હોંશિયાર છે. રાજ્ય ખટપટની ખુબ ખબર રાખે છે. વારૂ પણ સલાબતને એમ કરવાનું કારણ?" બાદશાહે શાબાશી આપતાં કહ્યું.

"પિતાજી, શું આપને ખબર નથી કે રાવ અમરસિંહની પુત્રી તારા, ઘણી સુંદર છે, સલાબત તેના ઉપર મોહિત થયો છે, અને અનેક પ્રયત્ને તે સુંદર સ્વરૂપા સાથે લગ્ન કરવા તયાર થયોછે. કરણસિંહને ચઢાવીને લડાઈ ઉભી કરીછે. અને હજી પણ અનેક લડાઈઓ ઉભી કરાવશે. જહાંનારાએ બધો ભેદ ફોડી નાંખ્યો.

બાદશાહ આ સાંભળતાંજ ગુસ્સે થઈ ગયો. સોફા ઉપરથી અડધા બેઠા થઈ, બે હાથ ટેકવી તેણે પુછ્યું. શું આ તદ્દન સત્ય?"

મ્હારે જુઠું કહેવાનું કાંઈ પણ કારણ?" શાહજાદીએ ઉત્તર આપ્યો.

"શાબાશ છે તને બેટા! એ પાપીના પાપ કર્મથી મ્હને વાકેફ કર્યો. એ ઘણુંજ સારૂં થયું. લડાઈનું કામ એજ હરામખોરનું હશે હરામખોર માણસો, પોતાની નીચ ધારણા પુરી પાડવાને એવાં એવાં પાપી કૃત્યો કરે છે પરન્તુ તેઓ તેની શિક્ષા મેળવ્યા વગર રહેતા નથી. એ લડાઈની ખબર પણ મ્હને એણેજ આપી હતી. પણ બેટી! તારાનાં લગ્ન તો મારા મદદગાર મિત્ર રાણા જગતસિંહના પુત્ર રાજસિંહ સાથે થવાના છે. શું વે તને ખબર છે!" બાદશાહે પુછ્યું.

"જી હા, હું તે જાણું છું."

"એવું જાણવા છતાં પણ સલાબતખાં તારા ઉપર દૃષ્ટિ નાંખે એ કેવું ગેરવ્યાજબી! રાજપૂતો એવા ડંસીલા છે કે જો ગુસ્સે થાય તો આપણું રાજ્ય પણ ઉંધુ વાળે ત્યાં પછી સલાબતનો શો હિસાબ?"

"જી હા, પિતાજી, રાજપૂતોની બહાદુરીથી કોણ અજાણ્યું છે. મુખ્ય કરી સ્ત્રીઓ માટે તો તેઓ જાતિ, દેશ, અને દ્રવ્ય ભંડારની આહુતિ આપે એવા છે. અને તેમાં પણ વળી અમરસિંહ! પિતાના એક શબ્દને ખાતર દેશ ત્યાગ કર્યો તેજ!!

બાદશાહે જરાક અજાયબ થઈને કહ્યું: બેટી! અમરસિંહ જેવો બહાદુર વાત સાંભળતાં-માથું ધડથી જુદું કરી દે."

"પિતાજી રાજપૂતો ગમે તેવા પણ હિંદુ છે, વિચાર કર્યા વિના ડગલું ભરે નહીં, તેને કાને એ વાત ગઈ છતાં પણ સલાબતને ફક્ત ઠપકો આપી કાઢી મુકયો. હિન્દુઓમાં શાન્તતા ક્ષમા અને વિચાર એ તો મુખ્ય ગુણજ છે." જહાંનારાએ નેત્રોના હાવભાવ કરતાં કરતાં

સલાબતનું કોટિયું ઉંધું વાળ્યું. બાદશાહ પણ તેનાં નેત્રભાવથી, તેની સુંદરતાથી આશક્ત થઈ તેનો હાથ પોતાના હાથમાં લઈ જોવા લાગ્યો. જહાંનારાએ આગળ ચલાવ્યું. તમે સલાબતને સાફ કહી દેજો કે તારા કે અમરસિંહનું નામ દેવું નહીં નહીં તો જીવનું જોખમ થશે.

"હા, બેટી ! તે બંદોબસ્ત જરૂર કરીશ. પણ એક વાત યાદ આવી. વારૂ દારા પણ તારાબાઇ ઉપર મોહિત થયો છે. એ વાત શું ખરી છે ?

"જી, તે મ્હને ખબર નથી." જહાંનારાએ એટલું કહી બાજી પલટવા માંડી. દારા પણ તારાના રૂપમાં અંધ બન્યો હતો છતાં તે જાણે જાણતીજ ન હોય તેમ બોલવા લાગી. બાદશાહ શાહજહાં તેના ચંદ્ર સદ્રસ મુખમંડલ સ્હામુ જોઇ રહ્યા. તેના માખણના પિંડ સમાન ગાલ ઉપર લાલી ચળકતી હતી. આરસના કટકા સમાન ચમકતા લલાટ તરફ, મૃગ સમાન ચંચળ નેત્ર સ્હામું, કોકિલ સમાન કંઠોચ્ચાર સ્હામુ, અને સર્વાંગે સુંદર નાજુક યુવાવસ્થાના મદમાં આવેલી રતિદેવી સમાન શોભતી શાહજાદી સ્હામું વારંવાર તૃષિત નયને જોવા લાગ્યો. બાદશાહે થોડીવારે પુનઃ પ્રશ્ન કર્યો.

"પણ બેટી" બાદશાહે બેઠાં થઇ, જહાંનારાંના હાથમાંથી પાનની બીડી લઇ મુખમાં મુકતાં કહ્યું: કદાચ એ વાત જુઠી પણ હોય, તારાનું લગ્ન રાણા જગતસિંહના પુત્ર રાજસિંહ સાથે નકકી છે તો પછી મારે દારા સાથે એ સંબંધ શામાટે કરાવવો. અને જાણી જોઇને સુતેલા સિંહોને શામાટે છંછેડવા ? રાજપૂતો સાથે શત્રૂતાનુ બીજ રોપવા મ્હારી ઇચ્છા નથી. જો આ કામમાં રાણા જગતસિંહનો હાથ ન હોત તો તારા સાથે દારાનું લગ્ન કરાવી દેત. કેમ તું શું કહે છે ?"

જહાંનારા પકકી રાજ્ય ખટપટી યુવાન સ્ત્રી હતી. તે જે તરફનું પલ્લું નમતું તેમાં ચઢી બેસતી. બાદશાહ અને શાહજાદાને હાથમાં રાખતી. તેમજ દાવ આવે સોકટી મારતી. તેણે આ વખતે પણ તેમજ કર્યું. તે બોલી:

'હા. જી, મારી પણ તેજ સલાહ ! પણ મેવાડના હઠીલા, શૂરા રાજપૂતોને છંછેડવા અને નાહક વિપત્તીમાં પડવું એ મારી સલાહજ નથી."

"શું રાજપૂતોને છંછેડવા ! બેટી એ વાત તો ભૂલીજ જવી. તોપણ હું બેઇમાન નથી. કેટલાક મુસલમાન રાજાઓ હિંદુઓની મદદનો ઉપકાર માનતા નથી. તેવો હું નથી. સાંભળો ! દિલ્લીની રાજ્યગાદી માટે જે વખતે અમારે માંહોમાંહે તકરાર થઇ તે વખતે મેવાડના મહારાણા કરણસિંહ અને બીજા કેટલાક રાજપૂતો મ્હારી મદદે હતા. તેજ વખતે મેં મારા મોટા ભાઇ ઉપર દિલ્લી ચઢાઇ કરી, તેમાં મ્હારી હાર થઇ. તે વખતે મને કરણસિંહ સિવાય કોઇએ આશ્રય આપ્યો નહીં. હું તેમના પરોણા તરીકે ઘણો વખત ત્યાં રહ્યો હતો પણ તેમણે મારી એવી બરદાસ્ત કરી કે હજુ સુધી તે હું ભુલતો નથી. રાણા કરણસિંહ પછી જગતસિંહે પણ તેવીજ સેવા કરી, ત્યાર પછી હું ગુજરાત તરફ ગયો. એટલામાં મારા પિતા પણ મૃત્યુવશ થયા. તેજ વખતે જગતસિંહે મને પત્ર લખી

તેડાવ્યો અને ઉદયપુરમાં મ્હોટી ધામધુમ કરી દિપોત્સવી પેઠે ઉત્સવ કર્યો. રાજ્યમંદિરમાં ભવ્ય દરબાર ભરી મને ઘણું માન આપ્યું હતું. તેમજ દિલ્લીમાં પણ મ્હોટા મ્હોટા રાજપૂત રાજા, સરદારોએ મને ગાદી ઉપર બેસાડી "શાહજહાં" નામ પાડી નજરાણું ભેટ આપ્યું હતું."

બાદશાહે એટલું કહી પાણી માગ્યું. રાજપૂતોની ઇમાનદારીની વાતો સાંભળી જહાંનારા પણ વિચારમાં પડી. તેણે પાણી આપી કહ્યું. "પિતાજી, વાત આગળ ચલાવો."

શાહજહાં: મારા પિતાના મૃત્યુ પછી નુરજહાંએ મહા તોફાન કર્યું હતું. શેર અફગાનના પેટની એક છોકરી થઈ હતી. તેણે મારા બીજા ભાઈ શેહેરીઆર સાથે તેનાં લગ્ન કરી દીધાં. તેણે તેને ગાદીપર બેસાડવા ઇચ્છા રાખી હતી. તે વખતે જહાંગીરનો મોટો છોકરો ખુશરૂ મરણ પામ્યો હતો. પરવેજ બેવકુફ હતો. તેથી બાદશાહે મનેજ ગાદી લાયક ઠેરવ્યો. નુરજહાંને તેથી ખોટું લાગ્યું છેવટે મેં લડાઈમાં શેહેરીઆરને મારી નાંખી નુરજહાંની ઇચ્છા ધૂળ મેળવી દીધી. અને સને ૧૬૨૨માં કેટલીક અડચણોનાં થઇને દિલ્લીની ગાદી ઊપર હું બેઠો. જહાંનારા ! હવે તમેજ કહો! જેણે મને દુઃખના સમયમાં આશ્રય આપ્યો અને દિલ્લીની ગાદી અપાવવા યત્ન કર્યો તેને હું શું કરી શકું ! હું તો ખુદા પાસે હમેશાં એટલુજ માગું છું કે કોઇ પણ રસ્તે રાણા જગતસિંહનું હું ભલું કરી શકું ? તેના ઉપકારનો ભાર હું શી રીતે ઓછો કરી શકું ? બેટી ! હું કબ્રમાં રાણા જગતસિંહની વાત્સલ્યતા ભુલીશ નહીં. નેક મુસલમાનોને કુરાનમાં પણ કહ્યું છે. કે નેકી છોડવી નહીં, બદી સ્વિકારવી નહીં. નેકી કરનારને ચ્હાઓ, બદી કરનારને ધિઃક્કારો."

"સત્ય છે પિતાજી ! ઉપકાર એ તો જગતમાં મહા પૂન્યનું કામ છે. ઉપકાર કરવો એમાં શું પણ સ્વાર્થ રહિત ઊપકાર કરવો એથીજ પરમ પૂન્ય પ્રાપ્ત થાય છે. નાહક લડાઈ ટંટામાં પડવું તે કરતાં સીધે રસ્તે, ન્યાયની રીતે ચાલવું ઘણુંજ સારૂં છે. જગત્તો સારાંને સારૂં અને નઠારાંને નઠારૂં કહ્યા વિના કદી રહેતુંજ નથી. આપે જે સમયની હકીકત કહી. તે સમય કેવો દુઃખદાયક વિત્યો ? પિતાજી, સમયે બધાને એવુંજ દુઃખ." જહાંનારાએ ફરીથી થંડા જળનું એક ગ્લાસ બાદશાહના હાથમાં મુક્યું.

બાદશાહે પ્યાલો હાથમાં લઇ એક ઉંડો નિઃશ્વાસ મુકી કહ્યું. આ—હ! બેટા! તે સમયની વાતજ ન કર! તે વાત યાદ કરૂં છું ત્યારે અલ્લા જાણે છે કે મ્હારૂં કલેજું કેવું કંપે છે ? સાચું પુછે તો હું રાજપૂતોની કદર અંતઃકરણ પુર્વક કરૂં છું, કારણ કે તેથીજ મુસલમાની રાજ્ય કાયમ રહ્યું છે. જે દિવસે રાજપૂતો ગુસ્સે થયા તે દિવસે મુસલમાન રાજાઓને હિંદુસ્તાનમાંથી ન્હાસવું ભારે પડશે.

"સત્ય કહો છો પિતાજી ! એ હિંદુઓ સહનશીળ, શાન્ત પ્રકૃતિ અને વિચારવંત છે, માને તેનેજ રાજા સમજે છે, વળી રૈયત તો તમને અને શાહજાદાઓને ચ્હાવા કરતાં દારા શિકોહને વધારે ચ્હાય છે." જહાંનારાએ ઉત્તર આપ્યો.

"બેશક હિંદુઓ ઉપર રાજ્ય અમલ કરવા લાયક દારાજ છે. તે હિંદુ ધર્મ અને રીતિ, રિવાજને ચ્હાય છે, તેમજ રાજ્ય કાર્યમાં હોશિઆર છે." બાદશાહ બોલ્યા.

"જો આપની આજ્ઞા હોય તો હું દારાને સમજાવી દઉં કે તારાને મેળવવાનો વિચાર બંધ કરે."

"હા, દારાને તમે સમજાવો, હુ સલાબતને ધમકી આપીશ."

બાદશાહ એટલું કહી જહાંનારાને ત્યાંથી વિદાય થયા. જહાંનારા બાદશાહના ગયા પછી વિચારમાં મશગુલ થઈ.

પ્રકરણ ૧૬મું.

બાદશાહ અને સલાબત.

આતઃકાળનો મંદ મંદ પવન ગંગા નદીના શીતળ જળ ઉપર લહેરીઓ ફરકાવી રહ્યો છે. વૃક્ષલતાઓ ઉપરથી પાંદડાં ખરી પડી ઝાડને નગ્ન બનાવી દીધાં છે. પૃથ્વી ઉપરનું લીલું ઘાસ રૂપેરી પરિધાન ધારણ કરી રહ્યું છે. બાદશાહ શાહજહાં મેહેલના એક દિવાનખાનામાં બેઠા બેઠા હુક્કો ગગડાવે છે. બે ચાર હુજુરીઆઓ હાથ જોડી ઉભા છે. જેમ જેમ અમલદારો આવતા જાય છે તેમ તેમ રાજ્યના કુશળ સમાચાર પુછતા જાય છે. થોડી વારમાંજ રાવ અમરસિંહ આવી પહોંચ્યા. બાદશાહને નમી સલામ કરી બાદશાહે હાથ લંબાવી પોતાની પાસે બેસાડી પુછ્યું: કેમ રાવ! રાજ્યમાં કેમ ચાલે છે?

"જી! હુજુર સર્વ સ્થળે કુશળ છે." અમરસિંહે ધીમેથી જવાબ આપ્યો. બાદશાહે જોયું કે આજે અમરસિંહનું મ્હોં જરાક ઉતર્યું છે. બાદશાહ, રાવ અમરસિંહને ત્યાંથી જોડેના ઓરડામાં લઈ ગયા, બન્ને જણ સ્હામ સ્હામું બેઠા. બાદશાહે પુછ્યું: રાવ, એક વાત તમને પુછવી છે. સાચું કહેજો.

"બાદશાહ સલામત. મેં આપના પ્રશ્નનો ક્યારે જુઠો ઉત્તર આપ્યો છે! અમરસિંહે નમ્રતાથી કહ્યું:

"રાવ, હું જાણું છું કે તમે રાજપુતો, નિમકહલાલ, વિશ્વાસુ અને સત્યવાચક છો. તમે ખોટું લગાડતા નહીં, હું ખરી વાત જાણવા માંગું છું. વારૂ, તમારે અને સલાબતને કોઇ

દિવસ કાંઇ પણ વાતચિન્ત થઇ હતી ?

"જી, હા, એક દિવસ તે હરામખોરે, વાત કરતાં કરતાં મારી પુત્રી તારા સંબંધી કાંઇક વાત કરી હતી, બાદશાહ સલામત ! હું તેજ વખત તેની જીભ કાપી નાંખત પણ અમારા હિંદુશાસ્ત્રમાં કહ્યું છે કે "ક્ષમા કરો, પાપીઓને તેના પાપનો બદલો મળશે. ગુસ્સાને દબાવો. હું તેજ પ્રમાણે ગુસ્સાને દબાવી ગયો. અને મેં તેને વિશેષ કાંઇ કહ્યું નહીં. જહાંપનાહ ! મ્હારી પુત્રી એ આખા રાજ્યના અમલદારોની પુત્રી બરાબર કહેવાય. સલાબતખાં જેવો મોટો અમલદાર આ પ્રમાણે બદઘાનત રાખે એ ઠીક કહેવાય નહીં. વળી જુવો, મ્હારે કર્ણસિંહ સાથે કાંઇ તકરાર નહોતી છતાં એણેજ ખોટી રીતે તકરાર કરાવી, ભારે રણ સંગ્રામ મચાવ્યું. જો કર્ણસિંહ દીર્ઘદર્શી, વિચારવંત હોત તો લડાઈ થવા પામતજ નહીં."

"મ્હારા બહાદુર રાવ ! હિંદુઓનો ખરો ગુણ હું સમજું છું. શાન્ત પ્રકૃતિ અને દયા, એ હિંદુઓનો મુખ્ય ગુણ છે. એ ગુણને પ્રભાવે તો હિંદુઓએ હજારો વર્ષ રાજ્ય કર્યું. પણ માંહોમાંહેના કુસંપની ફુટાફુટ, ઇર્ષા અને મદને લીધે રાજ્ય ગુમાવ્યું. રાવ ! એ સઘળી વાત મને મળી છે, હું સલાબતને સખ્ત ઠપકો આપીશ."

"જી, હુઝુરની જેવી મરજી, નહીં તો એનું માથું ધડથી જુદું થઇ જશે." અમરસિંહના મુખમાં એ શબ્દો હતા. બાદશાહે ઉઠી અમરસિંહનો હાથ ઝાલ્યો અને બન્ને દિવાનખાનામાં આવ્યા. અમરસિંહ રજા લઈ ચાલ્યો ગયો. બાદશાહના મનમાં એ વિચારો ઘોળાયા કરતા હતા. એટલામાં સલાબતખાં આવ્યો. તેણે બાદશાહને નીચે નમી સાત સલામો કરી. બાદશાહ જોકે ગુસ્સે હતા તો પણ ડોકું ધુણાવી બેસવા કહ્યું.

સલાબત રોજ બાદશાહ પાસે આવતો તે વખતે બાદશાહ હસતે મ્હોડે બોલાવી આવકાર આપતા અને નવા જુની ખબરો પણ પુછતા પરંતુ આજે તેમ થયું નહીં. બાદશાહનો ચ્હેરો ગુસ્સા ભરેલો માલમ પડી આવ્યો. થોડીવાર સુધી સલાબતના ચ્હેરા સ્હામું બાદશાહે જોયા કર્યું. પછી પૂછ્યું.

"સલાબતખાં ! કુરાને શરીફમાં ઇન્સાનને શું ભલામણ કરી છે?"

"જહાંપના ! ઘણી નસીહતો આપી છે."

"કેવી રીતે વર્ત્તનાર ઉપર ખુદાતાલા રાજી રહે છે ?"

"નેકીને સ્વીકારે, બદીને ધિક્કારે અને પાક રહી ખુદાની બંદગી કરે."

"જે વસ્તુ ઉપર બીજાનો હક છે તે વસ્તુ લેવા ઇચ્છા કરવી એ શું કુરાનમાં ગુનાહ ગણાય છે કે નહીં ?"

અરરરર ! જી, હુઝુર ! પારકી વસ્તુ લેવી એ તો મ્હોટો ગુનોહ લખ્યો છે, ખુદા, પરવરદેગાર તેને ઘણી સજા કરે છે.

"તમે કદાચ તેવો ગુનોહ કરો તો ?"

"શાહજહાં ! તો હું પણ શિક્ષા પાત્ર થાઉં."

"કદાચ તમે તેવો ગુન્હો કરી ચુક્યા હોવ તો ?"

" નહીં રે હુજુર ! મેં તેવો કાંઈ ગુન્હો કર્યોજ નથી."

" સલાબતખાં ! રાજ્યના ઘણા વરસના જુના નોકર છો તેથી તમને બીજું કાંઇજ નહીં પણ એટલીજ શિક્ષા કે એક વરસ સુધી દરબારમાં હાજર થવું નહીં. જુવો, તમારો ગુનાહ, રાવ અમરસિંહની પુત્રી ઉપર ધાનત બગાડી, અમરસિંહ અને કર્ણસિંહ વચ્ચે યુદ્ધ જગાડયું. બોલો, સાચું કહો." બાદશાહે જરાક વધારે ગુસ્સો દેખાડી પુછ્યું.

સલાબતખાં જરાક ગભરાયલ ચ્હેરે આશ્ચર્ય બતાવી બોલ્યો. બાદશાહ બાહાદુર ! શું હું એવો અપ્રાધ કરૂં એ તમને સત્ય જણાય છે ! હા, આજકાલ એક બીજાના દુશ્મનો રાજ્યમાં કાન ભંભેરણી કરી રહ્યા છે. મારા પણ ઘણા દુશ્મનો છે. માટે તેવી ભંભેરણીને વશ ન થતાં આપને જેટલું નજરે જણાય તેટલુંજ ખરૂં માનવું."

" ચુપ રહો, ચુપ રહો." બાદશાહે ડોળા કાઢી ધમકાવ્યો. હજુ તમે વધારે પાપમાં શા માટે પડો છો, સઘળું કાવત્રું પકડાઇ ગયું છે. રાજ્યના મોટા અમલદારો પ્રપંચ કરે અને બાદશાહના જાણવા છતાં આંખઆડા કાન કરે એ મારાથી નહીં બનશે. તમને એટલુંજ કહું છું કે હવે પછીથી જો એ સંબંધી વાત સાંભળીશ તો તમને ભારે શિક્ષા કરીશ." બાદશાહે સક્ત જુલાબ આપ્યો.

સલાબતખાં હવે વિશેષ બોલી શકયો નહીં. પાપીની જીભ હમેશાં વહેલી અચકાય છે. તેનું હૃદયજ તેને ડંખે છે. સલાબત પૃથ્વી સ્હામું જોઇ રહ્યો. મનમાંજબબડવા લાગ્યો. સઘળી વાત રાવે કે એના શાળાએ કહી હશે. નહીં તો આ વાત બહાર પડે નહીં પણ ખેર, એજ તારાને જ્યારે હું હાથ કરીશ ત્યારેજ હું મીર બક્ષી સલાબતખાં." એટલું કહી તેણે બે હાથ જોડી બાદશાહ પાસે રજા માગી. બાદશાહે ડોકું ધુણાવી રજા આપી.

સલાબત આખે રસ્તે એના એજ વિચાર કરતો ઘેર ચાલ્યો ગયો. વિશાળ મકાનની અગાશીમાં બેસી વિચાર કરવા લાગ્યો. "હવે શું કરવું ! કયો રસ્તો લેવો ! તેજ વિચાર કરતો હતો. પરંતુ પહેલાં કરતાં આજે તેને વિશેષ ગુસ્સો ચઢયો. તેની નજર આગળ " તારા તારા," દેખાવા લાગી. એક તારાને બદલે હજારો તારા પોતાના સુંદર સ્ંગારો સજી, મોહિની રૂપે સલાબતને લલચાવા લાગી. સલાબત પણ જાણે હજાર નેત્રોવડે તેમને જોવા લાગ્યો. તે સુંદરીઓએ જાણે તેને નચાવવા માંડયો હોય તેમ તે પણ હાથના ચાળા કરવા લાગ્યો. પોતે કયાં છે તે ભાન ભુલી ગયો. જાણે તારા અનુપમ સ્ંગાર સજી હવે તેના સ્હમું ઊભી છે. બીજી તારાઓ અગાશીની આસપાસ સંતાઇ ગઇ. નજર સ્હામી ઉભેલી તારાની દિવ્ય પ્રતિમા જોઇ તે કાંઇક ગણગણવા લાગ્યો. પછી તો ઉભો થઈ તેને ભેટવા હાથ લંબાવ્યા. તેમ તેમ તારા જરાક પાછી ખસવા લાગી. સલાબતખાં ભાન ભુલી ગયો. તે ખુરશી ઉપરથી ઉઠી ધીમે ધીમે તારાને પકડવા ચાલ્યો. તેમ તેમ તારા વેગળી જવા લાગી. આગળ તારા પાછળ સલાબત એમ થતાં અગાશીનો ધોરો સલાબતના પગે અથડાયો, અને સજ્જડ વાગ્યું. તેણે પગ સ્હામું જોયું. પગે લોહી નીકળ્યું તે નહીં ગણતાં ઉંચે જોયું. તો તારાની મૂર્તિ દેખાઇ નહીં. તે અફસોસ કરતો પાછો ઘરમાં ગયો.

પ્રકરણ ૧૭ મું.

પ્રેમનો પાસ.

રાવ અમરસિંહનો મેહેલ ! રાત્રિના બાર વાગ્યાનો સમય ! પ્રાણી માત્ર નિદ્રાની સોડમાં ! મહેલનું એક શયનાગાર જુદાંજુદાં ફરનીચરોથી ભરેલું છે. કાચના મ્હોટા આરસા, મ્હોટા લેમ્પોમાં બત્તીઓ ઝાંખો પ્રકાશ આપેછે. વૃક્ષોની ઘટામાં આવેલી એક બારી પાસે પલંગ જણાયછે. ઝીણી મચ્છરદાની ફરફરે છે. તેમાં કોઈ નિદ્રા લે છે. વાંચનાર ! તે કોણ છે ? જે હોય તે પણ આપણે તેને હમણાં ઓલખી શકતા નથી. ચાલ, ત્હને મહારી સાથે તે મેહેલની મુસાફરી કરાવુંછું, તું બરોબર જોજે કે તે કોણછે. ત્યાંની શોભા કેવી અપૂર્વછે. ત્યાંની પ્રૃથિ કેવી ચમત્કારિક છે. અનુભવ થશે ત્યારેજ તું કહેશે કે એ દૈવિસ્થાનછે.

હમણાં આપણે મેહેલના તે શહન ગ્રહમાં ગયા છીયે. ગ્રહનાં બારણાં બંધ છે. ચાલો ત્યારે આપણે બારીને રસ્તેજ તેમાં જઇયે. હા, પણ બારીને માર્ગે પ્રવેશ કરતાં કોઈ જુવે તો ? તો શુ ? આપણે બન્ને ચોર ઠરીયે. વાંચનાર, તું ધૈર્ય રાખ. આપણે ચોરી કરવા જવું નથી. માત્ર અવલોકનાર્થેજ ત્યાં જવું છે ત્યારે પછી ચોર શા માટે કહેવાઇશું ? ચાલ, ઝટ પગ ઉપાડ અને તે પલંગની બાજુથી અંદર પ્રવેશ કર.

તે શયનાગારમાં પ્રવેશ કર્યો છે. આસપાસ જોતાં અમે ચકિત થઇયે છીયે. આટલું ભુવન જોતાંજ આખા મેહેલની ખુબીનું ભાન થાયછે. રાવ અમરસિંહ રાજપૂતછે. તેનું ભુવન પણ રજવાડી ઠાઠ માઠવાળું હોય તેમાં નવાઇ નથી. સઘળો ઠાઠ જોયો, હવે પેલા પલંગ તરફ નજર કરીયે. તેની મચ્છરદાની ધીમેથી ઉપાડી જોતાં કોઇ નવયૌવના, સુંદર બાલિકા, ત્રૈલોક્ય મોહિની, મદભર નયનાં, ગૌરપિત્ત વર્ણી નિદ્રાવશ થયલી છે. તેના શરિરનું ગૌરપણું જોવું હોય તો ચંદ્રની ઉજ્વળતા જુવો, તેનાં કપાળની ભવ્યતા જોવી હોય તો આકાશમાં થતા વીજળીના કટકા જુવો, તેના મુખકમળની લાવણ્યતા જોવી હોય તો સરોવરમાં ખીલતાં કમળની સુંદરતા જુવો . તેના બીડાયલાં નેત્રની તુલના કરવી હોય તો કમળનાં બીડાયલાં પત્રો જુવો. તેના હોઠની રૌતતા જોવી હોય તો પરવાળાના રંગને જુવો. જમણું પાસું ફેરવી સુતેલી આ બાળકીના હ્રદય ઉપર ગોઠવેલા બે ન્હાનાં શિખરોની મનોહરતા જોવી હોય તો દેવાલયો ઉપર ગોઠવેલા સોનાના કળશો તરફ નજર કરો. પહેરેલા વસ્ત્રને ઉપમાં આપવી હોય તો ચંદ્રને વારંવાર ઢાંકતાં સફેદ વાદળાં સ્હામું દ્રષ્ટિ કરો. મસ્તિકના વિખરાયલા, છુટા પડેલા વાળને નિહાળી પ્રતિજ્ઞા કરવી હોય તો ચંદ્રની આસપાસ ફરતી કાલી વાદલીઓનું સ્મર્ણ કરો. પછી કહો કે પલંગ ઉપર સુતેલી બાલિકાનુ અનુપમ રૂપ, માધુર્ય, લાવણ્ય અને સુંદરતામાં શું ખામી છે ?

વળી જુવો ! તેનો હાથ જરા ઉંચો થાયછે. તેનાં કંકણો ખખડે છે. તે સ્મિત હાસ્યછટાથી આનંદ આપે છે. વે ઘડીકમાં રડવા જેવું મ્હોં કરેછે. તે આંગળી વતી કંઇક દેખાડે છે. તે હાથ પછાડી નીરાશ થાય છે. એ ત્હેને શું થાય છે ? આપણે તો કલ્પના કરીએ છીયે આ ફકત તેનું સ્વપ્નું છે. સ્વપ્નાનોજ આનંદ છે. સ્વપ્નાનોજ સંકેત છે. સ્વપ્નાનોજ ઉદ્વેગ, સ્વપ્નાનોજ પ્રભાવ છે. વાંચનાર ! જુવો ! હમણાંજ દાદરમાં ખખડાટ થયો હવે આપણે ન્હાસી ચાલો. નહીં તો આપણે ચોર ઠરીશું.

દાદરમાં ખખડાટ થયો. ધીમેથી કોઇક સમાન વયસ્ક યુવાન બાલિકા ઉપર આવી તેણે બારણામાં આંગળી ઘાલી ઝટ ઉઘાડ્યું. ધીમેથી શયનાગારમાં પેઠી. પલંગ ઉપર સુતેલી યુવતીને બરોબર જોવા લાગી. તેના સર્વ ચિન્હો જોઇ હસવા લાગી. હજુ પણ તે સ્વપ્નામાંજ હતી. તેના મુખ ઉપરથી એકાએક હાસ્યછટા જતી રહી. તે રડવા લાગી. તેના પાસે ઉભેલી યુવતીએ પોતાના રૂમાલવડે નેત્રો લુછ્યાં. તોપણ સુતેલી બાલિકા જાગી શકી નહીં. હજુ પણ તે ઉંઘમાંજ હતી. સુતેલી બાલિકાએ આંસુ લુછનારના બંન્ને હાથ પકડી—નિદ્રામાંજ બોલવા લાગી.

"ન—હીં—નહીં—જવું—શા—મા—ટે. ? યુવતિએ કંઇક કળી કાઢ્યું. સ્વપ્નાનો ભાવ જાણી ગઇ. તેણે બે હાથ ખેંચી લીધા. પુનઃ તે બોલીઃ બસ—આ—મ—જ ? ના—થ—ના—થ—આત્મ—હ—ત્યા—"

એટલું બોલી તે બે હાથ જોડી કાલાવાલા કરવા જેવી દેખાઇ. આથી યુવતી વધારે સમજી. તેણે ફરી બે હાથ તેના હાથમાં મુકયા. બંન્ને હાથ લઈ બાલિકાએ છાતી સાથે, નેત્રો સાથે દાબ્યા. હોઠ આગળ લઈ જઇ જોરથી વારંવાર ચુંબન કર્યાં અને છાતી સાથે દબાવી રહી. તેણે કહ્યું. નહીં,—ચિ-ત—ને—ચોરનાર—મ્હારા હૃદય—ના—હાર—દુષ્ટ—તે—દા—થે—મરવા—કરતાં—ત—મારી—ન—જ—ર—આગળ—મરૂં—બસ, હવે તે વધારે બોલી શકી નહીં. તેણે હાથને છોડી દઇ ડાબું પાસું ફેરવ્યું ! યુવતીએ ફરીથી જરા ગમ્મત કરવા માડી. બે હાથ પાછા આપ્યા. તેણે તરછોડી નાંખ્યાં. ત્યારે તેણે ગાલ ઉપર હાથ મુકયા અને આંગળી ઝાલી દબાવી. આંગળી દબાતા તે જાગી ઉઠી. પલંગપર બેઠી થઇ. યુવતી પલંગ નીચે સંતાઇ ગઇ. બાલિકાએ ઉઠી આસપાસ જોયું પણ કોઇ દીઠું નહિં. તે આપપાસ ફરવા લાગી. કંઇક બબડવા લાગી. કોઇકને શોધવા લાગી. આરસા પાછળ, કબાટો [illegible], અને પેટીઓ ઉપર જોવા લાગી, નિઃશ્વાસ મુકવા લાગી. તે વિચારવા લાગી.

આ શું ? સ્વપ્નમાં કેવો પ્રભાવ ! શું તેમણે તો દર્શન નહીં દીધાં હોય ? પ્રાણ વિનીમય વિદ્યા જાણનારાઓ સુક્ષ્મરૂપે હજારો માઇલ જાય છે, બીજાના પ્રાણમાં પ્રવેશ કરેછે. તેમ તો નહીં હોય ? ભુતપ્રેતો બીજાને દર્શન આપે છે. તેમ તો નહીં હોય ? એક મ્હોટા આરસા સ્હામાં ઉભા રહી પોતાના રૂપને નિહાળતી. બબડવા લાગી. વળી તે વિચારવા લાગીઃ શું આ આરસામાં તો નહીં ભરાયા હોય? "આરસાની આસપાસ આંગળી લગાડી તપાસવા લાગી. તેણે કહ્યું. નાથ બહાર આવો ! દર્શન આપો ! શું રાજપૂતોનાં આવાં લક્ષણ હોય ?

આવો કઠોર સ્વભાવ હોય? પ્રાણ, શું પ્રેમને ઓળખતા નથી? શું "પ્રેમ"નું મહત્વ જાણતા નથી? શું હજુ બાળક નથી? આવો, આવો, બહાર આવી એકજ શબ્દ બોલો, નાથ! ફક્ત એકજ શબ્દ બોલજો, પછી ચાલ્યા જજો.

આરસા સ્હામું આંગળી કરતી સજ્જડ બની ગઈ. ચુપ થઇ ગઇ. જાણે આરસામાંજ કોઇ ભરાયું છે તે હમણાં નીકળશે એમ જાણી તે તરફ જોતી ઉભી.

યુવતી પલંગ નીચેથી ધીમે ધીમે તેની પાછળ આવી ઉભી. તેણે તેની બંન્ને આંખો દાબી દીધી. તે વધારે ગભરાઇ. શું હું ધારૂં છું તેજ હશે કે કોઇ બીજું? તેથરથર ધ્રુજવા લાગી. તેણે પુછ્યું? તમે કોણ?

"તું જેને શોધે છે તેજ."

"નક્કી. તમે તેજ છો."

"હા, હું નક્કી તેજ છું."

"નીશાની આપો જોઉં."

"નીશાની એજ કે ત્હને સ્વપ્નામાં દર્શન દીધાં અને તેં આત્મહત્યા કરવાનું કહ્યું."

એ સાંભળતાંજ તેણે એકદમ બંન્ને હાથ પકડી ચુંબન કરવા લાગી. પણ જ્યારે તેનાં હાથનાં કંકણો જોયાં અને મુખમુદ્રા જોઇ ત્યારે શરમાઈ જઈ નીચું જોયું. તેણે જરાક ગુસ્સો બતાવી કહ્યું. !

"સુશિલા, તું તો બહુ અટકચાલી છે. રાત્રે પણ ભટકવા નીકળી છે. ? ત્હને કોઇ કહેનાર છે કે નહીં?"

"મારી વાત વો વેગળી મુક પણ ત્હારીજ વાત કહે કે ત્હને કોઈ કહેનાર છે કે નહીં?"

"મ્હને ઘણાએ કહેનાર છે. મ્હારા પિતા જો કાંઇ પણ જાણે તો મ્હારા શરિરના કટકા કરી નાંખે."

"જો એટલો બધો ધાક હોય તો પ્રિતીના પાસમાં સપડાઇ સ્વપ્નામાં પણ પ્રિયતમને પકડવા દોડે નહીં અને આત્મહત્યા કરવા તયાર થાય નહીં."

"એ તો સ્વપ્ન તે સ્વપ્નજ. ત્હેં કયારે જોયું છે?"

"જ્યારે તું "પ્રાણ, પ્રાણ, શું પ્રેમને ઓળખતા નથી, એકજ શબ્દ બોલો, આત્મહત્યા કરીશ." એવા એવા શબ્દો કહ્યા ત્યારે જોયું છે."

બાલિકાએ હસતાં હસતાં વાત ફેરવી નાંખી કહ્યું. સુશિલા, જોની, તું તો મ્હારી મ્હોટી બ્હેન છે. એટલે ત્હારી આગળ કાંઇ છાનું છે? સ્વપ્નમાં તો ગમે તેમ થઇ જાય તો પણ તે કાંઈ સત્ય છે? એ તો સત્ય હોય તો પણ જુઠુંજ કહેવાય? હોય, સ્વપ્નામાં તો મન ગમે ત્યાં ભટકે? તેને આપણે શું કરીયે?

"જીવ છે જીવ. હા, ખરી વાત!" તેણે લગાર હસતાં કહ્યું "જીવ છે તે તો ખરૂં પણ ઝાડ વગર કાંઇ ફુલ આવે કે? અને ફુલ વગર સુગંધ આવે કે?" યુક્તિથી વાત મનાવવા માંડી.

"સુશિલા, શું કહું ? મ્હારી છાતી ફાટી જાય છે. તેણે તો ખરેખર આજે મને વિહ્વળ બનાવી મુકી છે. તેણે પોતાની માધુરી મુર્તિનાં દર્શન કરાવી મ્હને પરવશ બનાવી દીધી છે. હજુ તેની મુર્તિ જાણે છાયારૂપે મ્હારી નજર આગળ ફરે છે. બ્હેન, યાદ છે તે દિવસનું વચન ?

"હા, યાદ કેમ નહીં." સુશિલાએ ધીમેથી જણાવ્યું. "મ્હારી તે પ્રતિજ્ઞા પુરી કરવાની ગોઠવણ ક્યારની કરી છે. અને તે પણ થોડા વખતમાંજ તને જણાશે."

"શું સાચું ? પણ આ યવનોના પંજામાંથી છુટીશું ત્યારે કની ? છુટતાં પહેલાં તો મૃત્યુ પણ કદાચ આવી પહોંચશે."

"જો, न जाने जानकी नाथः प्रभाते कीं भविष्यति ! રામચંદ્રજીને પ્રાતઃકાળમાં રાજ્યાભિષેક કરવાનું મુહુર્ત હતું તેને બદલે વનવાસ જવું પડયું. માટે ચિંતા મુકી પરમાત્માનું સ્મરણ કર કે જેથી આપણને સ્હાય થાય. હું અત્યારે શાહજાદા પાસે જાઉં છું." તેણે પોતાનાં પહેરલાં વસ્ત્રો ઉતારી નાંખી યોગિનીનાં વસ્ત્ર ધારણ કર્યાં. હાથમાં સિતાર લીધો અને જવા લાગી.

"જો જે, હોંશીઆરી રાખજે."

"તારા, તે ઠીકછે, પરંતુ હવે આજે શાહજાદાની ખોડ ભુલાવવાને મેં ગોઠવણ કરીછે".

એટલું બોલી તેણે બાલિકાના કાનમાં કંઈક કહ્યું: અને સત્વર ત્યાંથી ચાલી ગઈ.

તારા બારીએ ઉભી ઊભી સ્વપ્નાનું સ્મરણ કરવા લાગી.

પ્રકરણ ૧૮મું.

એક યુક્તિ.

મધ્ય રાત્રિનો સમય છે. આકાશમાં ઝીણી ઝીણી ચીણગારીઓ ચમકે છે. કાળાં વાદળાંમાં ચંદ્રદેવતા સંતાઇ જઇ વલી પાછો પ્રકાશ આપે છે. જગત્‌માં પ્રાણી માત્ર નિદ્રાદેવીની સોડમાં લપાઇ—સંતાઇ—રહ્યા છે. ઉન્હાળાનો દીવસ છે. તાપથી તપેલાં જનો શિતળ પવનની લ્હેરોમાં આમતેમ ડોલી રહ્યા છે. કોઇક નદીના ધાટ ઉપર, કોઇક ઘરની અગાશીઓ ઉપર, કોઇક ઓટલાઓ ઉપર, કોઇ વૃક્ષોના ઝુંડમાં, કોઇક વાટિકાઓમાં હીંચકાઓ ઉપર ખુલ્લી હવા ખાઇ રહ્યા છે. યમુના નદીનાં નિર્મળજળ લહરીઓ ફેંકી રહ્યાં છે. જળતરંગો સ્વચ્છંદે ડોલી રહ્યાં છે. વૃક્ષપલ્લવો પવનની ઝપાટાથી હાલી રહ્યા છે. જગત્ સઘળું શાંત છે. પ્રકૃતિ પોતાનો મનહર પોશાક ધારણ કરી

ર્ચિત્ જનોનાં હૃદયમાં આનંદ વર્ષાવી રહી છે. પ્રકૃતિની મધુર હાસ્ય છટા, મનુષ્યોનાં હૃદયને પ્રફુલ્લ બનાવી રહી છે.

રાવ અમરસિંહનો વિશાળ મેહેલ જાણે આકાશમાં ચંદ્રને મળવા જતો પાતાળનો કોઈ દૈત્ર હોય, ચંદ્રની શિતળતા ચોરવા જતો કોઇ તસ્કર હોય, પાતાળના સમાચાર લઇ જતો કોઈ ગુપ્ત અનુચર હોય અને કુબેરની લક્ષ્મી ચોરવા જતો કોઈ ઇર્ષાખોર કંજુસ સમૃદ્ધિવાન ગ્રહસ્થ હોય, તેમ જણાતો હતો. મહેલની શોભા અવર્ણનિય હતી. વિધવિધ પ્રકારના રંગથી રંગી તેની શોભા વધારવામાં આવી હતી. દશાવતારનાં ચિત્રો ચિતરી હિંદુધર્મનું અભિમાન દર્શાવ્યું હતું. એ ચિત્રો જોઇ મુસલમાન લોકો અદેખાઇ કરતા હતા. મેહેલની આસપાસ ઝાંખા દીવા બળતા હતા. આસપાસ બગિચો હતો. તેમાં નાના પ્રકારનાં પુષ્પો, વૃક્ષો અને લતિકાઓ મીઠી સુગંધ આપતાં હતાં. બગીચામાં પહેરેગીરે પહેરો ભરતા હતા.

મધ્યરાત્રિ ! યમુના નદિનાં શિતળ સલિલ ઉપર ન્હાની ન્હાની લહરીઓ ફરકી રહી છે. કિનારો શાન્ત છે. શિયાળવાંના અવાજ સંભળાય છે. ચંદ્રના પ્રકાશથી નદીની જુદીજ બલિહારી જણાય છે. જન સુન્ય સ્થળ જોતાં આનંદ લાગે છે.

કિનારાના એક મોટા પત્થર ઉપર જુવો; ત્યાં કોઇ એક ભગવાં વસ્ત્ર ધારી યોગિની સિતારના તાર મેળવે છે. ષડજના તાર ઉપર આંગળીઓ ફેરવે છે. જમણા હાથની પહેલી આંગળીમાં ભેરવેલી મુદ્રિકાથી વગાડે છે. તે નાજુક આંગલી નાજુક સ્વરાલાપ કરે છે. એક, બે ત્રણ તારના સુર મેળવી લીધા. હવે તે તરફોના તાર મેળવે છે. કોમળ સ્વરથી મધુર લાગતા તારો મળ્યા. હવે તેણે મધુરૂં સંગિત શરૂ કર્યું. રી ઇઇઇઇઇ—આ—આ—આ—આ રીઈઈઈ——વળી પાછી અટકી. એકલા સિતાર ઉપરજ કંઇક ગત્ વગાડવા લાગી. તેનું ડોકું જરાક હાલવા લાગ્યું. કાંઇક સંગિત્માં મસ્ત બની તે બોલવા લાગી:—

ન તો ખૂં હય્ જિગરમેં ઔર ન આંસુ આંખમેં મેરે,
મગર ખૂને મુરબ્બત દિલમેં અય્ દિલદાર બાકી હય્.

* * * *

ઇસકકે મકતબમેં મેરી, આજ બિસ્મિલ્લાહ હય્,
મુહસેં કહતા હૂં અલિફ્, દિલસે નિકલતી આહ હય્.

* * * *

બસ, યોગિનીનું ગળું અટક્યું. સિતાર વાગતોજ હતો. તેના ગાવાની મીઠાસથી, કિનારો ગાજી ઉઠ્યો. પશુઓના અવાજ બંધ થઇ ગયા. સરિતાનું જળ પણ મધુરૂં સંગિત સાંભળી શાંત થઇ ગયું. આકાશમાં ચંદ્ર પણ સ્થિર થઈ સાંભળવા લાગ્યો. આકાશ સ્વચ્છ થઇ ગયું. કિનારાપર પડેલાં નાવડાંના નાવિકો પણ નિદ્રા ત્યાગ કરી સંગિતની મેઝા ચાખવા લાગ્યા.

પુનઃ તે યોગિની ગાવા લાગી:—

અઝલ—ન કિયા જુલ્મ ગયા છોડકે બિસ્મિલ કાતિલ,
દહને જખ્મ્ પુકારા કિયા કાતિલ કાતિલ—૧.
દસ્તે નાજુકકી નજાકત જો સિપરને દેખી.
અયસી સિમટીકી હથેલીકા બના તિલ કાતિલ—૨.

પાછી જરા બંધ રહી. તેનો અવાજ નદીના રહામા કિનારા સુધી જઇ પ્રતિ શબ્દ પાડવા લાગ્યો. ગુંજવા લાગ્યો.

શાહજાદો હારાં મેહેલમાં વિચાર કરતો ઉભો હતો. નદિ ઉપર ગાવાનો અવાજ સાંભળી તેણે જાણી લીધું. તે તરતજ ચાલતો ચાલતો યોગિનીથી થોડે વેગળો સંતાઇને ઉભો. અને સંગિત સાંભળવા લાગ્યો. યોગિની ગાતીજ હતી.

જીમેં આતા હય તેરી તેગકો દિલમેં રખલું,
અયસી લયલીકો યહી ચાહિયે મહામિલ કાતિલ—૩.

* * * *

ઈદિ કુર્બાં હય તો યહી દિન હય કુર્બાનીકા,
આજ તલ્વાર કે માનિન્દ ગલે મિલ કાતિલ—૪.
દિલમેં હય ઇશ્ક તેરા, યાદ તેરી, ગમ તેરા,
રહજનોંસે હુઈ આબાદ યહ મંઝીલ કાતિલ—૫.

* * * *

શાહજાદો એક ઝાડને ઓથે ઉભો ઉભો સાંભળતો હતો. તેનું હૃદય ચિરાવા લાગ્યું. તે અત્યારે જાણે તારાનેજ બેઠેલી જોતો હતો. જાણે તારાજ તેના હૃદયના ભાવ ગાતી હોય તેમ જોવા લાગ્યો. તે નિઃશ્વાસ, ઉચ્છવાસ નાંખવા લાગ્યો. તેના હૃદયનો વિરહાગ્નિ હૃદયને ઉછાળવા લાગ્યો. તોપણ સમતાથી તે ઉભો રહી સાંભળવા લાગ્યો:—

ખીંચે તલ્વાર તો હો જાય દોચંદા જોબન,
તેગે ખમ્રાસ્ત દિલકી મહે કામિલ કાતિલ—૬.
સરસે સીનેમેં ઉતર આએ, જીગરસે દિલમેં;
તેરી તલ્વાર કરે કત્લ મનાજિલ કાતિલ—૭.

* * * *

ચાર આઇનઃ અનાસિરકા ઉતારૂં ફેંકું.
જખ્મ્ ખાના મુઝે હો જાયગા મુશ્કિલ કાતિલ—૮.
બાદ મુર્દનભી વહી શૌકે શહાદત હૈં વઝીર.
દહને જખ્મસે હમ કહતે હય કાતિલ ! કાતિલ !—૯.

* * * *

ફરી સંગિત અટક્યું. યોગિનીનાં આંગળાં સિતાર ઉપર ફરતાંજ હતાં. શાહજાદાથી હવે રોભાયું નહીં. ફરી ફરીને તે શબ્દો તેની છાતીને ચીરવા લાગ્યા. હવે તેનાં નેત્રોમાં, હૃદયમાં

અગ્નિના ભડકા ઊડવા લાગ્યા. યોગિનીના સંગિતને કોઇ દેવીપ્રસાદ જાણી ગ્રહણ કરવા એકદમ યોગિની પાસે આવ્યો. તેણે બે હાથ જોડી કહ્યું:-

'યોગિની માતા ! સંગિતથી મૃગોનાં હૃદય પણ આન્દોલિત થાય છે. તેઓ સંગિતને વશ થાય છે. હું મનુષ્ય ! સંગિત સાંભળી ઘાયલ થયો છું. મ્હારૂં દર્દ તમે જાણો છો. ક્ષમા કરજો. હવારૂપી સંગિત ફરીથી ચાલુ કરો.

યોગિનીએ ઊતર આપ્યો નહીં. તેણે સંગિત પાછું ધીમે ધીમે ચાલુ કર્યું:

જામ ભર ભરકે મયે હોશરૂબા દે સાકી,
આજ ઇતની તુઝે તૌફીક ખુદા દે સાકી—૧.
ખુમકા ખુમ લાકે મેરે મુંહસે લગાદે સાકી,
બાદે મુદત તું મુઝે આજ છકા દે સાકી—૨.
મુંહસે લગતેહી મેરે હોશ ઉડા દે સાકી,
અયગી બોતલ કોઇ ચુનકર મુઝે લાદે સાકી—૩.
આલમેં ખાબમેં અયરે ગુલેલાલ દેખું,
ભરકે સાગર મયે ગુલરંગકા લાદે સાકી—૪.
એકહી જામકે ખાતિર ન ચુરા મુઝસે આંખ,
અયન મસ્તીમેં તું મુઝકો ન દગા દે સાકી—૫.
બે ગજક અબતો કલેજાહી જલા જાતા હય,
બિ-તેમય જલ્દ મુઝે ભૂનકે લાદે સાકી—૬.
તેરી ઉમ્મેદ પારિન્દ આયાહય ઊડતાં બેજાં,
કઇ તલછટ હય જો શિશેમેં પિલાદે સાકી—૭.

* * * *

જામ ભર-ભરકે મયે-હોશરૂબાઆઆ દે સાકી.

* * * *

જાઆઆમ——જાઆઆમ——જાઆઆમ-
જામ ભરભરકે મયે એ હોશરૂઉઆ-દે સાકી-

* * * *

યોગિનીનું માથું વિશેષ હાલવા લાગ્યું. જાણે તે મદ્યપાન જેવી વસ્તુનો નીશો કરી ચકચુર થયેલી હોય તેમજ જણાવા લાગી. શાહજાદો પણ તેના સ્હામું માથું હલાવવા લાગ્યો. મોરલીની મીઠી તાનથી નાગને વશ કરી, મદારી જેમ ડોલાવે તેમજ અહીં પણ થયું. નાગ વશ થયો. વિષમય દ્રષ્ટિ ક્ષણમાટે અમૃતમય થઈ. પુનઃ તેણે કહ્યું-

"માતા ! મધુરા ગાનથી મ્હારૂં તાપિત્ હૃદય શિતળ થાય છે. ચંદનના શિતળ લેપ પેઠે હૃદયની વ્યથા ઓછી થાય છે. દેવી ! હજુ પણ આગળ ચાલવા દો."

યોગિનીએ તેને સંગિતમાંજ તલ્લીન બનાવવાના વિચારથી વગર બોલે આગળ ચલાવવા માંડ્યું:—

ભૈરવી—ત્હારી મધુરી મુર્તિ લોભાવે. (૨)
મધુરી મૂર્તિ લોભાવે, ડોલાવે, ભુલાવે-ભુલાવે—ત્હારી.
કહાન ગયે કામણુ કરી, કુબરી કે સંગાત,
જીયરા જલજલ જાત હય, કયસેં બીતે રાત-મધુરી.
પ્રેમ પ્રેમ અંગન મહીં, પ્રેમ લખોંપે આય,
પ્રેમ હૃદય કે બીચમેં, દેખો પ્રિતમ ચિરાય,-મધુરી.
પ્રેમ હમારા નગર હય, પ્રેમ હમારા દેશ,
માલા જપતે પ્રેમકી, પ્રેમ એક ઉદ્દેશ-મધુરી.
જીનકે હૃદયે પ્રેમ નહીં, જહાં નહીં પ્રેમ પિછાન,
નહીં વો જગમેં આદમી, જીવન પશૂ સમાન-મધુરી.

* * * * *

મધુરી મુર્તિ ઇ ઇ——લો——ભા——વે—ત્હારી.

શાહજાદો દારાં હવે જ્યારે થોભી શક્યો નહીં. ત્યારે તેણે કહ્યુ—યોગિની દેવી, હવે મ્હારાથી બેસી શકાતું નથી. કૃપા કરી મ્હારા મેહેલમાં ચાલો. અને મ્હારી મનોમોહિનીનાં સમાચાર સંભળાવો.”

યોગિનીએ થોડીવાર વગાડવાનું ચાલુંજ રાખ્યું. સિતાર ઉપર ફરતાં આંગળાંનો વેગ ધીમે ધીમે બંધ પડ્યો. યોગિનીએ નેત્રો ઉંચા કરી શાહજાદાને કહ્યું.

“શાહજાદા ! હું તને તેજ કહેવા આવી છું. ચાલ આગળ થા.” શાહજાદો અને યોગિની મેહેલમાં ગયાં. દારાં એક ખુરશી ઉપર બેઠો. યોગિની બીછાના ઉપર બેઠી. તેણે કહ્યું.

“હવે તમારૂં ધારેલું કામ થવાને વિલંબ નથી. પણ વચ્ચે “સ” નામનો માણસ કાંટારૂપે નડે છે. કેમ વારૂ ?

બે હાથ જોડી, અજાયબ થતાં, શાહજાદો બોલ્યો—જી, હા.

“પણ ફીકર નહીં. લે આ તાવીજ” લુગડાને છેડે બાંધેલો એક કાગળ આપ્યો.“ જોજે, એ ગુમાય નહીં. એના વડે તું કોઇપણ કામ કરી શકશ. પરમ દીવસે રાતના અગીઆર વાગે આ નદિને કિનારે મ્હારીજ જગ્યાએ આવજે. ત્યાં તારાબાઈજ બેઠેલી હશે. એકદમ તેની પાસે જઇ નમ્રતાથી વાતચિત કરજે. આ તાવિજના પ્રભાવે ત્હને બીજું કોઇ દેખશે નહીં. ત્હારે પણ બોલવું નહીં. તેજ સ્થળે તારા ત્હને મળશે.

આ સાંભળી દારાના હૃદયનો ઉમંગ ઉછળી આવ્યો. તેણે પોતાના હાથ ઉપરની સવાલક્ષ રૂપિયાની વીંટી તારાને માટે આપી. યોગિની તે લઇ ચાલતી થઇ. દારાં તારાના વિચારમાં ચિન્ત ભ્રમિત થઈ આખી રાત મેહેલમાં ફર્યો. તારાનુંજ સ્મર્ણ કરવા લાગ્યો.

પ્રકરણ ૧૯મું.

ભેદી પત્ર.

શાહજાદી જહાંનારા ઘણા વિચારમાં લીન થઇ છે. પ્રાતઃકાળનો સમય હોવા છતાં તે હજુ પોતાનો શણગાર સજતી નથી. સ્ત્રીઓ પ્રાતઃકાળમાં વાળને હોળે છે, તેમાં ફુલ ગુંથે છે, અને તેલ નાંખી ટાપટીપ કરે છે. આજે શાહજાદી વિખરાયલા વાળે, ઉદાસ ચ્હેરે કેમ ! હાથમાંનો પત્ર લઇ વારંવાર તે વાંચે છે કેમ ! તેમાં શું લખ્યું છે ? તે પત્રમાં લખ્યું છે.

શાહજાદી જહાંનારા !

શાહજાદો દારાં દિવસે દિવસે દુર્બુદ્ધ થતો જાય છે. રાવ અમરસિંહની પતિવ્રતા પુત્રી સાથે લગ્ન કરવા તયાર થયો છે. અમરસિંહ જો આ વાત જાણસે તો આખું રાજ્ય ઉંધું વાળશે. આજે રાત્રે તારાને મળવા એ યમુના નદી ઉપર જવાનો છે. ત્યાંજ એનું ખુન થશે. તમે રાત્રે યમુના નદીના કિનારા ઉપર પહેલે પગથીયે બેસી એની પરિક્ષા કરજો. સવેળા બાદશાહને ચેતાવો. નહીં તો શાહજાદો માર્યો જશે.

વફાદાર રૈયતમાંનો એક.

આ પત્ર વાંચી તે ગુસ્સે થઇ હતી. ઉદાસ થઈ હતી. પરંતુ આ વાત તેણે બીજા કોઇને જણાવી નહીં.

ધીમે ધીમે સુર્ય અસ્તાચળપર ચઢ્યો. પક્ષિઓનાં ટોળાં આકાશ માર્ગે ઉડતાં ઉડતાં માળાઓમાં ભરાયાં. ક્ષેત્રકારો લાંબા રાગડા લલકારતા હળ, બળદ લઇ ઘર તરફ જવા લાગ્યા. ગાયો અને ભેંસોનાં દોડતાં ઝુંડની ધુળ આકાશ સુધી ઉડવા લાગી. કુતરાંઓ ભસવા લાગ્યાં. દિવામાં બત્તીઓ થઈ. આકાશે પોતાનો કાળો પોશાક પહેરી દીધો. ચંદ્રનો પ્રકાશ પડવા લાગ્યો. નદીના જળમાં વિચિત્ર રંગો જણાવા લાગ્યા.

રાત્રિના અગિયાર વાગ્યા. શાહજાદો દારા, અનુપમ વસ્ત્રાલંકાર પહેરી તારાને મળવાના ધ્યાનમાં યમુના નદીના કિનારા ઉપર જવા સજ્જ થયો. શાહજાદી જહાંનારા પણ તેની પરિક્ષા કરવા હિંદુ વસ્ત્રોમાં સજ્જ થઇ યમુના નદી ઉપર આવી બેઠી. જરકશીની કોરવાળી સફેદ રેશમી સાડી, મખમલની ભરેલી ચોળી, કમ્મરે જરકશીનો ભરેલો કમરપટો, પગમાં સોનાનાં સાંકળાં, હાથે હીરા જડેલી બાંગડીઓ, કાનમાં હીરા મોતીનાં કુંડળો, કમ્મરે ચળકતી એક કટારી, હાથમાં એક રેશમી રૂમાલ. નદી તરફ મ્હો ફેરવી જહાંનારા બેઠી હતી. અગીઆર વાગ્યા, સાડા અગીઆર વાગ્યા. ત્યાં સુધી દારા આવ્યો નહીં. તેને વહેમ ગયોઃ શું કોઇએ મશ્કરી તો કરી નથી. વારંવાર આસપાસ જોવા લાગી. એટલામાં વેગળેથી કોઇક

આવતું તેની નજરે પડયું, નીચું જોઇ બેસી રહી.

દારા પાસે આવ્યો. તેની ખાત્રી થઇ કે તારાજ બેઠી છે. યોગિનીના શબ્દો ખરા પડ્યાં એવું જાણ્યું. તે આનંદના આવેશમાં આવી બોલ્યોઃ અહા, રૂપસુંદરી ! ખુદાએ જ્યારે તમને આટલું બધું રૂપ આપ્યું છે ત્યારે તમને કેટલું માન છે? જુવોની! હું એક શાહજાદો, દિલ્હીશ્વર ! આખા રાજ્યનો માલિક છતાં પણ તમારો દાસ થઇ ઉભો છું. જુવો જુવો ! તિલોત્તમા ! આ દીન દાસ તરફ જરા નજર ફેરવો ! હું તમારા વિરહે તરફડું છું !

જહાંનારા કાંઈપણ બોલી નહીં. તેની ખાત્રી થઇ ગઇ. તેણે હજુ નીચુંજ જોયું. દારા જરાક પાસે આવ્યો અને ફરીથી બોલવા લાગ્યો.

“વહાલી તારા ! તારાબાઈ ! તારા સુંદરી ! તમારા મીઠા શબ્દોથી તાબેદારના હૃદયને શાંત કરો. જુવો આકાશનો ચંદ્ર ! જગતનાં તાપિત જનોને શિતળતા આપે છે. જુવો નદીનાં જળ, મલિન મનુષ્યોને મળ રહિત બનાવે છે. જુવો પુષ્પોની લતાઓ ! મનુષ્યનાં મનને આનંદ આપે છે. જુવો ચંદનકાષ્ટ! ઉષ્ણતાથી અકળાતા મનુષ્યોને શાંતિ આપે છે. તે તો જડ છે. તમે ચૈતન્ય છો. બીજાને રીબાવવું એ શું હિંદુ ધર્મમાં લખેલું છે?

શાહજાદો બોલતોજ હતો એટલામાં શાહજાદીએ કહ્યુંઃ શાહજાદા ! અમારાં હિંદુ ધર્મની વાતજ કર નહીં. જો તું હિંદુ ધર્મનું દ્રષ્ટાંત આપે છે તો વિચાર કર ! શું પારકી સ્ત્રી સાથે દુષિત હૃદયે વાત કરવી એ અમારા ધર્મમાં છે? કોઇપણ સ્ત્રી ઉપર હક ન હોય તોપણ તેને મેળવવા યત્ન કરવો અમારા ધર્મમાં છે? જે હૃદયથી ચ્હાતી ન હોય તેનો પ્રેમ મેળવવા ભટકાં મારવાં એ હિંદુ ધર્મમાં છે? જેના માતા પિતા રાજી ન હોય, જે સ્ત્રી પોતે રાજી ન હોય તેવી સ્ત્રીને ચ્હાવું હિંદુ ધર્મમાં છે? હોય તો દેખાડ જોઇએ !

શાહજાદો મ્હાત થયો. તે થોડીવારે બોલ્યોઃ વ્હાલી તારા ! તું મ્હને ચ્હાય છે એવી ખબર મળવાથી હું તારા દર્શન માટે આવ્યો તેનો વિચાર કર !

“કોઇએ તો કહ્યું કે તમને તમારી માતા ચ્હાય છે તો પછી તેના પ્રત્યે જેવી દ્રષ્ટિ રાખી મળવા જાઓ તેવી દ્રષ્ટિ મ્હારા પ્રત્યે કેમ નથી રાખતા ?” શાહજાદીએ જવાબ આપ્યો.

“તારા ! એ તો હૃદયના પ્રેમની વાત છે. જેના તરફ જેવો પ્રેમ તેવું વર્તન. તમારા ઉપર મ્હારો અનહદ પ્યાર છે તો હું તમારે માટે ગમે તેમ કરૂં.” શાહજાદો સંબંધ વગરના જવાબો આપવા લાગ્યો,

“શાહજાદા ! હું રાજપૂત છું ! મ્હારા ઉપર પ્રેમ રાખી તું શું કરી શકશે ? કહે જોઉં ! મ્હારૂં હૃદય તો વિધાતાએ લોખંડમય બનાવ્યું, મ્હારા હૃદયમાં જે પ્રેમીની મૂર્તિ જડાઇ છે તેના શિવાય હું બીજાને કદી ચ્હાતીજ નથી.” સહજ ઉશ્કેરાઇ શાહજાદાએ તારાના રૂપમા જવાબ આપ્યો.

"શું કોઈ પ્રેમીની મૂર્તિ જડાઇ ગઇ છે ?"

"હા, અનેક વખત જડાઇ ગઇ, અસંખ્ય વખત હ્રદયપટ ઉપર તેની મૂર્તિ ચિતરાઇ ગઇ." શાહજાદાએ તેને ભડકાવ્યો.

શાહજાદો વિચારમાં પડ્યો. આનો અવળી વાત ચાલી. યોગિનીને પણ એણે ભુલાવામાં નાંખી. તેણે પુછ્યું જો તારા ! એકવાર નેત્ર ઉઘાડી વિચાર કર. હું કોણ છું ? હું ધારૂં તેમ કરી શકું કે નહીં ! ત્હારા વિચાર કાંઇ ઉપયોગના નથી. હું ધારીશ તેમ કરી શકીશ. શાહજાદાએ જરા બ્હીક બતાવવા માંડી.

"શાહજાદા, અમે હિંદુ સ્ત્રીઓ, તમારા એવા શબ્દને પગતળે કચડી નાંખીએ છીએ. અમારૂં જો મન હશે તો અમે ગમે તેમ કરીશું. તેમાં કોઇનું રંજ ચાલનાર નથી." શાહજાદીએ તેને વધારે ભડકાવ્યો.

દારા આ શબ્દો સાંભળી વધારે ઉશ્કેરાયો, તેણે વિચાર્યું: હવે દમ બિડાવ્યા વિના છુટકો નથી. હિંદુ સ્ત્રીઓ બહુ હઠીલી હોય છે. તેણે હેડ પાડી કહ્યું: તારા, હું ત્હને મારા પ્રાણથી વધારે સમજુ છુ. સીધી રીતે મ્હારા મ્હેલનો માર્ગ લે નહીં તો જો આ કટાર, ત્હારા બે કટકા કરી નાંખીશ."

"તારાના રૂપમાં બેઠેલી શાહજાદીએ પણ કમ્મરેથી કટાર કાઢી કહ્યું: યાદ રાખજે કે ઇશ્વરે ત્હને અને મ્હને બે બે હાથ આપ્યા છે. જોઇએ હવે શું થાય છે ?

તારાના હાથમાં તલવાર જોઇ તે વધારે ઉશ્કેરાયો, અને સ્હામો ધસી તેનો હાથ ઝાલ્યો. રીસમાંજ બોલ્યો: શું તું હજુ મ્હને બેવકુફ સમજે છે. એટલું કહેતાં તો શાહજાદીએ મ્હોઢા પરથી લુગડું ખસેડી નાંખ્યું. તેનો ચ્હેરો જોતાંજ દારા શરમાઇ ગયો. હાથમાંની તલવાર જમીન ઉપર અફાળતાં બે હાથ જોડી બોલ્યો: વ્હાલી બ્હેન, ક્ષમા કર ! ક્ષમા કર ! આપણા પવિત્ર પિતાની પ્રતિજ્ઞા લઇ કહું છું કે હવેથી હું કદી પણ તારાનું નામ દઇશ નહીં."

"જા, બે શરમ ! હિંદુ ધર્મને માનવાનું ડોળ બતાવીને પણ તું પાપ કરે છે ? ધિક્કાર છે ! મ્હારે મ્હોડે શું કહ્યું હતું તેનો જરા પણ વિચાર કર ! હતભાગી ! શામાટે જાણી જોઇને જીવન ક્ષત થાય છે ! રાવ અમરસિંહ આખું રાજ્ય ઉંધુ વાળશે એટલી પણ બ્હીક નથી." શાહજાદીએ ઠપકાનો વરસાદ વરસાવવા માંડ્યો. શાહજાદો નીચું જોઇ રહ્યો. બિચારો જમીન ખોતરવા લાગ્યો. પણ લાચાર હતો તેને આ સમયે, જીવવા કરતાં મૃત્યું વધારે પ્રિય થઇ પડયું. શાહજાદી તેને સમજાવી, ઠપકો આપી, શિખામણ દેતી પોતાના મેહેલમાં લઇ ગઇ. ત્યાં ખુબ ઠપકો આપ્યો.

પ્રકરણ ૨૦ મું.

દારા અને સલાબતની સલાહ.

તારા જેવી સુંદર સ્વરૂપા રાજપૂતાણીએ આખા યવન રાજ્ય મંડળમાં એક જાતનું તોફાન મચાવ્યું હતું. દિવસે દિવસે ખિલતી યુવાવસ્થા સર્વનાં નેત્રો, હૃદય અને મન ખેંચી રહી છે. તારા તે તારાજ છે. તે તારા નહીં પણ ચંદ્રનું સાક્ષાત રૂપાંતર છે. તેના રૂપમાં અંધ બનેલા યવન રાજ્યમંડળમાં શાહજાદો દારા અને સલાબતખાં એ બે અતિ આશક્ત બન્યા છે. તેમણે અનેક પ્રપંચો, અનેક યુક્તિઓ કરી છે. છતાં પણ તે પતિવ્રતા, સત્ય પરાયણ, સાત્વિક સ્ત્રીનું મન જીતી શક્યા નથી. પતિવ્રતા સ્ત્રીઓ પ્રાણઘાત થતાં સુધી પોતાનું સતિત્વ ત્યાગ કરી શકતી નથી. તેનું આ એક ઉત્તમ દ્રષ્ટાંત છે. એક બાલિકાને રાજ્ય વૈભવ મળે, આખા રાજ્યની અધિષ્ઠાતા થાય, આખા રાજ્યને આંગળી ઉપર નચાવી શકે તેમ છતાં પણ તે વિભવને તિલાંજલી આપી મૃત્યુના ડાચામાં પડવાનું ચ્હાય એવી આ આર્યકુળ ભુષણ પતિવ્રતા બાલિકા સઘળાંનો તિરસ્કાર કરે તો તેવી સ્ત્રીને સ્ત્રી નહીં પણ દેવી સમાન લેખવી જોઇએ. તે ખરેખર મહાદેવી હતી. તેણે આ સઘળા યવનોની લાલસા, પિપાસાને લાત મારી હતી. તે જોઇ દારા અને સલાબતખાંનાં હૃદયો ઉશ્કેરાયાં હતાં. હવે તો તેને મેળવવા જુદાજ વિચારો ચાલતા હતા. સલાબત પ્રથમજ નિરાશ થયો હતો. દારા પણ કાલે ભોંઠો પડ્યો. એટલે હવે ઇચ્છાનો વેગ પ્રબળતા પામ્યો. દારા વિચારવા લાગ્યો.

"આહ! શું ખુદાની કુદરત છે! જેને હું વધારે ચ્હાઉં છું તે વધારે વેગળી જાય છે. જેને માટે મ્હારૂં જીગર તરફડે છે તે મ્હને જોઇ નેત્રો મીંચે છે! જેને આખી બાદશાહી ભોગવવાની છે તે શરિરે ભસ્મ ચોળવા માંગે છે! હજુ તે જાણતી નથી કે હું એક રીતે બાદશાહ છું! હું ધારૂં તેમ કરી શકું છું! આખી બાદશાહી મ્હારે લીધે છે. ખુદા! ખુદા! પરવર દેગાર! સ્હાય થા! અને ધારેલી મુરાદ બર લાવ! જહાંનારા! તેં મ્હને ઠગ્યો છે પણ યાદ રાખજે કે વખત આવે હું ત્હારૂં પણ કાટલું કાઢીશ. તને કોઇએ ચેતવણી આપી અને તેથી તેં આ કૃત્ય કીધું હોય એમ જણાય છે પણ ઠીક! જ્યારે તારા, મોતને શરણ થાય ત્યારે પણ ત્યાં તું પરિક્ષા કરવા આવજે ત્યારે જણાશે."

દારાનાં નેત્રોમાં એકાએક ફેરફાર થઇ ગયો. તે આકાશ સ્હામું જોતો, હોઠ પીસતો, આમ તેમ ફરવા લાગ્યો, પગ પછાડવા લાગ્યો. ફરીથી તે બોલ્યો":—અય ફીરસ્તાઓ! તમે ક્યાં છો? મોતને તેડી લાવો! હું તારા તમને સોંપું છું, વે કંગાલ છોકરીના હૃદયને ચીરી નાંખીશ! તેના લોહીમાં હું સ્નાન કરીશ! ત્હેના શરિરના કટકા કરી હું રાજી થઇશ. તે કમબખ્ત છોકરી એજ શિક્ષાને લાયક છે. હા! ઉફ! ખુદા! ખુદા! મ્હને મદદ કર! હું ત્હારો

ગુલામ છું ! તે ખુબસુરતીની દેવી છે ! તે જગત્ મનમોહિની છે ! આહ ! તેનું કેવું સ્વરૂપ ! કેવી પૂન્ય પ્રતિમા ! પણ નહીં ! નહીં ! તે દેવી નથી ! તે રાક્ષસી છે ! તેણે મ્હારૂં હૃદય ચીર્યું છે ? હું પણ તેનું હૃદય ચીરીશ. તેણે મ્હારૂં સર્વસ્વ પાયમાલ કર્યું છે. હું પણ તેને પાયમાલ કરીશ. ભલે આ જીન્દગી રહે અથવા ફના થાય તેની પરવા નથી. તે ઉગતાં ફુલે મ્હને ભમાવી નાંખ્યો છે. હું તેને પાતાળના ગર્ભમાં સમાવી દઇશ. તે મીઠી મધુરી ભ્રમરીએ મ્હારા કલેજામાં ડંખ માર્યો છે. હું તેની છાતીમાં કટાર ભોકીશ. તે ન્હાની સરખી છોકરીએ મ્હને અશકત બનાવ્યો છે. હું તેના કુમળા અવયવોનું છેદન ભેદન કરી નાખીશ. એ વિષધર નાગિનીએ મ્હારા શરીરમાં વિષ રેડયું છે. હું આ કટારથી તેની નસેનસનાં ટુકડા કરી નાખીશ. ”એમ બોલી, તે ગુસ્સામાં ને ગુસ્સામાં ઉઠયો અને ટેબલપર પડેલી, ચલકતી કટાર લઇ તેને જોવા લાગ્યો.

ફરી બોલ્યો “અય મ્હારી દીલોજાન કટાર ! શું તું મ્હારા દુસ્મનના પ્રાણ નહીં લઇશ ! શું તું તે વિષમયીના કલેજામાં પ્રવેશ નહીં કરીશ ! મ્હારી વ્હાલી કટાર ! શું તું તે ભિખારણના વજ્રમય કલેજાને નહીં ચીરીશ ! હા ! તારા ! તારા ! હું ત્હને જહાનમમાં પહોંચાડીશ ! હું ત્હારા કટકા કરીશ !”

કટારને હાથમાં લઇ તેના સ્હામુ જોતો જોતો દારા આમ તેમ ફરવો હવો. તેના શરીરમા ક્રોધાગ્નિની પ્રચંડ જવાળા પ્રસરી હતી. તેના શરીરનું રક્ત ઉષ્ણ થયું હતું.

સંસારના સઘળા અગ્નિઓ કરતાં કામાગ્નિ અતિ તીવ્ર વેગવાન હોય છે ! શંકરે કામને બાળી નાંખ્યો ન હોત તો હજુ પણ તે દુષ્ટ મદન, સંસારને અગ્નિમય બનાવી દેત ! તેની વિભુતિનું અસ્તિત્વ જગતમાં ભયંકર પરિણામો નિપજાવે છે તો તેનું અસ્તિત્વ કેટલું પ્રબળ વેગવાન હોત ! ષડ્ રિપુનો આ એક બંધુછે. તેના પાંચ બંધુઓ પણ તેનાજ જેવા વિક્રાળ ફળદાયક છે. પરંતુ સંસારી જીવોએ એ રિપુને વશ થવું ન જોઇએ તે જગત પ્રસિદ્ધ છે.

દારા કામ રિપુને આધીન થયેલો હતો. તે તારાનો પ્રેમ પિપાસુ નહોતો. તે પ્રેમ ભિક્ષુક નહોતો પણ તેની સુંદરતાનો ભિક્ષુક હતો. તે તેની યુવાનીને ચ્હાતો હતો. તેથીજ તે આટલો ગુસ્સામાં હતો.

દારા મેહેલમાં ફરતો હતો. એટલામાં સિપાઇએ આવી કહ્યું. “શાહજાદા ! સલાબતખાં મળવા માગે છે.

“ આવવા દે ” દારાએ ગુસ્સામાંજ ઉત્તર આપ્યું.

સલાબત આવી સલામ કરી. પણ હાથમાં ચળકતી કટાર અને ગુસ્સામાં લાલ થયેલાં નેત્રો જોઇ આશ્ચર્ય પામ્યો. કાંઇ પણ બોલ્યા વિના ગુપચુપ બેસી રહ્યો.

દારા હાથમાં કટાર લઇ વેગળે એક બારી આગળ જઇ, વિચાર કરતો ઉભો. મનમાંજ કાંઇક વિચાર કરી સલાબત આગળ આવી બોલ્યો “સલાબતખાં !. જુવો આ કટાર ! હું તેનાથી પેલી વિષમય વેલીનું છેદન કરીશ ! તેણે મ્હારી જીજ્ઞાસાના તાર તોડયા છે ! તેણે મ્હારી આશા લતાને પદદલિત કરી છે ! તેણે મ્હારા હૃદયનું છેદન ભેદન કર્યું છે ! હું તેનો

પ્રાણ લઇશ ! તેના કટકા કરીશ ત્યારેજ આનંદ પામીશ ! તમારે સહાયતા કરવી પડશે."

સલાબત સમજી ગયો. તારાનું દુર્દૈવ પ્રબલ થયુંછે, એ તે જાણી ગયો. પોતાને પણ તારા ઉપર વૈર હતું, તેનો બદલો લેવાની આ સારી તક છે એમ જાણી બોલ્યો. બાદશાહજાદા ! તમારી ઇચ્છાને આધીન થવું એજ તાબેદારનું કામ છે ! આપનો હુકમ હોય તો તે કંગાલ છોકરીને જહાનમમાં પહોંચાડી દઉં. આજ્ઞા હોયતો તે બેવફાને દરિયાના ઉછળતા મોજામાં ફેંકી દઉં. ! આજ્ઞા હોય તો તેને ભુમિના ગર્ભમાં શયન કરાવું ! નેકનામદાર ! આપના તાબેદારો શું કરવામાં પાછા હઠે એમ છે ?

તે બે હાથ જોડી તેના સન્મુખ ઉભો રહ્યો. દારાએ કહ્યું, "બસ ! એજ જોઇયે ! બીજું કાંઈ નહીં ! હવે એજ ઉપાય રહ્યો છે ! તમે ચાર માણસોને હાથમાં રાખી ગમે તે રીતે તારાને લાવી મ્હારી પાસે હાજર કરો. ભલે આ બાદશાહી જાય, ભલે મ્હારૂં જીવન નષ્ટ થાય, ભલે હું ફકીર થાઉં પણ દુશ્મનનું વેર લેવું જોઇયે !

"શાહજાદા ! એતો ખરૂં, છતાં હજુ પણ એક ઉપાય આપણા હાથમાં છે. આપણે પ્રથમ સુશિલાને મળી આપણા વિચાર જણાવવા જોઇયે. જો તે નિરાશા ભરેલું ઉત્તર આપે તો આપણા વિચાર અમલમાં મુકવા. અથવા તો તારાને રૂબરૂમાં મળવાની યુક્તિ કરવી. કદાચ તે આપણા હુકમને તાબે થાય તો ? નિર્દોષના પ્રાણ હરવા એ કુરાનેશરીફથી વિરૂદ્ધ છે. અત્યાર સુધી તમે એ ઉદયોગ કર્યો નથી. માટે તેને રૂબરૂ મળી પ્રેમ યાચના કરવી. અને પછી શું પરિણામ આવે છે તે ઉપર વિચાર કરવો. મ્હારી તો એ સલાહ છે." સલાબતે નમ્રતાથી જણાવ્યું.

"એ કામ ત્હારેજ માથે" દારાએ ટુંકમાં ઉત્તર આપ્યો.

"બહુ સારૂ. હું રજા લઉંછું. અને તે ગોઠવણ કરૂંછું."

દારાના હૃદયમાં આશાનું નવું બીજ રોપાયું અને નવા અંકુરો સ્ફુરવા લાગ્યાં. બન્ને જણ છુટા પડ્યા.

પ્રકરણ ૨૧મું.

પ્રેમભાવના.

તારા, ચતુર્દશવર્ષીય મુગ્ધા, યુવાવસ્થાની સર્વ સામગ્રી સહિત, પ્રતિદિન તેજસ્વિની બનતી જતી હતી. મુખમુદ્રા ગંભીર પણ ઉજ્વળ ચંદ્રાકાર, શિરીસ પુષ્પ સમાન મનોહર નાસિકા, શોભાયમાન શ્વેતદંતપંક્તિ, કુસુમ પુષ્પ સમાન શરીરવર્ણ, સુડોલમય શરીરાકૃતિ, મંદમંદ હાસ્યછટા, કામાયુદ્ધ, સ્તન મંડળની મનોહરતા, અલૌકિક દર્શન કરાવી રહ્યાં હતાં. તે હવે કાલા કાલા શબ્દો બોલતી નથી. પણ અર્થ ગાંભિર્યથી મિષ્ટ ભાષણ કરે છે. હવે તે ગમે તે પુરૂષો પાસે બેસી લાડ કરતી નથી. પણ પુરૂષોથી લજ્જીત થઇ વસ્ત્ર સંકુચિત કરી, વેગળી ઉભી રહે છે. હવે તેના શિરોકેશ ખભા ઉપર છુટા પડી તેની બાલ્યાવસ્થાનું રક્ષણ નહીં પણ કાળી નાગણપેઠે તેની યુવાવસ્થાનું રક્ષણ કરે છે. હવે તેના નેત્રમા તે બાલ્યાવસ્થાની પ્રેમભાવના નથી પણ યુવાવસ્થાની ચાંચલ્યમય પ્રેમભાવનાછે. હવે તેના હૃદયમાં બાલ્યાવસ્થાની સરલતા નથી પણ યુવાવસ્થાની ચપલતાછે. તેના હૃદયમાં રાજકૂલભૂષણ રાજસિંહ માટે પ્રેમમંદિર બંધાયુંછે. તે રાજસિંહને પોતાના પ્રેમમંદિરમાં દેવ સમાન પૂજે છે. તેના પ્રેમગાન ગાય છે. તેને પ્રેમભક્તિથી પોષે છે. તેને જીવનનો આધાર સમજે છે, તેને સ્વપ્નામાં. જાગૃતમાં, અને સુષુપ્તિમાં જુવે છે ! ચમકે છે ! તે રાજસિંહને ભિંત ઉપર ચિત્રાયલો જુવે છે! આકાશમાં તેને લટકતો જુવે છે ! જલમાં તરતો જુવે છે ! તેના હૃદયના ભાવો બદલાઈ ગયા છે. વાંચનાર ! જુવો ! ત્યાં તારા ઉભી છે ! આંગલીના વેઢાં ગણે છે ! શી તેની મનોહરતા, લાવણ્યતા અને તેજસ્વિતા !

તારા પિતાના ઉદ્યાનમાં ઉભી ઉભી કંઇક ગણે છે, મ્હોડે કાંઇક બબડે છે, હથેલી ઉપર આંગલી વડે કાંઈક હાથમાં લખે છે, વૃક્ષના પાંદડાંમાં કંઇક લખે છે. પાછી ભુસી નાંખે છે. તે પોતાના ઉદ્યાનમાં, વૃક્ષલત્તાની વચમાં ઉભી છે, પુષ્પ લત્તા તેના શિરોભાગને ચુંબન કરેછે, પુષ્પો, તેના ગાલ સાથે ગેલ કરે છે, પલ્લવો તેના શરિરને આલિંગન કરે છે, પવનના ઝપાટાથી વૃક્ષો તેની આસપાસ વીંટલાઈ વળે છે ! કવચિદ્ તેને ઘેરી લઇ તેની યુવાવસ્થાની મોજ લેછે. કવચિદ્ તેને અકળાવી નાંખે છે. કવચિદ્ તે માથા ઉપરના ફુલના ગુચ્છ ખસેડે છે, કવચિદ્ તે ગાલઉપરથી પાંદડાંને વેગળાં કરે છે, અને કવચિદ્ તે રીસમાં વૃક્ષલત્તાને ધક્કો મારે છે.

તારા જે સ્થળે ઉભી છે. તેના સ્હામુ એક ન્હાનો જળકુંડ છે. આસપાસથી ખળખળ નાદ કરતું જળ વહેછે. સરસર્ શબ્દ કરતું જળ કુંડમાં પડેછે. કુંડમાં પડી વિખરાઈ જાયછે. જળમાં પડેલાં પાંદડાં ચકર ખાઇ, કુંડ તળીયે જઇ એક કિનારે થાય છે. ન્હાનાં ન્હાનાં પંખીઓ તેમાં ન્હાય છે. ન્હાઇને કિનારે બેસે છે. એક બીજા ઉપરથી ઉડી ગેલ કરે છે,

નર, નારીનું જોડું સાથે બેસી એક બીજાની ચાંચમાં ચાંચ ઘાલે છે. વળી એક બીજા સાથે લડી જુદા પડે છે. નર તેને મનાવી લાવે છે. અને નારી પાછી તેની સાથે લાડ કરવા લાગે છે. પળ વારમાં બધાં ઉડી જઇ વૃક્ષ ઉપર જાય છે અને વળી પાછાં કુંડ ઉપર આવી તેવીજ લીલા કરે છે !

જુવો ! આ પ્રેમનો કેવો પ્રભાવ ? જેવી રીતે રાજા પ્રેમને જાણે છે, રંક પણ તેજ રીતે પ્રેમના પાઠ ભણે છે ? પશુઓ પ્રેમનો આનંદ લે છે, પક્ષીઓ પણ પ્રેમમાં તેવાંજ ગુલતાન બને છે. અખિલ વિશ્વ પ્રેમનું દાસ છે. પ્રેમ સર્વ વ્યાપી છે. જળના મધ્ય ભાગમાં રહેલા પ્રેમીના હૃદયમાં, જેવો પ્રેમ હોય છે, તપેલી રેતીના ઢગલામાં ઉભેલા પ્રેમીના હૃદયમાં પણ તેવોજ પ્રેમ હોય છે. એક રાજકુમારીના હૃદયમાં અત્યારે જેવો પ્રેમ રમી રહ્યો છે, જળકુંડમાં ન્હાતાં પક્ષીઓના હૃદયમાં પણ તેવોજ પ્રેમ છે ! કહો, પ્રેમનો કેવો પ્રભાવ ? આ રાજકુમારીના હૃદયમાં કેટલો પ્રણયસંચાર થયો છે ? તે કોણ કળી શકેછે?

હવે તે એકાએક આસપાસ જોવા લાગી. તેણે કોઇને જોયું નહીં. તેતો પવનના ઝપાટાથી વૃક્ષપલ્લવનો ખખડાટ હતો. ત્યાંથી ચાલી અને જળકુંડમાં અર્ધો પગ રાખી, ન્હાની સરખી પાળ ઉપર બેઠી. પક્ષીઓ ઉડી જઇ થોડે વેગળે બેઠાં. માથું ઊઘાડું મુકી તેણે જળમાં હાથ બોળ્યા. હાથવડે પાણી લઈ પાછું જળમાં મુકવા લાગી. ખોબામાં જળ લઇ તેમાં પોતાના મુખની સુંદરતા જોવા લાગી. જોઇ નિઃશ્વાસ નાખવા લાગી. આંગળીવડે જળમાં કાંઇક લખવા લાગી. તેના હૃદયમાં થડ થડ થડ અવાજ થયો. તેનાં શરીરનું લોહી જોરથી વહેવા લાગ્યું. નેત્ર રાતાં થયાં. જળ ઉપર એક આંગળી ઝપાટાબંધ ફરવા લાગી. એકાએક ઉઠીને તરતજ બહાર આવી. જળકુંડની આસપાસ ઝીણું લીલું ઘાસ ઉગ્યું હતું. થોડો થોડો કાદવ પણ થયો હતો. તેમાં પગ આડા નાખી રમત કરવા લાગી. લીલાં ઘાસને હાથવડે ચુંટી નાંખ્યું. કાદવની જમીનમાં લખવા લાગી. તેણે લખ્યું:

ગઝલ—"પતંગો ચ્હાય દીપકને, લિયે છે પ્રાણ તેનો તે,
"તદપિ ના ચિત્ત વિચારે, ફરી પ્રેમે જઈ બાઝે,
"ભ્રમર ચ્હાયે કમળ પુષ્પો, જીવનનો ધ્વંસ છે તે તો,
"બની મસ્તાન રસ માટે, ભરાયે જીવને સાટે,
"શશીને માટ પોયણુ જે, તૃષિત નયને વિકાસે છે,
"તદા નિર્દય થઇ રીબે, નહીં પરવા ધરે ચિતે,

* * * *

"અરે ઓ પ્રેમના યોગી, જીવન સંયોગના ભોગી,
"અવિચળ સ્નેહ ને માટે, ભટકતી દિવસે રાતે,
"ન ધારે અંતરે પ્રીતિ, ધરે શું વિશ્વની ભીતિ,
"પ્રણયની ન્હોય આ રીતિ, રિબાવે બાળ પય પ્રીતિ,

* * * *

હૃદયમાં ઉષ્ણતા થાતી ? જણાતી શાન્તિ સહુ જાતી !
વ્યથાથી હાય ! પીડાતી ! ન જાણું એ થતું શાથી !;
હશે એ રોગની પીડા ! હશે કિંવા મદન ક્રીડા;
ગમે ને ના ગમે વ્રીડા ! નિકટ ને દુર નંહિ આર્થા.
પડી હું પ્રેમપંકે શું ? હૃદયગાથા કહીં કે'શું !;
શ્રવણકારી નથી કોઇ, હૃદય ! તું શાંત થા રોઇ.

*　　*　　*　　*

તે લખતાં અટકી, કાદવમાં લખવાનું સ્થળ નહોતું. હોઠે આંગલી લગાડી વારંવાર વાંચવા લાગી.

સુશિલા, તારાની બાલ્ય સખિ, કુમારિકા પણ તારા કરતાં સહજ મ્હોટી વયની હતી. તારાની માતા ત્હેની માસી થતી હતી. માતા પરલોકવાસિની થવાથી બાળપણથી તે ત્યાંજ ઉછરી હતી. અને માતા વિનાની છોકરી, સર્વ કાર્યમાં કુશળ બની હતી. માતા વિના તેને લાડ કોણ કરે ? માતા વિના રીસાયલી કોણ મનાવે ? માતા વિના તેની મનીષા પ્રમાણે કોણ વિચરવા દે ! માતાવિના નિર્ભયપણે તેને કોણ પેહેરાવે, ઓઢાવે, અને માતાવિના તેને કોણ મોઢે ચઢાવે ? જગત્માં બાળકોનું લાલન પાલન માતાથી થાય છે, માતા વિનાનાં બાળકો નિરંતર ઓશિયાળો અવતાર ભોગવે છે, માતા વિના તેમને જગત્ શુન્યકાર ભાસેછે, માતા તે માતાજ છે ! એ બે અક્ષરમાં જેવી મધુરતા છે તેવોજ સુંદર ભાવ છે ! અહા માતા ! તમે અમારા ઉપર કેટલો ઉપકાર કર્યો છે ! તમેજ અમને સર્વસ્વ આપ્યું છે ! અખિલ વિશ્વમાં દયાની મુર્તિ તમેજ છો ? તમારી દયા ભાવનાનાં અમે એક મુખે કેટલાં વખાણ કરીયે ? તમારો અમે કેટલો ઉપકાર માનીયે ? તમે તમારૂં સર્વસ્વ સુખ ત્યાગ કરી અમારા જીવનનું રક્ષણ કર્યું છે ? અમને દુ:ખી થતા જોઈ તમે તમારા જીવને દુ:ખ આપ્યું છે. તમે અમારા શરિરને માટે, અમારા સુખને માટે, અમારા યશને માટે, અમારા મનને માટે, સહસ્ત્ર કોટી ઉપાયો કર્યા છે ! માતા ! જગતમાં ખરી દયાની મુર્તિ તમે એકજ છો ! નિ:સ્વાર્થી તમે એકજ છો ! નૈસર્ગિક પ્રેમથી ભરેલાં તમે એકજ છો ! તમારા વિના બાળકો ખરેખર દુ:ખી હોય છે ! સુશિલાને બિચારીને તેમજ હતું. પણ તારાની માતા તેને પુત્રી સમાન ગણતી હતી. માતાવિના ઓછું આવવા દેતી નહોતી. ત્યારે સુશિલા પણ તેને માતા સમાન અને તારાને બ્હેન સમાન ગણતી હતી.

સુશિલા, આખા રાજ્યમહાલયમાં તારાને શોધતી, આ ઉદ્યાનમાં આવી પહોંચી. ધીમે ધીમે તારાના જળકુંડ સમીપ આવી. તારા કાદવમાં કંઇક લખે છે. તે જોયું. તે ત્યાંજ અટકી. તારાના વિચિત્ર મનોભાવ જાણી ગઇ. તે મહાલયમાં જઇ એક ચીઠી લાવી. ચીઠી લઇ તારા જ્યાં બેઠી હતી ત્યાં જઈ તેના હાથમાં આપી. તારાએ આશ્ચર્ય પામી વાંચ્યું.

"સંસારમાં જે મ્હારૂં છે, હું જેને મ્હારા હૃદયથી પ્રિય ગણું છું, જેણે મ્હને પોતાનું હૃદય અર્પણ કર્યું છે, જે ખરેખર પ્રેમની મુર્તિ છે. તેનાં દર્શન કરવા મ્હારૂં હૃદય તૃષિત

થઇ રહ્યું છે. આવતી કાલે મધ્યરાત્રે આ પુષ્પોદ્યાનમાં તે મહાશકિતનાં દર્શન કરવા ગતિ કરીશ. રા. સિં.

ચીઠી વાંચી, એક, બે, ત્રણ, ચાર વખત વાંચી. તેણે જાણ્યું. "રાજસિંહ કાલે નિશ્ચય આવશે. તેણે સુશિલાને કહ્યું. સુશિલા, ત્હારા યત્નો હદ વિનાનાજ છે. હું ન્હોતી ધારતી કે તું આટલે દરજ્જે સફળ થઇશ."

સુશિલાએ જાણી લીધું કે ભોલી, નિષ્કપટી, બાલિકા છેતરાઈ, ઠગાઇ, ભોળવાઈ. તેણે પણ ઉતર દીધું. મ્હારા યત્ન કરતાં ઇશ્વરની કૃપા વિશેષ.

"પ્રથમ યત્ન, પછી કૃપા." તારાએ હાસ્ત મુખમુદ્રાએ કહ્યું.

"મનુષ્યે પોતાનો ધર્મ બજાવવો જોઇએ. યત્ન કરવાથી સર્વે અસાધ્ય કાર્યો સાધ્ય થાય છે. "અસાધ્ય છે" એમ જાણી હાથ પગ જોડી બેસી રહેવું એ મુર્ખાનું લક્ષણ છે. યત્ન કરવાથી રામચંદ્રજીએ સાગરમાં પાળ બાંધી, લંકાને ભસ્મિભુત કરી, સિતાજીને લઈ આવ્યા."સુશિલાએ ધીમે ધીમે પાણી ચઢાવ્યું.

"હું કબુલ કરૂં છું. પણ બ્હેન, ત્હારી કૃપા હતી ત્યારેજ બન્યું." તારાએ તેને માથે ઢોળી પાડયું.

"ઉપકારનો બદલો--એટલો બધો ભાર મ્હારાથી ઉંચકાશે નહીં. મેહેરબાની કરી હવે રહેવાજ દેજો." સુશિલાએ મશ્કરીમાં ઉડાવવા માંડી.

"નહીં, નહીં. સુશિલા, ત્હારો ઉપકાર કદી ભુલીશ નહીં."

"શાનો ઉપકાર ? મેં શું કર્યું ? જે જેને માટે યોગ્ય છે તેજ તેને મળવાનું છે, એમાં ઉપકાર શાનો ? -હૃદયમાં જે દેવને માટે મંદિર થયું છે ત્યાં તેની પધરામણી કરવી જોઈએ." સુશિલાએ તેના શબ્દોના રદિયા આપવા માંડયા.

"ઠીક, બ્હેન, હું હારી, ત્હારી જીત થઈ. બીજું કાંઇ ? આ ચિઠી કોણે આપી ?"

"ત્હારા પિતાજીને મળવા કોઇ રાજપુત આવ્યો હતો તેણે ત્હારા ટેબલ ઉપર મુકી હતી. મેં તે જોઇ, ઉપર "રાજકુમારીને પહોંચે." એવું લખેલું હતું. એટલે તે મેં લાવી તને આપી."

"ચાલો આપણે હવે માતાજી પાસે જઈએ. ઘણો વિલંબ થયો. હું પણ ગાંડી જેવી બે કલાક થયા આંહી રમત કરતી હતી.' ચીઠ્ઠી ગજવામાં મુકતાં તે બંને મહાલય તરફ ચાલવા લાગ્યાં.

પ્રકરણ ૨૨ મું.

તારા અને રજસિંહ !

આજનો દિવસ ધન્ય છે. સમસ્તજીવનના સાફલ્યનો આજનો પ્રથમ દિવસ છે. આજનો દિવસ સાધારણ નહીં પણ હૃદયને આનંદના સાગરમાં તરવાનો દિવસછે. આજે હૃદયને સ્વાતિબિંદુ પેઠે અમૂલ્ય પ્રેમબિંદુઓની વૃષ્ટિ મેળવવાનો દિવસ છે. આજે પ્રાતઃકાળનો સૂર્ય, નિત્ય કરતાં અનંત તેજસ્વી કિરણો લઇ ઉગ્યો છે. આજે સંસારી જીવોએ, જાણે આખી રાત્રિ નિદ્રાજ ન લીધી હોય, જગતે પોતાનો રાત્રિનો વ્યવહાર આજને માટે બંધ રાખ્યો હોય, પુષ્પો જાણે દિવસના પેઠેજ પસ્ત બની ડોલતાંજ હોય, પશુ પંખીઓ દિવસની પેઠેજ સ્વચ્છંદે વિચરતાં હોય, વ્યાપારીઓ વ્યવસાયી થયા હોય, બાળકની માતાઓ નિદ્રા નહીં લેતાં બાળકો સાથે આનંદ કરતી હોય જગતમાં સઘળે સૂર્યનો અખંડ પ્રકાશ પડતોજ હોય અને નિત્ય નિમયાનુસાર રાત્રિનું કાર્ય થયુંજ હોય તેમ તારાને જણાયું. સન્ધ્યા સમય થયો, અંધારૂં થયું, ગગનમંડળમાં નક્ષત્ર રાશિચમકવા લાગ્યો, ચન્દ્રે પોતાની ચાંદનીથી સંસારને પ્રકાશ આપ્યો, મનુષ્ય, પશુ, પક્ષી સઘળાં શાન્ત થયાં, વાયુની ગતિમંદ પડી, જગત્‌નો વ્યવસાય શાન્ત પડયો, ઝીણાં ઝીણાં પશુઓના શબ્દરવ કાને સંભળાવા લાગ્યા, તોપણ તારાને તે કાંઇ જણાયું નહીં. તેતો પોતાના શયનગૃહમાં જઇ પલંગપર પડી. વિચારોમાંને વિચારોમાં પ્રાતઃકાળ થયો, મધ્યાન્હ થયા. પાછી રાત્રિ થઇ. તોપણ ભ્રમિતચિત્ત બનેલી, વિત્ત વિનાની વિરહતપ્ત બાલિકા, રાજસિંહના દર્શન કરવા હર્ષિત બની હતી. આહાર વિહારનું ભાન ખોઇ રાજસિંહના પ્રેમ ગાનમાં, સાનખોઇ, હેરાન થતી હતી. તે કોઇ સાથે વિશેષ બોલતી નહોતી, માત્ર તેની માતાએ જાણ્યું હતું કે આજે તેના ચિત્તનું ઠેકાણું નથી.

તે વારંવાર બારીએ આવી ઉદ્યાનમાં જોતી હતી. વળી પાછી ઓરડામાં જઇ પલંગ ઉપર ઉપર આવી પડતી હતી. બન્ને નેત્રો હાથવડે ઢાંકી દેતી હતી. તેનું મસ્તક ભમતું હતું. થોડી વારે પાછી સ્વસ્થ થઇ બારીએ આવતી હતી. રાત્રિના આઠ, નવ, દશ વાગ્યા. સઘળાં નિદ્રાવશ થયા. તારા પોતાના શૃંગાર સજવા લાગી. વાદળી રંગ ી રેશમી શાડી, અને ઊંચા રેશમની, વેલ, બુટ્ટા ભરેલી ચોળી પહેરી. શિરોકેશ ઓળીને ઠીક કર્યા. નેત્રમાં આછા કાજલને સ્થાનદાન આપ્યું. કપાળમાં ઝીણો કુમકુમનો ચાંલ્લો કર્યો. હાથે માત્ર સોનાની ઝીણી ઝીણી એક એક બંગડી પહેરી. જમણા હાથની એક આંગલીએ રત્નજડિત સુવર્ણની વીંટી પહેરી. એક મ્હોટા આરસાસ્હામુ ઉભી રહી, પોતાનું શરીર વારંવાર નિહાળવા લાગી. વસ્ત્રને ઠીક પહેર્યું, ધીમે પગલે ઉદ્યાનમાં આવી. શીતળસમીરની અવકૃપા હોવાથી પ્રસ્વેદ

થવા લાગ્યો. ઉદ્યાનની વૃક્ષ લત્તાની વચમાં એક હિંચકો બાંધેલો હતો. તેઉપર જઇ બેઠી. મ્હોટા મ્હોટા હિંચકા ખાવા લાગી. આમતેમ જોવા લાગી.

ઘડીઆળમાં ડીંગ્ ડીંગ્ અગીઆર વાગ્યા. તેને કંઇક શંકા થઇ. શું કોઇએ મ્હારી મશ્કરી તો નથી કરી ? દુશ્મનોના નગરમાં એમ થવું સંભવિત છે. તે ત્યાંથી ઉઠી બગીચામાં બધે ફરી આવી. કોઇ જણાયું નહીં. વળી પાછી તેજ હિંચકે આવી બેઠી. રાજસિંહ ઉપર વિશ્વાસ રાખી હિંચકા ખાવા લાગી.

"રાજપૂતો એક વચની હોય છે. આર્યકુળને દૂષણ આપવા જેવી અનીતિ તેઓ ગ્રહણ કરતાજ નથી." એમ બોલી તે ઝીણસ્વરે ગાવા લાગી:

"જોઉં હું ત્હારી વાટડી બેઠી બેઠી.
"જોઉં હું ત્હારી આંખડી મીઠી મીઠી,
"એરે આંખડીએ મુજને કામણકીધાં વ્હાલા,
"હવે શે રિસાયો—દેને ઝાંખડી, મીઠી, મીઠી.
"જો જો પંખિડા પણ તે; પ્રેમનાં પિપાસું સાચાં,
"નહીં દીયે દગો ભલી જાતડી—મીઠી મીઠી.
"આહા ! ઓહો ! મોંઘા મૂલના રસિક રસીલા,
"રંગરસથી કર હેલી એક રાતડી—મીઠી મીઠી.

એકાએક તે ગાતી બંધ પડી. તે બારીકાઇથી જોવા લાગી. તેનાં નેત્રો એક સ્થળે સ્થિર થઇ જોવા લાગ્યાં. હિંચકો પણ ધીમે ધીમે બંધ થયો. એક હાથની આંગલી હોઠે બીજો હાથ છાતી ઉપર રાખી વાંકી વલી કાંઇક જોવા લાગી. સ્હામુ આવેલાં કેટલાંક ઝાડની વચમાં એકાએક તેને રાજવંશી વસ્ત્ર, અસ્ત્ર ધારણ કરેલા પુરૂષની છાંયા જણાઇ. હીંચકો બંધ પડયો. જાણે હીંચકા ઉપર કળવાલી પુતલી ગોઠવી હોય તેમ તે સ્થિર થઇ ગઇ. તેનાં નેત્રો પણ સ્થિર થયાં. એ બોરસલીના ઝાડની વચમાં કોઇક ઉભું હતું. તેણે જોયું કે એક યુવાન મનુષ્ય શરિરે સુંદર, ઊદાસિન મુખમુદ્રા સહિત, ઝાડને માથું ટેકવી ઉભો છે. તેના માથા ઉપર જરીનો રત્નજડીત શિરપેચ—મંડિલ—છે. મખમલ ઉપર જરીના ભરતકામથી સુશોભિત થયલો ડગલો, કમ્મરે જરીનો ભરેલો કમ્મરપટો, મખમલની ભરેલી પાટલુન, કમ્મરે ચાંદીની ચલકતી તલવાર, પગમાં બુટ તથા સોનાનું સાંકળું પહેરેલું હતું. ઝીણી ઝીણી મુછ ઉગેલી હોય એવું જણાતું હતું.

આ રાજકુમારને જોઇ તારાને ગઇ કાલની ચીઠીનું સ્મરણ થયું. તેણે તે મૂર્તિને રાજકુમાર રાજસિંહની મૂર્તિ જાણી હિંચકેથી ઉઠી. તેના સ્હામુ જઇ ઉભી. બન્ને જણ મુંગે મ્હોડે એક બીજાના સ્હામુ જોતાં ઉભાં રહ્યાં. કોઇ કાંઇ બોલ્યું નહીં. થોડીવારે તારાએ કહ્યું:—

"મ્હારા પિતાના બગિચામાં અત્યારે મધરાત્રે પ્રવેશ કરનાર તમે કોણ છો ?

"તમારા પિતાએ આહીં ઉગાડેલાં મનોહર પુષ્પની સૌગંધ લેનાર, ભાનવગરનો ભ્રમર."

"પારકાની મલકત ઉપર ભાન વગરના થઇ સૌગંધ લેવાની ઇચ્છા કરવી એ વો ન્યાયથી વિરૂદ્ધ છે."

"જે વસ્તુ જેને માટે નિર્માણ થઇ છે તેની સૌગંધ લેવામાં અન્યાય કદી કહેવાયજ નહીં."

"શા માટે ?"

"પ્રથમ તમારા હૃદયનેજ પુછો."

"હું તમનેજ પુછું છું. કે તમારાજ બગીચામાં કોઇ રજા વિના પ્રવેશ કરે, પુષ્પોની સૌગંધ લે તો શું તેને તમે અન્યાય નહીં કહેશો ?"

"જુવો. બાલિકા, તમે હજુ અનુભવ વિનાનાં જણાઓ છો ? " આ સ્હામે ઉગેલાં પુષ્પ સ્હામુ નજર કરો, અને પછી વિચારો કે એ ફુલો જે સૌગંધ આપે છે તે શું બદલાની આશાથી કે નિઃસ્વાર્થપણે ! સંસારમાં કેટલી એવી વસ્તુ છે કે જે પોતાના સ્વાર્થ વગરજ બીજા ઉપર ઉપકાર કરે છે ?"

તારા ચુપ થઇ ગઇ. તે મોઢેથી કાંઇ બોલતી હતી પણ તેના હૃદયમાં કાંઈક જુદી વ્યથા થઈ હતી. તેણે જાણ્યું કે આ રાજસિંહજ છે. તેણે તેની પાસે જવા માંડયું. થોડે છેટે ઉભી રહી પુનઃ પ્રશ્ન કર્યો.

"તમારૂં નામ ?"

"નામ જાણીને શું કામ છે? આજ્ઞા વિના અહીં આવનારને જે શિક્ષા થાય તે સહન કરવા હું તત્પર છું."

"નહીં. નહીં, હું શિક્ષા માટે નહીં પણ પરિચય મેળવવા પુછુંછું.

"રાજસિંહ"

આ નામ સાંભળતાંજ આશ્ચર્ય ચકિત જેવી થઇ શરમાતાં શરમાતાં એ ત્રણ નેત્ર કટાક્ષ મારી પૃથ્વી સ્હામું જોયું. પગવતી જમીન ઉખાડવા લાગી.

થોડાવાર સુધી એમજ ચાલ્યું. રાજકુમારે તેની પાસે આવી પુછ્યું.

"રાજબાળા! પ્રથમ તો તમે ઘણાં ગુસ્સામા હતાં, હવે શા માટે શરમાઓ છો હું તમારી સુંદરતા, લાવણ્યતા માટે આટલે બધે વેગળે સુધી આવ્યો ત્યારે તમે મ્હને શિક્ષા કરવા તૈયાર થયાં ? શાબાસ છે તમને? ધન્ય છે તમારા પ્રેમને ? સુશિલાના પત્રથી મ્હારે તરતજ મેવાડ ત્યાગ કરી અહીં આવવું પડયું ! તેનો આ શિરપાવ કે ?

"મહારાજ ! અજાણતાં જે થયું તે માટે ક્ષમા કરો." તારાએ જાણી જોઇને ક્ષમા માંગી.

"શું તમે એટલાં બધાં મૂર્ખ હતાં કે મ્હને ઓળખી શકયાં નહીં ?" રાજકુંવરે પુછ્યું.

"મહારાજ ! આપના પિતા સાથે આપ, દશેક વરસની ન્હાની વયમાં મ્હારા પિતા પાસે જોધપુર પધાર્યા હતા તે હજુ મ્હને યાદ છે. આપણે બન્ને સાથે રહેતાં હતાં. સાથે રમતાં હતાં તે પણ હજુ ભુલાયું નથી. અને તમે મને કહ્યું હતું કે, ત્હારા જેવી કોઇ પક્ષી નથી." તે પણ હજુ મને યાદ છે. તારાએ નીચે મ્હોડે જવાબ દીધો.

"એમકે ? જે કહેવાયું હોય તે માટે ક્ષમા કરજો. વારૂં, હવે હું મેવાડ જવા ઇચ્છા

રાખ્યું'તું. માત્ર તમારા દર્શનનોજ ઉત્સુક હતો. ઇશ્વરે તે કામ પાર પાડ્યું !"

તે બે હાથ જોડી બોલી; નહીં, નહીં, નાથ, એમ નહીં થશે. મ્હારા પિતાને મળો અને થોડાક દિવસ અહીં રહી. મ્હારા હૃદયને આનંદ આપો. મ્હારા પિતાએ, મ્હારૂં લગ્ન, આપની સાથે કરવા નિશ્ચય કર્યો છે. હું પણ મ્હારા શુદ્ધ અંતઃકરણથી માનસિક ક્રિયાઓ અને પ્રતિજ્ઞાઓ દ્વારા આપને પરણી ચુકી છું, હું ચંદ્ર, નક્ષત્ર, આકાશ, પાતાળ, અંતરિક્ષના સર્વ દેવતાઓ સમક્ષ હું પ્રતિજ્ઞા કરૂં છું કે આપજ મ્હારા જીવનના આધાર, આપજ મ્હારા પ્રાણ રક્ષક, આપજ મ્હારા પ્રિયતમ છો." એટલું બોલી તે રાજકુમારના પગે પડી.

રાજકુમારે તેનો હાથ ઝાલી ઉભી કરી. રાજકુમારનો હાથ અડકતાં તેના શરીરમાં રોમાંચ થયો. તેનું શરીર ગરમ ગરમ થઇ ગયું. તેના મુખ ઉપર ચળકાટ જણાયો. આકૃતિ કાંઇક રતાશ પડતી જણાઈ. અને તેના નેત્રમાં અગ્નિ બળવા લાગી.

તારાની મુખાકૃતિમાં એકાએક આટલો બધો ફેરફાર થઇ ગયો તે જાણી, રાજકુમારે તેના હાથને પોતાના હાથમાં લીધો તેણે કહ્યું: રાજકુમારી ! પરમાત્મા સર્વ સારૂંજ કરશે."

"નાથ ! આ યવનોના રાજ્યમાં રહેવા કરતાં મૃત્યુ ઘણું સારૂં. આપ કોઇપણ યત્ને મને આ રાજ્યમાંથી બહાર કાઢો, નહીં તો મ્હારે આત્મ હત્યા કરવી પડશે."

"ઠીક છે. હું તેજ તજવીજમાં છું. પણ હવે મને મેવાડ જવાની આજ્ઞા આપો. માતા પિતાની આજ્ઞા વિના હું આટલે બધે વેગળે સુધી આવ્યો છું. ત્યાં શોધાશોધ થશે"

"નહીં, એમ જવાશે નહી ! પિતાજીને મળો અને પછી જાઓ."

"રાજકુમારી ! તમે હઠ કરો નહીં. તેમને મળવા જતાં બે ચાર દિવસ રહેવું પડશે."

"વારૂં, ત્યારે માત્ર પેલા હિંચકા ઉપર બેસી થોડીવાર હિંચકા ખાઓ. હું તમને હિંચકા નાંખીશ. પછી ભલે જજો" રાજકુમારી તેનો હાથ ઝાલી હિંચકા તરફ લઈ ગઈ.

રાજકુમારીએ તેને હિંચકા ઉપર બેસાડ્યો. તેની સામું પ્રેમ ભરેલા દ્રષ્ટિપાત્ કરવા લાગી. તેને પોતાનો પ્રિયતમ જાણી તે પતિવૃતા બાલિકા, હર્ષથી ઘેલી થઈ ગઇ હતી. રાજકુમારના હિંચકે બેઠા પછી પોતે થોડીવાર હિંચકા નાંખ્યા. અને તરતજ પોતે પણ હિંચકે ચઢી બેઠી. રાજકુમાર જરાક વેગળો ખસ્યો. એટલે તેણે હાથ ઝાલી; હાથે એક ચુંબન કર્યું. ચુંબન કરતાંજ તેના હાથે પહેરેલી વીંટી સામું નજર ગઈ. આ વીંટી સુશિલાને હાથે જોવામાં આવી હતી. તે અહીં ક્યાંથી આવી ? શું સુશિલાએ તો કાંઇ તેને આપી નથી ? કદાચ તેમ પણ હોય ! તોપણ વીંટીને બરોબર તપાસવા તેણે કહ્યું; નાથ, આ શિતળ ચાંદનીમાં બે ઘડી આરામ લ્યો, આપનું માથું મારા ખોલામાં મુકી નિશ્ચિંતપણે નિંદ્રા લ્યો અને પછી સુખેથી જજો."

રાજકુમારે જાણ્યુ કે હવે થોભવુંજ પડશે. તેથી તેણે કહ્યું; રાજકુમારી ! હવે ક્ષમા કરો. હવે હું થોભીશ નહીં પણ વળા ચાર છ દિવસે તમારી મનોહર પ્રતિમાના દર્શન કરીશ. એમ કહી હિંચકેથી ઉતરી ચાલવા માંડ્યું. તારાએ પુનઃ તેનો હાથ ઝાલી પોતાની છાતી સાથે, નેત્રો સાથે, કપાળ સાથે દાબ્યા, તે જોરથી હાથ પકડી રહી, હાથને ખેંચવા લાગી, હલાવવા લાગી, દબાવવા લાગી. તેનાથી કાંઇ બોલાયું નહીં. જાણે તેના હાથમાં વિજળીક શક્તિ હોય

તેમ હાથે તેની જીભને ખેંચી રાખી. તેના શરિરને જડવત્ બનાવી દીધું. તે હાથને છોડી શકી નહીં.

રાજકુમાર, તેના મુખચંદ્ર સામું એકી ટસે જોતો ઉભો હતો. તે મુગ્ધા તારા પણ તેની મોહક મુખાકૃતિથી પામી ગઇ હતી. છેવટે રાજકુમાર તેના હાથને જોરથી એક ચુંબન કરી, તેને આશ્વાસન આપી ચાલ્યો ગયો.

રાજકુમાર ગયો. એટલે તારા અવાક થઈ ઉભી. એક હાથ લાંબો કરી આંગલીવડે તેને બતાવતી ઉભી રહી, જ્યાં સુધી રાજકુમારની પીઠ જણાઇ ત્યાં સુધી તે એમજ ઉભી રહી, સ્થિર નેત્રે જોઇ રહી, જ્યારે તે અદ્રષ્ય થયો ત્યારે અચેત થઇ પૃથ્વી તલ ઉપર પડી.

પ્રકરણ ૨૩ મું.

દુઃખી હૃદયની વ્યથા.



પ્રાતઃ કાળ થવા આવ્યો હતો. આકાશમાંથી તારા પણ ધીમે ધીમે અદ્રષ્ય થવા લાગ્યા હતા. ચંદ્ર આકાશમાં સંતાઇ જવા ઉતાવળા પગલાં ઉપાડી રહ્યો હતો. આકાશનો રંગ ધીમે ધીમે સફેદ થતો હતો પૂર્વ દિશા તરફ આકાશ સ્વચ્છ થવા લાગ્યું હતું. ઝાકળનો ધુમાડો આકાશ અને પૃથ્વી વચ્ચે પથરાવા લાગ્યો હતો. ઝાડનાં પાદડાં અને ફળ, ફુલો ઉપર ઝાકળનાં બિંદુઓ, ઝીણાં મોતી પેઠે લટકતાં જણાવા લાગ્યાં. પળવારમાં રાત્રિ ઉડી ગઇ. રાત્રિનો દેખાવ જતો રહી પરોઢીયું જણાવા લાગ્યું. કોઇક કોઇક પક્ષિઓ થોડા થોડા શબ્દો બોલવા લાગ્યાં. અને પૃથ્વીપરનાં માનવીઓ પુન્ય અવસ્થામાંથી પાપાવસ્થામાં પડવા તયાર થવા લાગ્યાં. આકાશના રંગ, સફેદ, ઘેરા, લાલ, પીળા, થતા થતા ઓસરી ગયા વાદળ સ્વચ્છ થઇ ગયું. પૃથ્વી ઉપર સહજ બિનાશ જણાવા લાગી. યોગિઓ ભક્તિમાં, સૌભાગ્યવંતિ સ્ત્રીઓ પતિ ભક્તિમાં, બાળકોની સંભાળ લેવામાં, ઉદાર પુરૂષો દાન ધર્મમાં, શ્રીમાનો સાંસારિક વ્યવસ્થામાં, પૃથ્વીપતિઓ રાજ્ય પ્રપંચમાં, કુલટાઓ કુકર્મમાં, વિધવાઓ પતિ વિરહમાં, પાપીઓ અસત્યમાં, સ્વાર્થિઓ ભોળાજનોને લુંટવાનાં લોભમાં અને વિર પુરૂષો બાહુ બળથી, જીવનનું સાર્થક્ય પરમાર્થ કરવામાં ચિત્ત પરોવવા લાગ્યા.

સુશિલા પણ વિર સુંદરી હતી. તે પણ પરમાર્થના રહસ્યને જાણતી હતી પરમાર્થના અર્થને સમજતી હતી. તેની માતા નહોતી તોપણ અમરસિંહના ઘરમાં ઉછરી તેણે જે જે જોયું, જે જે અનુભવ્યું, પોતાની માસીના જે જે સદ્‌ગુણો જોયા, સંસારની વિચિત્રતામાં તેણે જે કાંઇ બારીકાઇ જોઇ અને પોતાના હૃદયના ગુપ્ત સુક્ષ્મ દર્શક યંત્રવડે જે કાંઇ "અવલોકન

કર્યું. હિંદુધર્મ શાસ્ત્રનાં જે જે પુસ્તકોમાંની કથાઓ સાંભળી તે સર્વે વસ્તુઓમાંથી, તેમજ સ્ત્રી, પુરૂષો અને બાળકો, પશુ પક્ષીઓના શબ્દોમાંથી જે કાંઇ સાર ખેંચી કહાડયો તે સર્વમાંથી દોહન કરી તેણે "પરમાર્થ, પરોપકાર, દયા, અને સુશિલતા." બસ, આટલાજ શબ્દોમાં સમાયલું તત્વ તેણે પોતાના હૃદયમાં ભર્યું હતું. એ શબ્દોમાં સમાયલી મહત્વતા બરોબર સમજી લીધી હતી. અને તેજ શબ્દોના સ્તોત્ર બનાવી ગુપ્ત રીતે ગાતી હતી. તે નાદ કોઇ સાંભળતું નહીં પણ બ્રહ્માંડમાં રહેતો આત્મારામજ તે સાંભળતો હતો. અને તેથી તે આત્મારામજ તેને એવી સદ્ બુદ્ધિ આપતો હતો. આ સદ્ બુદ્ધિનો ઉપયોગ પણ કેવળ પરમાર્થેજ થતો હતો. પરોપકાર કરવામાંજ આ જન્મમાં યશ અને પરજન્મમાં મોક્ષ, એ બેનુંજ તેણે અનુષ્ટાન માંડયું હતું. આ અનુષ્ઠાન ચોક્કસ દિવસો સુધીનું નહોતું. પરંતુ જીવન પર્યંતનુજ હતું. અને તેથીજ પરમાત્માએ તેની બુદ્ધિમાં બળ પ્રેરી, તેના હૃદયની કમાન મરોડી હતી.

સુશિલા તે ખરેખરી સુશિલવતી, સુલક્ષણા, સાધવી સ્ત્રી હતી. જોકે હજુ સુધી તે કન્યકા હતી. તારા કરતાં વય મોટું હતું. તેના શરીરના અવયવો શરીરમાંથી બહાર નિકળી, યુવાવસ્થા-જેને આજના જમાનામાં દિવાનાપણું, મદમસ્તપણું કહીયે તે પ્રમત્તાવસ્થાના આયુધ્ધો ડોકીયાં કરી રહ્યા હતાં યુવાવસ્થાની સર્વે સામગ્રી એકઠી થવા માંડી હતી એ મહાવસ્થારૂપી વૃક્ષનાં ફળ, ફુલ, બેસી ચુકયાં હતાં, "પ્રેમ" એ શું છે? પ્રેમ કેવો હોય છે? પ્રેમ કોના ઉપર થાયછે? પ્રેમ કોણ કરી શકેછે? પ્રેમ કયાં નિવાસ કરેછે? પ્રેમ કયા હૃદયમાં સંતાઇ રહે છે? પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે? પ્રેમનું પાત્ર કેવું હોય છે? પ્રેમ કયાં વેચાય છે? કોને મળેછે? પ્રેમમાં કોણ રાજા બને છે? કોણ ભિખારી થાય છે? કોણ સુખી થાયછે? કોણ દુઃખી થાય છે? દુઃખમાં, સુખમાં, વિભવમાં, વિપત્તમાં પ્રેમ કેવા રંગ ધારણ કરે છે? અને પ્રેમ કરવાથી કયારે પરમાનંદને પમાય છે? આ સઘળું સારી પેઠે જાણતી હતી. તેથીજ તેણે તારા અને રાજસિંહની પ્રેમગ્રંથી સજ્જડ કરવા ચાહ્યું હતું. તે બન્નેના હૃદયક્ષેત્રમાં જાણીને, જોઇનેજ પ્રેમબીજ રોપ્યું હતું અને તે જોતી હતી કે હવે ધાર્યા પ્રમાણે તેના અમૃત સમાન પૂષ્પો આવે છે કે નહીં?

પ્રેમનું આટલું શાસ્ત્ર જાણવા છતાં તેના હૃદયમાં પ્રેમનાં કેવા મુળ ફેલાયાં છે? તે મુળ કયાં સુધી ફેલાયાં છે તે કોઇ જાણી શકયું નહોતું. વાંચનાર! પ્રેમનું એવું અકથ્ય મહાત્ય, અને એવું અકથ્ય રહસ્ય છે કે મ્હોટા મ્હોટા મુનિયો, મ્હોટા મ્હોટા વિદ્વાનો, અને મ્હોટા મ્હોટા પંડિતો પણ તે યથાર્થ કહી શકયા નથી તો પછી આપણું શું ગજું વારૂ?

સુશિલા અને તારા બન્ને એકજ હોલમાં સુતાં હતાં. જૂદા જૂદા પલંગો ઉપર સુતાં સુતાં મોડી રાત સુધી વાદવિવાદ કરી બુદ્ધિજ્ઞાનની કથાઓ ચલાવતાં હતાં. સુશિલા દરેક વાતમાં તેને ઉંડી શિખામણ આપી પતિ, પિતૃ, અને પ્રભુ ભક્તિ શિખવતી હતી તે એકચિત્તે સાંભળતી હતી.

આજે રાત્રિના ચાર વાગી ગયા છતાં તારા પોતાના પલંગમાં નહોતી, સુશિલાએ પણ રાત્રિએ ભ્રમણકાર્ય કર્યું હતું. તારા એક તરફ ભમતી હતી ત્યારે બીજી તરફ સુશિલા તેના

ચરિત્રને જોતી ફરતી હતી. બગિચામાં તારાના હૃદય નાટકનો છેલ્લો પડદો! પૃથ્વિવશ તેજ વખતે સુશિલાએ આવી તેના માથા ઉપર, પેલા કુંડનું થંડુ જળ છાંટી સ્વસ્થ કરવા માંડી. એક કલાક પછી થોડી શુદ્ધિ આવતાં તે સુશિલાને બાઝી પડી. અને જાણે રાજસિંહના ખોળામાંજ સુતી હોય અને ત્યાંથી ઉઠી રાજસિંહને પોતાના દુરાગ્રહનો દંડ દેતી હોય. તેમ ભુજપાસમાં ગઇ દંત દશનદંડ દેવા લાગી. સુશિલાએ કહ્યું: તારા, ગાંડી, શું કાંઇ ઘેલી થઈ? જરા આંખ ઉઘાડી જોતો ખરી! આ તે શું!

એટલું સાંભળતાંજ તે સાવધ થઇ. બન્ને જણ મેહેલમાં ગયાં. પ્રાતઃકર્મ કરી વ્યથિત્ હૃદયે ગત્ રાત્રિની સર્વે બીના સુશિલાને કહી. સુશિલાએ હસતાં હસતાં તે બધું સાંભળ્યું તેણે પુછ્યું.

"જ્યારે રાજસિંહ ત્હારી પાસે આવ્યા ત્યારે તેં તેમને જવા કેમ દીધા? શું ત્હારામાં એટલી યુક્તિ નહોતી કે તેમને વશ ન કર્યો?"

"અરે બેન! શું કહું? તે ઠગારાએ તો ઉલટી મ્હનેજ વશ કરી નાંખી! બ્હેન! જ્યારે મેં તેમને જોયા ત્યારની મ્હારી સ્થિતિ શું કહું? મ્હને જાણે તેમણે ભુરકી નાંખી હોય તેમ હું તો જડવત્જ થઇ ગઇ. ના બોલાય કે ના ચલાય! જાણે હું કાંઇ કહેવા જાઉં ત્યારે કાંઇ કહેવાય અને હું કયાંય જવા પગ ઉપાડું ત્યારે કયાંય પગ ઉપડી જાય! અરેરે! બ્હેન! મ્હારી તે વખતની મનની ચંચળગતિ, હજારો વિચારો છોડી એનાજ મુખ તરફ વળી ગઇ. મ્હારા હૃદયમાં થવો સળવળાટ તદ્દન બંધજ પડી ગયો અને હૃદયમાં એનાજ નામના અજંપા જાપ થવા લાગ્યા. હાથ ત્યાં હાથ, પગ ત્યાં પગ, આંખો ત્યાં આંખો, અને શરિર ત્યાં શરિર! તેના મધુર મુખ તરફ હું તો જોઇજ રહી, જોઇજ રહી. ઘણુંએ જોઉં પણ કાંઇ તૃપ્તિજ વળે નહીં. જાણે એ નેત્રથી ન ધરાતી હોઉં તેમ એનાં હજારો નેત્રો થઇ ગયાં હોય તેમ તેની હજારો મુર્તિઓ જણાવા લાગી. અને થોડીવારમાં તો તેનું હસતું કોમળ, મધુર, મુખડું જોવાને મ્હારા શરિરનાં રૂવે રૂવા, ઉભાં થઇ ગયાં.

મ્હારી આંખો તો શું પણ મ્હારા શરિરના સઘળા અવયવો પણ તે મોહકચંદ્રને જોવા હજારો આંખો કરી જોવા લાગ્યાં. હું તો જાણે તેના નેત્રમાંથી ઝરતા નિર્મળ પ્રેમરસથી થંડી ગાર થઇ ગઇ, તેના મુખને જોતાંજ હું તો બળહીણુજ બની ગઇ. નહીં બોલવાનું ભાન, નહીં વાત કરવાનું ભાન, નહીં ઉભા રહેવાનું ભાન, નહીં રાત દિવસનું ભાન! તે વખતે તો જાણે હું કંઇક મુઢજ બની ગઇ! અરે બ્હેન! ત્હને હું શું કહું? તેના વાંકા નિર્મળ નેત્રે તો જાણે મ્હારા શરિરમાં હજારો બાણ માર્યા હોય, તેના શબ્દોએ જાણે હજારો કટારો મારી હોય અને વળી પાછો એ ધુતારો જાણે મ્હારા હૃદયમાં પડતા ઘાને રૂઝવવાની દવા કરતો હોય તેમ મીઠા મીઠા શબ્દો બોલી મ્હને લોભાવતો, લલચાવતો હોય તેમ થતું હતું. અરેરે! હું શું જાણું કે તે આવો મોહિની નાંખનાર કોઇ જાદુગર હશે! હાય! હાય! બ્હેન! હું નહોતી જાણતી કે તે મ્હને આમ છેક નિર્માલ્ય કરી નાંખશે! નહીં તો હું તેને મારા માથાના વાળ

વડે એક ઝાડ સાથે બાંધી રાખત. ભલે, હું ને તે બંને દુ:ખી થાત પણ એ પ્રપંચીને, મ્હારા ચિત્તના ચોરને જવા દેત નહીં. તેણે મ્હને એવા એવા શબ્દો કહ્યા કે જાણે ભલા ભલા વકીલ, બેરીસ્ટરો પણ હારી જાય. ત્યાં પછી મ્હારૂં શું ગજું? બ્હેન! બોલવામાં તો જાણે ખરેખરો ઠગ! એને હું બીજી શી ઉપમા આપું? એ ગમે તેમ પણ તે મ્હારા હૃદયના ઉંડા ભાગનો દિપક છે! તે દિપકને હું કેમ ગાળો દઉં છું! હું મુર્ખિ છું. હું પાપિણી છું. એ તો મ્હારા પ્રેમને ધારણ કરનાર સુપાત્ર છે! નારે ના. સુશિલા,–મેં–શું કહ્યું વારૂં–હું શું શું બકી ગઇ? મેં શો લવારો કર્યો? અરેરે! મને યાદ રહેતું નથી! સુશિલા! જો, જો, આ–તે–પેલો–ચોર! ચોર!

એમ બોલી તે તેના શરીરે બાઝી પડી. તેની આંખો જુદાજ પ્રકારની દેખાઇ! તે ગાંડી જેવી થઇ ગઈ. તે વારંવાર લવારો કરતી હતી. બકતી હતી. રાજસિંહનેજ જોઇ રહી હતી. પૃથ્વિની પ્રત્યેક વસ્તુમાં રાજસિંહની છબિજ જોતી હતી. તે કયાં બેઠી છે? તેની પાસે કોણ બેઠું છે તેનું તેને ભાન નહોતું. ખરેખર, તેનું હૃદય, શાંત જળમાં પથ્થર પડતાં જેવી ગતિ થાય તેવું ચળાયમાન થયું હતું. તે વારંવાર વીચારો કરી ઉઠતી અને ગમે તેમ બોલતી હતી.

સુશિલાએ તેને પવન નાંખવા માંડયો. તેના કમળ સમાન મુખને ઝાલી પોતાના મુખ સામું ધરવા લાગી. તેણે કહ્યું: તારા, બેવકુફ થઇ કે શું? પિતાજી જાણશે તો તને શું કહેશે વારૂ? જરાક તો વિચાર કર!

તારા, સુશિલા સામું થોડીવાર જોઈ રહી; તે શું જુવે છે તેની ખબર નહોતી. તે બોલી ઉઠી; બ્હેન, શું હું બેવ–કુ–ફ? હા, હું બેવકુફ! જોજે તે મારા વહાલાને તું કાંઈ કહેતી નહીં. તેણે મારા ગાલમાં આંગળી મારી હતી તોપણ હું કાંઇ તેને કહું છું. હા, હુંજ બેવકુફ! શું પિતાજી જાણશે? હા, તો મને શું કહેશે! શું મ્હને વઢશે! શું મારા વહાલાને વઢશે? તેને તેઓ કાઢી મુકશે? ભલે, તે તેને કાઢી મુકે તો પણ હું તેને મારા હૃદયમાંથી કાઢીશ નહીં તો. હું તો તેને હૃદયમાંજ સમાવીશ. તેમાંજ પુરી રાખીશ. બ્હેન! તે તું કોઇને કહેશે? ના, કહીશ નહીં. હો! પિતાજી શું કહેશે! શું વિચાર! વિચાર! શાના વિચાર! કેવા વિચાર, કોના વિચાર! કેટલા વિચાર! મારા વહાલાના વિચાર! હા, કેટ લી વખત! એક, ચાર, પાંચ સત્તર, પચાસ, સો, હજારવાર વિચાર કરૂં! તેના વિચાર કરી કરી શું હું મરી જાઉં! હું મરૂં? બ્હેન! હું મરૂં? ના, ના, હું મરૂં તો મારા વહાલીથી શી વલે? તે કેમ જીવે! તે શા આ-ધારે જીવે? તે શામાટે જીવે? હું દયા વગરની થાઉં તો તે કેમ જીવે? ના–તે નહીં જીવે! જોની બ્હેન! હું તેના વિચાર કરૂં તેમાં પિતાજીનું શું જાય છે? પિતાજી તે કેવા માણસ! તેમને શામાટે વચમાં બોલવું પડે? મારૂં હૃદય તો મારૂંજ છે? શું તે પિતાજીનું છે? શું કાંઇ પિતાજીનું હૃદય મેં મારા વહાલાને આપ્યું છે? મેં તો મારૂં હૃદયજ તેને આપ્યું છે! જો–જો–લે–જો–હું ચીરૂં? બતાવું? જો, આ કાંઇ પિતાજીનું હૃદય છે? મારૂં તેતો મારૂંજતો! પિતાજીનું મારા વહાલાને આપું તો તે કહે પણ મારૂં હું તેમને બધું આપી દઇશ, મારૂં ગમે તે આપીશ, તે મારો વહાલો છે! મારી ગમે તે વસ્તુનો તે માલીક છે. જોઉં વારૂ?

તેને કોણ રોકનાર છે? શું મારૂં મારા વહાલાને નહીં આપું? તમે કહેનાર કોણ? તેને મેં આપ્યું છે! હા, હા, આપ્યું છે, તે મારોજ છે. મારોજ છે. કેમ બ્હેન! તે મારો નથી? હા, તે મારો-જો-જો-તે પેલો ઉભો, પેલો સંતાયો, જો-તે-હવે મારા સામું ઉભો ઉભો હસે છે! અરરર, જો, જો, બ્હેન, તે મને નેત્ર કટાક્ષ મારે છે! જોની! તે મને બોલાવતો નથી. જોની, તે વળી પાછો રીસાય છે. વે તો હવે મોઢું ચઢાવી ઉભો છે! શામાટે એમ હશે! બ્હેન, બ્હેન, બોલાવ એને, એ તારાથી સરમાય છે. ઓહ! આહ! અરરર! ઉહ! સુસ! એએએએ! વહાલા! વહાલા! ઉભો રહે! જતો નહીં. આ આવી-

એમ કહી તે એકાએક ઉઠી, બગિચા તરફ દોડવા જતી હતી. બળ કરી હાથ તરછોડતી હતી. સુશિલાએ તેને પકડી રાખી. પોતાના ખોળામાં ઉંધું માથું રાખી સુવાડી દીધી તે કાંઈક બબડતી પડી રહી.

સુશિલા બુદ્ધિમાન હતી. તેણે મહેલ તરફ નજર કરી. એક દાસીને બોલાવી. બંને જણે તેને બાથમાં ઘાલી મહેલમાં લઇ ગયા. એક દાદરે થઇ શયનાગારમાં લઈ જઇ પલંગપર સુવાડી. સુશિલાએ એકલીએ તેના હૃદયની વ્યથાના ઉપચાર કરવા માંડયા. તેજ તેનો વૈદ્યરાજ બની દવા આપવા લાગી.

દાસીએ આ સમાચાર તારાની માતાને પહોંચાડયા. પુત્રીની આવી સ્થીતિ જાણી તરતજ તે ત્યાં આવી. જુવે છે તો પુત્રી બેભાન સ્થીતિમાં હતી. આ જોઇ તે ગભરાવા લાગી. સુશિલાને તેનું કારણ પુછ્યું. તેણે કહ્યું: માસીબા! એની આ દશા થવાનું કારણ માત્ર તેનું વય છે. હવે એ બાળક નથી પણ યુવાન થઇ છે. આ જુવો! તેના શરિરને! એ હવે લગ્ન કરવા યોગ્ય થઇ છે. ગઈ રાત્રે અમે બન્ને જણ રાજસિંહ સંબંધી વાતો કરતાં કરતાં નિદ્રાવશ થયાં. મધરાત્રિએ એકાએક તે ચમકી ઉઠી. આખા સયનાગારમાં કોઈક વસ્તુ શોધવા લાગી. ગાંડીની પેઠે બબડવા લાગી. બારીયે વારંવાર જોવા લાગી. કોઇને ન્હાસતા પકડવા લાગી. છાતી ઉપર હાથ મુકી નિશ્વાસ નાંખવા લાગી. આંખો ઉપર હાથ મુકી બંધ કરવા લાગી. તેમ કરતાં કરતાં એકાએક તે પૃથ્વિ ઉપર પડી ગઈ. એજ વખતે મેં તેને ઝાલી લઇ આશ્વાસન આપ્યું હવે તો સત્વર એનાં લગ્ન કરી દેવાં જોઇએ. આ રાજ્યના દુષ્ટ મનુષ્યો, શાહજાદો, ત્રીજોરર વિગેરે એને ઘણું સતાવે છે. કોઇક દિવસ આપણી છોકરીના જીવનું જોખમ થશે.

તારાની માતા ચંદ્રાવતી આ સાંભળી ઘણો શોક શોક કરવા લાગી. પુત્રીની યોગ્ય વય થઇ છે એનું તેને બરોબર ભાન થયું. ચૌદવર્ષનું વય છતાં લાડમાં ઉછરેલી હોવાથી તેનું શરિર મનોહર, રૂષ્ટ, પુષ્ટ જણાતું હતું. ચંદ્રાવતીએ તારાના શરિરને સ્પર્શ કર્યો, તેની પાસે બેસી તેનું માથું પોતાના ખોળામાં લીધું. હજુ પણ તે બેશુદ્ધ હતી. તોપણ કંઇક લવારો કરતી હતી. ચંદ્રાવતીએ તેનું મુખ પોતાના તરફ ફેરવી કહ્યું: બેટા! મ્હારી વ્હાલી પુત્રી!

એટલું કહેતાં કહેતાં તો તેનાં નેત્રમાં આંસુ આવી ગયાં. પુત્રી ઉપર યવનોનો કોપ, તેની દયામણી સ્થીતિ, રાજસિંહ સાથે લગ્ન થવાં અસંભવ આદિ વિચારોનાં ખડક સાથે,

તેનું હૃદય અથડાવા લાગ્યું. તેણે રડતાં રડતાં કહ્યું: બેટા, હીણભાગ્ય માતાપિતાને પેટે જન્મ લેનાર પુત્રીઓની આવીજ દશા થાય છે. જન્મથીજ તેં સ્વદેશનું, સ્વસગાંઓનું, સ્વમાતા પિતાનું પુરૂં સુખ જોયું નથી. હજુ પણ ત્હારા ભાવિમાં કેવાં કેવાં દુ:ખ લખાયલાં હશે તે કોણ કહી શકે છે? એ દુ:ખનો અંત કેવો આવશે! સુખ ભોગવવા તું સરજાયલી છે કે નહીં! રાજસિંહ સાથે ત્હારાં લગ્ન કયારે થશે? અરે, કદાચ થશે કે નહીં? અને થશે તો કેવી ખુનખાર લડાઇ થશે? કેટલા રાજપૂતોનાં પ્રાણ જશે, કેટલાં લોહીની નદીઓ વહેશે? તે બધું કહી શકાતું નથી. બેટા! તું જન્મથીજ દુ:ખી છે. તું દુ:ખમાંજ ઉછરી છે. તોપણ તેં દુ:ખમાં સુખ માન્યુ છે. તું બાળક છે. તોપણ માતાપિતાને દુ:ખી કર્યાં નથી. તું આટલી વયમાંજ ત્હારો ધર્મ સમજી છે. યવનો અને હિંદુઓના ભેદને સમજી શકી છે. બેટા, ત્હારા જેવી શાણી સદ્ગુણી પુત્રી આ સ્થીતિએ પહોંચી તે શું માતાપિતાને થોડો ખેદ કરાવતું હશે?

તેનાં નેત્રનાં ઉષ્ણ આંસુ તારાના ગાલ ઉપર ટપકવા લાગ્યાં. ચંદ્રાવતીની આંખમાંથી ચોધાર આંસુ નિકળવા લાગ્યાં. હવે તેનું હૃદય ભરાઇ આવ્યું. તે વિશેષ બોલી શકી નહીં. તારાનું દુધના ફીણ જેવું મ્હોડું પોતાના બે હાથમાં ઝાલી, જોતાં જોતાં રડવા લાગી. સુશિલાએ કહ્યું: માસીબા, રડી કલ્પાંત કરવાથી આપણી સિધ્ધિ નથી. આફતનું વાદળું ચઢી આવતાં તેને વિખેરવાની તજવીજ કરવી જોઇયે. તમે તેમ કરતાં નથી. પણ ઉલટાં રડીને ગભરાઓછો. તમે એમ જ્યારે અકળાઓ અને મુઝાઓ ત્યારે અમારી શી વ્હલે? પિતાજીની શી દશા? તમારે તો અમને ધીરજ આપવી જોઇયે. અને દુ:ખદ વાદળાંને વિતાડવાની યુક્તિ બતાવવી જોઇયે. ગભરાઓ નહીં; અને રસ્તો બતાવો. ભરદરિયે ચાલતું. વહાણ અટકી પડતાં તેના હંકારનારાઓ ગભરાય ત્યારે ઉતારૂઓની શી દશા? તે વહાણ ડુબી ગયા વિના રહે નહીં. હંકારનારાઓએ તો છાતી કઠણ કરી, ઉતારૂઓને ધીરજ આપી, તોફાની સમુદ્રમાંથી ત્યાંહી સલામત પસાર થવાની યુક્તિ કરવી જોઇયે. નહીં તો બધા ઉતારૂઓ ડુબી મરે!

"બેટા, ચારે તરફ અગ્નિ લાગે ત્યાં કેટલું ધૈર્ય રહે? છાતી કેટલી કઠણ રહે? શું ઉપાય બતાવું?" હજુ પણ તેણે રડતાં રડતાંજ કહ્યું.

"ચારે તરફ અગ્નિ લાગે ત્યારે ગભરાઇ નિરાશ થઇ બેસવાથી બધાં મકાનો બળી જાય. પણ એક એક તરફથી જઇ છાંટવામાં આવે ત્યારેજ તે બધો અગ્નિ શાન્ત પડે. અને ઘરો તેમજ મનુષ્યો બચી જાય. આપણને ઇશ્વરે બુદ્ધિ આપી છે. આપણે કાંઈ યવનો જેવાં માંસાહારી નથી કે આપણામાં જાનવરો જેવી બુદ્ધિ હોય, પણ આપણે તો શાંન્ત ચિન્તે વિચાર કરી શકીયે છીયે, જેઓ શાન્ત ચિન્તે વિચાર નથી કરતાં તેઓ દુ:ખના ડુંગર તળે દટાઈ જાય છે. પણ દુ:ખનો ડુંગર ધસી આવતાં યુક્તિથી છટકી જાય છે તેઓજ સુખી થાયછે. કદાચ ડુંગરતળે દટાયાં તોપણ શું? થોડે થોડે તેમાંથી છટકવાનો ઉપાય થાય તો બહાર નિકળી શકાય છે. પણ હિમ્મત હારવાથી તો આપણો નાશ થાય છે. માસીબા! હવે શાન્ત થાઓ. આપણે લીધે પિતાજી ઉલટા વિશેષ દુ:ખી થશે. એકાંતમાં આપણે વિચાર કરી આ દુ:ખમાંથી છુટવાનો રસ્તો શોધી કહાડીશું."

સુશિલાના આવાં ધૈર્યદાયક વાક્યો સાંભળી ચંદ્રાવતીને પણ હિમ્મત આવી. સુશિલાએ શિતોપચાર કરી, ધીમે ધીમે તારામેં સાવચેત કરી તેને ચંદ્રાવતી સાથે વાતો કરાવી. ચંદ્રાવતી તેને સ્વસ્થ જોઇ ચાલી ગઇ.

લગભગ અર્ધો કલાક, તારાને સુઇ રહેવા દીધી. સુશિલા વિચાર કરતી, તેની બાજુમાં બેસી રહી. તારાએ ધીમે ધીમે નેત્રો ઉઘાડ્યાં, શરિર આમતેમ ફેરવવા લાગી. સ્થિર ચિન્તે, સ્થિર નેત્રે જોવા લાગી. તેનું શરિર ભારે ભારે લાગ્યું. તેણે સુશિલાને કહ્યું, આ બધું શું થાય છે! હજુ કાળજું ચક્કર ક્યાં સુધી ફરશે! પ્રભુને શું આવુંજ ગમતુ હશે? ધર્મિને ત્યાંજ માર!

"જ્યાં સુધી મ્હારી પ્રકૃતિ સ્વસ્થ ન થાય ત્યાં સુધી કાંઇ પણ વિચારો કરવા નહીં. પછી આપણે બધી ગોઠવણ કરી લઇશું" સુશિલાએ આશ્વાસન આપ્યું.

"હવે પ્રકૃતિ સ્વસ્થજ છે. સુશિલા, હવે વધારે વખત કાઢવો ઠીક નથી. યવનોના રાજ્યમાં હિંદુ છોકરીઓનાં ભવિષ્ય કેટલે દરજ્જે અનિષ્ટ થયાં છે તે તું હજીપણ ભુલે છે? વિલંબ કરવાથી માઠું પરિણામ આવશે." તારાએ ધીમે ધીમે ખુલાસો કર્યો.

"સઊ મ્હારા જાણવામાં છે. રાત્રિ સુધીમાં છેવટનો નિર્ણય કરી લઇશું." સુશિલાએ તેનું માથુ દબાવતાં ધીરજ આપી.

* * *

રાતના નવ વાગ્યા. આખા દિવસમાં તારા અને સુશિલાએ બીજા કાંઇપણ વિચારો કરવાની માથાકુટ કરી નહીં. સ્નાન, પુજન, ભોજન વિગેરે કામમાંથી પરવારી બંને જણ પાછાં શયનગૃહમાં ગયાં.

શયનગ્રહમાં જઇ થોડીવાર બંને જણ આમતેમ ફરવા લાગ્યાં. બગિચામાંથી મીઠી સુગંધની લ્હેરો આવતી હતી. તેજ દીશા તરફની એક બારી આગળ ટેબલ, ખુરશી પડેલાં હતાં. સુશિલાએ તારાને કહ્યું: લે, આ કાગળ, ખડિયો અને લેખણ. રાજસિંહ ઉપર એક પત્ર લખ, પછી જોઇયે કે તેનો કેવો અમલ થાય છે?"

એ સાંભળતાંજ તારા ખુરશી ઉપર આવી બેઠી, તારાએ પોતાની મેળેજ એક લંબાણ પણ અસરકારક શબ્દોમાં પત્ર ચીતરી કહાડ્યો. તારાએ તે પત્રમાં પોતાના હૃદયનું જાણે સત્વજ આણી કર્યું હોય, તેમ જેટલું બખાયું, જેમ લખાયું, તેમ લખી કહાડ્યું. પત્ર લખી સુશિલાને વંચાવ્યો. તેણે કાંઇપણ ફેરફાર ન કરતાં એમને એમજ તેપર બીડી દઇ ઉપર સરનામું કરી પોતાનાં પાળેલાં મુસાફરી કરનાર કબુતરોમાંથી એકને લાવી તેના બે પગ વચ્ચે પત્ર બાંધ્યો. અને તેને છોડી દીધું. કબુતર ઉડતું ઉડતું આકાશ માર્ગે અદ્રશ્ય થયું.

બંને જણ વાતો કરતાં, વિચાર કરતાં પલંગો ઉપર પડ્યાં બંનેનાં હૃદયમાં કેવા વિચારો થયા કરતા હશે તે અમારી લેખિનીથી લખાય તે કરતાં વિશેષ રીતે વાંચનારનું હૃદય જાણી શકશે.

પ્રકરણ ૨૪ મું.

સાગર તીર.

આ સમયને થોડાજ વિલંબ છે. સુર્યદેવતાએ પોતાનાં પ્રખર કિરણોની ઉષ્ણતા કાંઇક ઓછી કરી છે. ચારે દિશામાં પ્રકૃતિનો રંગ બદલાઇ ગયો છે. પશ્ચિમ દિશામાં સુર્યદેવ લાલ અને સોનેરી રંગ મીશ્રિત એક ગોળ થાળા જેવા જણાય છે. એ ઘટિકા પહેલાં જે સુર્યના સ્હામું જોવાતું નહોતું, અત્યારે, તેજ પ્રકાશ સાધારણ રીતે જોઇ શકાય છે. પ્રાણપ્રિય, પ્રિયતમની અસહ્ય વિરહ વેદનાનું આવતું ભય જોઇ બિચારી કમલિની મુખ ઢાંકી અશ્રુ- પાત કરવા લાગી છે. તેનું મુખ નિસ્તેજ થઈ ગયું છે. તેની આવી ગતિ જોઇ મધુ- લોલુપ ભમરો પણ, કેટલીકવાર સુધી આશામાં ને આશામાં તેની આસપાસ પ્રદક્ષિણા—ગુંજારવ કરી, નિરાશ થઈ ચાલ્યા ગયા. બીજી તરફ પોતાના પ્રાણવલ્લભ, નિશમણી—સુધાંશુના આગમનની તૈયારી જોઇ કુમુદિની, આનંદથી પ્રફુલ્લ થઇ હતી. પ્રકૃતિનો વડિલ બાંધુ મલય, પોતાની ભગિનીની શોભામાં વૃદ્ધિ કરવા મીઠી મીઠી લહરો નાંખવા લાગ્યો. તાપના સંતાપને કાપી, વિરહીના હૃદયની વ્યથા ઓછી કરવા તેમના શરિર સાથે અથડાવા લાગ્યો. વનનાં વૃક્ષોને, પુષ્પોને અને પલ્લવોને છિંટકા નાંખવા લાગ્યો. પક્ષીઓ મધુરાં ગાન ગાતાં ગાતાં સ્વગ્રહે જવા લાગ્યાં. આ સમયે જગતની શોભા અલૌકિક થઇ રહી.

આ સમયની શોભા પ્રત્યેક સ્થળે સરખીજ હતી. અમરસાગરના જળ મંદમંદ ગતિએ કલ્લોલ કરી રહ્યાં હતાં. કામળાંગીનીઓની ધીમી ચાલપેઠે ન્હાની ન્હાની લહરીઓ જળઉપર ચાલી જળમાંજ સમાઇ જતી હતી. સાગરનાં નિતર્યાં જળ, કાચ જડેલી પૃથ્વી હોય તેવાં જણાતાં હતાં. સાગરની પાળઉપર ઉગેલી વૃક્ષાવળીનું પ્રતિબિંબ જળમાં પડતું હોવાથી જળે જાણે શ્યામરંગ ધારણ કર્યો હોય તેમ દેખાતું હતું. વૃક્ષની લાંબી લાંબી ડાળીઓ જાણે આખો દિવસની તૃષા મટાડતી હોય તેમ જળમાં મુખ ઘાલી, જળપાન કરતી, અને મલય- પતિના આલિંગનથી મસ્ત બની હાલતી હતી સાગરની ચારે બાજુએ, પત્થરનાં પગથિયાં હતાં અને થાકેલા પંથિકજનો તે રસ્તેથી મીઠું જળપાન કરી તૃષા શાંત કરતા હતાં.

આ સાગરને કિનારે એક મ્હોટા વૃક્ષ નીચે બે ઘોડા બાંધ્યા હતા. સાગરની પાળ ઉપર બે સમાન વયના યુવાનો, રાજ્યદ્વારી વસ્ત્ર, શસ્ત્રથી સજ્જીત થયેલા, સુ-ધ્યા સમય- ના મધુરપવનનું સેવન કરતા હતા. પ્રકૃતિની અદ્ભુત લિલા નિહાળી, આનંદ પામતા હતા. બેમા એકનો પોશાક વિશેષ તેજસ્વી અને બહુ મુલ્યવાન, રત્નમણિ, જડિત અને મુખમુદ્રા પણ વિશેષ તેજસ્વી અને કપાળ વિશાળ હતું. બીજાનાં વસ્ત્ર સાધારણ અને મુખપણ ઓછા તેજવાળું કપાળ સાંકડુ હતું. આથી એમ અનુંમાન થઇ શકતું હતું કે

તેમા એક કોઇ મહાનુભાવશાળી, વિશેષ પ્રભાવશાળી, અતુલ સમાંધ્યવાન, શ્રીમાન અને બીજો
તેનાથી ઉતરતી પંક્તિનો યુવાન છે. બન્ને યુવાનો શરીરે ગૌર અને રુષ્ટ પુષ્ટ હતા.
બન્ને જણ હાસ્યવિનોદ કરતા, સરોવરને કિનારે બેઠા બેઠા મોજ કરતા હતા.

એક યુવાને કહ્યું: જ્યારે ફળ "પરિપકવ થાય છે. ત્યારે તેનો કેવો સ્વાદ આવે છે
વારુ? તમે તો કોઇ હકીકત જાણો છો?!

"આટલુ કહ્યુ તોપે તમે સમજ્યા નહીં, ફળ પરિપકવ થતાં પોતાની મેળેજ તેના
ભોકતાના પગ આગળ જઇ પડે છે." બીજાએ ઉત્તર આપ્યો.

"અને તેના સ્વાદથી અજાણ્યું મનુષ્ય આગળ જઈ પડે તો?"

"તો શું? તે ફળનો જન્મ, સ્વાદ અને સુંદરતા, સર્વ વ્યર્થજ."

"એજ પ્રમાણે પ્રેમીના પ્રણયનું ખરું કે નહીં?"

"પ્રેમીનો પ્રણય વિશુદ્ધ અંતઃકરણનો હોય તો. પણ જે હૃદય ક્ષેત્રમાં હજારો બીજ
રોપાયાં હોય અને તેમાંનું એકાદ નિરર્થક વૃક્ષ બળવાન થઇ પડે તો તેનાંથી શું ફળ? એક
ક્ષેત્રમાં એકજ જાતિનાં બીજ રોપાવાં જોઇએ. તોજ તેના ધારણ કરનારને ઉપયોગી થાય છે."

"જે ક્ષેત્રમાં બીજ રોપાઇ નાશ પામ્યાં હોય અને પછી કોઇ બીજ રોપાયું હોય
અને તેનાં જે વૃક્ષ, ફળ ઉત્પન્ન થાય તો?"

"મિત્ર! તેવા ક્ષેત્રનાં ફળ, ફુલ વિશેષ અસ્તિત્વ કે વિશેષ બળવાન થતાં નથી."

"ક્ષમા કરજો! તમારી જે ધારણા પ્રથમ મ્હને કહેતા હતા તેતો તદ્દન અસત્યજછે.
અને તેની સાબિતી સમય આવે બતાવીશ. પણ રાજ્ય સુખ લાલસાથી જે બીજ રોપાયાનું
અનુમાન કરોછો તે મને હમણાં અમારા તરફ પ્રણય બીજ રોપાયું છે તે પણ ખોટું છે. તે
બિચારી મુગ્ધા છે. યવનોના રાજ્યમાં હમણાં કેવો ભય, કેવો ત્રાસ અને કેટલી વિપદ છે
તે આપ ક્યાં નથી જાણતા?"

"મ્હેં જે અનુમાન કર્યું તે માત્ર કર્ણ દોષજછે. જ્યારે મેં જાણ્યું કે અનુમાન ખોટું
છે ત્યારથી ઇશ્વરની પ્રતિજ્ઞા લઇ કહું છું કે મ્હારા હૃદયમાં તેની મુર્તિનું આરાધાન થાયછે."

બન્ને મિત્રોમાં વાતચિત થતી હતી. એટલામાં બાંધેલા ઘોડાઉપર એક સફેદ કબુતર
આવ્યું. બન્ને જણ, તે પક્ષી અને તેના પગમાં કાંઇક કાગળનો કટકો જણાયાથી,
પાસે ગયા. વિશેષ તેજસ્વી પુરૂષે તે કબુતરના પગમાં બાંધેલો પત્ર ધીમેથી છોડી લીધો
અને તે સ્થળે પોતાના નામવાળો રેશમી, જરીનો ભરેલો રૂમાલ બાંધી આપ્યો. પક્ષી તરત
જ ઉડી ગયું, બન્ને જણા ઉડતા પક્ષીને જોતા ઉભા રહ્યા. કેટલીક વારે તે આકાશમાં
ઉંચો, અદીઠ જણાયું, અદૃશ્ય થયું.

પત્ર ઉપરના અક્ષર જોતાંજ બન્નેએ અનુમાન કર્યું અને તેમનું તે અનુમાન ખરું

જોડયું. મીનળની મુખાને કેટલાંક ચુંબનો કરી, તેમને હૃદય સાથે ચાંપ્યો, વારંવાર તેને જોવા લાગ્યો. બીજા ચુબાને તે પત્ર આપ્યો. તેણે તેની સામે જોઇ હસતાં હસતાં, ધીમેથી કાંઇક કહ્યું અને તરતજ ઘોડાઓ ઉપર સ્વાર થઇ, અરાવલ્લીની ડુંગરીઓમાં થઇ, રાજ્ય મહાલયમાં આવી પહોંચ્યો. રાત્રિએ પોતાનો અમલ બજાવવા માંડયો. આખું જગત્ શાન્તિ દેવીના પ્હેરામાં આવ્યું. અને દિવસના, કામથી કંટાળેલા મનુષ્યો વિશ્રામ લેવાની ગોઠવણ કરવા માંડયાં.

પ્રકરણ ૨૫ મું.

પ્રેમી પત્ર.

રાજકુમાર રાજસિંહ અત્યારે વિશેષ હર્ષોત્ફુલ્લ જણાય છે. સાયંકાળના પવન સેવન પછી હમેશાં તેઓ મહાલયના બગીચામાં ફરી પુષ્પો ચુંટી સુંઘતા હતા. બગિચાના વૃક્ષોમાં જળ છંટાવતા હતા. આજે તેઓ પોતાના શયનગૃહમાં ચાલ્યા ગયા હતા. કબુતર પાસેથી મળેલો પત્ર કાઢી વાંચવા લાગ્યા. વારંવાર તેમાં લખાયલા અક્ષરો તાકી તાકીને જોવા લાગ્યા. પત્ર લખતાં અક્ષરો ઉપર પાણીના છાંટા પડેલા જણાતા હતા તે ઉપરથી અનુમાન કર્યું કે પત્ર લખતાં, લખનારના નેત્રમાંથી આંસુ નિકળેલાં હોવાં જોઇએ. આ અનુમાને ઘણા વિચારો કરાવ્યા લખનારના હૃદયનાં ભાવો જણાયા. લખનાર અતિ દુઃખદ્ સ્થીતિમાં હોવું જોઇએ. તેના હૃદયમાં અસહ્યવેદનાઓ થતી હોવી જોઇએ. લખનાર કોઇ ભયંકર સંકટમાં સપડાયલું હોવું જોઇએ. તેનો આખો પત્ર યથાસ્થિત વાંચવા કરતાં માંહે લખેલા કેટલાક શબ્દો પર દ્રષ્ટિ ફરી વળી. "નાથ! આ ભયમાંથી મુકત કરો" વળી "વ્હાલા! હું તમને મ્હારૂં સર્વસ્વ અર્પણ કરી ચુકીછું." "યવનોના રાજ્યમાં રહેવું અને અગ્નિ કુંડમાં પડવું એ બરાબર થઇ પડયું છે." મ્હને બચાવો, મ્હારૂં રક્ષણ કરો." 'પ્રાણ! શું એક દીન બાલિકાની વ્હારે ચ્હડવું એ તમારૂં ક્ષિત્રયભુષણ નથી? "અસહાય બાળાને બચાવવી અને કસાઇને ત્યાંથી ગાય છોડાવવી એ બન્ને બરોબર છે." "જુવો" નાથ! મ્હારૂં હૃદય ચીરી જુવો!" "રાજકુમાર! આ પત્ર વાંચી વિલંબ ન કરતાં, તે ક્ષણે અહીં આવો. હું તમારા ખોળામાં મૃત્યુ પામીશ તો પણ સ્વર્ગ મેળવીશ." "નાથ! બચાવો! બચાવો!"

આવા આવા છુટા છુટા શબ્દો વાંચતાં તેનું અંતઃકરણ અશાન્ત થયું. અધિર થયું. તેના હૃદયમાં દુઃખ થવા લાગ્યું. તેના મુખ ઉપર અનેક રંગ દેખાવા લાગ્યા. શોકાચ્છાદિત મુખમુદ્રા. સંકોચ પામી. મુખ ઉપર ગ્લાનિ શ્યામતા છવાઇ ગઇ. વારંવાર પત્ર દિપક આગળ લઇ વાંચવા લાગ્યો તેણે હવે પત્ર સમ્પૂર્ણ વાંચવા વિચાર કર્યો. થરથરતે હાથે, ધ્રુજતે શરિરે અને કમ્પતે હૃદયે તે વાંચવા લાગ્યો.

'મેવાડ કુલ ભૂષણ! મ્હારા હૃદયાધાર!

બન્ને હસ્ત જોડી એક અનાથ, દીન ક્ષત્રિય બાળા વિનવે છે કે આ પત્રિકા મળતાં સત્વર અહીં આવવું. યવનોનો અત્યાચાર સહન કરી સતિત્વ નષ્ટ કરવું એના કરતાં મરણ પામવું એ સારૂં છે. પ્રાણેશ! આ સંસારમાં આર્ય ધર્મ જેવો શ્રેષ્ઠ ધર્મ બીજો કોઈ નથી. મ્હારા પિતા અમરસિંહ શાહજહાં બાદશાહના રાજ્યમાં છે તે આપ જાણો છો. આપની વીરતા, બુદ્ધિ, અને સદ્‌ગુણ ઉપર લોભાઈ મ્હેં મ્હારો દેહ અને જીવન ધર્મ આપને અર્પણ કર્યો છે. મનસા, વાચા પૂર્વક આપને મ્હેં મારા પતિ સ્વિકાર્યા છે. કૃપાનાથ! વ્હાલા! હું તમને મ્હારૂં સર્વસ્વ અર્પણ કરી ચુકીછું. હવે આ દેહ બીજા કોઇનો નથી. આપ ક્ષત્રિયકુલ દિપક છો, આપનો ધર્મ છે કે ગૌબ્રાહ્મણની રક્ષા કરવી. હું કુમારિકા ગૌ બરાબર છું. સત્વર મ્હારૂં રક્ષણ કરો. યવનોના રાજ્યમાં રહેવું અને અગ્નિના કુંડમાં પડવું એ બરાબર થઇ પડ્યુ છે. પ્રાણ! શું એક દીન બાલિકાની વ્હારે ચઢવું એ તમારૂં ક્ષત્રિયભુષણ નથી? અસહાય બાળાને બચાવવી અને કસાઇને ત્યાંથી ગાય છોડાવવી બરાબર છે. નાથ! મ્હારા જીવન આધાર! તમેજ મ્હારા જીવનના આધારરૂપ છો. એક વખત દર્શન આપી ન્હાસી ગયા. ત્યારથી મ્હારી કેવી દુર્ગતિ થઇ છે. તે સુશિલાજ જાણે છે! તમે ખરેખર મ્હારા પ્રાણનાથજ છો! તમેજ મ્હારા પ્રાણને નાથ્યો છે! શ્રી કૃષ્ણચન્દ્રે કાળીનાગ નાથ્યો અને તેને વશ કર્યો તેમ તમે મને વશ કરી છે. પણ પ્રીય! પ્રાણ વલ્લભ! પ્રાણ જીવન! અન્નવડે પ્રાણ અને પ્રાણથી જીવન ટકે છે. અન્ન મ્હને વિષ સમાન લાગે છે. પછી એ પ્રાણ કયાં સુધી ટકી રહેશે? પ્રેમીઓનું જીવન પોતાના પ્રેમીના દર્શનથી ટકે છે. તમેજ મ્હારા પ્રેમી છો! મ્હારા વ્હાલા નેત્રરત્ન છો! ગમે તે દશામાં તમારી સાથે રહેવામાં સુખ માનીશ. પણ આ ભયંકર રાજાઓ પાસે સુખ મળવા છતાં કંટક સમાન વેદના છે. પ્રાણ! જુવો! નાથ! મ્હારૂં હૃદય ચીરી જુવો! તેમાં કયા શબ્દો કોતરાયા છે? પ્રીય રાજકુમાર! આ પત્ર વાંચી વિલંબ ન કરતાં તેજ ક્ષણે અહીં આવો. વ્હાલા! મ્હારા હૃદયના ઐશ્વર્ય. મ્હારા સૌભાગ્યચંદ્ર! હું તમારા ખોલામાં મૃત્યુ પામીશ તો પણ સ્વર્ગ મેળવીશ. નાથ! બચાવો! આવો!"

લી. આપને મન, વચનથી, પોતાનો દેહ
અર્પણ કરી ચુકેલી, દુઃખી તારા.

પત્ર પુરો થયો. વાંચતાં વાંચતાં રાજકુમાર થરથર કમ્પવા લાગ્યો. તારાનું દૈહિક દુઃખ, યવનનો ભય અને તેની દુઃખી સ્થિતીનો ભયંકર ચિતાર તેની નજર આગળ ખડો થયો. તે જાણે તારાને રડતી, કલ્પાંત કરતી જોવા લાગ્યો. પત્રમાંજ જાણે તેની ચંદ્ર સમાન ઓજસ્વિની પણ સહજ ઝાંખી છબિ દેખાઇ. અવ્યવસ્થિત્ કેશ કલાપ, નિસ્તેજ મુખાકૃતિ, મલિન વસ્ત્રા, અલંકાર રહિત. તેને જોઇ. તે જોતાંજ રાજસિંહ એક વખત કમ્પી ઉઠયો. તેનાં નેત્રમાં વિષાદની જવાળા પ્રકટી. "યવનોનો અત્યાચાર" જાણી તેના શરિરમાં નવું બળઆવ્યું. તેનું લોહી ઉષ્ણથઈ નસેનસમાં દોડવાલાગ્યું. હાથ ફરકવા લાગ્યા અને યવનોનો ધ્વંશ કરવા ચિત્તવૃત્તિદોરાઇ.

વારંવાર તે પત્રમાં જોતો હતો. તેને તારાની સુંદર મુર્તિનાં સાક્ષાત્ દર્શન થયાં. જે

સ્થિતીમાં તારા દુઃખ પામતી હતી. તે આબેહુબ જણાયું. તેણે જોયું કે તારાનું શરીર ક્ષીણ થયું છે ઘડિકમાં રાજસિંહને જોઈ સ્મિત્ હાસ્ય કરે છે. દુરાચારી દારાને જોઈ ભયથી કમ્પેછે. ઘડીકમાં વિક્રાળ નેત્ર કરી, દાંતપીસી દારા ઉપર ગુસ્સો કરે છે. વળી પાછી સ્તબ્ધ થાય છે.

તારાની વીચિત્ર સ્થિતી જોઈ, પત્ર બંધ કરી રાજસિંહ વિષાદ્ ગ્રસ્ત થયો. તેણે રાત્રેજ પોતાના મિત્ર વીરસિંહને મળી, પત્ર સંબંધી સઘળી હકીકત કહી. વીરસિંહ મેવાડ રાજ્યમાં એક ખરેખરો વીરપુરૂષ હતો. મહારાણા જગતસિંહના અમાત્યનો તે વડિલ પૂત્ર હતો. રાજસિંહ અને વીરસિંહ બન્નેમાં ગાઢી મિત્રતા હતી.

વીરસિંહે, રાજસિંહની ઇચ્છા જાણતાંજ કહ્યું: રાજકુમાર! ક્ષત્રિયોનો ધર્મ છે કે ગૌ બ્રાહ્મણને સંકષ્ટમાંથી મુક્ત કરવાં. તેમ કરતાં, અન્ન, ધન, પ્રાણ, ગમે તે જાય તેની દરકાર કરવી નહીં. વળી તારાનું રક્ષણ કરવાનું મહાપૂણ્ય છે. એક હિંદુ કુમારિકાને યવનના હાથમાં જતાં બચાવવી એ થોડું પુણ્યનું કામ નથી. આ સંસારમાં ધર્મપ્રિય ઘણાં થોડાં માણસો છે કારણ કે યવનોના સંસ્કારી દુઃજનો ધીમે ધીમે ધર્મ, નીતિ, સર્વનો ત્યાગ કરતા જણાય છે. કેટલાક રજપુતોએ દ્રવ્ય લઈ, પોતાની કુમારિકાઓ, યવન રાજાઓને આપી, રજપૂત કુલમાં મ્હોટું કલંક લગાડયું છે. પરંતુ તેમને એક પણ હિંદુ ધિઃક્કાર આપ્યા વિના રહ્યો નથી. જેને યશ વ્હાલો છે. તેને અહીંજ સ્વર્ગ છે. પણ પરોપકાર વિના યશ મળતો નથી. માટે આપણે સત્વર આગ્રા તરફ જવું જોઇએ. અને તારાને બચાવવી જોઇએ. કારણ કે તે બીચારી આપને પોતાનું સર્વ અર્પણ કરી ચુકીછે. ભાવિ પત્નિને બચાવવી એતો એક સાધારણ મનુષ્યનો પણ ધર્મછે. પરંતુ જેઓ પરોપકારના રહસ્યને જાણેછે, તેઓ તો ગમે તે અબળા જાતિઉપર ઉપકાર કરી શકે છે. રાજકુમાર! આપણે સત્વર આગ્રે જઇ તેમને છોડવવાં જોઇએ અત્યારે નિદ્રા લ્યો. એ સંબંધી વિશેષ વિચાર કાલે કરીશું.

કાંઇ પણ બોલ્યા વિના રાજ્યકુમાર રાજસિંહ ગુસ્સામાંને ગુસ્સામાં મેહેલ તરફ ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૬ મું.

યોગ્ય ગોઠવણ.

અમરસિંહે જ્યારથી પિતાનું રાજ્ય ત્યાગ કર્યું ત્યારથી તેણે મોગલ સમ્રાટ શાહજહાંના રાજ્યમાં રહેવાનું સ્વિકાર્યું હતું. એ આપણા વાંચનારાઓને યાદ હશે. તારા યોગ્ય વયે થઇ અને તેના લગ્નના વિચારો કરવા માંડયા ત્યારથી મેવાડકુલ ભુષણ રાજા જગતસિંહના પુત્ર રાજસિંહ સાથે તેનો વિવાહ કરવાને અમરસિંહે રાજા જગતસિંહને પત્રો લખી માગું કર્યું હતું. પરંતુ યવન રાજાઓની હદમાં રહી લગ્ન કરવાં ઉચિત્ ધાર્યું નહી. કારણ કે વિષયલોલુપ યવન રાજાઓ એવાં લગ્નમાં વિઘ્ન લાવ્યા વિના રહેશે નહીં. અને તેમ થવાથી ખુનખાર લડાઇ થાય એ સંભવિત્ હતું.

તેથી એ લગ્ન કોઇ રાજપૂત રાજાની હદમાં થાય એવી ગોઠવણ ચાલતી હતી. એટલામાંજ તારાનો પત્ર આવી પહોંચ્યો એ પત્રની હકીકત, તારાની દુ:ખી સ્થીતિ, રાજકુમાર તેથી તેના રાજસિંહ પોતાના પિતાને કહે એ મર્યાદા સહિત કહેવાય તેથી તેના મિત્ર વીરસિંહે એ પત્ર સંબંધી સઘલી હકીકત મહારાજાશ્રીને કહી. મહારાજ જગતસિંહ પણ તે સાંભળી બહુ ખેદ યુક્ત જણાયા તેમણે વીરસિંહને એક યુક્તિ બતાવી. અને કેટલાક વીર યોદ્ધાઓને સાથે લઇ આગ્રા તરફ જવા કહ્યું. બીજેજ દીવસે રાજકુમાર આદિ મનુષ્યો આગ્રા તરફ ઉપડી ગયા.

આગ્રાથી થોડેક છેટે સૈન્ય સહિત તેઓએ પડાવ નાંખ્યો. રાજકુમાર અને વીરસિંહે અગાઉથી કરી રાખેલા સંકેત પ્રમાણે પોતાના નામ ઠામ બદલી નાંખ્યા. અને તેજ પ્રમાણે સેનાને પણ આજ્ઞા કરી કે પોતાનું ખરૂં નામ ઠામ જણાવવું નહીં. પણ બ્હારવટીઆઓ તરીકે ઓળખાણ આપવી.

સાયંકાળનો સમય છે. રાજકુમાર પોતાના શુશોભિત તંબુ બ્હાર વીરસિંહ સાથે વાતો કરતા બેઠા છે. સેનાના માણસો પોતપોતાના કામે લાગ્યાં છે. સ્હામેથી કોઈ યવન અમલદાર પોતાના બે સહચરો સાથે હવા ખાવા નિકળેલો આવતો જણાય છે. રાજકુમારે તે જોઇ સઉને સાવચેતીથી રહેવા કહ્યું. થોડીવારમાં યવનો ત્યાં આવી પહોંચ્યા. રાજકુમાર અને તેના માણસોને બ્હારવટીઆઓના જેવા પોશાકમા જોઈ યવન અમલદાર નજીક આવ્યો. તેણે પુછયું. આ મંડલનો મુખ્ય નાયક કોણ છે?

રાજકુમારે કહ્યું: મુખ્ય નાયક જાણવા કરતાં તમારી ઇચ્છા કહેશો તો તમારી મતલબ જલદી પાર પડશે.

યવન:–પરિચય મેળવ્યા વિના કાંઇ વાત કહેવી એ તલવાર નીચે ગરદન કપાતાં જેટલી વાર લાગે તેવું ફળ અપાવી શકે છે.

રાજકુમાર:–તલવારમાં એટલું ચૈતન્ય નથી કે તે પોતાની મેળે ગરદન કાપી શકે? જ્યાં સુધી હાથમાં ગતિ ન થાય ત્યાં સુધી તલવાર શું કરી શકે?

યવન:–આ મંડલી કોની છે? શા ઉદેશથી અહીં આવી છે તે જાણવું જોઇએ. આ હદ અમારા બાદશાહ શાહજહાંની છે અને વગર પરવાનગીએ અહીં પડાવ નાંખવાનો હુકમ નથી.

રાજકુમાર:–અમારે બાદશાહ સાથે કંઇ લડાઇ કરવી નથી. જે દેશી રાજાઓ સાથે બાથ ભિડવાની છે તેનેજ અમે જડમુળથી ઉખાડી નાંખીયે છીયે. અમારે બીજા સાથે શું કામછે?

યવન:–તમે કોણ છો તે મ્હારે જાણવું જોઇએ.

રાજકુમાર:–અમારા પહેરવેશ અને થયલી વાતચિત ઉપરથી જાણી જવું તમારૂં કામછે.

યવન:–તમારો પહેરવેશ તો લુંટફાટ કરનારા જેવો છે.

રાજકુમાર:–કદાચ એ ધાર્યું સત્ય હોયતો!

યવન:–તો શું? તમને બધાને એકદમ કેદ પકડી અમારા બાદશાહ સન્મુખ રજુ કરવા જોઇએ.

રાજકુમાર:–તમારા બાદશાહનું શું બગાડયું? કેદ પકડી લઈ જવા કરતાં અમે અમારે

રસ્તે ચાલ્યા જઈએ તો ?

રાજકુમારે તરતજ પોતાના માણસોને આજ્ઞા કરી કે આપણો મુકામ ઉઠાવી ચાલો. રાજકુમાર પોતે પણ ચાલ્યા જવાની તયારી માટે ઉઠયા. અને જાણે હમણાંને હમણાં પોતાનો મુકામ ઉઠાવી જતા હોય તેવો ડોલ કર્યો.

યવન સરદારે જાણ્યું કે આ તો બાજી બગડી ! આપણે આ માણસો પાસેથી આપણું કામ કાઢી લેવામાં ઠીક ફાવીશું. તેણે રાજકુમારને કહ્યું:–શામાટે આટલી બધી ઉતાવળ કરો છો ? અમે કાંઈ તરતજ જવાનું કહેતા નથી.

"અમારે હવે રહેવાની જરૂર પણ નથી. ઘણા દિવસ જંગલોમાં ફરવાથી અકળામણ આવતાં મુસલમાન બાદશાહની હદમાં ફરવા આવવા ઇચ્છા થઇ. અને તેથીજ અહીં આવ્યા હતા." રાજકુમારે ધીમેથી ઉત્તર આપ્યો.

"તમે ઘણાં કામ કર્યાં હશે પણ જો મ્હારી એક સલાહ માનો તો તમને ઘણો સારો તડાકો પડે" યવને કહ્યું.

"તડાકો મેળવવો એ તો અમારો ધંધોજ છે."

"જુવો ! અમારા રાજ્યમાં અમરસિંહ નામનો એક રજપુત રાજકુમાર રહેછે. તેની પુત્રી તારા અતિ સુંદર, રૂપગુણમાં ઉત્તમ, નવયૌવના છે. તમે જો તેનું હરણ કરી લઇ જાઓ તો તમને ઘણો ફાયદો થશે."

"અમે તો ફાયદો શોધતાજ ફરીયે છીયે તમે જે કહ્યું તેમ કરવા અમે ખુશી છીયે. પણ અમને જોઇતી મદદ તમારે આપવી પડશે "

"હા, મદદ આપી શકીશ. લ્યો, આ શેહેરમાં પ્રવેશ કરવાનો પરવાનો છે. એના ઉપર બાદશાહની મોહોર છે. એ બતાવવાથી તમને કોઇ રોકી શકશે નહીં."

યવન સરદારે ગજવામાંથી એક સીલ, સીકકાવાળો પત્ર આપતાં કહ્યું. રાજકુમારે તે પત્ર લઈ તપાસ્યો. તેના ઉપર બાદશાહની મોહોર હતી.

રાજકુમારે કહ્યું:–અમે આજ રાતના શેહેરમાં પ્રવેશ કરીશું. તમારા એક બે માણસો અમને આપવાં જોઇએ. જેથી અમને તે રાજકુમારનો મેહેલ વીગેરે બતાવી શકે.

"ઓહો ! તેમાં શું ? જોઇએ તેટલા નોકરો તમને આપી શકીશ."

એટલું કહી યવન સરદાર ઉઠયો અને એક બીજાના હાથ મેળવી ચાલતા થયા. રાજકુમારે પરવાનો ગજવામાં મુકયો. યવન સરદારના ગયા પછી રાજકુમાર અને વીરસીંહ બન્ને ખુબ હસ્યા, તેમણે તેને ઓળખી લીધો. યવનોના રાજ્યમાં રજપુત સ્ત્રીઓ ઉપર વિના અપરાધે કેવો જુલમ ગુજરે છે તે હવે બરોબર સમજાયું. તારાના પત્ર ઉપરથી તેના દુઃખનો જે ચિતાર રાજકુમારને આવ્યો હતો તેના કરતાં હવે વિશેષ ચિતાર આવવા લાગ્યો.

રાત્રિ પડતાંજ બે મુસલમાન સિપાઇઓ રાજકુમાર પાસે આવી કહેવા લાગ્યાઃ સાહેબ, અમને અમારા સરદારે મોકલ્યા છે. આપની આજ્ઞા પ્રમાણે વર્તવા અમે તૈયાર છીએ. રાજસિંહ અને વીરસિંહ કાંઇક ગુપ્ત યંત્રણા કરી તેમની સાથે શેહેરમાં જવા નિકળ્યા.

પ્રકરણ ૨૭ મું.

પ્રેમીની યાદ.

સવારના નવ વાગ્યા છે. સૂર્યનાં કિરણો ધીમે ધીમે વિશેષ તપતાં જાય છે. મનુષ્યો ઉદ્યમે લાગી ગયાં છે. આ સમયે બગિચાના એક હિંચકા ઉપર સુશિલા બેઠી છે. તેના ખોળામાં તારા સુતી છે. બન્ને જણુ કાંઇક વાતો કરે છે. વાત કરતાં કરતાં તારા બેઠી થઇ જાય છે. આકાશ તરફ ધારી ધારીને જૂવે છે. વળી પાછી સુઇ જાય છે. સુશિલાએ કહ્યું, હવે શાહજાદો દારા ત્હારે માટે ઘણો પ્રયાસ કરે છે. તે ત્હારે માટે શું નહીં કરે તે કહી શકાતું નથી. ત્હારા પિતાને બાદશાહે દરબારમાં બોલાવ્યા હતા. પરંતુ બોલાવવાનું કારણ સત્વર માલમ પડી આવવાથી તે ગયા નહીં. તેમ કરવાથી બાદશાહ ગુસ્સે થયો છે. ખટપટ ઘણી વધી પડી છે. દારા, સલાબત અને રાજ્યના બીજા કર્મચારીઓએ ખૂબ ભંભેરણી કરી છે. હું ધારૂં છું કે થોડા વખતમાંજ ધુંધવાતા અગ્નિનો ભડકો થશે અને તેમ થયું તો ખુનખાર લડાઇ થવાનો ભય છે! બ્હેન! હવે તો રાજસિંહ અથવા મહારાણા જગતસિંહ આવી પહોંચે તો સારૂં થાય! નહીં તો આપણે આત્મહત્યા કરવાનો સમય આવશે.

"બ્હેન! શું ઇશ્વર ઊપર શ્રદ્ધા નથી? જેને ઇશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા છે તેનું કાર્ય ફ્તેહ થાય છે. સારાં કામને માટે યત્ન કરવાથી અને શ્રદ્ધા રાખવાથી ઇશ્વર પરિપૂર્ણ કરે છે. મ્હને તો શ્રદ્ધા જ છે. કે તે પરમ કૃપાળુ પરમાત્મા આપણી ઇચ્છા પાર પાડશે." તારાએ તેને ગળે વળગતાં ઉત્તર આપ્યો.

"હા, શ્રદ્ધા રાખવી એ ખરૂં છે પરંતુ કેવળ શ્રદ્ધા રાખી બેશી રહેવું ક્યાં સુધી? હવે શ્રદ્ધા રહેતી નથી. યત્ન કર્યો, પરંતુ હજુ સુધી કાંઇ ફળ મળ્યું નહીં. ફળ મળવાનાં ચિન્હ પણ જણાયાં નહીં, પછી શ્રદ્ધા કેમ રહે? સલાબતે ત્હારા પિતાને માટે બાદશાહને એવું ભેરવ્યું છે કે, નાગોડની સરહદ ઉપર તોફાન કરાવવામાં એજ મુખ્ય હતા." સુશિલાએ તેને સ્પષ્ટ કહેવા માંડ્યું.

"હા, હું સર્વે જાણું છું. પરંતુ જ્યાં સુધી પિતાજીનું ચાલશે ત્યાં સુધી આપણું રક્ષણ કરશે. શૂરા રાજપૂતોએ પ્રાણાન્ત પર્યંત ધર્મ, દેશ અને જાતિ ભાઇઓનું રક્ષણ કર્યું છે. તો પછી મ્હારે માટે શું નહીં કરે? કદાચ પ્રસંગ એવો આવ્યો કે તેમના દેહને કાંઈ હાની પહોંચી તો પણ આપણે કોણ છીયે? આપણા શરિરમાં કોનું લોહી છે? આપણી જન્મભૂમિ કઇ છે? આપણાં અન્નોદક કયા દેશનાં છે? આપણે રાજપૂત બીજ છીયે! આપણી જન્મ-ભૂમિ શૂરાઓની જન્મભૂમિ છે. આપણાં અન્નોદક તે જ શૂરભૂમિનાં ક્ષેત્રોની ઊત્પત્તિ છે. આપણા દેશના વીર પૂરૂષો ધર્મ અને દેશ માટે લડી પ્રાણ ગુમાવે છે તો પછી આપણે આપણા

સતિત્વની રક્ષા માટે શા સારૂ પ્રાણ અર્પણ નહીં કરીયે? તું જાણે છે કે રાજપૂતોએ કેસરિયાં કરતી વખતે પ્રાણની દરકાર ક્યારે રાખી છે? આપણે પણ તેના જ બાળકો છીયે. વાઘનાં બચ્ચાં જન્મથીજ બકરાં ઉપર તરાપ મારતાં શિખેલાં હોયછે. જેઓ ધર્મ, નિતિથી વિહિણ છે તેઓનું હૃદય હમેશાં ભયવાળું હોય છે. ધર્મનું રક્ષણ કરનાર હમેશાં ભય રહિત હેય છે. ભય-રહિત મનુષ્યો વ્યાઘ્રરૂપ છે. ભયવાળા મનુષ્યો બકરાંરૂપ છે. આપણે તેમની ડોકી મરડતાં વિલંબ થવાનો નથી. હમણુંાજ હું એકલી છું. જોઉં વારૂં, સલાબત કે દારા શિકોહ શું કરી શકે છે? તેમને હું મહાત્ કરી શકું છું કે નહીં? હું બીજું કાંઈ પણ ન કરી શકું તો તેને ગળામાંથી ઝાલી તેનું લોહી ચુસી લેવામાં જરા પણ પાછું જોઉં એમ નથી. તારા જુસ્સામાંજ બોલી.

"ધર્મ જાળવનાર ગમે તેમ કરી શકે છે. તેમનામાં એક પ્રકારનું બળ હોય છે. ભલે, તેની સાથે હમણાં આપણે કામ નથી. વખતનાં ગીત વખતે ગવાઈ રહેશે." સુશિલા એકાએક ચમકી અને આકાશ તરફ જોવાથી તારા તેનો હાથ હલાવતી પૂછવા લાગી: શું જુવે છે? આકાશમાં કાંઇ જણાય છે?"

"આપણું પેલું કબુતર આવતું હોય એમ જણાય છે." સુશિલાએ ઉત્તર આપ્યો.

"ક્યા છે?"

"જો, પેલું—સ્હામેની દિશા તરફ—સુશિલાએ હાથની આંગલીવતી બતાવવા માંડ્યું."

તારા તેના ખોળામાં અર્ધી બેઠી થઇ સુશિલાના ગળામાં હાથ નાંખી બીજે હાથે આંગલી વડે બતાવવા લાગી. કબુતરને જોતાંજ તેના મુખ ઉપર આનંદની છાંયા પથરાઇ. તેના શરિરમાં નવિન કલ્પનાઓ ઉઠવા લાગી. થોડીવારમાં કબુતર પાસે આવતું જણાયું. તેના બે પગ વચ્ચે કાંઈક વસ્ત્ર જણાયું. બન્ને જણ ઉભાં થયાં. કબુતર તરતજ નીચે આવ્યું અને તેમની પાસે બેસી રૂમાલ છોડી દીધો અને પૃથ્વિ ઉપર રમવા લાગ્યું.

તરતજ તારાએ તે રૂમાલ ઉપાડી લીધો. બન્ને જણ રૂમાલને બરોબર જોવા લાગ્યાં. રેશમી રૂમાલ ઉપર જરીથી ભરેલો હતો. વચમાં "રાજકુમાર રાજસિંહ" એટલા શબ્દો લખેલા હતા. એ જોઇ તારાએ તે રૂમાલને પોતાની છાતી સાથે, નેત્રોસાથે દાબ્યો અને વારંવાર ચુંબન કરવા લાગી. હર્ષથી ફૂલાઇ જઇ વારંવાર સુશિલાને ગળે વળગી પડી ગેલ કરવા લાગી.

"આપણો પત્ર રાજસિંહને પહોંચી ગયો. હવે તે સત્વર આવશે." સુશિલાએ આશા આપી.

"આવવું ન આવવું એમની મરજી ઉપર આધાર છે. આપણે આપણી ફરજ બજાવી ચુકયાં." તારાએ જરાક બેપરવાહથી જવાબ દીધો.

"વાહ! એમ કેમ? આવવું ન આવવું એમની મરજી એટલે?"

"એમજ બસ! જેમને આપણે જીવન અર્પણ કરી બેઠાં છીયે તેમને આપણા દુ:ખી જીવનનું વૃત્તાન્ત લખ્યું છતાં હજુ તેમની આંખ ઉઘડી નહીં! આપણી દુ:ખી સ્થિતીનું ભાન થયું નહીં ત્યારે એમની મરજીનીજ વાત રહી બીજું શું?"

"શું એ કાંઇ આપણા જેવા સાધારણ સ્થિતીના માણસ છે કે એકદમ ચાલ્યા આવે!

માથે શિરછત્ર છે. તેમની સલાહ વિના એક ડગલું કેમ ભરી શકે? વળી આવા દુરાચારી, કપટી યવનોના રાજ્યમાં આવવું તેમને સલામત છે?"

"તું શું બોલે છે? જ્યાં પ્રેમ છે ત્યાં કાંઇ પણ વાતની હદ છે? પ્રેમ શું નથી કરી શકતો! વિજળીની અસરથી સ્થિતીના સમાચાર મોડા પહોંચે છે પણ પ્રેમ તો ત્રણ કાળનું ભાન કરાવે છે. જો એમની જગ્યાએ હું રાજસિંહ હોઉં તો પત્ર મળતાંની સાથેજ મ્હારી પ્રાણપ્રિયાને દુઃખ મુક્ત કરૂં! પરંતુ લાચાર છું. ઇશ્વરે મ્હને સ્ત્રી સૃજાવી નહીં તો મ્હારી બ્હાદુરી પણ તું જોઇ લેત."

ત્હારી બ્હાદુરી હું જોઇને શું.

"સાબાશરે તું તો મ્હનેજ બ્હાદુરી બતાવવા તયાર થઇ ગઇ ને? જોજે, તલવાર, બંદુક લઇને હમણાંજ રણભૂમીમાં દોડી ન જતી? નહીં તો યવનો ત્હને જોતાંજ નાસી જશે."

"સમય આવતાંજ તે જણાય. ત્હારે જોવું હોય તો તું યવન થા અને મ્હારા સતિત્વ માટે હુમલો કર. પછી જો કે હું કેવી રીતે ત્હારો પરાજય કરૂં છું."

"બસ કર હવે, જેનાથી તે દિવસે રાજસિંહ જેવાને પકડી ન રખાયા અને પોતાના મ્હેલમાં ન લવાયા તે યવનોનો શું પરાજય કરશે? રાજસિંહ તો ભવિષ્યના પતિ હતા, ખરા પ્રેમી હતા, છતાં શા માટે જવા દીધા?"

"તે વખતની વાત જ ન કર! આ-હ! તે વાત સંભારતાં મ્હારા હૃદયમાં કાંઇક ફડફડાટ થઇ આવે છે. હું અકળાઉં છું, ગભરાઉં છું, મુઝાઉં છું." તે બોલતી સ્તબ્ધ થઈ, ચકિત નયને સુશિલા તરફ જોવા લાગી. હાથ ત્યાં હાથ અને પગ ત્યાં પગ રહી ગયા. ભીંત ઉપર ચિત્રાયલા ચિત્રપટ પેઠે ઉભી. તેના હૃદયમાં મહદ્ વ્યથા થઈ.

સુશિલાએ થોડીવારે હાથે ઝાલી ચલાવવા માંડી. તે હાલી શકી નહીં. સુશિલાએ વળી વધારે યત્ન કર્યો. વિશેષ જોર કરતાં તે ચાલી. ચાલતાં ચાલતાં પાણીના ફૂવારા સુધી લાવી. ત્યાં બેસાડી તેના માથા ઉપર થંડુ પાણી નાંખ્યું. પોતાના ખોળામાં સુવાડી એકાદ કલાકે તેણે ચકિત રૂપને બદલે શાંત રૂપ ધારણ કર્યું. અને પૂર્વવત્ શુદ્ધિથી વાતો કરવા લાગી. બન્ને ત્યાંથી ઉઠી મેહેલમાં ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૨૮ મું.

ગુપ્ત વેશધારી.

પ્રકાશને એકદમ સમેટી લઇ સૂર્ય નારાયણ સંતાઇ ગયા. પ્રકાશ નાશ પામતાં અંધકારે સૃષ્ટિ ઉપર રાજ્ય ચલાવ્યુ. ધીમે ધીમે વાયુ સન સન શબ્દ કરે છે, પક્ષિઓ માળામાં ભરાય છે, સ્ત્રી પુરૂષો આખા દિવસના સુખ દુઃખની વાર્તા કહી થાક ઉતારે છે. વનચર પશુઓ નિરાંતે ભક્ષ શોધે છે. પાપીઓ પાપ કર્મમાં પ્રવૃત્ત થાય છે. સતિ

ત્રીઓ પતિની આશ્વાસના કરે છે. વિરાગીઓ શંખનાદ કરી અલખ નાદ જગાવી રહ્યા છે. અને વિત્તરાગીઓ પ્રપંચ કરી મનુષ્યોના હૃદયની શાન્તતાને હલાવી રહ્યા છે.

ઘોર, નિબીડ વનપ્રદેશમાંથી અત્યારે ચાર મનુષ્યો ચાલ્યા જાય છે. જે ભાગમાં તેઓ ચાલે છે તે નિર્જન સ્થાન છે, મનુષ્યોની વસ્તી કે પશુ પક્ષીનો સંચાર જણાતો નથી, રાત્રિ ઝમ્ ઝમ્ કરતી વિકાળ રૂપ ધારણ કરી રહી છે. ચાલનારાઓમાં બે જણ આગળ અને બે જણ પાછળ ચાલે છે. બન્ને બે પ્રકારની વાતોમાં ગુંથાયાં છે. પહેલા બે સ્વાર્થાંધ—જ્યારે પારકાનું અનિષ્ટ કરી નર્કમાં પડવા ચ્હાય છે ત્યારે પાછલા બીજા બે પરમાર્થ કરી સ્વર્ગનું સુખ મેળવવા ચ્હાય છે. પ્હેલાં બેનાં હૃદય પાપ વાર્તાથી ભયભિત છે ત્યારે બીજા બેનાં હૃદય પૂણ્યવાર્તાથી પ્રફૂલ્લિત્ છે. પાછલા બે મનુષ્યો હીંદુ છે ત્યારે પહેલા બે યવનો છે. તેઓ શહેર તરફ ઉતાવળે જાય છે. થોડી થોડી વારે બન્ને મુસલમાનો પાછું ફરી રાજપૂતોને જોતા જાય છે. તે જોઇ રાજપૂતો હસતા જાય છે, અને ચાલતા જાય છે.

લગભગ ચારેક માઇલ ચાલ્યા ગયા. શહેરમાં પ્રવેશ કર્યો. ત્યાંથી જ એક યવન છૂટો પડયો. એક પેલા બે રાજપૂતોની સાથે શહેરના એક મેહેલ તરફ ગયો. અને વેગળેથી પેલા બન્ને રાજપૂત્રોને આંગળીવડે મેહેલ બતાવવા લાગ્યો.

મેહેલ જોયો. પછી તે યવનને કહ્યું. હવે તમે શહેર બહાર જઇ બેસો. અમે ગુપ્ત વેષ જ તેમાં જઇ બધી ચર્ચા જોઇ આવીયે છીયે. એ સાંભળતાંજ યવન ચાલ્યો ગયો. અને તે બન્ને રાજપૂતો મસલત કરવા લાગ્યા.

વાચક ! આટલી વાર થઇ તમે વિચારમાં પડયા હશો કે આ યવનો અને રાજપૂતો કોણ! ચાલો, હવે અમે તેનો ખુલાસો કરી તમારી અધિરાઇનો પડદો વેગળો કરીયે છીયે. તમારી અધિરાઇને વધારે ઉત્તેજીત કરવાની અમારી ઇચ્છા હતી પણ તેમ કરવાથી કદાચ અમે તમારા વિશેષ ગુસ્સાને પાત્ર થઇએ એવા ભયથી સઘળો ભેદ ખોલી દેવામાં આવે છે.

બન્ને રાજપૂતો તે રાજસિંહ અને વિરસિંહ છે. બન્ને યવનો તે સલાબતખાના મોકલેલા ગુપ્તચરો છે. અને તેઓ તારાનું હરણ કરવા બન્ને રાજપૂતોને અમરસિંહનો મ્હેલ બતાવા રહ્યા છે. જે યવન રસ્તામાં છૂટો પડયો તે સલાબતખાંને સમાચાર આપવા ગયો છે.

બને રાજપૂતોએ મેહેલ જોયો. તેઓએ અમરસિંહની મુલાકાત લેવાની ઇચ્છા કરી. બન્ને જણે કાંઇક ગુપ્ત યંત્રણા કર્યા પછી પ્રથમ વિરસંહ મેહેલમાં ગયો. દિવાનખાનામાં અમરસિંહ વિચાર ગ્રસ્ત મુખમુદ્રાએ, માથે હાથ ટેક એક બિછાનાપર પડયો છે. તેની પાસે ચંદ્રાવતી બેઠી બેઠી નેત્રમાંથી આંસુ પાડે છે. દિપકનો ઝાંખો પ્રકાશ પતિ પત્નિના મુખની ઉદાસિનતા બતાવી રહ્યો છે. બંનેમાંથી કોઈ કાંઇ બોલતું નહીં. વિશાળ દિવાનખાનું છતાં બેજ જણા બેઠાં હતાં તે ઉપરથી અનુમાન થતુ હતું કે થોડીક થોડીક વારે પણ તેઓ કાંઇક હૃદય વિદારક વાર્ત્તા કરતાં હોવાં જોઇએ.

તે ગમે તેમ હો, પણ દિવાનખાનું ભયંકર લાગતું હતું. વીરસિંહ બારણાં આગળજ થોભ્યો. તેણે પણ ધૈર્યતાથી, કરૂણામય મુખ મુદ્રા કરી બેઠેલાં દમ્પતિને જોયાં. ચંદ્રાવતીને

જોઇ એક, બે, ચાર વખત જોઇ. તેના ચ્હેરા ઉપરથી કેટલોક વિચાર પણ કર્યો. ચંદ્રાવતીને બરાબર નિહાળ્યા પછી અમરસિંહ તરફ જોયું. બરાબર અવલોકન કર્યું. તે પણ નીચાં નેત્રો કરી કાંઇ વિચાર કરે છે. બંને એટલાં વિચાર ગ્રસ્ત છે કે બારણામાં ઉભેલા વીરસિંહને જોઇ શકયાં નહીં.

વીરસિંહે દિવાનખાનામાં પ્રવેશ કરી કહ્યું: મહારાજ!

આ શબ્દ નીકળતાંજ બંનેએ ઉંચું જોયું. બ્હારવટિયાનો વેષ ધારણ કરેલો આ હિંદુ કોણ? શામાટે અહીં આવ્યો? એને કોણે મોકલ્યો? અમરસિંહના મનમાં કેટલાક વિચારો થયા. તેણે પુછયું:

"તમે કોણ છો? અહીં આવવાનું શું પ્રયોજન?"

"મહારાજ! ચિંતા કરવાનુ કાંઇ પ્રયોજન નથી. જગતસિંહ મહારાજે અમને રાજસિંહ સહિત અહીં મોકલ્યા છે. બ્હારવટીયાને ગુપ્ત વેષે અમે આવી પહોંચ્યા છીએ. શાહજહાંના પુત્ર સંબંધી સઘળી બાતમી અમને મળી ચુકી છે. તેણેજ અમને અહીં મોકલ્યા છે. રાજસિંહ મહારાજ બહાર ઉભા છે."

"શું રાજસિંહ આવી પહોંચ્યા? બહુ સારૂં થયું! તે કયાં છે?"

બંને પતિ પત્નિ ઉભાં થઇ ગયાં. ચિંતાતુર મુખ મુદ્રા બદલાઇ ગઇ. મુખ ઉપર આનંદ દેખાવા લાગ્યો. અમરસિંહ અને વીરસિંહ બહાર નીકળ્યા. રાજસિંહને મળ્યા, ભેટયા અને દિવાનખાનામાં લઇ આવ્યા.

ચંદ્રાવતી અને અમરસિંહ, રાજસિંહ અને વીરસિંહ વાતો કરતાં હતાં. તારા અને સુશિલા બગિચામાં ફરતાં હતાં. એક દાસીએ જઇ ખબર કરતાં તરતજ તેઓ પણ ત્યાં આવી વેગળે બેઠાં. તારાએ રાજસિંહને નિહાળ્યો. વારંવાર તેને જોઇ રહી. તેને જોતાં નેત્રો તૃપ્ત ન થયાં હોય તેમ વારંવાર એક દ્રષ્ટિએ જોવા લાગી. તેના હૃદયમાં સહસ્ત્ર જ્યોતિ પ્રકટ થઇ ગઇ. અત્યારે તૃષિત્ ચાતકને ચંદ્રનાં દર્શન થયાં. ઉપાસક મેઘને વિધૂત મળી, ટવળતી કુમુદિનીને દિનકરનાં દર્શન થયાં. તરફડતા મત્સ્યને જળ મળ્યું. એકનાં અનેક નેત્રો થયાં હોય તેમ તે જોવા લાગી. તેના શરિરનું લોહી સત્વરતાથી દોડવા લાગ્યું. તે શું જુવે છે? કેટલું જુવે છે? કોને જુવે છે? તેનું ભાન રહ્યું નહીં. પાસે બેઠેલી શુસિલાએ તેની સ્થીતિ જાણી લીધી.

તેણે તેનો હાથ દબાવ્યો. ઉત્તરમાં તારાએ સુશિલાનો હાથ દબાવ્યો. સુશિલાએ ધીમેથી કાંઇક કહ્યું. તારા તે સાંભળી શકી નહીં. તેના શરિરની સર્વ શક્તિ પેલા લોહચુંબકે ખેંચી હતી. તેના શરિરમાંનું ચૈતન્ય માત્ર નેત્ર ઉપરજ આવી ઠર્યું હતું. તેણે આજે પોતાના પ્રીયને મેળવ્યો હતો. તેણે આજેજ પોતાના જીવનધનનાં દર્શન કર્યાં હતાં. હવે તે શામાટે બીજાની વાત સાંભળે? હવે તે શામાટે બીજાને જુવે? તેણે પોતાના હૃદય ચંદ્રને મેળવ્યો હતો. તે તેનેજ જોતી હતી. રાજસિંહ પણ પોતાની સ્હામું બેઠેલી, મનોહર મુર્તિને જોતો હતો. બંનેનાં નેત્રોમાં અદ્વિતીય પ્રેમ જ્યોતિ પ્રકટી હતી. બંનેનાં હૃદયમાં વિધૂતમય ચમત્કાર થતો હતો.

અમરસિંહ વીરસિંહની સઘળી હકીકત સાંભળતો હતો. વીરસિંહે કહ્યું: મહારાજ! અમે

આવતી કાલે સાયંકાળે કેટલાંક મનુષ્યો સહિત આવીશું. અને બનાવટી બ્હારવટીયા પેઠે આપની સાથે કેટલીક ઝપાઝપી કરીશું. આપની શું ઇચ્છા છે તે સ્પષ્ટ કહો. તે પ્રમાણે ધારેલું કામ પાર ઉતારાય."

"તમે કહો છો તે પ્રમાણે કરવું. પરંતુ કેટલાંક વિશ્વાસુ માણસોને સુચના આપી એવી ગોઠવણ કરવી કે જેથી તારા, સુશિલા અને તેમની માતાને નિર્વિઘ્ને ઉદયપુર પહોંચાડી શકાય.

વાત થતી હતી એટલામાં વચમાંજ ચંદ્રાવતી બે હાથ જોડી બોલી ઉઠીઃ ક્ષમા કરો નાથ! હું ઉદયપુર જવા મ્હાગા નથી. તારા અને સુશિલાને સુખેથી જવા દો. હું આપની પાસે રહી આપની સેવા બજાવીશ. મ્હારા શરિરમાં પ્રાણ છે ત્યાં સુધી હું આપને છોડી પળ પણ વેગળે જઇશ નહીં. નાથ! મ્હારૂં જે કાંઇ છે તે તમેજ છો! મ્હારૂં અમુલ્ય ધન! જીવન રહસ્ય તમેજ છો! પછી હું શામાટે વેગળે જાઉં? શું મૃત્યુથી બ્હી જઇ ઉદયપુર જવું? આપ આવા પ્રચંડ અગ્નિમાં રહો અને હું વેગળી જાઉં શું એ યોગ્ય છે? કદી નહીં. આપ અત્રે રહી રણભૂમિમાં કેસરિયાં કરો તેવા સમયે મ્હારા શરિરને બચાવવાથી શું લાભ છે? કદાચ લાભ હોય તો પણ તે મ્હને નહીં જોઇએ! બાદશાહનો આપના ઉપર ક્રોધ વધ્યો છે. કર્મચારીઓ પણ ગુસ્સે ભરાયા છો, કાલે સ્હવારે શું થશે તેની કોને ખબર છે? એવા સમયે આપનો ત્યાગ નહીં કરતાં આપની સાથેજ હું પણ રણભૂમિમાં ઘુમીશ. અને એક શૂરી ક્ષત્રાણીએ જે કરી બતાવવું જોઇયે તે કરી બતાવીશ! મને મ્હારા શરિરની ચિંતા નથી. પણ આપનીજ ચિંતા છે. નાથ! હું રણમાં આપની સાથે મ્હારો ધર્મ બજાવીશ. એમાં કાંઈ પણ આનાકાની કરશો નહીં.

એ સાંભળી વીરસિંહ તેના મુખ તરફજ જોઇ રહ્યો. તે મનમાંજ કહેવા લાગ્યોઃ શાબાશ છે! બ્હાદુર રજપૂતાણી? ધન્ય છે ત્હારાં માતપિતાને! પતિને માટે પ્રાણનું બલિદાન આપવુ એ ત્હારી ફરજ છે અને તે બજાવતાં જોઇ કોને હર્ષ નહીં થાય?

તેણે ચંદ્રાવતીનું મન જોવા કહ્યુંઃ રણસંગ્રામમાં પુરૂષો સાથે લડવા જવું ઘણું જોખમ ભરેલું છે. એમાં શું પરિણામ આવશે તેની ખાત્રી શું? કદાચ તમે એકલાંજ દુસ્મનોના હાથમાં સપડાઇ જાઓ તો કેવું ભયંકર પરિણામ આવે તેનો વિચાર કરો? દુસ્મનો તો એજ શોધે છે તમે અમારી સાથે ચાલો, શેહેર બહાર નિકળ્યા પછી કાંઇ વિઘ્ન નથી. અમરસિંહ મહારાજ કાલે સ્હવારે આવી પહોંચશે.

"વીરસિંહ! હું એક પણ શબ્દ સાંભળીશ નહીં. જ્યાં એ હશે ત્યાંજ હું રહીશ. લડાઇનું ગમે તે પરિણામ આવે તેની મ્હને દરકાર નથી, હું લડાઇમાં દુસ્મનોને મારી કાપીશ તો જ બસ છે. મ્હારી તલવારથી દુસ્મનોના કટકા થશે એજ બસ છે. કદાચ હું દુસ્મનોના હાથમાં સપડાઇશ તો તેજ ક્ષણે આત્મહત્યા કરી પ્રાણ અર્પણ કરીશ" તેના નેત્રનો રંગ બદલાયો. ક્ષણઉપર શરીરની જે સ્થીતિ હતી તે બદલાઇ. તે વખતની શીથીલતા હમણાં નથી. તે વખતની કરૂણા જનક મુખમુદ્રા હમણાં નથી. ત વખતની ઉદાસીનતા હમણાં નથી. તે વખતના જેવો કરમાયલો ચ્હેરો હમણાં નથી. હવે તો નેત્રનો લાલ રંગ છે, હવે નેત્રમાંથી

અગ્નિના કણો ઊડતાં જણાય છે. હવે શરીરમાં સ્ફુર્તિ જણાય છે. હવે મુખઉપર શૌર્ય જણાય છે. હવે તેનું શરિર રણભૂમિમાં લડવા માટે કંપાયમાન થઇ રહ્યું છે.

અમરસિંહે અને રાજસિંહે ઘણું સમજાવવા છતાં તેણે માન્યું નહીં. અંતે નિશ્ચય થયો કે તારા અને સુશિલાને ઉદયપુર લઇ જવાં.

એટલામાંજ ભોજનની સર્વ સામગ્રી તૈયાર થઇ. રાજસિંહ અને વીરસિંહને આગ્રહ કર્યો. સઘળાં જમવા ઉઠયાં. અમરસિંહ અને ચંદ્રાવતી ભોજનગ્રહ તરફ ગયાં. સુશિલા અને તારા દિવાનખાનાની બાજુનાં ઝરૂખામાં ઉભા. વીરસિંહ અને રાજસિંહ દિવાનખાનામાંજ બેઠા વાતો કરતા હતા.

ઝરૂખામાં બંને બ્હેનો કંઇક વાતો કરતાં હતાં. એટલામાં સુશિલાએ આવી રાજસિંહને પુછયું. મહારાજ! આપને સમાચાર મળવા છતાં શામાટે આટલી ઢીલ કરી? શું આપની ઊપાસના કરે તેવા ઉપાસકને યવનને હાથ જવા દેવા રાજી હતા?

"તમે કેમ જાણ્યું? જો રાજી હોત તો શામાટે આવત અને આટલો પ્રપંચ કરત? તમારી પત્રિકા મળતાં તરતજ વીરસિંહે પિતાજીને સમાચાર આપ્યા અને તત્ક્ષણેજ અમે આ તરફ આવી પહોંચ્યા."

"મહારાજ! આપ જાણો છો કે યવનોના શહેરમાં રહેવું અને અગ્નિકુંડમાં રહેવું બરોબર છે. વળી આપના પિતાશ્રી સાથે અમરસિંહ મહારાજને પત્ર વ્યવહાર ચાલે છે તો પછી શામાટે ઉતાવળે આવ્યા નહીં?"

"પિતાજી સાથેના પત્રવ્યવહારની મને ખબર નહોતી."

"ક્ષમા કરજો. અપ્રાધી થાઓ તે માટે અસત્ય શામાટે બોલો છો?"

"અસત્ય બોલવાનું પ્રયોજનજ નથી. ગુપ્ત વિષયો પિતાજીને પુછવા એ મ્હારો ધર્મજ નથી. કદાચ એમ સમજો કે આપનો પત્રવ્યવહાર હું જાણતો હોઉં તોપણ મ્હારાથી કેમ પુછાય?"

"વારૂં, આપના અપ્રાધની ક્ષમા આપવી એ તો મ્હારી બ્હેનના હાથમાં છે."

"જેના હાથમાં હોય તેણે વિચાર કરવો અવશ્યનું છે. જાણી જોઇને અપ્રાધ થયો નથી. સમાચાર મળતાં તરતજ અમે આવ્યા છીયે." રાજસિંહે પ્રતિ ઉત્તર આપ્યો.

વાતો કરતાં હતાં. એટલામાંજ જમવાનો સમય થયો. તારા અત્યાર સુધી રાજસિંહના મુખ સ્હામું જોતી બેઠી હતી. રાજસિંહ તારાના ચંદ્ર સદૃશ મુખ સ્હામું જોતો વાતો કરતો હતો. તેમના રંગમાં ભંગ પડયો. સઘળા ઉઠીને જમવા ગયાં.

જમ્યા પછી રાજસિંહ અને વીરસિંહ, અમરસિંહને મળી, સલાહ કરી, બ્હારવટીયાનો દેખાવ ધારણ કરી ચાલ્યા ગયા.

પ્રકરણ ૨૯ મું.

કાળ રાત્રિ!

આજે પ્રાતઃકાળ થયો છે. છતાં સૂર્યનારાયણ ભગવાન વાદળાંમાં સંતાઇ રહ્યા છે! સૃષ્ટિનું અમાપ પાપ થાય તે જોવા રાજી ન હોય એમ જણાય છે. આજે પ્રાતઃકાળ થવા છતાં સ્વચ્છંદી પક્ષીઓનો મધુર ધ્વનિ સંભળાતો નથી! કોણ જાણે આજના ઘોર યુદ્ધના સમાચાર તેઓ જાણી ગયાં હોય તેમ વન પ્રદેશ તરફ વિચરી ગયાં છે! આજે પ્રાતઃકાળ થવા છતાં સરોવરનાં કમળો વિકસિત થયાં નથી! કોણ જાણે તેમના પતિ સવિતા નારાયણની સાથે સલાહ કરી પાપી મનુષ્યોને દર્શન નહીં દેવાની તેમણે પણ પ્રતિજ્ઞા હોય તેવું અનુમાન થાય છે! આજે પ્રાતઃકાળ થયા છતાં દેવાલયોના ઘંટનાદ સંભળાતા નથી! કોણ જાણે આજના દારૂણ યુદ્ધમાં હજારો મનુષ્યોનાં મૃત્યુ પામવાનો રોદન ધ્વનિ દેવતાઓ સાંભળી અપવિત્ર થવા ચ્હાતા નથી એમ જણાય છે! આજે પ્રાતઃકાળ થવા છતાં યમુનાનાં શલિલ મંદગતિ જણાય છે! કોણ જાણે રાજપુતો સાથે અત્યાચાર થવાની તેમને પણ ખબર પડી ગઈ હોય અને તેથી તેઓ શોકાંકિત થયાં હોય તેવું દેખાય છે. આજે પ્રાતઃકાળ થવા છતાં વૃક્ષોનાં પલ્લવો હાલતાં નથી! કોણ આજે પૃથ્વિના કોઇક ભાગમાં દારૂણ યુદ્ધ થવાનું જાણી લઈ મલય મારૂત સમુદ્રમાં જળ શયન કરી ગયા હોય તેમ જણાતું હતું. આજે આગરા શહેરનો દેખાવ ભયાનક દેખાતો હતો. પ્રાતઃકાળના સમયે બીજાં શેહેરોમાં જેવો આનંદ, જેવો ઉત્સાહ, જેવો ઉદ્યોગ જણાવો જોઇએ, તેવો ઉત્સાહ, આનંદ જણાતો નથી. માર્ગમાં વિચરતા જનમંડળના મુખ ઉપર આનદ નહીં પણ શોકની કાલિમા છવાઇ ગઇ હતી. આજે આવું થવાનું શું કારણ હતું તે મનુષ્ય માત્રથી કળી શકાતું નહોતું!

પ્રાતઃકાળમાંજ સલાબતખાંએ બાદશાહ પાસે જઈ ભંભેરણી કરવા માંડી. તેણે કહ્યું: શાહે આલમ! જહાંપનાહ! હું ગઇ કાલે અમરસિંહ પાસે ગયો હતો. વાત કરતાં કરતાંજ મેં એમને પુછયું કે શામાટે તમે બાદશાહ હજુરના દરબારમાં આવતા નથી? તેણે મદમાંજ ઉત્તર આપ્યો કે: અમે રાજપુત છીયે! બાદશાહના બાપના ગુલામ નથી! બાદશાહ વારંવાર દરબારમાં બોલાવી, અમારૂં ગુલામીપણું બતાવી, પોતાનું ગૌરવ બતાવવા ચાહે છે! જાઓ! અમે નહીં આવીશું! અમારી ઇચ્છામાં આવશે તેમ કરીશું? બાદશાહ અમને શું કરશે?

"જહાંપનાહ! સલાબતખાંએ આગળ બોલતાં જણાવ્યું: નાગોડની સરહદપર તોફાન થયું તે મ્હારે માથે આવ્યું પરંતુ આપ અદલ ઈન્સાફી, ન્યાયી પ્રમાણિક ખુદાવિંદ છો. વિચાર કરી લ્યો કે કોણે શું કર્યું હશે? હું આપ જહાંપનાહનો નિમકહલાલ, નોકર, મ્હારી મજાલ શું કે હું તોફાન કરાવું? અમરસિંહ પાસે ૩૦૦૦ ઘોડેસ્વાર તૈયાર છે. તે ધારે તેમ કરી શકે છે."

બાદશાહે થોડીવાર વિચાર કર્યો. બંને જણુ શાંત બેઠા. હજુપણુ બાદશાહની ખાત્રી થઈ નહીં. હજુપણુ બાદશાહને સલાબતનો પ્રપંચ લાગ્યો. તોપણુ સલાબતના શબ્દોએ બાદશાહના હૃદયમાં કાંઇક અસર કરી. અને બીજે દિવસે દરબાર ભરી અમરસિંહની પરિક્ષા લેવાનો ઠરાવ કર્યો.

બાદશાહે કહ્યું: બક્ષી સલાબતખાં! તમારા કહેવા ઉપર વિચાર કરવા માટેજ કાલેજ દરબાર ભરી અમરસિંહને બોલાવવાનું નક્કી કર્યું છે. દરબારમાં હાજર રહેવા માટે બધા સરદારોને આમંત્રણુ કરાવો.

સલાબતખાંના હૃદયમાં આનંદ ઉદધિ ઉછાળા મારવા લાગ્યો, તેણેજ જે પ્રપંચ રચ્યો હતો. તેમાં આજે યશશ્વિ થવાનાં કિરણો ઝળકવા માંડયાં. તેની આશા આજે પુનરૂદ્દિપન થઇ! આજે હવે તેને પોતાના વૈરનો બદલો લેવાનો સારો લાગ મળ્યો.

તરતજ તેણે બધા સરદારો, અમીર, ઉમરાવો અને કર્મચારીઓને આમંત્રણ મોકલાવ્યું. તેણે દારોગાને ગુપ્ત રીતે મેળવી લીધો. પાંચ અશરફી તેના હાથમાં બક્ષીસ આપી કહ્યું: રાવ અમરસિંહને આમંત્રણુ કરી ઉભાં રહેવું અને જ્યારે કાંઇ પુછે ત્યારે અફસોસ થઈ જઇ ઉદાસ ચહેરો કરી નાંખવો. પછી થોડીવારે અને રાવ ઘણી બાબત પૂછે ત્યારે કહેવું કે: બાદશાહ દરબારમાંજ તમારી પુત્રીનું માંગુ કરવાના છે. બીજુ કાંઇ નહીં બોલતાં ચાલ્યા જવું.

દારોગો સઘળે આમંત્રણુ કરતો કરતો રાવ અમરસિંહના મહેલમાં આવી પહોંચ્યો. રાવે કારણુ પુછ્યું. તેણે સલાબતના કહેવા પ્રમાણેજ બનાવટી દીલગીરી બતાવી તેના કહેવા પ્રમાણેજ ખુલાશો કર્યો.

આ સાંભળતાંજ અમરસિંહનો ચહેરો લાલ થઈ ગયો. તેના હૃદયનો અગ્નિ સળગી ઉઠ્યો. દારોગાને એક ધક્કા મારી કાઢી મુકયાં. તેણે રડતાં રડતાં જઇ બાદશાહને સમાચાર કહ્યા. તરતજ બાદશાહને ઘણો ગુસ્સો ઉત્પન્ન થયો અને તેમણે પોતાને હાથે એક ચીઠ્ઠી લખી દરબારમાં હાજર થવા ફરમાવ્યું. અમરસિંહના નેત્રોમાં તે વખતેજ અગ્નિની જ્વાળા ભડકવા લાગી. અને આવતી કાલે દરબારમાં જઈ શું કરવું? તેનો પણ નિશ્ચય તે વખતે કરી રાખ્યો.

રાત્રિ પડતાંજ એક ઓરડામાં રાણી ચંદ્રવતી, સુશિલા અને તારાને બંધ કર્યા. અત્યારે સલાબતખાં અને તેનાં માણસો-બનાવટી મુસલમાનો--તારાનું હરણુ કરવા આવનાર છે. એ ગઇ કાલે રાજસિંહ પાસેથી જાણ્યું હતું. અશ્રુધારા સહિત્ કરૂણવદને ત્રણે રાજપૂત મહિલાઓ ઓરડામા પેઠી. રાણીએ કહ્યું: મહારાજ! ગઈ કાલની ગોઠવણ પ્રમાણે જો રાજસિંહ આ બન્ને પુત્રીઓને લઇ જશે તો ઠીક પણ કદાચ જો અમે મુસલમાનોના હાથમાં સપડાઇશું તો આત્મહત્યા કર્યા વિના રહીશું નહીં.

રાવ અમરસિંહે તેમને ઓરડામાં ઘાલી બહાર તાલું માર્યું, અને કેટલાક વીરરાજપૂત્રોને તેના રક્ષણુ માટે ત્યાંજ રાખ્યા. અને બીજા ૫૦૦ વીર ઘોડેશ્વારોને અસ્ત્ર શસ્ત્ર સહિત સજ્જ થઈ બહાર ફરતા રાખ્યા હતા. રાવ પણ અસ્ત્ર શસ્ત્ર ધારણુ કરી તૈયાર હતા. રાતના બાર વાગી ગયા પછી યમુના કિનારા તરફના દરવાજામાં થઇને રાવના બગિચામાં સલાબતે કેટલાક

મુસલમાન સાથે પ્રવેશ કર્યો. અને એકદમ હલ્લો કર્યો. તેઓએ હુમલો કરતાંજ વીર રાજપૂત્રો, યવનો ઉપર, ભૂખ્યા સિંહ પેઠે ધસી ગયા. કેટલાકના પ્રાણ ગયા, કેટલાક ઘાયલ થયા, રાજપૂતો અને યવનો બન્ને મરાયા. રાજપૂતો થોડા અને યવનો ઘણા હોવાથી તેમનો પરાજય કરી યવનો મેહેલમાં ધશી ગયા. સલાબત અને તેની સાથે કેટલાક બનાવટી યવનો મેહેલના અંતઃપુર આગળ જઇ પહોંચ્યા. ત્યાં પણ ખુબ ઝપાઝપી થઇ, રાવે અપ્રતિમ વીરતા બતાવી યવનોનો સંહાર કર્યો. આ સમયે અંતઃપુરમાં બંધ થયેલી રાજપૂત રમણીઓનાં હૃદય કંપવા લાગ્યાં. હવે શું થશે! ઇશ્વર! દયાઘન! તું લજ્જા રાખજે! તું સર્વેશ્વર છે! દયામય છે! અપરાધીને શીક્ષા કરવા તું શકિતમાન છે! તું ન્યાય પરાણય છે! ભકત વત્સળ છે! હે ભગવન! અમારે ત્હારૂં ચરણ શરણ છે! તુંજ અમારૂં રક્ષણ કરજે!

રાજપુત સ્ત્રીઓએ પ્રાર્થના કરવા માંડી. તોપણ બહાર થતા કોલાહળથી, તલવારોના ખડખડાડથી, મરણ પામતા મનુષ્યોના ચિત્કારથી, અને ઘાયલ થઇ પૃથ્વિપર પડતા યોદ્ધાઓના દુઃખિત અવાજ ધ્વનિથી તેમનાં હૃદયમાં ધૈર્ય રહ્યું નહીં. તેઓ એક બીજાને ગળે વળગી રડવા લાગ્યાં. ચંદ્રાવતીએ તારા અને સુશિલાને બગલમાં ઘાલી તેમનાં આંસુ લુછવા માંડયાં. તોપણ હૃદય ફાટી જાય તેવા કરૂણ સ્હેરે રડવા માંડયું.

અંતઃપુરના દ્વાર આગળ લડાઇ થતાં સલાબત અને અમરસિંહને સ્હામ સ્હામું લડાઇ થઈ. સલાબત સાથે વિશેષ યવનો હોવાથી તેમણે અમરસિંહને ઘેરી લીધો. અને સલાબત જેવો તેને તલવારનો ઘા કરતો હતો તેવોજ પાછળથી કોઈ બહારવટીયાએ તલવાર ઝાલી લઈ સલાબતની છાતીમાં પોતાની તલવાર ઘોંચી દીધી! સલાબત તેજ વેળા પૃથ્વિઉપર પડયો. અમરસિંહે તેની સાથેનાં મનુષ્યો ઉપર તલવાર ચલાવી. તેઓ ધીમે ધીમે મેહેલમાંથી ન્હાસી ગયા.

અમરસિંહે પેલા બ્હારવટીયા સ્હામું જોયું. તેણે પુછયું. રક્ષણ કરનાર કોણ?

"આપની મેળેજ જોઇ લ્યો." એમ કહી તેણે "રાજસિંહ" એવું નામ કોતરેલી ચળકતી તલવાર બતાવી.

અમરસિંહ તેને બાઝી પડતાં બોલ્યો: રાજકુમાર! ધન્ય છે તમારાં માતપિતાને! મેવાડ કુલ કેસરી! રાજ્ય કુલ દીપક! મેવાડમાં જ્યાં સુધી તમારા જેવા વીર પ્રસુતો હશે ત્યાં સુધી મેવાડ પરતંત્રતાની બેડીમાં કદી પડશે નહીં. એવી મ્હારી ખાત્રિ છે."

તરતજ અમરસિંહ, રાજસિંહ અને વીરસિંહ તથા તેમની સાથેના વીર પુરૂષો શસ્ત્રો સહિત મહેલની આસપાસ ફરી વળ્યા. પણ કોઇ યવન જણાયો નહીં. અંતઃપૂરમાં આવી ત્રણે રાજપુત રમણીઓને બહાર કાઢી અમરસિંહે કહ્યું: રાજકુમાર! આ ત્રણેને સાથે લઈ આપ સત્વર ઉદયપુર ચાલ્યા જાઓ. હવે પછી જે વિલંબ કરવો એ સલામતી ભરેલું નથી.

આ સાંભળી ચંદ્રાવતીએ બે હાથ જોડી કહ્યું: મહારાજ! મ્હેં પ્રથમજ કહ્યું છે કેઃ હું આપને એકલા છોડી કદી પણ જઇશ નહીં! ભલે મ્હને તમારેજ હાથે મારી નાંખો તો હું સ્વર્ગ પામીશ. પણ આપનાથી વેગળી જઇશ નહીં.

તારા અને સુશિલા ચંદ્રાવતીને ગળે વળગી રડવા લાગ્યાં. અમરસિંહે કહ્યું: ભલે, આ બે પુત્રીઓને લઇ જાઓ. જો અમે જીવતાં રહીશું તો પુનઃ દર્શન લાભ લઇશું. નહીં તો સ્વર્ગમાં.

તે વીર પુરૂષ હતો છતાં તેનાં નેત્રમાંથી પણ અશ્રુ પ્રવાહ થવા માંડયો, આજે તેની પ્રાણપ્રીય પૂત્રિ તેનાથી વિખુટી થાય છે. પતિ પત્નિ તેને પૂત્રી નહીં પણ પૂત્ર સમાનજ જાણતાંજ હતાં. તે કન્યા ખરેખર એક રત્નજ હતું. માતૃભક્તિ અને પિતૃભક્તિ તે સારી પેઠે જાણતા હતા. જે કન્યાનું લાલન પાલન કરી મ્હોટી કરી તેજ આજે તેમનાથી વિખુટી થાય છે તેથી તેમને ઘણું દુઃખ થયું, એકની એક પુત્રી હોવાથી તેમના હૃદયમાં વિયોગ વન્હિ વિશેષ દુઃખ દેવા લાગ્યો. વાંચનાર! પોતાના બાળકોને વિખુટાં કરવાં કોને ગમે છે? જેઓને પોતાનાં બાળકો વિખુટાં કરવાં પડે છે તેમની આવીજ દુઃખદ સ્થિતી થાય છે. અત્યારે બંને પતિપત્નિના નેત્રો અશ્રુથી છલકાતાં હતાં તેમને એટલું દુઃખ થયું હતું કે તેનું કરૂણામય વર્ણન કરવાની શક્તિ અમારી લેખીનીમાં નથી. પરંતુ તેનો યથાર્થ ચિતાર અનુભવી માતાપિતાઓનેજ બરાબર આવી શકશે.

અમરસિંહે ધૈર્યતાથી સજળ નેત્રે કહ્યું: રાજકુમાર! આ મ્હારૂં કન્યા રત્ન; આપના જેવા કુલદીપક રાજકુમારને અર્પતાં અતિ હર્ષ થાય છે. અંતરિક્ષ રહેલા દેવતાઓની સાક્ષીથી કહું છું કે આ આપની અર્ધાંગના થઈ છે. એનું રક્ષણ કરવું આપને હાથ છે. આ મ્હારી બીજી પુત્રી સુશિલાને પણ આપની સાથે આવેલા વીર પુરૂષ વીરસિંહને અર્પું છું. વીરસિંહ, એ તમારી અર્ધાંગના થાય છે. એનું રક્ષણ કરજો. મ્હારાં વ્હાલાં બાળકોથી વિખુટાં પડતાં મ્હારી છાતી ભરાઇ આવે છે. હજુ મ્હારે ઘણું કામ કરવાનું છે. મ્હારા વેરીઓનું વેર લેવાનું છે. સુખેથી સિધાવો અને નિર્વિઘ્ને ઉદયપુર પહોંચી જાઓ.

રાજસિંહે અને વિરસિંહે નમન કર્યું. વિદાયગીરી અને આશિર્વાદ મેળવી સઘળાં ચાલ્યાં ગયાં. રાજસિંહ અને તારા એક અશ્વ ઉપર અને વીરસિંહ, સુશિલાં બીજા અશ્વ ઉપર સ્વાર થઇ પોતાનાં બચેલાં માણસો સાથે ઉદયપુર તરફ જવા નિકળ્યાં. બીજે દીવસે ઉદયપુર પહોંચી ગયાં.

પ્રકરણ ૩૦મું.

કાળ પ્રભાત. !

આજે સંવત ૧૭૦૧ શ્રાવણ શુકલ પ્રતિપદાનો દિવસ! પ્રાતઃકાળમાં બાદશાહ શાહજહાંના દરબાર આગળ ધામધુમ મચી રહી છે. અમીર ઉમરાવોની ગાડીઓ અને ઘોડા હારબંધ ઊભા છે. સ્હવારથીજ અમીર, ઉમરાવો અને ઉચ્ચ કર્મચારીઓ, જુદા જુદા શુશોભિત પોષાકમાં સજ્જ થઇ દરબારમાં આવવા લાગ્યા છે. આજે શું થશે તેની કોને ખબર છે! સઘળા અમરસિંહનાં કારાગ્રહ થવાની અથવા તો તારાબાઇનું લગ્ન, શાહજાદા દારાશિકોહ સાથે થવાની આશા

રાખે છે! કોઇ તેનું ખુન થવાની અથવા તો તેને શરણે આવવાની ઇચ્છા બતાવે છે. જુદાં જુદાં માણસો જુદાં જુદાં અનુમાન બાંધી રહ્યાંછે. પરંતુ મનુષ્યનું ધારેલું શું એકવખત પણ થાય છે? મનુષ્યો કાંઈ ધારે છે અને ઇશ્વર કાંઇ બીજુંજ કરી દે છે!

બાદશાહ શાહજહાં જરકશીના ઝળગતા પોશાકમાં સજ્જ થઇ, શાહજાદી જહાંનારા પાસે ગયો. શાહજાદીએ જોતાંજ બાદશાહને ઘણો હર્ષ થયો. પરંતુ થોડી પળમાં તે હર્ષ બદલાઈ મુખ ઉપર શોકની છાંયા પ્રસરી ગઇ. શાહજાદીએ હસતાં હસતાં કહ્યું: જહાંપનાહ! આજે દરબાર ભરાવાનો છે પરંતુ સંભાળજો! અમરસિંહ સાથે તકરાર કરશો નહીં. તે વીર મહાનુભાવશાળી પુરૂષ છે. એક રાજપૂત એક હજાર મુસલમાનોને ભારે છે. સંભાળજો. બોલજો.

બાદશાહ તેના સુંદરતા તરફ જોતાં જોતાં બોલ્યા: બેટી એમ કહેવાનું શું કારણ છે.?

"કારણ એજ છે કે આપ હુજુરને સલાબતે જે ભંભેરણી કરી છે તે તદ્દન ખોટી છે. તારાનું હરણ કરવા અને અમરસિંહ ઉપર બદલો લેવાનેજ તેણે આ ગોઠવણ કરી છે એવી મ્હને બાતમી મળી છે."

"બાતમી? બેટી! તું તો ઘણી હોંશિયાર જણાય છે! તો પણ સલાબત એટલો બધો પ્રપંચ કરે એ સંભવતું નથી." બાદશાહે અજાયબ થતાં ઉત્તર આપ્યો.

"જહાંપનાહ!" શાહજાદીએ હસતાં હસતાં તેની પાસે બેસતાં કહ્યું: કેટલાક દિવસ થયાં સલાબત જે પ્રપંચો રચે છે અને મેં જેની ખબર આપી છે તે શું ખરા પડયાં નથી? રાજ્યમાં ગુપ્ત રીતે શત્રુતા કેળવતા અમલદારોના અત્યાચારો બરોબર જોવા એ બાદશાહનો ધર્મ છે. અમલદારો પોતાના સ્વાર્થ માટે કેવા પ્રપંચ રચી પ્રજામાં અને અમલદાર મંડળમાં કેવા ઘોટાળા કરે છે તે પણ તપાસવાનો ધર્મ છે. છતાં આપ વિશ્વાસ રાખો છો તેટલુંજ અનિષ્ટ થવાનો સંભવ છે તે અનિષ્ટ આપની સ્હામે લટકતું ઉભું છે! પિતાજી! જુવો! તે હું જોઉં છું! તેનો કયારે હુમલો થશે? કઇ પળે, કઇ ક્ષણે એ અનિષ્ટ પ્રચંડ હોલી સળગાવશે તે પણ કોઇથી કળાતું નથી. રાજ્યનાં પ્રપચી અમલદારોને નિર્મૂળ કરવા જોઇયે તેમ થતું નથી ત્યાં સુધી રાજા, પ્રજાનું ભવિષ્ય સુખી નથી. જહાંનારા હજુ વધારે બોલવા જતી હતી એટલામાંજ બાદશાહે તેની લાંબી કરેલી આંગલી તરફ—આકાસ તરફ—જોયું. તે ગભરાયો હોય તેવો દેખાયો. તેનું મુખ આશ્ચર્ય, શોક અને ભય સહિત જણાયું. તેણે ભયથી કમ્પતાં કહ્યું: બે—ટી—ફ—રી—થી—બોલ! બતાવ—તે અનિષ્ટ!

બાદશાહથી વધારે બોલાયું નહી! તેણે બીજીવાર કહ્યું! બ—તાવ—બે—ટા—બતાવ!

શાહજાદીએ જાણી લીધું કે તે ભયથી બ્હીયે છે. તેથીજ કમ્પે છે. તેણે બાદશાહની છાતીએ હાથ મુકી કહ્યું.

"પિતાજી! હમણાંજ મ્હને કોઈ ભયંકર મૂર્તિ જણાઇ. તે મૂર્તિ એક સુકાયલા હાડપિંજર જેવા હતી. તેના હાથમાં તરવાર, બંદુક, તીર, ભાલા જેવાં શસ્ત્રો હતાં. તે આકાશમાં અદ્ધર લટકતી હતી. તેની જીભ કાળી, એક વેંત લટકતી હતી. તેનો ચ્હેરો એવો બ્હીયામણો હતો કે જેથી મ્હારા હૃદયમાં ભયનો સંચાર થયો. તે ભયંકર મૂર્તિ હવે અદ્રષ્ય થઇ ગઇ હજુ પણ

હું તેની છાંયા જોઉં છું. ઉફ્! જુવો! જુવો! તેની છાંયા! આકાશ અને પૃથ્વિ ઉપર કેટલાંક મનુષ્યોના શરિર ઉપર તે ઉભી છે. તેના પગ નીચે કચડાયલાં મનુષ્યો ચીસો પાડે છે. તે—તે—આ—હ!

જહાંનારાએ બાદશાહની છાતી ઉપર માથું મુકી નેત્રો બંધ કીધાં. તે હવે સ્તબ્ધ બની ગઇ છે. તે કાંઇપણ બોલી શકતી નથી.

બાદશાહ આ દ્રષ્ય જોઇ ચકિત્ થયો. તે જે કોચ ઉપર બેઠો હતો ત્યાં બેસીજ રહ્યો. તેનાથી ઉઠાયું નહીં. કેટલીકવારે તેણે ધીમેથી શાહજાદીનું માથું કોચ ઉપર મુકી પોતાના શરિરને ખસેડયું. થોડીવાર મુકાવસ્થ બેસીજ રહ્યો. પોતાની પાસેના સૌગંધીમિશ્ર રૂમાલવડે તેના મુખ ઉપર પવન નાંખવા લાગ્યો.

અર્ધા કલાકે તે જાગ્રત થઇ. ધીમે ધીમે નેત્રો ચોળી બેઠી થઇ. તેણે આસપાસ જોયું. હજુપણ જાણે ભયભિત્ સ્થીતિમાં હોય તેમ ધીમે ધીમે તે બોલી: પિતાજી! દરબારમાં જાઓ, પણ અમરસિંહ સાથે ટંટો કરશો નહીં. બાદશાહ વિશેષ કાંઈ બોલ્યો નહી! આશ્વાસનના શબ્દો કહી દરબારમાં ગયો.

દરબારગ્રહ એક સુસજ્જીત્, વિશાળ ભૂવન છે. તેમાં લાખો રૂપિઆ ખર્ચી હિંદુ રાજાઓએ જૂદા જુદા નમુના ગોઠવ્યા હતા. દરવાજા ઉપર તરેહવાર કારીગરી કરી હતી. માંહેના ભાગમાં પણ જુદી જુદી બેઠકો બનાવેલી હતી. બાદશાહનું આસન સુવર્ણ, રત્ન જડિત્ હતું. બુદ્ધિનો સઘળો વ્યય કરી કુશળ હિંદુ કારીગરોએ રાજ્યાસન બનાવ્યું હતું. ચઢ ઉતર દરજ્જાના અધિકારીઓ માટેની બેઠકો પણ તેવીજ શોભાયમાન બનાવી હતી. પરંતુ મુસલમાન બાદશાહોએ તેની બાંધણીમાં કેટલોક ફેરફાર કર્યો હતો. સમય થતાંજ સઘળા અધિકારીઓ, અમાત્ય, ખજાનચી, સેનાપતિ, અને અમીર ઉમરાવો વિગેરે આવી યથાસ્થાન બેઠા હતા. બાદશાહ આવી પહોંચતાં નેકી પોકારનારે લાંબો અવાજ કાઢી નેકી પોકારી. નેકીનો અવાજ સાંભળતાંજ સઘળા અમીર, ઉમરાવો ઉભા થઇ ગયા. બાદશાહે દરવાજામાં પ્રવેશ કર્યો તેવાજ સઘળાએ નમન કર્યું. બાદશાહે બેઠક લીધા પછી સઘળા બેઠા. હાજર રહેલાં સઘળાં મનુષ્યો તરફ દ્રષ્ટિ ફેરવી પણ અમરસિંહને દીઠો નહીં. બાદશાહે અમાત્યને પુછ્યું. અમાત્યે ઉત્તર આપ્યો: જહાંપનાહ! તેને આપ નામદારની કયારે દરકાર છે? રાજપૂતો આજકાલ એમજ સમજે છે કે દુનિયામાં તેમના જેટલું બળ કોનું છે? આપણે પણ તેમ સમજીને જેટલા ચુપ રહીયે છીયે તેટલાજ તે માથે ચઢી જાય છે. ખુદાવિંદ! જો આપ રજા આપો તો ઘડીના છઠ્ઠા ભાગમાં તેમનું ગુમાન ઉતારી નાંખીયે. આપણી પાસે કયાં ઓછું સૈન્ય છે? આપણે કયાં બુદ્ધિ, બળમાં તેમનાથી ઉતરતા છીયે. અગર જો ઇચ્છા હોયતો કાલે સહવારે આખું રાજપુતાના ઉજડ કરી દઇયે! આજ્ઞા આપો તો એકે એક હિંદુઓને રીબાવી રીબાવી મારી નાંખીયે. માત્ર આપ નામદારના હુકમની ખોટી છે.'

અમાત્યના ઉત્તેજક ભાષણથી બાદશાહને પણ શર ચઢયું. આજે તેના હુકમનુ અપમાન થયલુ હોવાથી કહ્યું:

"દિવાનજી! મ્હારી રીયાસતમાં જ્યાં સુધી તકરાર, ફીસાદ થાય નહીં તેવુ જોવા હું હમેશાં રાજી છું. પરંતુ જ્યારે કમબખ્ત હિંદુઓ ગેર વર્તણુંક ચલાવે છે ત્યારે તેનો યોગ્ય

ઉપાય લેવોજ જોઇએ. અમરસિંહના તોફાન સંબંધી મ્હને બધી બાતમી મળી છે. પરંતુ તે હું સાચી માનતો નહોતો. ગઇ કાલે મેં તેને ખાસ ચીઠ્ઠી લખી બોલાવ્યો છે. પણ હજુ આવ્યો નથી. બક્ષી સલાબત ગેરહાજર હોવાથી એમ અનુમાન થાય છે કે તે તે અહંકારી રાજપુતને સમજાવતો હશે. અર્ધો કલાક રાહ જુવો નહીં તો પછી યોગ્ય ઉપાય લઇશું.

"શાહેજહાં! ખુદાવંત કરીમ! દિલે દરિઆવ! શહેનશાહે આલમ! આપ નામદારે સલાબતખાંને મોકલ્યા હોયતો અમને ખબર નથી. અમારી તો ખાત્રી છે કે તે સીધી રીતે કદી આવનાર નથી." દિવાનજીએ ઉત્તર આપ્યો.

બાદશાહ અને બીજા અમીર ઉમરાવો માંહોમાંહે વાર્તા કરતાં અમરસિંહની રાહ જોવા લાગ્યાં. અમરસિંહે દરબારમાં એક ગુપ્ત અનુચરને મોકલ્યો હતો, તેણે જઇ સઘળી હકીકત કહી દીધી. તે સાંભળી અમરસિંહે પોતાના લશ્કરને તૈયાર કરી રાખ્યું. અને બોધ આપ્યો કે સમયે મદદ કરવી.

તેણે પોતાનો પોશાક, શસ્ત્ર અસ્ત્ર તૈયાર કર્યાં. પોતાના એક માનીતા ઘોડા ઉપર સ્વાર થયો. ચંદ્રાવતીએ તેને અનેક શિક્ષા વચનો કહ્યાં પણ તે તેના અંતઃકરણમાં પ્રવેશ કરી શક્યાં નહીં. તે રણોન્મત્ત વીર એકાએક મેહેલનાં પગથિયાં ઉતર્યો. પરંતુ કાંઇક યાદ આવતાં રાણી ચંદ્રાવતીને બોલાવી કહ્યું: હું આજે રણમદથી ઉન્મત્ત છું. બસ, કાંતો મ્હારા પ્રાણ નહીં કે કાંતો બાદશાહના પ્રાણ નહીં. મ્હારી પ્રાણથી વ્હાલી પુત્રીનું એ માંગું કરે એજ તેના મૃત્યુની નિશાની છે. બસ, હવે જ્યારે પાછો આવું ત્યારે સમજવું કે હું જીવિત છું નહિ તો મૃત્યુ પામેલો જાણવો. પ્રતિજ્ઞા કરીનેજ જાઉં છું કે નીતિ ભ્રષ્ટ બાદશાહના પ્રાણ લઇશ. વ્હાલી! હું જાઉં છું! મ્હારાં વ્હાલાં બાળકોની સંભાળ લેજે! તે મ્હારાં વ્હાલાં બાળકોનું મ્હારી પેઠેજ લાલન પાલન કરજે! તેમને છાતી સાથે દબાવી આશ્વાસન આપજે! તે કમબખ્ત મ્હારી પૂત્રીનું નામ લેનાર કોણ? હું તેની જીભ કાપીશ, તેનાં નેત્રો ફોડીશ અને તેના ટુકડે ટુકડા કરીશ. ત્યાં સુધી પાછો આવીશ નહીં. વ્હાલી! જાઉં છું! યાદ રાખજે કે યવનને હાથ સપડાઇશ નહીં. તેણે એટલું કહેતાં કહેતાં રાણીના ચળકતા ગાલ ઉપર કેટલાંક ચુંબનો કર્યાં. તેને છેલ્લું પ્રગાઢ આલિંગન દીધું. રણોન્મદ થયલા શૂરા રાજપૂતે એક છલંગ મારી, માનીતા ઘોડા ઉપર સ્વાર થયો. એકજ એડી મારતાં ઘોડો પવનવેગે દરબારગ્રહ તરફ ગયો. દરબારગ્રહના આગલા દરવાજા આગળ ઘોડો થોભાવી હાથમાં ચળકતું ખંજર લઇ, ભયંકર મુખમુદ્રા સહિત દરબાર ગ્રહમાં પેઠો. બાદશાહ સ્હામુંજ બેઠો હતો. તેણે પ્રવેશ કરતાંજ ગુસ્સામાં ને ગુસ્સામાં હાથમાંનું ખંજર બાદશાહ ઉપર ફેંક્યું. બાદશાહનું અવશેષ આયુષ્ય હોવાથી અને હિંદ દેવી હજુ પરતંત્રાની બેડીમાં જડાયલી રહેવાનુ નિશ્ચય હોવાથી તે જરાક વેગળો ખસી ગયો. ખંજર બાદશાહને નહીં વાગતાં બાદશાહી તખ્તની પાસેના થાંભલામાં વાગ્યું. થાંભલામાં વાગતાં તે પત્થરમાં બે ઇંચ ઉંડો ઘા પડયો અને પત્થરનો કટકો ઉડીને વેગળો ગયો.*

*શાહજહાં બાદશાહ ઉપર અમરસિંહે જે કટાર ફેંકેલી તેનાથી થાંભલામાં ઉંડો ઘા પડયો છે અને એટલો પત્થર ઉડી ગયો છે. એ નિશાની હજુપણ ત્યાં જણાય છે.

આ વિચિત્ર દ્રષ્ય જોતાંજ બાદશાહ ઉઠીને ન્હાશી ગયા. અમરસિંહે પોતાની ચળકતી તલવારવડે ત્યાં ભેગા મળેલા મ્હોટા મ્હોટા અમલદારોની વચમાં ખુબ ઘુમવા માંડયું અને સેંકડો મનુષ્યોનો ઘાણ કહાડી નાંખ્યો. જે કોઇ તેના સ્હામું આવ્યું તેને તેણે કાપી નાખ્યા. પકડી પકડીને જમીનપર પટકયા. પરંતુ બાદશાહની ફોજ કંઇ ઓછી નહોતી. તે પણ સ્હામું લડવા લાગી. અનેક શસ્ત્રોના ઘા પડવાથી પોતે પણ ઘાયલ થયો. છતાં પોતાના પ્રાણની દરકાર નહીં કરતાં યવનોને મારતો, કાપતો, હતો. એટલામાંજ બસો ત્રણસો રાજપુતો તેની મદદે આવી પહોંચ્યા. એક તરફ મુઠ્ઠીભર રાજપૂત, બીજી તરફ સંખ્યાબંધ મુસલમાનો, છતાં હજારો મુસલમાનોના મુડદાં જમીનપર અથડાવા લાગ્યાં. વીર રાજપૂતોમાં જાતીય અભિમાન હતું. પોતાના દેશને પાયમાલ કરનાર, પોતાની સ્વતંત્રતા નષ્ટ કરનાર, પોતાના ધર્મને ડુબાવનાર અને અન્યાય કરનાર મુસલમાનો સ્હામે ખરા અંતઃકરણથી લડતા હતા. પ્રાણની દરકાર ન કરતાં સમસ્ત દેશની દરકાર કરતા હતા. અને દેશને માટે—સ્વતંત્રતા માટે--લઢતાં મૃત્યુ થશે તો સ્વર્ગ પામીશું એવું સમજી દુશ્મનો ઉપર ચળકતી તલવાર ચલાવતા હતા. તેઓએ જોતજોતામાં હજારો મુસલમાનોને જમીન દોસ્ત કર્યા. તોપણ જ્યાં હજારો લડનારા એક પછી એક આવ્યાજ જતા. ત્યાં થોડા રાજપૂતો શું કરી શકે છે ? તે સઘળાનો પરાજય થયો. આ સમયે અમરસિંહના બે સાથી ચંપાવત અને કુંપાવતે ઘણી બહાદુરી બતાવી અને કેશરિયા કર્યો. અંતે અમરસિંહ પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ તેને એડ મારી. ઘોડો પણ એકદમ દરબાર ગૃહની દિવાલ ઓળંગી બહાર નિકળ્યો. અમરસિંહ બહાર નિકળતાંજ ઘોડા ઉપરથી કુદી પડયો. પરંતુ ઘોડો તરતજ ત્યાં મૃત્યુ પામ્યો. એટલી ઉંચી દિવાલ ઓળંગી જવાથી ઘોડાના પ્રાણ નિકળી ગયા.* વાંચનાર! જુવો! બહાદુર રાજપૂતો પોતે જાતે જેટલા શૂરવીર હોય છે તેટલાજ તેમના સૈનિકો અને ઘોડાઓ પણ હોય છે. ઘોડાના મૃત્યુથી અમરસિંહ ખિન્ન થયો. કારણ કે અનેક સમયે એ ઘોડાએ અમરસિંહને ઘણી ચાલાકીથી બચાવ્યો હતો. તેને આજે પોતાનો એક બાંધુ મ્રત્યુ પામ્યો હોય તેટલી ખિન્નતા થઇ. અમરસિંહ ત્યાં ઉભોજ હતો એટલામાંજ કેટલાક યવનોનાં અસ્ત્રોએ તેના હૃદયને ભેદી નાંખ્યું. તરતજ તે પૃથ્વિ ઉપર પડયો, અને તેના પ્રાણ નિકળી ગયા.

અમરસિંહના મૃત્યુ સમાચાર તેની પત્નિ ચંદ્રાવતીને પહોંચતાંજ તે વીર નારી, કેટલાક રાજપૂતો સાથે લઇ, પુરૂષ વેશ ધારણ કરી ઘોડા ઉપર સ્વાર થઈ સંગ્રામ ભૂમીમાં આવી. પોતાની સાથે આવેલા રાજપુતો પાસે પતિનું શબ ઉંચકાવ્યું.* બુખારા દરવાજે થઇ કિલ્લામાં

---

* અમરસિંહનો ઘોડો જે સ્થળે મ્રત્યુ પામ્યો તેજ સ્થળે શાહજહાં બાદશાહે દટાવી, અમરસિંહના સ્મર્ણચિહ્ન તરીકે તેના ઉપર "અસ્પ બુર્જ" બનાવ્યો તે હજુ પણ છે.

* તે દિવસ પછી સો વર્ષ સુધી એ દરવાજો બંધ રહ્યો હતો. એ દરવાજો જો કોઇ ઉઘાડવા જતું તો તેની બાજુમાંથી એક મ્હોટો કાળો નાગ નિકળી ઉઘાડનારને કરડતો. એવું ઘણી વખત બનેલું હોવાથી કોઈપણ ત્યાંથી જતું નહીં. અને કોઇ ઉઘાડવાની હિમ્મત પણ કરતું નહીં. લોકો કહેતા હતા કે અમરસિંહજ નાગ થઈને લોકોને કરડે છે. સને ૧૮૦૮ માં દિલ્લીપર જય મેળવી અંગ્રેજ કેપ્ટન મી૦ સ્ટીલ આગ્રે આવ્યા ત્યારે તેમણે તે દરવાજો ઉઘડાવ્યો. તેજ વખતે ત્યાં ભરાઈ રહેતો મ્હોટો નાગ દરમાંથી નિકળી એક તરફ દોડતો ચાલ્યો ગયો.

આવી. ત્યાંથી પોતાના મેહેલ આગળ આવી. અને યમુના કિનારે ચિતા તૈયાર કરાવી પતિના મૃતક દેહ સહિત સતિ થઇ! તેની પાછળ આવેલા મુસલમાનોએ જે સંવાદ બાદશાહને કહ્યા. તે સાંભળી ઘણો દિલગીર થ્યો.

બાદશાહ શાહજાદી જહાંનારાંના મહેલમાં જઇ બેઠા હતા. તે ગમગીન ચ્હેરે જહાંનારાને પુછતો હતો કે રાવ અમરસિંહને આજે આટલું બધું દિવાનાપણું કેમ થયું હશે? મેં એને માત્ર દરબારમાં બોલાવ્યો ત્યારે એ આટલો બધો કેમ ઉશ્કેરાઈ ગયો! એને ઉન્મત્ત થવાનું શું કારણ મળ્યું?

જહાંનારાએ ઉત્તર આપ્યો: પિતાજી! આપના ગયા પછી મ્હને બધી બાતમી મળી ગઈ. તપાસ તો કરો કે સલાબતખાં કયાં છે? તે ગઇ કાલ રાતનોજ મૃત્યુ પામ્યો છે. તેણે કેટલાક દિનસથી તારાનું હરણ કરવાનો પ્રપંચ રચ્યો હતો. પરંતુ તેમાં તે ફાવ્યો નહીં. અંતે તેણે કેટલાક બ્હારવટીયાને હાથમાં લઇ ગઈ કાલે રાતના અમરસિંહના મેહેલમાં હુમલો કર્યો. તેમાંજ તે મરણ પામ્યો. બ્હારવટીયાઓ રાજપુત જગતસિંહના પુત્ર રાજસિંહ અને તેમનાંજ માણસો હતાં. તેઓ તારા અને સુશિલાને લઈ ઉદયપુર ચાલ્યા ગયા. સલાબતેજ અમરસિંહને તમારા વિરૂદ્ધ ઉશ્કેર્યો અને આ મ્હોટું રમખાણ જગાવ્યું.

બાદશાહે ધ્યાન દઇને સાંભળ્યા કર્યું. તે થોડીવારે એક ઉંડો નિશ્વાસ નાંખી બોલ્યો: બેટા! જે થવાનું છે તે નિશ્ચય થાય છેજ. તે કાઇથી મિથ્યા થઇ શકતું નથી. પરંતુ અમરસિંહની પત્નિ. પુત્રીનું શું થયું? તેના કાંઈ સમાચાર?

"હા, તે પણ સમાચાર મળી ચુકયા. બંને પુત્રીઓ સહીસલામત ઉદયપુર પહોંચી ગઈ. ચંદ્રાવતી રાણી અમરસિંહનું પ્રેત લઈ સતિ થઇ. સલાબતના બ્હારવટીયા તેજ રાજસિંહ અને તેના સાથી તે પણ રાજપૂતો હતા.

આ સાંભળતાંજ બાદશાહે વિશેષ આશ્ચર્ય થઇ પુછયું: હેં! શું રાજપૂતો આપણા શેહેરમાં આવી ગયા? શું તેઓ આપણને છેતરી ગયા? નિમકહરામ સલાબત! ઠીક થયું કે ત્હારૂં મૃત્યુ થયું નહીં તો આ સમયેજ હું તને કતલ કરી નાંખત!

બાદશાહે વધારે ચીડાઇને હાથ પછાડયા: ખરેખર! બેટી! જેના રાજ્યના અમલદારો સ્વેચ્છાચારી હોય છે તેના રાજ્યમાં દુસ્મનો ફરી વળે છે. આવતી કાલથી એવો બંદોબસ્ત કરૂં છું કે પ્રજાને જે કાંઇ અરજ કરવી હોયતેણે ધાસ્તી વગર મ્હને જાતેજ મળવું. *બેટા! ત્હારા જેટલી હોંશિયારી ત્હારા ભાઇઓમાં હોતતો મ્હારા રાજ્યમાં આટલું અંધેર ચાલત નહીં અને આજે આ ઘનઘોર યુદ્ધ થાત નહીં.

બાદશાહ વિચારગ્રસ્ત ચ્હેરે સોફા ઉપર આડો પડયો હતો. શાહજાદીએ કાંઇક ખાવાનું લાવી આપ્યું. બાદશાહે તે લઇ, હાથ મ્હોં ધોઈ, પોતાના મેહેલ તરફ ગયા. બીજેજ દિવસે આખા રાજ્યમાં સકત બંદોબસ્ત રાખવા માંડયો. પ્રજાને જે કાંઈ અન્યાય મળે તેની ફરીઆદ પોતાને રૂબરૂ મળી કરવા ઢંઢેરો ફેરવ્યો.

શાહજાદો દારાં શિકોહ આસપાસના રાજ્યોમાં બંદોબસ્ત કરવા ગયો હતો ત્યાંથી પાછાં આવનાં માર્ગમાંજ સઘળા સમાચાર મલ્યા. અમરસિંહના મૃત્યુ સમાચાર અને તારાના ઉદયપુર પહોંચવાનું જાણી દીલગીર થયો. ત્યારથીજ તેણે પરસ્ત્રીનું નામ ત્યાગ કીધું. અને રાજસિંહને એક પત્ર લખી અપ્રાધની ક્ષમા યાચના કરી.

---

* શાહજહાં બાદશાહ પોતે જાતેજ પ્રજાની ફરીયાદો સાંભળતો હતો. *Todd Rajusthan.*

પ્રકરણ ૩૧ મું.

પતિ પત્નિ.

સંસારમાં સુખ અને દુઃખનું ચક્ર ફરતું રહે છે. જેઓ એક વખત સુવર્ણને હિંચોળે હિંચેછે તેજ બીજી વખત ટુકડા રોટલા માટે ભિક્ષા માંગતા ઘેરે ઘેર ભટકે છે. જેઓ એક વખત આકાશને ઘર બનાવી પૃથ્વિને શરણે રહી મુઠ્ઠી ચણાથી દિવસ ગુજારે છે તે બીજી વખત છત્રચામર સહિત્ "ઘણી ખમ્મા, ઘણી ખમ્મા અન્ન દાતા" એવા ધ્વનિના મધ્યમાં ઘેરાયલા રહે છે. ઇશ્વરે પ્રત્યેક મનુષ્યને સુખ દુઃખ ભોગવવાનું નિર્માણ કર્યું હોય છે. આ માયામય સંસારમાં જેઓ ધન, બળ અને વિભવથી મસ્ત બને છે તેઓએ સારી પેઠે સમજવું જોઇયે કે તે સર્વાન્તરયામી, જગદિશ્વરનો કાયદો સર્વ મનુષ્યોને માટે સરખો લાગુ પડે છે. અને કોઇ એક સમયે પણ તમને તેવી સ્થીતિ ભોગવ્યા વિના છુટકો નથી. ભલેને પછી આજે તે રાજા, દિવાન કે અમાત્ય હોય, ભલેને અખૂટ લક્ષ્મિનો, અતૂલ વિભવનો કે અમાપ સુખનો ભોક્તા હોય તોપણ તેને દુઃખના ડુંગર તળે કચડાવું પડશે અને ભલેને કોઇ ચીંથરે હાલ, કંગાલ, હોય તો પણ તેને એક વખત સુખનો દિવસ જોવો પડશે.

તારા અને શુસિલા બન્નેને ઉદયપુરમાં આવે છ માસ વિતી ગયા હતા. તે બન્નેનાં લગ્ન યથા વિધી થઇ ગયાં હતાં. જે સમયે ચંદ્રાવતી અને અમરસિંહના મૃત્યુ સમાચાર જાણવામાં આવ્યા તે સમયે તેમને કેટલું દુઃખ થયું તે તેઓનાંજ હૃદય જાણતાં હતાં. પરંતુ પતિના નિર્મળપ્રેમ આગળ ધીમે ધીમે તે સઘળું વિસારવામાં આવ્યું. સ્ત્રીઓને સંસારમાં પતિ એજ સર્વસ્વ છે. પિતાની લક્ષ્મી કે વિભવ આગળ રંક પતિથી વિમુખ થવું એજ તેમની ભક્તિની ખામી બતાવી આપે છે! ભલેને પિતાને ત્યાં હાથી ઝુલતા હોય, ભલેને પિતાને ત્યાં કુબેરનો ભંડાર હોય અને ભલેને પિતાને ત્યાં છપ્પન ઉપર ભુંગળો વાગતા હોય તો પણ પોતાના દીન પતિના દર્શનથી એક પળ પણ વિમુખ રહેવું એ પતિવ્રતા સ્ત્રીને માટે બહુ લજ્જાસ્પદ જેવુ છે. પરંતુ જેઓ પતિવ્રતાના મહાત્મ્યને જાણે છે તેવી મહાસતિ સ્ત્રીઓ તો પતિનેજ ઇશ્વર સમજી, સુખ વિભવનો ત્યાગ કરી પતિની સેવામાં રાત દિવસ નિમગ્ન રહે છે.

તારા પણ પિતાના શોકને ભુલી ગઇ અને રાજસિંહ સાથે સુખપૂર્વક રહેવા લાગી હતી. શુસિલા પણ વીરસિંહ સાથે બુદ્ધિની કુશળતા બતાવની પતિભકિત કરતી હતી.

તારા જ્યારથી રાજસિંહ સાથે લગ્નાંકિત્ થઇ ત્યારથી તેનું મન રાજસિંહમાંજ હતું. તે ચિત્ર વિદ્યામાં કુશળ હતી. રાજસિંહની એક મ્હોટી છબી ચિતરતી હતી. એક દિવસ રાત્રિના પ્રથમ પ્રહરે રાજસિંહ અચાનક આવી પહોંચ્યા. તે જાણતાંજ તારાએ છબી સંતાડી દીધી. રાજસિંહે પુછ્યું. એ શું હતું ?"

"એ જે છે તે મ્હારૂંજ છે."

"તમારૂં હોય તો પણ મ્હને બતાવવું જોઇયે."

"યથા સમયે યથા વિધી થશેજ."

"તેમ નહીં બને. મ્હને હમણાંજ બતાવો."

"નાથ! હઠ શા માટે કરોછો. હું શરમાઉં છું."

"એમાં શરમ શું? રાજ્યમાં તમારા જેવા કુશળ કારીગરો હોય તો પછી મ્હારે બીજાને શા માટે પગાર આપી દેવા."

"ઠીક, શું હું તમારા રાજ્યમાં નોકરી કરવા આવીશ?"

"હા તેમ કરવાથી પૈસાનો બચાવ થાય કેની."

"એટલી બધી યોગ્યતા મ્હારામાં નથી."

"ગમે તેમ હોય પણ એ છબી કોની છે તે મ્હારે જોવી છે."

"નાથ! એ તો કોઈ એક પુરૂષની છબી છે."

"કયા પુરુષની?"

"તે પુછવાની તમારે શું જરૂર? મ્હારા મનને ગમે તે પુરૂષની છબિ હું ચીતરી શકું?"

"પ્રિયે! શું તમારા મનને ગમે તે પુરૂષના? તમે તમારી મરજી મુજબ વર્તિ શકોછો?" રાજસિંહે શંકા યુક્ત થઈ પુછ્યું. તેને કાંઈક વ્હેમ ગયો.

"હા, મ્હારા મનને ગમે તે પુરૂષની છબી ચિતરી શકું છું." તારાએ હજુ પણ ઉડાઉ ઉત્તર આપ્યો. રાજસિંહ વધારે વ્હેમાયો. તેને શંકા થઇ કે કદાચ શાહજાદા દારાંની છબી પણ હોય. પુનઃ પુછ્યું: પ્રિયે! તમે મ્હને નહીંજ બતાવો?"

"નાથ! તે જોવાથી તહમને શું ફાયદો છે? મ્હારા મનમાં ગમે તે હોય અને તેની છબી હું ચિતરૂં તેમાં તમને શુ?" તારાએ તેને વધારે શંકામાં નાંખતા જણાવ્યું.

"તમે શું બોલો છો? તમારા મનમાં તમારા પતિ શિવાય બીજો પુરૂષ કેમ આવી શકે?" રાજસિંહની અધિરાઈ વધી. તેના મનમાં અનેક વિચારો થયા.

"નાથ! એ કાંઈ દ્રવ્ય વસ્તુ નથી કે શરિર સાથે તમારા હાથમાં સોંપી દેવાય. એ વિજળી કરતાં વિશેષ વેગવાન છે. હજારો માઇલ ઉપર જઇ એને ગમે તે વસ્તુને જોઇ શકેછે! એ મન મ્હારૂંજ છે. મ્હને જે ગમે તે કરૂં તેમાં તમને શું?" તારાએ તેના ધૈર્યની પરિક્ષા કરવા માંડી.

"તમે આજે કાંઇક નિશો કર્યો છે?" રાજસિંહે પુછ્યું.

"મેં નિશો કર્યો છે કે તમે તે તો મનોમન શાક્ષી છે. તમારા મનની વાત જે પળે જે હોય તે મ્હને કહેતા નથી? પછી હું શા માટે મ્હારા મનની વાત તમને કહું?"

તારાનું બોલવું સાંભળી રાજસિંહને વિશેષ અધૈર્ય પ્રાપ્ત થયું. તે બોલ્યા ચાલ્યા વિના એકદમ ખુરશી ઉપર જઈ પડયો. તારા પણ એક ખુરશી ઉપર વેગલી બેઠી. તેના હૃદયની પરિક્ષા કરવા લાગી.

થોડીવાર સુધી બંને મુકાવસ્થ બેઠાં. લગભગ નવ વાગ્યા. રાત્રિ ઝમઝમ કરતી જગતની

પીઠઉપર સ્વાર થઇ. તમરાંના ઝીણા અવાજ સનસન કરવા લાગ્યા. સરસર કરતો પવન બારીમાંથી દિવાનખાનામાં આવી રાજસિંહના માથાઉપર અથડાવા લાગ્યો. રાજસિંહ નેત્રો ઉપર બંને હાથ ઢાંકી પડયો છે. તારા એક ખુરશીઉપર બેસી તેના સ્હામું જુવે છે. બંનેનાં હૃદય બે જાતના વિચાર કરે છે.

એટલામાંજ સુશિલા આવી પહોંચી. તે આ સંવાદ સાંભળતી બારણા બહાર ઉભી હતી. તેણે રાજસિંહ પાસે જઇ તેનો હાથ ઝાલી કહ્યું: મહારાજ આ પ્રમાણે રીસાવું શું યોગ્ય છે.

"સુશિલા! એમના મનમાં આવે તે પુરૂષની છબી ચિતરે એ શું?" રાજસિંહે નેત્રો ચઢાવી કહ્યું:

"હા, મહારાજ ખરી વાત છે. એમનું મન તે કાંઇ તમારૂં છે? તે તો એમનુજ છે." સુશિલાએ બળતામાં ઘી હોમ્યું.

"જાઓ, સુશિલા! તમે પણ ચાલતી વ્હેલનાં બેસનાર છો. એમના અને તમારા મનમાં આવે તેમ કરો." રાજસિંહે વધારે ગુસ્સો કરી કહ્યું.

"એમાં કાંઇ શક નથી. પરંતુ મહારાજ! શામાટે આટલા બધા ક્રોધે ભરાઓ છો? તમે વીર પુરૂષ છો. એ સ્ત્રીનું શું ગજું છે. એકદમ તે છબી છિનવી લઇ જોઇ લ્યો. ગમે તે પુરૂષ હોય તેમાં તમારે શું?" સુશિલાએ મસ્કરીમાંજ કહ્યું.

"સુશિલા! તમે કેવા સ્વભાવનાં સ્ત્રી છો? હજુપણ એમના મનની વાત કબુલ કરો છો? હું એમનો પતિ થઇ એમના મનને ગમે તેમ વર્તવા દઉં? અને તે પણ ગમે તે પુરૂષની છબિ એ ચિતરે તે જોઇ રહું?" રાજસિંહે સુતાં સુતાંજ ઉતર આપ્યો.

સુશિલાએ હવે જાણ્યું કે વાત વધી જશે. તેણે કહ્યું: મહારાજ! તમારા જેવા વીર પુરૂષો કરતાં અમે સ્ત્રીઓ વધારે સારી. ચાલો આવો, હું તમને તે છબિ બતાવું છું."

રાજસિંહ તરતજ ઉઠયો. સુશિલાએ થોડીવાર આમ તેમ આંટા મારી પછી કહ્યું: મહારાજ! એક સરત કરો કે તે છબિ ગમે તેની હોય પણ તમારે કાંઇ બોલવું નહીં."

"હા, કબુલ છે."

સુશિલાએ તરતજ પેલી સંતાડેલી છબિ તેની નજર આગળ ધરી દીધી. તે જોતાંજ રાજસિંહે બે દાંત વચ્ચે આંગળી ઘાલી હસી દીધું.

સુશિલાએ કહ્યું: મહારાજ! તમે આટલા બધા ચતુર છો અને કેમ સમજ્યા નહીં? આટલી એક સ્ત્રીથી છેતરાયા તો રણસંગ્રામમાં શત્રુઓથી કેમ નહીં છેતરાઓ?

રાજસિંહે કાંઇ ઉતર આપ્યો નહીં. તે પળમાં તારા સ્હામું અને પળમાં પેલી છબી સ્હામું જોઈ મનમાંજ આનંદ પામવા લાગ્યો. તેના હૃદયમાં બોલાઇ ગયું. **ધન્ય છે! પ્રિયે! પતિ ભકિતની હદ આટલી બધી?**

સુશિલાના જવા પછી રાજસિંહે તારાના બે હાથ ઝાલી અધરામૃતનું પાન કર્યું. અને રાત્રિનો સમય આનંદમાં વ્યતિત કર્યો.

પ્રકરણ ૩૨મું.

ઉપસંહાર.

પાછલા પ્રકરણોમાં આપણે વાંચી ગયા છીએ કે શાહજહાંને ચાર પુત્રો હતા પરંતુ તેમાં દારાં અને ઔરંગજેબ શિવાય બીજા કોઇમાં રાજ્ય ચલાવવાના ગુણ નહોતા. દારાં બહારથી હિંદુધર્મને વ્હાલો હોય તેવો દેખાવ કરતો હતો પરંતુ ઔરંગજેબ ચુસ્ત મુસલમાન ધર્મી હતો. તેથી તે દારાંને ધિક્કારતો હતો. ઔરંગજેબને રાજ્યગાદીની ઘણી લાલસા હતી. તેથી રોશિનઆરા બેગમ ગુપ્ત રીતે ષડયંત્ર રચતી હતી. તે પણ જહાંનારાની પેઠે રાજ્ય ખટપટની બાતમી મેળવતી હતી. અને બનતો યત્ન કરી અમલદારોની પ્રીતિ ઔરંગજેબ તરફ વાળતી ઔરંગજેબ પણ એવાજ પ્રપંચોમાં મચ્યો હતો. અમરસિંહનું મૃત્યુ થવા પછી રાજ્યની પ્રજા તરફથી જુદી જુદી ફરીયાદો થવા લાગી. ઔરંગજેબ પણ એક ક્રૂર કર્મચારી હતો. તે પ્રજાને બનતે યત્ને મુસલમાન બનાવવાનો પ્રયાશ હતો. આથી પ્રજાએ કંટાળી બાદશાહને ફરીયાદો કરવા માંડી. આ ફરીયાદોનું પરિણામ એ આવ્યું કે ઔરંગજેબે સામા થઇ જઇ પોતાના પિતાને કેદ કર્યો* અને રાજ્ય મુકુટ ધારણ કર્યો.

રાજ્ય ધારણ કર્યા પછી અનેક રીતે પ્રજાને પીડવા લાગ્યો. ધનવાન હિંદુઓનાં ધન પડાવી લેવા લાગ્યો. જુદા જુદા કર લેવા લાગ્યો. અને રાજ્યના કર્મચારીઓમાં મ્હોટા હોદા ઉપર મુસલમાનોને ગોઠવી દીધા. કર્મચારીઓએ પણ અત્યાચાર વર્તાવી મુક્યો જેથી સઘળી પ્રજા ત્રાશ પામી ગઈ.

જહાંનારાં દારાં, સુજા, મુરાદ, આદિ રાજ્ય કુટુંબીઓ પણ ભય પામી જઈ તેને શરણ થયા. પિતાના કેદ પડયા પછી જહાંનારાએ સંસારની મોહજાળ તજી દઇ નિવૃત્ત જીવન ગાળ્યું. નિરંકુશ રાજ્ય શાશન પ્રણાલી ચલાવતાં તે એટલો અહંકારી થયો કે મ્હોટા મ્હોટા હિંદુ રાજાઓ સાથે લડયો અને રાજ્યનો વિસ્તાર વધારવામાં મચ્યો રહ્યો. તેનું વિશાળ લશ્કર લઇ જ્યારે દક્ષિણ પચાવી પડવા આવ્યો ત્યારે **હિંદુ ધર્મ પ્રવર્તક, મહારાષ્ટ્ર વીર શિવાજી મહારાજે** તેનો **અહંકાર ઉતર્યો.** અને આખા હિંદુસ્તાનમાં તેજ વીર પુરૂષે પોતાની નામના કરી. હિંદુઓને **મુસલમાન** થતા બચાવ્યા. ત્યારથીજ કવિઓ કહે છે કે: **। शिवाजी न होत तो सुन्नत होत सबकी ।**

* * * *

"Not all the water in the rough rude sea,
"Can wash the balm from an anointed king,
"The breath of worldly men cannot depose,
"The deputy elected by the Lord"

Shakespere.

(સંપૂર્ણ.)

* ઇ. સ. ૧૬૫૮ માં ઔરંગજેબે પિતાને કારાગ્રહમાં મોકલ્યો હતો. અને તે ત્યાંજ મૃત્યુ પામ્યો. ઇતિહાસમાં એ સંબંધી વિશેષ લેખ મળશે.